શ્રી વીતરાગાય નમઃ

# શ્રી કમલ-પ્રબંધ-

યાને

# જગત્ જ્યોત.

રચયિતાઃ—
પ્રવર્ત્તક શ્રી ભુવનવિજયજી મહારાજ.

પ્રકાશક,
શ્રી વીસાપોરવાડ જૈન સંઘ.
બરલુટ ( મારવાડ જોરા ).

વિ. સં. ૧૯૯૨. ] [ વીર સં. ૨૪૬૧.
આત્મ. સં. ૪૦ ] [ કમલાબ્દ. ૯.

પ્રથમાવૃત્તિ.

કીંમત-ગુરૂ ગુણગણ ગ્રહણ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

☛ પાલીતાણા—શ્રી બહાદુરસિંહજી પ્રી. પ્રેસ
મુદ્રકઃ—શા. અમરચંદ બહેચરદાસ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી

મહારાજના શિષ્યરત્ન—



પ્રવર્તક શ્રી ભુવનવિજયજી મહારાજ.

બી. પી. પ્રેસ—પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નમ્ર નિવેદન.

સુજ્ઞ મહાશયો ? સૌ કોઇને નવીન પદાર્થ વિશેષ પ્રિય લાગે છે. નવીન સાહિત્ય સંલબ્ધ થતું હોય તો તે વાંચવા, સાંભળવા, અને મનન કરવા કયો બુદ્ધિશાલી સજ્જ થતો નથી ? ધર્મી પુરૂષો તન મન અને ધનની પરવા કર્યા સિવાય સન્તોના સુંદર સમાગમોને, મહાત્માઓના નિર્મળ જીવન ચરિત્રને હિતાવહ માની પુનઃ પુનઃ અભિલષે છે. જો કે આજ કાલ ક્ષણિક, અને દુન્યવી પદાર્થોની વાસનાના પુષ્ટિ કરનાર નોવેલ જેવા સાહિત્ય વાંચનમાં વિશેષ આનંદ મનાય છે. અને રસ લેવાય છે. પરંતુ વાસ્તવીક આત્મજ્ઞાનની પીછાન થયા પછી સજ્જનો તેવા સાહિત્યનો પહેલી તકે ત્યાગ કરી પ્રૌઢ પ્રતાપી પ્રભાવ સંપન્ન મહાત્માઓના જીવનવૃત્તાંતોનેજ ઝંખે છે.

મહા પુરૂષોના જીવનવૃત્તાંતને આદ્યંત પ્રગટ કરવાની સુપ્રણાલીકા આજથી નહિ પણ ઘણા લાંબા કાળથી ચાલુ છે. અને આપણા ગણધર મહારાજાએ પણ આગમ શાસ્ત્રને ચાર વિભાગમાં વહેંચ્યું છે. તેમાં કથાનુયોગનો વિભાગ પણ દાખલ કર્યો છે. તે પ્રણાલીકાને ચિરસ્થાયી રાખવામાં ન આવી હોત તો આજે જે મહાત્મા પુરૂષોના આદર્શ જીવન ચરિત્રો અનેકોના હૃદયમાં વૈરાગ્યના પુર વહાવી દુર્ગતિના ખાડામાં પટકાતા અનેક જીવોનો ઉદ્ધાર કરવામાં સમર્થ આલંબન રૂપ બન્યા છે. તે કયાંથી બનત ? અને તેથીજ તે મહાપુરૂષોના સમકાલીન થયેલા પૂર્વાચાર્યો આદિ મુનિવરોનો તેઓના ઉજ્જવલ જીવનને આવિસ્કાર કરવા માટે ભૂરિ ભૂરિ આભાર માનીએ તો તે અનુચિત નથીજ.

ઉચ્ચગુણી અને પ્રતિભાસંપન્ન મહાત્માઓ સ્વયમેવ સ્વજીવનને પ્રદર્શિત કરવા પ્રેરાતા નથી અને તેમ કરવું તે વિચક્ષણ પુરૂષોની દૃષ્ટિમાં અનુચિતજ ગણાય. પરંતુ એવા મહાત્માઓના જીવનને પ્રસિદ્ધ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારા અનુભવી અને ભકત સેવકો સાથેજ જન્મે છે. અને જગત વિભૂતિઓના અનુપમ આદરણીય આદર્શોને સ્વકર્તવ્ય સમજી જગત્ સમક્ષ રજુ કરી હજારોને તે મહાત્માના સુગુણો પ્રતિ પ્રેરે છે. મહાત્મા પુરૂષોના જીવન આલેખવામાં ખાસ કરી બે હેતુઓ સમાયેલા હોય છે. પ્રથમ તો તેઓશ્રીના નિર્મળ જીવનને શ્રવણ વાંચન અને મનન કરવાથી હજારો સુસ્તો સતેજ બને છે. સદાચારમાં શિથિલ થએલા સદાચાર પરાયણ થાય છે. આજે ગણાતા અધમો પણ ઉચ્ચ જીવન-વાલા બની કાલે જગત્વંદ્ય થાય છે. બીજો હેતુ એ છે કે આપણા ચમત્કારી મહાત્માઓ પ્રાચીન યુગમાં અનેકાનેક થઈ ગયા છે. કે જે-ઓની જન્મભૂમિ, તેમના જીવનમાં થએલ સુકાર્યો, તેઓનો જન્મ સમય વિગેરે બહુ કઠીનતાથી હાલ મેળવી શકાય છે. કેટલાક મહાત્માઓનું જીવન મળે છે તો તે અધુરૂં. માટે ભાવિકાલમાં ઇતિહાસ પ્રેમીઓને એવા મહાત્માઓના જીવનની શોધખોળ માટે બહુ પરિશ્રમ લેવો ન પડે અને સહેલાઇથી એવા જીવનો આલોકી શકે અને સદ્‌ગુણો તરફ પ્રેરાય.

ઉપકૃત અખીલ જનતાની એ પ્રથમ ફરજ છે કે એવા ઉપકા-રીઓના આદર્શ અને અનુકરણીય જીવન પ્રબંધોને લોક સમક્ષ જા-હેર કરી તેઓશ્રીએ કરેલા અગણ્ય ઉપકારોની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી તેઓશ્રીના શકય ગુણોનું યથાશક્તિ પાલન કરી મનુષ્ય જન્મની યત્-કિંચિત સાર્થકતા કરવીજ જોઈએ.

જે સાહિત્યના વાંચનથી જડતા ન ફેલાતાં જ્ઞાનનો પ્રકાશ પડતો હોય, વિષયવાસનાઓ અલ્પ થવાની સાથે વિરક્તિ ભાવ જાગતો હોય, અધઃપતનના માર્ગની ઓળખાણ થવા સાથે ઉન્નતિનો માર્ગ હાથમાં આવતો હોય, જે ગ્રન્થના વાંચનથી ધર્મશ્રદ્ધા મંદ ન પડતાં વિશેષ દૃઢ બનતી હોય, જે સાહિત્ય જીવનને ઉજ્જવલ, સુંદર ન્યાયમય અને વિશાળ બનાવતું હોય તેવુંજ સાહિત્ય પ્રાણીઓને ઉપકારક, અનુકર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ણીય અને આશિર્વાદ રૂપ મનાય છે, એનાથી વિપરીત સાહિત્ય બહાર પાડનારા લે ભાગુ લેખકો પોતાના આત્માને દુર્ગતિના ભાગી બનાવે છે એટલુંજ નહિ પણ હજારોના ભાવ પ્રાણનો નાશ કરી પોતાના અમૂલ્ય સમયને વેડરી રહ્યા છે એમ કહેવું એ બીલકૂલ અતિ શયોક્તિથી રહિત છે.

જગત્ વિભૂતિ મહાત્માઓ જન્મે છે. અનુપમ જીવને જીવે છે. હજારોથી પૂજાય છે. સ્તવાય છે. વંદાય છે. અને દુનિયાને અનેક પ્રકારના ઉપકાર કરી પરલોક પંથમાં અલંકૃત થાય છે. પરંતુ તેઓનું યશસ્વી યશ રૂપી શરીર ચિરસ્મરણને માટે કાયમજ રહે છે.

જે મહાત્માનો પ્રબંધ લખવા હું પ્રેરાયો છું. તેઓશ્રી જગત્ પ્રસિદ્ધ હતા. તેથી તેમનો અત્રે વિશેષ પરિચય આપવો તે સોના ઉપર ગીલીટ ચઢાવવા જેવું છે. છતાં નિવેદનના ક્રમ મુજબ ગ્રન્થનું રહસ્ય યત્‌કિંચિત્ જણાવી ટુંક પરિચય આપવો અનુચિત નજ ગણાય.

આપણા ચરિત્રનેતાએ જૈન જગતમાં અસાધારણ ઉપકારો કર્યા છે. તેઓશ્રીની નિઃસ્પૃહતા, સ્પષ્ટ ભાષિતા, નિર્મળ બ્રહ્મચર્ય આદિ ગુણોથી અનેકને આકર્ષણ રૂપ બની માર્ગદર્શક બન્યા છે. જ્યારે જ્યારે સુધારક તરફથી વિચિત્ર વિતર્કોના વાદળો સમાજમાં વીસ્તર્યાં હતાં ત્યારે તેઓશ્રીએ વિકરાળ વાદળોને વીખેરવામાં ઝંઝાવાતનું કાર્ય કર્યું હતું. ચરિત્ર નાયકની બુદ્ધિમત્તા, અને કાર્યદક્ષતા માર્ગ અવગાહીની હતી. તેઓશ્રી જે સુકાર્ય કરવા પ્રેરાતા તે કાર્ય ખુબ ખંતથી પાર પાડતા હતા. તેઓશ્રી જૈન જૈનેતર શાસ્ત્રનું અપૂર્વ જ્ઞાન ધરાવતા હતા. આ દીવ્ય પુરૂષના ઓજસ્વી જીવનથી હજારો બોધિબીજની નિર્મળતા પામ્યા હતા. કેટલાકો સર્વ વિરતિને પામ્યા અને સેંકડો પુરૂષો તેની કામનાવાળા બન્યા હતા.

આ પ્રબંધમાં ચરિત્રનેતાનો જન્મ, વૈરાગ્ય પ્રાપ્તિ, યતિ દીક્ષા, યતિ દીક્ષા પરિહાર; સ્થાનકવાસી સંયમ, તે પછી સંવેગી દીક્ષા, આચાર્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદાર્પણ, તેઓશ્રીની નિરભિમાનતા, ધીરતા, વીરતા. શાસન પ્રત્યે તીવ્ર લાગણી, અનેક નૃપવરોને આપેલ ધર્મોપદેશથી થયેલ પરોપકારો, સેંકડો જૈનેતરોને દારૂ, માંસ આદિ અભક્ષ્ય પદાર્થોનો કરાવેલ ત્યાગ વિગેરે અનુપમ પ્રસંગો આલેખવામાં આવ્યા છે.

સુજ્ઞજનો આ પુસ્તકને આદ્યંત અવલોકી, ઉચ્ચ જીવન જીવવા પ્રેરાશે, ત્યાગની અભિરૂચીવાળા બનશે, અને શ્રદ્ધાને અત્યંત દઢ બનાવશે, તો મારો પરિશ્રમ વિશેષ સફળ માનીશ.

બુદ્ધિની અપૂર્ણતાથી, દ્રષ્ટિ દોષથી યા પ્રેસની કોઇ સ્ખલનાથી અગર સ્મૃતિના અભાવે કાંઈ વિરૂદ્ધ લખાયું હોય તો સુજ્ઞ મહાશયોને સત્કૃપયા સુધારી અવલોકવા નમ્ર ભલામણ છે.

**પ્રવર્તક ભુવન વિજય.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઉપકાર.

સદ્ધર્મ સંરક્ષક જગત્માન્ય, ઇતિહાસ વિભૂતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કમલસૂરિશ્વરજી મહારાજનું ઓજસ્વી જીવનવૃત્તાંત પ્રબંધ રૂપે લખાવું જોઇએ, કે જે મહાત્માના જીવન પરીરિચયથી હજારોને વિવિધ પ્રકાર ઉપકાર થવા સાથે સૌ કોઇ પોતાના જીવનને ઉચ્ચ બનાવી શકે એવી વિચારણા લાંબા સમયથી મારા મનમાં ચાલતીજ હતી.

પરંતુ તેઓશ્રીના જીવનનો પૂર્ણ પરિચય હસ્તગત ન થવાથી અદ્યાપિ તે વિચારમાલા મનમાંજ રહી હતી. આ વર્ષે એ વિચારમાલા વેગવતી બની. પ્રબંધ લખવાનો પ્રોત્સાહ પ્રેરાયો, જેથી નિર્ણય કર્યો કે જેટલા પ્રસંગો અનુભવમાં હોય તેટલાતો આલેખીને પ્રગટ કરૂંજ.

આ પ્રબંધ લખવામાં શ્રી કમલલબ્ધિમહોદયકાવ્યથી અને પૂજ્ય ગુરૂદેવ તરફથી સારી સહાય મળવા ઉપરાંત પૂજ્ય ચરિત્રનેતાના અંગત પરિચયથી મારા અનુભવે પણ કેટલોક સહારો આપ્યો અનુક્રમે તે પૂર્ણ આલેખ્યાબાદ પરમારાધ્ય તારક ગુરૂદેવ કવિકુલ કિરીટ વ્યા૦ વા૦ આચાર્યમહારાજશ્રીમદ્‌વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજને સીરોહી નિરીક્ષણાર્થે મોકલવામાં આવ્યું હતું. પૂજ્ય તારક ગુરૂદેવ પણ અનેક શિષ્યોને પાઠ આપવામાં તથા વાંચના આદિ કાર્યોમાં વ્યગ્ર હોવા છતાં તેઓશ્રીએ અથાગ પરિશ્રમ ઉઠાવી કેટલીક ત્રુટીઓના સુધારા અને કેટલાક નવા રોચક પ્રસંગો દાખલ કર્યા છે. જેથી હું અંતઃકરણ પૂર્વક ભૂરિ ભૂરિ વંદન કરવા સાથે તેઓશ્રીનો અત્યંત ઉપાકર માનું છું.

લી.

**આચાર્ય મહારાજ શ્રીમદ્—**
**વિજય લબ્ધિ સૂરીશ્વરજી મહારાજ**
ચરણ કિંકર.
**મુનિ ભુવન વિજય.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઉદાર સહાયક સદ્‌ગૃહસ્થોની નામાવલી.

| | | | |
|---|---|---|---|
| રૂ. ૨૦૦ | શા. | કેશરીમલજી ધુપાજી. | બરલુટ. |
| " ૧૦૦ | " | અભેચંદજી કેશરીમલજી | " |
| " ૫૦ | " | લાલચંદજી હરજી | " |
| " ૫૦ | " | તેજાજી ઠાકરીજી | જામોતરા. |
| " ૫૦ | " | ફુલચંદજી હકમાજી ચુનીલાલજી | બરલુટ. |
| " ૨૫ | " | વેણીચંદ નથમલજી | " |
| " ૨૫ | " | ગુલાબચંદજી ખુમાજી | " |
| " ૨૫ | " | પુનમચંદજી દેવીચંદજી | " |
| " ૨૫ | " | ધનરૂપજી | " |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રી સ્યાદ્વાદિને નમઃ

શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરપાદપદ્મેભ્યો નમઃ

# શ્રી વિજયકમલસૂરીશ્વર–પ્રબંધ.

## પ્રકરણ ૧ લું.

**પ્રાતઃકાલ.**

શ્રી મંગળમય પ્રાતઃકાલની ઉષા ચો તરફ ફેલાઈ રહી હતી. ગગનાંગણમાં શશી નિસ્તેજ થઇ રહ્યો હતો. સૂર્યદેવ સ્વકિરણોને પૃથ્વીશય્યા પર ફેલાવી રહ્યા હતા. સૌ કોઇ પોતપોતાના કાર્યોમાં વ્યગ્ર બની રહ્યા હતા. સંગીત પ્રેમીઓ સ્વકંઠને મધુર બનાવવા વિવિધ વાદ્યો અને તાલોની સાથે કંઠોને ઘુંટી રહ્યા હતા. વિનયવંત સુપુત્રો માતપિતાને નમસ્કાર કરી રહ્યા હતા. ધર્મીજનો પ્રાતઃકાલ સંબંધી આવશ્યક ક્રિયાઓ પૂર્ણ શાન્તિથી સમાપ્ત કરી રહ્યા હતા. કોઇ જૈનમંદિરમાં તો કોઇ શૈવમંદિરમાં અને કોઇ વૈષ્ણવીયમંદિરમાં પોતપોતાના ઇષ્ટદેવના દર્શનમાં તત્પર બન્યા હતા. મંદિરોના મધુર ઘંટોના નાદોથી પૃથ્વીતલ અદ્વૈત શબ્દોથી ગાજી રહ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતું, સુસાધુ પુરૂષો જ્ઞાનમગ્ન બન્યા હતા. નૈયાયિકો ન્યાયમાં સ્વપક્ષ સિદ્ધિ અને પરપક્ષ નિરસનના તર્કો સંશોધન કરી રહ્યા હતા. વૈયાકરણો વ્યાકરણમાં સાધક અને બાધક સૂત્રોની ગવેષણામાં તત્પર બન્યા હતા, લલનાઓ લલિત પુરૂષોના આલિંગનથી મુક્ત થઇ શય્યાનો ત્યાગ કરી રહી હતી, આવો રમણીય પ્રાતઃકાલ કોને પ્રિય ન હોય. ?

**જગતજ્યોત.**

પ્રાતઃકાલના રમ્ય સમયમાં સૌ કોઇને, હૃદયને આનંદ આપનાર મહાપુરૂષોના વૃત્તાંતો, પ્રબંધો અને કથાનકો મંગલરૂપ હોવાથી પ્રિય થાય છે, કોઇપણ વ્યક્તિ નિરાશાજનક નિર્બલ અને નિસ્તેજ પુરૂષોના વૃત્તાંતો વાંચવા અથવા સાંભળવા ઇચ્છતી નથી. જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર સમૃદ્ધ અનેક દેશો, નગરો તથા ગામોથી ભરપુર છે. એજ ભરતક્ષેત્રમાં વીરપુરૂષોથી સુશોભિત પંચાલ (પંજાબ) દેશ અતિ પ્રખ્યાત છે. જેમાં અનેક ધર્મીજનોથી યુક્ત સરસા નામનું નગર છે. જે ન્યાયી રાજા, અનેક સજ્જન પુરૂષોના સમુહો, વેપારીઓ, બાગબગીચાઓ અને વાવડીઓ આદિથી સુશોભિત છે. જેમાં સાધુસંગમાં આનંદ માનનારા સત્પુરૂષો શ્રી ગુરૂમુખારવિન્દથી ધર્મોપદેશ શ્રવણ કરી માનવજીવનની કૃતાર્થતા સાધતા હતા. જે નગરીના મંદિરોની પ્રભંજનથી પ્રેરિત થયેલી ધ્વજાઓ પથિક જનોને આત્મીક જગત જ્યોત જગાવવાને આહ્વાન કરી રહી હતી અને ઉડવાના મિષથી મળેલો સમય ચંચલ છે, તેમ ભવ્યોને સૂચના કરતી હતી. સર્વના લલાટમાં સ્વધર્મ સૂચક તિલકો આસ્તિકતાનું ભાન કરાવતા હતા. આવી સુરમ્ય સરસા નામની નગરીમાં રૂપચંદ નામના વિધિજ્ઞ અને વિપ્રોના આચાર વિચારોમાં નિપુણ એવા એક ગૌડ બ્રાહ્મણ નિવાસ કરતા હતા. તેઓની સુશીલ ધર્મપ્રવીણ જિતાબાઈ નામની મદનને રતિની જેમ અતિપ્રિય ધર્મપત્નીહતી. જેઓની કુક્ષિરૂપી માનસરોવરમાં ૧૯૦૮ માં સુસ્વપ્ન સૂચિત હંસ સમાન પુત્રરત્ન જન્મ્યો હતો. જન્માવસરે માતપિતાએ સહર્ષ મોહત્સવ કર્યો અને તેમનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નામ રામલાલ રાખ્યું હતું. માતાપિતા અને કુટુંબી વર્ગના તેમજ અન્ય સુજનોના લાલન પાલનથી તરેહ તરેહવાર ક્રીડાઓ કરતા રામલાલ વધવા લાગ્યા. અનુક્રમે તેઓ આઠ વર્ષની ઉમરના થતાં જેઓના માતપિતાએ જ્ઞાનાભ્યાસ માટે યતિ શ્રી કિશોરચંદ્રની સેવામાં સમર્પણ કર્યા હતા. રામલાલ નાની ઉંમરથી ચકોર અને બુદ્ધિમાં તીક્ષ્ણ હતા. પુત્રના લક્ષણ પારણામાંજ માલમ પડે છે. રામલાલજીના માતપિતાએ પોતાનો પુત્ર બુદ્ધિશાલી છે. એટલે ભવિષ્યમાં સર્વ શાસ્ત્ર નિષ્ણાત થશે. એમ ધારી જ્યોતિર્વિત્ કિશોરચંદ્રને સોંપ્યો હતો. ખરા માતાપિતા એજ છે કે જે પુત્રના હિતને માટે યોગ્ય સાધનો અને સંયોગો સંપ્રાપ્ત કરી આપે ! નહિ કે પુત્રના વ્યામોહથી પુત્રના ભવિષ્યમાં ભારે ભયંકરતા ઉભી કરે ! આવાં માતપિતાઓજ પોતાના પુત્રોને જગત જ્યોતરૂપ બનાવી શકે છે.

## યતિસંગ.

પિતાની આજ્ઞાથી કિશોરચંદ્રયતિની પાસે રહેલા રામલાલ નિઃશંક અને નિર્ભયતાથી ગુરૂની સુશ્રુષા કરવાની સાથે વિદ્યાભ્યાસ કરવામાં તત્પર બન્યા. બુદ્ધિશાલીઓને શાસ્ત્રો અને ગહન વાતો સુગમ્ય હોય છે. સ્હેજમાં અને સ્વલ્પ સમયમાં કેટલાક શાસ્ત્રોથી ઉત્તીર્ણ થયા. યોગ્ય પાત્રમાં યોગ્ય વસ્તુ સમર્પણ કરતાં યોગ્ય મહાત્માઓને પ્રમાદ હોતો નથી. યતિશ્રી, રામલાલનો વિનય અને બુદ્ધિ તેમજ બાલ્યાવસ્થામાં પણ રહસ્યવાળા વિષયોને સમજવાની શક્તિ જોઇ મુગ્ધ બન્યા હતા. બુદ્ધિ-બલનાનિધાનને જોઈ કોણ ન લોભાય ? યોગ્યોને યોગ્ય વસ્તુમાં યોજવાની સત્પુરૂષોને ભાવના જાગૃત થાય એ સ્વભાવિક છે. બાલકને બલાત્કારથી પણ આપેલ ધર્મ પરિણામે શુભાવહ નિવડે છે. કહ્યું છે કેઃ—

बलद्दत्तानि बालानां, विद्याभोजनमौषधं;
गवां नालिकया चाज्यं, तथा धर्मोऽपि पुष्टये ॥१॥

બાલકોને બલાત્કારથી પણ વ્યવહારિક વિદ્યાઓ શિખવવામાં આવે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. તેમ ધર્મની પણ વિદ્યાઓ શિખવવાની રમ્ય પદ્ધતિ હતી, અને બાલકો તેથી સારૂં જ્ઞાન પ્રાપ્ત કરતા. વિદ્યા, ભોજન અને ઔષધ તેમજ સુશીક્ષણ બલાત્કારથીજ બાલકોને અપાય છે. જેમ બળદને બલાત્કારથી પાયેલું ઘી પુષ્ટી માટે થાય છે. તેવીજ રીતે ધર્મ પણ પુષ્ટી માટે નિવડે છે. જોકે રામલાલજીને તો પૂર્વના સંસ્કારથી સ્વયમેવ વિદ્યા પ્રાપ્તિની લીપ્સા હતી. એટલે યતિ કિશોરચંદજીને અનાયાસે જ્ઞાનદાન આપવાનો અવસર સાંપડયો હતો. યતિ ઉમરમાં વૃદ્ધ અને સંપત્તિવાન્ હતા, એટલે પોતાની પાટ ઉપર સ્થાપવા માટે શિષ્ય બનાવવા રામલાલજીના પ્રતિ લોભાયા.

## યતિ દીક્ષા.

જગતમાં પૂર્વસંસ્કાર અજબ કામ કરે છે. એકજ મુહૂર્તમાં એકજ સાથે એકજ માતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલા બે પુત્રોમાં એક સુસંસ્કારી ને વિદ્વાન હોય છે, ત્યારે બીજો જડ અને મૂઢ દેખાય છે. એ બધીયે પૂર્વસંસ્કારની વિચિત્ર લીલા છે. તેમાં ખાસ કારણ એજ છે કે કર્મભિન્ન, આત્માભિન્ન, ને પૂર્વસંસ્કારો પણ ભિન્ન. રામલાલને પણ બાલ્યાવસ્થાથીજ સુસંગ સ્હેજે સાંપડયો હતો, અને પૂર્વજન્મના સંસ્કારો પણ ઉચ્ચ હતા. એ બેના યોગે જીવનમાં અજબ સુરંગ રેડાયો હતો. જગતની અનિત્યતા સમજાઈ. જડપદાર્થો અનિત્ય ભાસવા લાગ્યા, વિચારે છે કે:—

+अमी सर्वे सत्वा नहि बहुलकालस्थितिजुषो,
निमेषाज्जायन्ते विलयमपि यान्ति क्षणममी ।
अतः कोवा संगः सुतपितृकलत्रादिषु कवेः,
विरागे संगः स्याज्जिनवचनपीयूषविषये ॥१॥
बृहच्छोकोलोकः कुवलयदृशः सर्पसदृशः,
श्रियोविद्युल्लोला महदपि धनं भूरि निधनम् ।

+ શ્રી કમલલબ્ધિ મહોદય કાવ્યમાંથી ઉધ્ધૃત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

विपन्मूर्त्तिर्मूर्त्ति विषयजरसाः प्रान्तविरसा,
विचार्यैवं चक्रे स मनसि वरं संयमस्मृतिः ॥२॥

જગતમાં જે પદાર્થો છે તે ચિરકાળ સ્થાઇ રહેતા નથી. એક નિમેષ માત્રમાં ઉત્પન્ન થાય છે, અને ક્ષણમાં વિનશ્વરતાને પામે છે. તો પિતા, પુત્ર અને સ્ત્રી આદિનો સંગ, કરવાથી શું લાભ ! કારણ કે એ સંસારમાં જન્મમરણને વધારનાર છે. અને જડ પદાર્થોનો વિયોગજ જિનવચનના પીયૂષનું પાન કરાવે છે, લોક શોકનો થોક છે. સ્ત્રીઓ નાગણીઓ છે. લક્ષ્મી વીજળીના જેવી ચંચલ છે. મોટી ધનની રાશી, તે પણ અન્યને વરે છે. દેહ પણ વિપત્તિઓની મૂર્તિ છે, અને ભોગવેલા વિષયો પરિણામે નિરસતા અને ભયંકરતા ને અર્પે છે. આ પ્રમાણે હૃદયમાં વૈરાગ્યની તરંગ ઉછળતાં સંસાર ત્યાગ કરવાનો દઢ વિચાર થયો.

પ્રતિક્ષણ હૃદયમાં સંસારથી કંટાળો આવવા લાગ્યો. દુનિયાની કોઇ પણ વસ્તુ ઉપર પ્રીતિ રહી નહિ. વિરક્ત આત્માઓને સંસાર એ કારાગાર જેવો ભયંકર લાગે છે. એક વખત યતિજી શાન્તવદને બેઠા હતા તે સમયે સવિનયી રામલાલે નમ્ર નિવેદન કર્યું કે હે ગુણનિધાન ! હે કૃપાસિંધુ સંસારના ત્રિવિધ તાપથી તપેલા આ દાસનો ઉદ્ધાર કરો. સંસાર સાગર તરવાનો નૌકા સમાન નિર્મલ ચારિત્ર અર્પણ કરો. હું સંસાર ત્યાગવા ઇચ્છુછું. ગંભીર અને મધુર વાણીથી યતિજીએ કહ્યું કે હું ઘણોજ હર્ષિત થાઉં છું. કે આવી બાલ્યાવસ્થામાં વિના પ્રેરણાએ ઉત્તમ ભાવના સ્વયમેવ જાગૃત થઇ. વૈરાગ્યની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ યતિજીએ શરૂ કર્યો, કારણકે ચઢતાને ચઢાવવો એ મહાત્માઓનું કર્તવ્ય છે.

ઉપદેશઃ—

*रत्नाकरे करतलात्पतिता मणीव,
लोके नरत्वमपि दुर्लभमित्यवेहि ।

* શ્રી કમલલબ્ધિ મહોદય કાવ્યમાંથી ઉદ્ધૃત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

आसाद्य त्तन्नहि निवृत्युचितं कृतं चेत्,
किं तेन जीवनभृता पशुसन्निभेन ॥१॥

संसारभीषणवने कुसुमेषुगर्तं,
मायालतापरिवृते ममतामृगेन्द्रे ।
अज्ञानगाढतिमिरे मदगोत्रदुर्गे,
चेतो न चालय कदापि विशालबुद्धे ॥२॥

હાથમાંથી સમુદ્રમાં પડેલું રત્ન પામવું જેમ દુર્લભ છે તેમ આ અમૂલ્ય અને દુઃસાધ્ય મળેલ માનવ જન્મ પુનઃ પ્રાપ્ત કરવો કઠિન છે. એમ તું જાણ આ માનવ જન્મને પામીને જેણે નિવૃત્તિપદની આકાંક્ષા નથી. તે વ્યક્તિના પશુ સમાન જીવનથી શું ? હે બુદ્ધિનિધાન ! સંસાર ભયંકર અટવી છે. જેમાં કામરૂપી ગર્તો છે. માયારૂપી લતાઓ (વેલડીઓ) છે. મમતારૂપી મૃગેન્દ્રો છે, અને અજ્ઞાનતા રૂપ અંધકાર છે. તેમજ મદરૂપી બિહામણા પહાડો છે. આવા ભયંકર સંસારમાં મનને ન ચલાવવું અને નિવૃત્તિ માર્ગમાં યોજવું, એજ ખરેખર સુપંથ છે.

વૈરાગ્ય સૌરભમય ગુરૂમહારાજના કુસુમ સદૃશ સુંદર વચનો શ્રવણ કરી, વૈરાગ્ય ભાવનામાં રામલાલ વિશેષ ભીંજાયા અને તરણતારિણી દીક્ષા અંગીકાર કરવા સજ્જ થયા. યતિજીએ સુમુહૂર્તમાં સમહોત્સવ સદ્ભાવનાથી સંયમનું ચિહ્ન ધર્મધ્વજ સમર્પણ કર્યું, અને એ ધર્મધ્વજનો રામલાલજીએ સહર્ષ સ્વીકાર કર્યો. અહો મારૂં કેવું અપૂર્વ સદ્ભાગ્ય છે કે, મને બાલ્યાવસ્થામાં દુર્લભ સંયમની પ્રાપ્તિ થઈ, ધન્ય છે આ ઉપકારી ગુરૂને કે, જેઓએ યોગ્ય ઉપદેશ આપી મને સન્માર્ગ પ્રાપ્ત કરાવ્યો. સ્વહૃદયમાં નૂતન દીક્ષિત યતિ રામલાલજી સંયમ ગ્રહણ કર્યાબાદ દિનપ્રતિદિન સુપરિણામમાં વૃદ્ધિને પામવા લાગ્યા. ઉંમરમાં અને બુદ્ધિમાં તેમજ શાસ્ત્રોના સુજ્ઞાનમાં વધતાં ગયા. યતિપણાની દીક્ષામાં લગભગ નવવર્ષ વ્યતીત કર્યાં. યતિપણાની આરંભિક ક્રિયાઓ અને

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

આચરણો ઉપર તેઓશ્રીને પુરો તિરસ્કાર હતો. મનમાં વિચારતા કે સાધુપણું અને આવા અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ આદિની સદોષતા એ કેમ સંભવે ?

## યતિદીક્ષાનો ત્યાગ.

પુણ્યનો પ્રકર્ષ મનુષ્યોને અવનતિમાંથી ઉન્નતિમાં લાવવાના સાધનો આપે છે. અયોગ્ય સ્થાનમાંથી પણ યોગ્ય સ્થાન સંલબ્ધ કરી આપે છે. ત્રણે જગતમાં પુણ્યનો જય છે. મનુષ્યમાં કદાગ્રહ રહિતપણું હોવું એ સાધારણ ગુણ ગણી શકાય. અયોગ્યને અયોગ્ય માનવું. યોગ્યની યોગ્ય તરીકે પિછાણ કરવી. એ પુણ્યની અસાધારણ પરાકાષ્ટા મનાય. એક વસ્તુને અજાણતાથી સત્ય માન્યા પછી તેને અસત્ય માનવી જેટલી કઠીન છે, તેનાથી તે વસ્તુનો ત્યાગ કરવો અતિ કઠીન છે. પરંતુ જ્યારે કુદરત દેવીની અને પૂર્વ પુણ્યની પૂર્ણકૃપા હોય ત્યારે બધુયે સરલ અને સુલભ બને છે. મહાત્મા રામલાલજી યતિજીના સંગમાં તેઓની અવિરતિ પ્રવૃતિથી પરિપૂર્ણ ઉદ્વિગ્ન બન્યા હતા. તે સ્થાન છોડવા અને પૂર્ણ ત્યાગીની નિશ્રામાં નિવાસ કરી આત્મકલ્યાણ સાધવા હૃદયમંદિરમાં અનેક પ્રકારના વિચાર તરંગો ઉછળવા લાગ્યા.

## જ્ઞાનદીપક.

યતિઓની પાસે ધન, આરંભ સમારંભો ગૃહો તેમજ બીજી અનેક સંસાર પ્રવૃત્તિઓ હોવા છતાં, ત્યાગીપણાનો દંભ સેવવામાં કમીના ન હતી. પૂર્ણ વૈરાગ્યથી ત્યાગી બનેલા રામલાલજીના હૃદયમાં ક્ષણભર બધુંયે દુઃખોત્પાદક ભાસતું. સ્વહૃદયમાં માનવા લાગ્યા કે આત્મસુખને માટે ગૃહ વ્યામોહ છોડી ત્યાગી બન્યા તોય અહીં પણ પાપની આગ, જ્ઞાનીઓ કહે છે કે ત્યાગી થયા પછી માયા, મોહ, મમતા મત્સર, અને વૈભવોનો મદ તેમજ આંતરિક આરંભો, આ બધુંએ સંસાર વર્ધક છે, પણ ભંજક નથી. હૃદયમાં જ્ઞાન દીપક પ્રગટયો, યતિનો સંગ છોડવાનો પ્રબલ વિચાર થયો. વાસ્તવિક જ્ઞાની તેજ છે કે, સત્યનો સ્વીકાર અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસત્યનો આ વિલંબે ત્યાગ કરે. કદાગ્રહ એ તો કેવલ અંતરની અજ્ઞાનતાજ જણાવે છે. જડ અને દુર્જનોનું લક્ષણ છે. રામલાલજી સત્યના ગવેષક હતા. એટલે એઓશ્રીને અસત્ય છોડવું કઠીન ન હતું. યતિ સંગમાં પણ લબ્ધ પ્રસંગે વ્યાકરણ, કાવ્ય, અલંકાર, તેમજ જૈન જૈનેતરોના આગમોથી પરિચિત બન્યા. વિચક્ષણ પુરૂષો અવસરને ચુકતા નથી. પ્રતિકુલતામાં પણ શ્રેષ્ઠ સિદ્ધિ સાધવી એ ખરેખર બુદ્ધિ બાહુલ્યજ ગણાય.

## વિસનચંદ્રજીનો સમાગમ.

યતિ પાસેથી પોતે વિહાર કરી સૌમ્ય મૂર્તિ વિસનચંદ્રજી નામના સ્થાનકવાસી પૂર્ણ ત્યાગી જ્યાં બિરાજતા હતા, તે જગરાવા ગામમાં પધાર્યા. ત્યાં પુણ્ય મૂર્તિ વિસનચંદ્રજીના દર્શન કરી આત્માને સંતોષ પ્રાપ્ત કર્યો. કલ્યાણપથ પ્રદર્શક મહાત્માને જોઇ કોણ આનંદ ન પામે? કેટલોક સમય તેઓની નિશ્રામાં જ્ઞાનાધ્યયનની સાથે વ્યતીત કર્યો. વિસનચંદ્રજી ત્યાગી શાન્તમૂર્તિ હતા. જો કે હાલ તેઓ સ્થાનકવાસિ દીક્ષામાં હતા, પરંતુ હૃદયમાં પ્રભુમૂર્તિ ઉપર શ્રદ્ધા જરૂર હતી, પણ ધર્મવૃદ્ધિના કારણેજ તેઓએ સ્થાનકવાસિનો વેશ કાયમ રાખ્યો હતો.

## કાર્ય સિદ્ધિ.

સ્વકાર્ય સિદ્ધિ ચુકવી એ સજ્જનોનું કર્તવ્ય ન ગણાય. વિસનચંદ્રજીની ત્યાગવૃત્તિમાં રામલાલજી મુગ્ધ બન્યા. અને તેઓના શિષ્ય થવા અંતરમાં કામના જાગૃત થઇ. આ અરસામાં આત્મારામજી મહારાજ એ પણ કોઇ અજબ અને અસાધારણ શાસન સેવા બજાવી રહ્યા હતા. જેઓની કુશાગ્ર બુદ્ધિ અને ધર્મ વિજ્ઞાનતા અજબ્બ હતી. સત્ય સંશોધન માટે બહુજ આકાંક્ષિત હતા. જેઓ સ્થાનકવાસી પંથમાં હતા પરંતુ શાસ્ત્રોક્ત પ્રભુની પૂજા તેઓના હૃદયમાં માન્ય થઇ ચૂકી હતી. તેની આંતરિક પુષ્ટિ પણ યોગ્ય આત્માઓની પાસે કરતા હતા. કટોકટીના પ્રસંગોમાં પણ પ્રતિકૂલતા સહન કરી લગભગ દશહજાર માણસોની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અંધ શ્રદ્ધા દૂર કરી મૂર્તિ પૂજાની શ્રદ્ધા કરાવી હતી. સ્થાનકવાસી ઘણા સાધુઓની પણ શ્રદ્ધા પરિવર્તિત કરી હતી. જ્યારે જ્યારે તેઓના સંગમાં જે કોઇ આવતા તે બધાઓને સૈદ્ધાન્તિક યુક્તિઓથી સરલ ભાવે મૂર્તિ મંડન કરતા હતા. પૂજ્ય આત્મારામજી મહારાજના સંગથીજ શ્રીમાન્ વિસનચંદ્રજી મહારાજની સ્થાનકવાસી પંથથી શ્રદ્ધાનું પરિવર્તન થયું હતું. એક વખત રામલાલજીએ નમ્ર ભાવે વિસનચંદ્રજી મહારાજને વિનંતી કરી કે મને આપશ્રી દીક્ષા સમર્પણ કરો, કૃપાસિંધુ વિસનચંદ્રજી મહારાજે પંજાબમાં જીરા મુકામે સમહોત્સવ ઓગણીસેને ઓગણત્રીશ ( ૧૯૨૯ ) ની સાલમાં પ્રવ્રજ્યાપ્રદાન કરી, પોતાના શિષ્ય તરીકે બનાવી, પૂર્વનુંજ નામ કાયમ રાખ્યું. આત્મારામજી મહારાજની ઉપદેશ શૈલી અને સત્ય સ્વીકારવાની ઉગ્રપ્રથા જોઈ રામલાલજીને ધર્મનો અત્યંત પ્રેમ જાગૃત થયો હતો.

## શત્રુંજય યાત્રા અને સદ્ગુરૂ સંશોધન.

પૂજ્ય આત્મારામજી મહારાજના સહચારી શ્રીમાન્ વિસનચંદ્રજી આદિ અઢાર સાધુઓને શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ઉગ્રભાવના જાગૃત થઈ, અને અઢાર સાધુઓની સાથે શ્રીમાન્ આત્મારામજી મહારાજ પંજાબથી વિહાર કરી સૌરાષ્ટ્રદેશમાં બિરાજમાન ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી અને અનેક પ્રકારના કર્મમલોનો નાશ કર્યો. અનેક નવાં ભાવવાહી સ્તોત્રો રચી તીર્થેશ્વરની સ્તુતિ તથા ભક્તિ કરી માનવ જીવનની સાર્થકતાપૂર્વક કૃતકૃતતા માનવા લાગ્યા. ત્યાંથી વિહાર કરી યોગ્ય ગુરૂના સંશોધન માટે, સસત્કાર રાજનગરમાં પુનઃ પધાર્યા.

## ગુરૂ દર્શન.

આત્મવૈભવની સંવૃદ્ધિથી શોભતા બુદ્ધિના ભંડાર શાન્તમુદ્રાભિરામ પૂર્ણત્યાગી શ્રીમાન્ બુદ્ધિવિજયજી ( બુટેરાયજી ) મહારાજનાં પવિત્ર દર્શન થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

×धर्माधिपं मुनिवरं गुणसुन्दराङ्गम्,
संसारभीश्रितजनाभयदं दयालुम् ।
ध्यानाग्निदग्धमदनेन्धनधीरधुर्यम्,
केकीव वीक्ष्यजलदं जहृषुर्मुनीन्द्राः ॥ १ ॥

ધર્મનાં નાયક ગુણોથી શુશોભિત દેહવાળા, સંસારથી દુઃખી જનોને અભયદાતા, દયાળુ, ધ્યાનાગ્નિથી કામરૂપી ઈન્ધનનો નાશ કરવામાં અગ્રગણ્ય, શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજને નિરખી મેઘથી જેમ મયૂર હર્ષિત થાય, તેમ તેઓ હર્ષિત થયા. સત્યનો જગતમાં અચિન્ત્ય મહિમા છે. જ્યારે જ્યારે જગતમાં સત્યવાદિઓ અને સત્યને સ્વીકારનારા હોય છે, ત્યારે તે કાલ જુદોજ હોય છે. જ્યાં સત્યવાદીઓ સત્યના સંગ્રાહકો વસે છે તે દેશ, શહેર, ગામ, અને તે કાળ ઉન્નતીના શિખર પર હોય છે. તેઓના સંગથી ઉન્માર્ગ ગામીઓ પણ સહેલાઇથી સન્માર્ગમાં જોડાય છે.

પૂજ્ય આત્મારામજી મહારાજ વગેરે સાધુઓની સ્થાનકવાસીપણાની દીક્ષા અદ્યાપિ પરિવર્તિત થઈ ન હતી પરંતુ અંતરનો પલટો હતો. બહારના પલટામાં ધર્મનાજ કારણે વિલંબ થયો હતો. એજ વેષમાં ઘણાઓને મૂર્તિપૂજક બનાવ્યા અને કેટલાકોને બારવ્રતાદિ આપી સુશ્રાવકપણું અંગીકાર કરાવ્યું. વિગેરે વિગેરે ઘણા શાસનોન્નતિના કાર્યો કર્યાં હતાં. ધન્ય છે મહાત્મા પુરૂષોની ધર્મ પ્રવૃત્તિને, તેમજ પ્રભાવક પુરૂષોની દીર્ઘદષ્ટિતાને પણ ધન્ય છે.


## સંવેગી દીક્ષા તથા નામ સ્થાપના.

શાન્તરસાસ્વાદિ શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજની પાસે સમહોત્સવ વિ. સં. ૧૯૩૨ માં સંવેગી દીક્ષા વિધિ પુરસ્સર અંગીકાર કરી, પૂજ્ય આત્મારામજી મહારાજ શ્રીમાન્ બુદ્ધિવિજયજી મહારાજના શિષ્ય તરીકે થયા. અને જેઓનું નામ આણંદવિજયજી રાખવામાં આવ્યું. શ્રીમાન્

× શ્રી કમલલબ્ધિ મહોદય કાવ્યમાંથી ઉધ્ધૃત.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજના—



મુખ્ય વિદ્વાન્ શિષ્યરત્ન મુનિમહારાજશ્રી લક્ષ્મીવિજયજી મહારાજ.

બી. પી. પ્રેસ—પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિસનચંદ્રજી આત્મારામજી મહારાજના શિષ્ય થયા. જેઓનું નામ લક્ષ્મીવિજયજી રાખવામાં આવ્યું હતું, અને રામલાલજી શ્રીમાન્ લક્ષ્મીવિજયજી મહારાજના શિષ્ય તરીકે થયા જેઓનું નામ કમલવિજયજી સુપ્રસિદ્ધ કરવામાં આવ્યું. અમદાવાદમાં વિ. સં. ૧૯૩૨ માં પહેલું ચોમાસું કર્યું હતું.

## તીર્થાટન.

જે કમલવિજયજી મહારાજ વિદ્યા અને સૌમ્યમુદ્રાથી અલંકૃત હતા. જેઓ આ કાલની અપેક્ષાએ ત્યાગની પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા, તેઓનું સંયમ, જ્ઞાન, અને અદ્દભૂત બ્રહ્મચર્ય, જનતાપર છાપ પાડતું હતું. પોતે હંમેશાં એકલઠાણું કરતા અને શીતરૂતુમાં પણ સ્વલ્પ વસ્ત્ર શરીરપર ધારણ કરી નિસ્તંદ્ર બની એકાન્તમાં મૌનવૃત્તિથી ધ્યાનસ્થ રહેતા, તેમજ અપૂર્વ ગ્રંથોનો સ્વાધ્યાય કરતા હતા. નિર્મમ અને નિર્મલ મહાત્મા શ્રી રાજનગરમાં પૂજ્ય ગુરૂદેવ આનંદવિજયજી ( આત્મારામજી ) મહારાજના વ્યાખ્યાનામૃતનું પાન કરતા ચાતુર્માસ રહ્યા. ત્યાંથી પૂજ્ય ગુરૂદેવની સાથે અનેક સ્થળોમાં વિચરી સૌરાષ્ટ્ર દેશમાં રહેલા ભાવનગર શહેરના સંઘની અત્યાગ્રહભરી વિનંતીથી વિ. સં. ૧૯૩૩ માં ગુરૂદેવની સાથે ત્યાંજ ચોમાસુ રહ્યા. ચાતુર્માસમાં ભાવનગરની જનતાને અનેક પ્રકારના ધર્મના લાભો પ્રાપ્ત થયા હતા. ભાવનગરના ચાતુર્માસ બાદ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી હર્ષિત થયા. અને ઘણાજ ભાવથી સ્તુતિ સ્તોત્રોદ્વારાએ ભગવાનની સ્તવના કરી. અત્રેથી દેલવાડા, ઉના, અજારાપાર્શ્વનાથ, માંગરોલ, વેરાવલ, પ્રભાસપાટણ, અને જામનગર વગેરે મુખ્ય તીર્થોમાં ત્રિલોકચુડામણીજીનેશ્વર ભગવાનનાં દર્શન અને સ્તવના કરી કૃતાર્થ થયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ: ૨ જું.

### પૂજ્ય મહાત્માનું જુદા જુદા દેશોમાં વિચરવું.

પૂજ્ય મહાત્મા તીર્થ સ્થળની યાત્રા કરી. વિ. સં. ૧૯૩૪ માં મારવાડ દેશમાં રહેલ પાલી ગામમાં પધાર્યા અને ત્યાં ચોમાસું રહ્યા, અને ચોમાસુ પૂર્ણ થયે, ત્યાંથી વિહાર કર્યો. ઠેકાણે ઠેકાણે સન્માન પામતા, વિ. સં. ૧૯૩૫ માં દિલ્હી પધાર્યા અને ત્યાંની જનતાને અમોઘ દેશનાદ્વારાએ ત્યાંના લોકોને અનુપમ ધર્મલાભ પ્રાપ્ત કરાવ્યો. ત્યાંથી વિહાર કરી વિ. સં. ૧૯૩૬–૩૭ માં ચોમાસું કિરાણા મૂકામે દિગમ્બરના ગામમાં કર્યું. ત્યાંના દીગમ્બર જૈન ભાઇઓ હજુસુધી તે ત્યાગમૂર્તિની ત્યાગવિભૂતિને ભૂલ્યા નથી. ત્યાં આગળ એકાન્ત અને પઠનપાઠનનું સાધન સારૂ મળવાથી હંમેશાં એકલઠાણું અને ફક્ત એક બે સાધારણ વસ્ત્રો અને જીવરક્ષા માટે એક મામુલી કામલી પર બે વર્ષ વ્યતિત કર્યા હતાં. વિ. સં. ૧૯૩૮ નું ચોમાસુ નરપડા મુકામે કર્યું. અને વિ. સં. ૧૯૩૯ નું ચાતુર્માસ બીનોલી કર્યું. ત્યાંથી વિહાર કરી અનેક ભવ્યજન સમુહ પર ઉપકાર કરતાં પૂજ્યશ્રીએ. વિ. સં. ૧૯૪૦ નું ચાતુર્માસ દીલ્હી શહેરમાં કરી ત્યાંની જનતાને વિજયવંતી વૈરાગ્યમય દેશનાનો અપૂર્વ લાભ આપ્યો હતો. ત્યાંથી વિહાર કરી રસ્તાના ગામોના અનેક જીવોને પ્રતિબોધ કરતાં. વિ. સં. ૧૯૪૧ માં સસત્કાર જયપુર પધાર્યા. ત્યાં ચાતુર્માસમાં ભવ્યાત્માને પ્રતિબોધ કરી ચોમાસા બાદ વિહારના માર્ગે અનેક ભવ્ય લોકોને વૈરાગ્યવાહીની દેશનામૃતનું પાન કરાવતા વિ. સં. ૧૯૪૨ માં ખેડા સસત્કાર પધાર્યા અને ચોમાસું ત્યાં કર્યું ને નિર્વિઘ્ને પસાર કરી ત્યાંથી પૂજ્ય મહાત્માશ્રી ગામોગામ વિચરતા વિ. સં. ૧૯૪૩ માં શ્રી સિદ્ધાચલજી ( પાલીતાણા ) માં સસન્માન પધારી ત્યાં ચોમાસું કર્યું. ત્યાંનાં ચોમાસામાં સિદ્ધાંતકૌમુદી, વ્યાકરણ દશ હજાર શ્લોક પ્રમાણ સાંગોપાંગ ઘણીજ ઉત્તમ રીતે કંઠસ્થ કર્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહારાજશ્રી જ્યારે વ્યાકરણનો બુલંદ સ્વરથી પાઠ કરતાં હતાં ત્યારે આસપાસના વૃદ્ધ તથા ડોશી આદિ બીજા માણસો બોલતા હતા કે આ બાવાજીને પાલીતાણાનું રાજ્ય લેવું છે કે શું ? કે આટલી બધી મહેનત કરે છે ! પરંતુ તે લોકો આ પૂજ્ય મહાત્માશ્રી માટે લૌકીક રાજ્ય ગ્રહણ કરવાની શંકા માટે ભ્રિત ભૂલતા હતા. પણ બેશક ! તે મહાત્માશ્રીનો આત્મસ્વરાજ્ય લેવાનો તે પ્રયત્ન હતો. ચોમાસામાં તેઓશ્રીએ ઉત્કૃષ્ઠ ભાવનાદ્વારાએ સ્વપર કલ્યાણ માટે ઘણોજ શ્રમ લીધો હતો, આવા અત્યુત્તમ મહાત્માને ત્યાંના લોકો સ્મરણ પંથથી કદી પણ ભૂલતા નથી. ત્યાંથી ચોમાસુ પૂર્ણ થયા બાદ વિહાર કરી અનેક જીવોને ધર્મોપદેશ આપતા આપતા વિચરતા તેઓશ્રીને વિ. સં. ૧૯૪૪ માં લીમ્બડી મુકામે ભારે ઠાઠમાઠથી લોકોએ પ્રવેશ કરાવ્યો. ત્યાંના ચાતુર્માસમાં જનસમૂહને પ્રતિબોધ કરી વ્રત પચ્ચખ્ખાણ આદિ ધર્મ પ્રભાવનાના કાર્યો કરી ચોમાસુ પૂર્ણ થયે તેઓશ્રીએ મારવાડ તરફ પ્રયાણ કર્યું.

ત્યાંના વિહારમાં અનેક જાતની મુશ્કેલીઓ છતાં પણ ઉપકારની ભાવનાવાળા ત્યાગી મહાત્માએ તે મુશ્કેલીઓને ન ગણકારતા મારવાડ જવાનો નિશ્ચય કર્યો. પાલણપુર મુકામે પધાર્યા. ત્યાં પૂજ્ય ગુરૂદેવ વિજ્યાનંદસૂરીશ્વરજી મહારાજનાં શુભ હસ્તે વિ. સં. ૧૯૪૫ ના પોષ વદ ૮ ને દીવસે સાત પુરૂષોને દીક્ષા આપવામાં આવી જેમાં પૂજ્યશ્રી કમળવિજયજી મહારાજના શિષ્ય જશવિજયજી નામના પણ થયા હતા. વિહારના માર્ગે આવતા ગામોમાં ઉપકાર કરતાં કરતાં વિ. સં. ૧૯૪૬ માં દિલ્હી પધારી ચોમાસું ત્યાં કર્યું અને પ્રભુ મહાવીરના સિદ્ધાંતોની સચોટ દેશનાદ્વારાએ ત્યાંની જનતાને ધર્મમાં સ્થિર કરી. ત્યારપછી પોતાનો વિહાર પંજાબ તરફ લંબાવ્યો.

**શાસ્ત્રાર્થ.**

પંજાબમાં આવેલા ટાંડા ગામની અંદર સ્થાનકવાસીઓના હાલના પૂજ્ય સોહનલાલજીની સાથે મૂર્તિ પૂજાની સિદ્ધિનો વ્યાખ્યાનો કરતા ચેલેન્જ બાજી શરૂ થઈ. સોહનલાલજીએ પણ ચેલેન્જ સ્વીકારી અને

P. P. Ac. Gunratnasuriji M.S.                Jin Gun Aaradhak Trust

વિ. સં. ૧૯૪૭ ના ફાગણ વદ ૧૪ ના દીવસે શાસ્ત્રાર્થ કરવાનો નિશ્ચય થયો. અને તેજ પ્રમાણે ફાગણ વદ ૧૪ ના દિવસે પૂજ્ય કમલવિજયજી મહારાજે મુકરર થયેલા સ્થાન પર પધારી પાટ પર સ્થાન લીધું, સેંકડો મનુષ્ય શાસ્ત્રાર્થ જોવા માટે એકત્રિત થયા. પરંતુ સોહનલાલજીએ તે સભામાં આવવાનો ઇન્કાર કર્યો, છેવટમાં પૂજ્યશ્રીએ નોટીસ રૂપે એક પત્ર શાસ્ત્રાર્થમાં સામેલ થવા માટે મોકલ્યો છતાંએ જૈનસૂત્ર સિદ્ધાન્તમાં ઠેકાણે ઠેકાણે મુર્તિ પૂજાનું વિધાન હોવાથી અને પૂજ્ય કમલવિજયજી મહારાજની જબ્બર વિદ્વતાનો પરિચય હોવાથી આવી શકયા નહિ. મહારાજશ્રીએ સભાસદો સામે મૂર્તિપૂજા સિદ્ધ કરી બતાવી અને તે વખતે સભામાં હાજર લોકો હતાં તેમાંના કવિ લોકોએ તે વિષયની કવિતાઓ બનાવી હતી. તેમાની નમુના દાખલ બે કવિતાઓ નીચે આપવામાં આવી છે:—

१—अरे ढूंढियो तुम गजब क्या किया  
शास्त्र भूलाकर बता क्या दिया  
तुम्हे अकलके ठोर नहि जानते  
जो शास्त्र उलट अर्थ पहचानते  
मुनि कमलविजयकी सभा थी सोहनलालसे  
यह तकरार पायाथा टांडेमें इस्त हारसे  
सं. १९४७ फागण चौदशके दिन  
सभा बीच बेठेथे पंडित महासन  
मुनिजीने फिर वैठ नोट सभामें दिया  
सोहनलालने आनेसेइनकार बिलकुल किया,  
मुनीजीने शास्त्रार्थ थासो किया  
उसी वक्त प्रमाण सभाने किया

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

२—सभामेंना आयेतो समझा गया
सभीपोल तुमरा जाहर हो गया
अगर कुशल आपलाजो चाहते हो तुम
तो श्री जैन प्रतिमाकी लेलो शरण
किसिके वहकाने से तुमना वको
पत्ती खोलकर तुम हथमें रखो
यथा योग्य शास्त्रोंका आचार हो
तब उपदेश करनेका अधिकार हो
भूले हो आप और भूलाते लोग
भगवान को छोड चाहते हो मोक्ष
शरण लो तुम श्री भगवान की
सोहवत करो साध विद्वानकी.

આખરમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની જય હો જય હો એવા અવાજ સાથે સભા બરખાસ્ત થઇ. ત્યાંથી વિહાર કરી પૂજ્યપાદ્ ગુરૂદેવ વિજયાનંદસૂરીશ્વરજી આત્મારામજી મહારાજની સાથે વિ. સં. ૧૯૪૭ નું ચોમાસુ પટ્ટી મુકામે કર્યું હતું.

**દયા ધર્મનો ઉપદેશ.**

ત્યારબાદ પંજાબના કેટલાક નાના નાના ગામોમાં ફરી દયા ધર્મનો ઉપદેશ આપતા અનેક જીવોને તારતા તરણતારણ ગુરૂદેવ તારક મહાવીરદેવની તારક વાણીના વિલાસને વિસ્તારતા ગુજરાનવાળાની નિકટ પધાર્યા. ત્યારે ઉક્ત મહાત્મા ગુજરાનવાલા પધારે છે એવા સમાચાર મળતા ભાવિક શ્રાવકોએ ભવ્ય સત્કાર કર્યો હતો. મરૂદેશમાં કલ્પવૃક્ષ મલતાં જેમ આનંદ થાય તેવો આનંદ ત્યાંની પ્રજાએ તે સમયે અનુભવ્યો, યોગ્ય પુરૂષોનું સન્માન કરનાર પણ યોગ્યજ હોય છે. વર્ષાઋતુની નિકટતાના કારણે અત્રેના શ્રાવકોનો ચાતુર્માસાર્થે આગ્રહ થતાં ભાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશેષ લાભને જોઈ વિ. સં. ૧૯૪૮ માં અત્રેજ ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસમાં ધર્મોપદેશ હૃદયદ્રાવક ચાલતો હતો. જે ઘણા શ્રોતાઓના હૃદયદાહોને શાન્ત કરવામાં સુધા તુલ્ય નિવડયો. હંમેશાં ચોમાસામાં સૂત્રસ્થાને ઉત્તરાધ્યયન અને ભાવનાધિકારે બ્રહ્મદત્તનું ચરિત્ર ચાલતુ હતું. શ્રોતાઓની ભીડ દિન પ્રતિદિન વધતી ગઇ. દેશનામાં અપૂર્વ રમક ઝમક તથા મેઘધ્વનિ જેવી ગંભીર વાણીની મીઠાશને લીધે કેટલાક જૈનેતરો દયાળુ બનતા તે જોઇ ત્યાંના આગેવાન શ્રાવકોએ ગુરૂદેવને વિનંતી કરી કે સાહેબ અત્રે એક સમૃદ્ધ કુટંબી ઇચ્છરાસિંહ નામના સરદાર વસે છે, જેઓ પોતાના હાથે કુહાડીથી રોજ પાંચ સાત મોટા જાનવરોને ચીરી નાખે છે. અને પચ્ચાસ જેટલા કુટુંબના માટે માંસાહારની રસવતી તૈયાર થાય છે. જો એકજ આગેવાન સુધરી જાય તો એક વર્ષમાંજ લગભગ અઢી હજાર જાનવરોના જાન બચી જાય, એ અતિ લાભનું કારણ છે. પૂજ્ય ગુરૂદેવ કમળવિજયજી મહારાજે કહ્યું કે જ્યારે વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે તમો કોઈપણ પ્રકારે તેઓને વ્યાખ્યાનમાં લાવો તો કામ બની જશે. પૂજ્ય ગુરૂદેવની આ વાત તે લોકોના ધ્યાનમાં ઉતરી ત્યાર પછી તેઓ અવસર જોતાં હતા. ઉપાશ્રય ચાલુ રસ્તા ઉપર હતો. કોઇ એક દિવસે જ્યારે વ્યાખ્યાનની શરૂઆત પૂજ્ય ગુરૂદેવે કરી દીધી હતી. ત્યારે પૂર્વોક્ત સરદાર બજારમાં કામે આવેલા તે ઉપાશ્રયની પાસે ચાલ્યા જતા હતા. ત્યાં ઠાકોરદાસ નામના આગેવાન શ્રાવકે કહ્યું કે સરદાર સાહિબ મહેરબાની કરીને એક ઘડીભર વ્યાખ્યાનમાં પધારો, આપની ઇચ્છા હોય તેટલી વાર બેસજો. શરમાળ પ્રકૃતિવાળા સરદાર ઠાકોરદાસની વિનંતીનો તિરસ્કાર ન કરી શક્યા, અને વ્યાખ્યાનમાં પધાર્યા તે વખતે બ્રહ્મદત્ત ચક્રવર્તીનું ચરિત્ર શરૂ થઇ ચૂક્યું હતું. ગુરૂમહારાજ સમજી ગયા કે સરદાર આવ્યા છે. ત્યારે ભક્ષ્યા ભક્ષ્યનો વિચાર શરૂ કરી દીધો, અભક્ષ્ય ભક્ષણમાં માંસાહાર કરનારની આગામિક કાળમાં થતી દૂર્દશાનો ચિતાર ખડો કર્યો. સરદારની આંખોની સામે ભાવીનાં દુ:ખો તરવા લાગ્યાં, દયાની વાસનામાં વાસિત બનાવનાર શ્લોક પર શ્લોક શરૂ કર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

मांसाशिनो नास्ति दयासुभाजां,
दयां विना नास्ति नरस्य पुण्यं;
पुण्यं विना याति दुरंतदुखंः,
संसारकान्तारमपास्त पारं ॥१॥

માંસાહારીઓમાં દયા હોતી નથી. જ્યારે જ્યારે કોઇપણ જીવને જુવે છે ત્યારે તે જીવનું માંસ ખાવાની મરજી થઈ જાય છે. એટલે તેવા નરના દિલમાં દયા નથી હોતી અને દયા વિના પ્રાણી પુણ્ય ઉપાર્જન નથી કરી શકતો અને પુણ્ય વિના જેને પાર નહિ એવી સંસાર અટવીમાં રખડ્યાજ કરે છે.

પૂજ્યશ્રીની પંજાબી મિશ્ર જુસ્સાદાર હિંદીભાષા હતી એટલે જુસ્સાદાર ભાષામાં બોલ્યા.

**" जब तुम्हारे पांवमें एक कांटा लग जाता है, तब तुम लोगोंको कितनी बडी भारी तकलीफ हो जाती है. और उस वख्त तुम घबडा जाते हो. तब जिन जीवोंपर कुहाडोयोंके प्रहार करते हो उनजीवोंकी क्या दशा होती होगी ? उसका जरा विचार करो. जो लोक अपने क्षणिक स्वादके लिये दुसरे जीवोंको मार रहे है. उनके शिरपर परलोंकमें सोलह सोलह अंगुलके पोलह ( जुत्ते ) पडेंगे शिर टुट जायगा. और हड्डीयें निकल आयगी. लोहु लुहान चहेरा हो जायगा. जरा रहेम रक्खो कि जिससे परलोकमें भला हो "** ... ... ...

આવી રીતે લગભગ એક કલાક સુધી ચાલી રહેલી જોશભર હિંસા-સાગર નિસ્તારિણી અને દયા વિસ્તારિણી વાણીના પ્રભાવે સરદારજીની આંખોમાંથી ટપક ટપક અશ્રુ પડવા લાગ્યાં. અંતમાં વ્યાખ્યાન પુરૂ થયું, અને સરદાર ઉભા થઈ પૂજ્ય ગુરૂદેવ સામે હાથ જોડી બોલી ઉઠ્યા કેઃ–



P. P. Ac. Gunratansuriji M.S.        Jin Gun Aaradhak Trust

" साहिब ये पोले ( जुत्ते ) तो मेरे शिर ही पडे. "

गुरुदेव–" नही सरदारजी आपके शिरपर काहेको पडें, जो एसा काम करता हो उसके शिरपर पडे. "

सरदार–" हजुर येह तो सब भावडे ( श्रावक ) लोंग है. और येलोग तो ऐसा काम करते ही नही. करनेवाला सिरफ मेंहीथा इसलिये ये पोले मेरे शिरपर ही समजे जाते हैं. "

गुरुदेव–" जब ऐसा है तब तो आप इस काम को छोड दीजिये. और भविष्यका अभीसे सुधारा कर लिजिये फिर पोले कैसे पड सकते हैं. "

सरदार–" साहिब अब से लेकर जब तक जीवुंगा तबतक मांसाहार नहीं करुंगा, और कुहाडीसे सात सात जानवरोका रोजाना फाडना छोड दुंगा. सब प्राणीयोंकी जीव दया पालूंगा. आजके दिनको में बडा हो पवित्र मानता हुं. आज मेरे भाग्योदयने जोर कियाकि आप श्रीमान् के दर्शन हुए. और मेरे जैसे घोर हिंसकका आपके हाथसे उद्धार हुआ. "

એવીરીતે પોતાની જાતને ગુરૂદર્શનથી કૃતાર્થ માનતા ગુરૂદેવની પાસે માંસાહારનો તથા જીવહિંસાના પરિત્યાગનો નિયમ લઈ સરદાર પોતાના ઘેર ગયા તે દિવસથી—હંમેશાં વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. અને જૈન-ધર્મના સારા રાગી બન્યા. લગભગ વીશ વર્ષ સુધી તેમના ઘરમાં તેવી હિંસાનો અભાવ રહ્યો. છેવટમાં સરદાર ગુજરી જવાથી તેમના પુત્ર નારાયણસિંહ-જીએ તેવીજ પૂર્વની ઘાતક પ્રવૃત્તિ શરૂ કરી હતી. જેની ખબર વિ. સં. ૧૯૬૮ ની સાલમાં પૂજ્ય ગુરૂદેવ શ્રી કમલસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂજ્ય ગુરૂદેવશ્રી લબ્ધિવિજયજી મહારાજ (હાલમાં આ૦ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) ને ખબર પડતાં નારાયણસિંહજીને દયા ધર્મનાં જુસ્સેદાર વ્યા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખ્યાનો સંભળાવી તે ઘાતક પ્રવૃત્તિનું પુનઃ દલન કરી દીધું હતું. જેની ઊંડી અસરથી મહારાજશ્રી મુલ્તાન ચોમાસું કરવા જવાના હતા, તેમને રોકવાને આખાય નગરના મોટા મોટા આગેવાનોનું એક વિજ્ઞપ્તિ પત્રક વિજયકમલસૂરીશ્વરજી મહારાજ ઉપર ગુજરાત દેશમાં મોકલ્યું હતું. અને ગુજરાનવાળામાં બ્રહ્મ અખાડામાં તથા માનસિંહજીના બાગમાં એવા રોચક વ્યાખ્યાનો કરાવ્યાં હતાં, કે જે વ્યાખ્યાનોનું સ્મરણ હજુ સુધી ત્યાંની પ્રજાને તાજું છે. આવી રીતે પરમોપકારમાં પરાયણ ગુરૂદેવે વિ. સં. ૧૯૪૮ નું ચોમાસું પુરૂં કરી ત્યાંથી વિહાર કરી પપણાખા નામના ગામમાં પધાર્યા. ત્યાં આગળ વ્યાખ્યાનમાં મુસલમાનો પણ આવવા લાગ્યા. એક દિવસ અત્યંત દયાની લાગણી પ્રેરનારૂં વ્યાખ્યાન સાંભળી મુસલમાને માંસાહારનો નિયમ માગ્યો. મહારાજશ્રીએ ખુલાસો કરવા પુછ્યું કે બકરીઈદ આદિ તમારા પર્વના દિવસો આવશે ત્યારે તમારાથી રહી શકાશે નહિ. માટે વિચાર કરી લ્યો, તે વખતે મુસલમાનભાઈએ જવાબ આપ્યો કે સાહેબ ! બકરીઈદના ઠેકાણે મારીઈદ થઈ જશે તો પણ હું તેવું કામ નહીં કરૂં. આવી દઢભાવના જોઇ તેને પચ્ચખ્ખાણ કરાવ્યાં. ત્યાંથી કિલ્લા દેદારસિંહ નામના ગામમાં પધાર્યા. ત્યાં આગળ પણ પ્રતાપસિંહ નામના સરદારને જીવદયાનો બોધ આપી માંસાહારની સખત કુટેવથી બચાવ્યો. માંસાહારની આદત હોવાથી તેના ત્યાગ પછી સરદારનાં શરીરે અનેક તરેહની વિકૃતિયો દેખાવા લાગી છતાંય પૂજ્ય ગુરૂદેવની દેશનાથી આર્દ્ર થયેલ હૃદયમાં તે પાપ કરવાનો પુનઃ વિચાર સરખોય ન ઉદ્ભવ્યો. બલિહારિ મહાત્માઓની વાણીની કે જેની આવી સદૈવ–સ્થાયી અસર થાય છે. એક વખત સરદારના ઘેર પુત્રીના લગ્નનો પ્રસંગ આવ્યો. ક્ષત્રિયોની જાન આવી. તે લોકોએ સરદારની પાસેથી માંસનું ભોજન લેવા ઘણીજ પ્રેરણા કરી, પરંતુ સરદારજી એકના બે ન થયા અને સાફ સાફ સંભળાવી દીધું. કે તમે ઉમદામાં ઉમદા મિષ્ટાન્ન માગો, ભલે જેમાં ડબલ ખર્ચ થાય તેવું ભોજન આપીશ. આ વાતમાં જરાએ વાંધો નથી, પરંતુ માંસનું ભોજન તો હું નહિ આપી શકું કારણકે મેં જૈનગુરૂ કમલવિજયજી

મહારાજ પાસે નિયમ લીધેલો છે. બલિહારી ગુરૂદેવની વાણીની જે બંદોબસ્ત નેમનાથજીની જાનમાં ન્હોતો તે બંદોબસ્ત આ વાણીના પ્રભાવે પ્રતાપસિંહજીને ત્યાં થયો હતો. સરદાર જીવ્યા ત્યાં સુધી મહારાજશ્રીનું સ્મરણ ભૂલ્યા ન્હોતા. ત્યાંથી વિહાર કરી વિ. સં. ૧૯૪૯ નું ચોમાસું સનખતરામાં રહ્યા. ત્યાં એક મંત્રવાદી અડદનાદાણાઓના ઢગલા ઉપર માટીના કોરા ઘડાને ઘૂમાવતો હતો. અને આખા ગામને આ જાદુથી અજાયબી ઉત્પન્ન કરી હતી. લોકોએ મહારાજશ્રી પાસે તેની તારીફ કરી. મહારાજ સદૈવના અધ્યાત્મી હોવાથી એવી વાતોથી દૂર રહેતા, છતાંય તે ટાઇમે કહ્યું કે મારી પાસે તેવું કામ કરી બતાવે. ત્યાર પછી હું તે કારીગરી કેવી છે, તે વિષયમાં મત બાંધુ. તમારા કહેવાથી હું તે મનુષ્યને મહત્વ આપી શકતો નથી, છેવટમાં તે મનુષ્યને પણ મહારાજશ્રીની આ વાત સાંભળી અભિમાન આવ્યું અને મહારાજશ્રીની પાસે ઉપાશ્રયમાં આવી પોતાનું બલ અજમાવવા માંડયું, ઘણીએ મહેનત કરી પરંતુ તેનો જાદુ પૂજ્ય શ્રી ગુરૂદેવ આગળ ચાલ્યો નહિ. લોકોમાં ગુરૂદેવની પ્રશંસા ફેલાઇ અને તેથી જૈનેતરો વ્યાખ્યાન સાંભળવા આવવા લાગ્યા અને પંજાબમાં માંસાહારની પ્રવૃત્તિ જૈનેતરોમાં જોરશોરથી ચાલતી હોવાથી મહારાજશ્રીના વ્યાખ્યાનથી સારો સુધારો થયો. વિ. સં. ૧૯૫૦ નું ચોમાસું **માલેર કોટલામાં** કરી. વિ. સં. ૧૯૫૧ નું મારવાડમાં નાગોર મુકામે કર્યું. ત્યાંથી વિહાર કરી. વિ. સં. ૧૯૫૨ નું ચોમાસું ગુજરાતના પાટનગર **પાટણમાં** કર્યું. ત્યાં આગળ પોતાની અનહદ ઉપકારિણી દેશનાવડે લોક સમૂહને ધર્મમાં ખૂબ સ્થિર કર્યો. જે લોક મહારાજશ્રીની અદ્‌ભૂત મૂર્તિનાં એકવાર પણ દર્શન કરતા તે કદી પણ વિસરતા નહિ. ઘણી ધામધૂમ સાથે ચાતુર્માસ પૂર્ણ કરી. વિ. સં. ૧૯૫૩ ની સાલમાં ખંભાત ચોમાસું રહ્યા. ત્યાં લહીઆઓ પાસે પ્રાચીન પુસ્તકોનું લખાણ શરૂ કરાવ્યું અને આગમની અપૂર્વ ભક્તિ કરી જ્ઞાન ખાતામાં શ્રાવકોને ઉપદેશ દઈ સારૂ ફંડ કરાવ્યું. ત્યાંથી વિહાર કરી માર્ગના લોકોને ધર્મ માર્ગમાં જાગૃત કરતા વિ. સં. ૧૯૫૪ નું ચોમાસું લિમ્બડીમાં કર્યું. આપશ્રીના ચાતુર્માસથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઝાલાવાડમાં ધર્મની સારી પ્રગતિ થઇ. વિ. સં. ૧૯૫૫ નું ચાતુર્માસ મ્હેસાણામાં કર્યું. જ્યાં ધર્મની પ્રભાવના ઘણી સારી થઈ હતી, ઉઠે ચોમાસે વિજાપુર તરફ વિહાર કર્યો. રસ્તામાં પાટીદારો આદિ બીજા ધર્મના માણસોને દયા ધર્મનો ઉપદેશ સંભળાવતા અને ક્ષેત્રમાં આગ નહિ સળગાવવા આદિના નિયમો આપતા વિજાપુર પધાર્યા. ત્યાં નારવાળા હાથીભાઇને માગસર મહીનામાં દીક્ષા આપી. નામ મુનિશ્રી હિમ્મતવિજયજી રાખવામાં આવ્યું, ત્યાંથી ઓરસદ થઈ ખેડાસર જતાં ત્યાં પણ નારના નાથાભાઇને દીક્ષા આપી. નામ મુનિશ્રી નેમવિજયજી રાખવામાં આવ્યું. ત્યારપછી ઘણા સમારોહથી વડોદરામાં પ્રવેશ કર્યો. ત્યાં અશાડ શુદ ૧૧ ને દીવસે નારના ઉમેદભાઇને દીક્ષા આપી. નામ મુનિશ્રી ઉત્તમવિજયજી રાખવામાં આવ્યું. અને મુનિશ્રી હિમ્મતવિજયજીના શિષ્ય કર્યા. અને વિ. સં. ૧૯૫૬ નું ચોમાસું વડોદરામાંજ કર્યું. દુકાળ હોવાથી પીડાતા જીવોને અનાજ તથા ઘાસ આપવાથી થતા ફાયદાઓનું વર્ણન કરી, હજારો રૂપીયા જીવદયામાં અપાવરાવ્યા. ચોમાસા પહેલા શેષાકાળમાં પણ દુકાલના કારણે નાના ગામોમાં લોકોને ઉપદેશ આપી. પશુઓની ઘાસ સંબંધી તંગીને ઉપદેશદ્વારા દૂર કરાવી સેંકડો મરતા પ્રાણીઓને બચાવરાવ્યા હતા. વડોદરાનું ચોમાસું પુરૂં થયે. વિ. સં. ૧૯૫૭ના કાર્તિક વદી છઠ્ઠને દિવસે એક મારવાડના નાની ઉમ્મરના ભાઈને દીક્ષા આપી. હાલ તેઓ મુનિશ્રી લાવણ્યવિજયજીના નામથી પ્રખ્યાત વિદ્વાન છે. અને સાફ સાફ સંભળાવનાર બેપરવા રહેનાર સારા વ્યાખ્યાતા છે.

## પ્રકરણ ૩ જું.

### શ્રી વિજયાનંદસૂરિ વર્ણન.

શ્રી મદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનાં નામથી કોઈ ભાગ્યેજ અજાણ છે. તેઓશ્રીનુ મશહુર નામ શ્રી આત્મારામજી મહારાજ હતું, જેઓનો વિ. સં. ૧૮૯૩ ના ચૈત્ર માસમાં જન્મ થયો હતો. જેમનું તપતુ લલાટ ભલભલા માણસને મોહ ઉપજાવતું હતું, સીખ ધર્મમાં પેદા થયેલા હોવાથી તેમના પંથનો મોટો ધર્મગુરૂ અતરસિંહ સોઢી, આ બાલને લેવા લલચાયો. આત્મારામજીના પિતા ગણેશમલજી તથા માતા રૂપાદેવીથી તે સોઢીએ યાચના કરી કે અમને તું આ પુત્ર આપ પરંતુ આવા પુત્ર રત્નને કોણ આપી શકે ! છેવટે પ્રપંચ કરી, તેમના પિતાને દરબારી ( સરકારી ) દાવપેચમાં સપડાવી આગરાની કેદમાં પહોંચતા કર્યા. પરંતુ ગણેશમલ હુશિયાર હોવાથી કેદમાં જતાં પહેલાજ પોતાના પુત્ર આત્મારામને જીરા નિવાસી જોધામલ નામના ઓસવાલ વણિકને સોંપી દીધો હતો, અને તેના રક્ષણની પુરી ભલામણ કરી હતી. ત્યાં વિ. સં. ૧૯૧૦ માં આત્મારામજીને ઢુંઢક સાધુ જીવણરામજીનો ઉપદેશ મળતાં વૈરાગ્ય થવાથી દીક્ષા લીધી. લગભગ બાવીશ વર્ષ સુધી ઢુંઢક ધર્મ પાળી તમામ સૂત્રોનો અભ્યાસ કરી વ્યાકરણ ચંદ્રપ્રભા તથા ન્યાય સિદ્ધાન્ત મુકતાવલી આદિ ઉચ્ચ સંસ્કૃતજ્ઞાન પ્રાપ્ત થતાં સૂત્રોની ટીકા, નિર્યુકિત આદિના બહોળા અવલોકનથી જૈન સિદ્ધાન્તમાં ઠેકાણે ઠેકાણે મૂર્તિપૂજાનું વિધાન જાણી ઢુંઢક પંથ મૂર્તિ નિંદક હોવાથી તેમને અસાર ભાસ્યો તેથી ૧૯૩૨ માં અમદાવાદમાં બુટેરાયજી શ્રી બુદ્ધિવિજયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લીધી. ત્યાં તેમનું નામ મુનિશ્રી આનંદવિજયજી મહારાજ રાખ્યું. તે અરસામાં કોઇપણ વાદી તેમની સામે થઈ શકે એવો શોધ્યો પણ જડતો ન્હોતો.તેઓશ્રીએ તત્વજ્ઞાનના જૈનતત્વાદર્શ આદિ સારા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્યાયાંભોનિધિ સદ્ધર્મોદ્ધારક—



જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી )

મહારાજ.

બી. પી. પ્રેસ—પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સારા ગ્રંથો લખ્યા છે, જેમને પાલીતાણામાં સં. ૧૯૪૩ ના કાર્તિક માસમાં વીશ હજાર મનુષ્યોએ ભેગા મળી આચાર્ય પદ સમર્પણ કર્યું હતું. ત્યારથી તેઓ વિજયાનંદસૂરીશ્વરના નામથી ખ્યાતિ પામ્યા. તેઓની કાર્કિંદીનું વર્ણન પ્રથમ પણ કેટલુંક આવી ગયું છે, એટલે અધિક લંબાણ નથી કરતા તેઓશ્રીએ ઠેકાણે ઠેકાણે જૈનધર્મનો વિજય વાવટો ફરકાવ્યો હતો.

કોઇપણ કુમતનો પ્રચાર તેમને મન વિષ વેલો માલમ પડે તો તેને ઉખેડવા પોતાનાથી બનતું કરતા. મિથ્યાત્વની પુષ્ટિ તેમને મન વિષપાન જેવી હતી. જો આ ગુરૂના આવા ગુણને તેમના સર્વ શિષ્યોએ સ્વીકાર્યો હોત તો આજે સમયવાદી અને સિદ્ધાન્તવાદી જેવા બે ભેદો તેમના અનુયાયીમાં દેખાય છે અને તે કારણે દ્વિધારૂપમાં મંડળો વ્હેચાઈગયાં છે. તેમ ન બનત અને પૂર્ણ ઐક્યતા રહેવાથી જગતભરમાં ગુરૂદેવનો સંઘાડો અત્યારે જે ઉચ્ચતા ભોગવી રહ્યો છે તેનાથી સહસ્ત્રગુણી ઉચ્ચતા ભોગવત. આ ઉપકારી પુરૂષે ઠેકાણે ઠેકાણે પ્રતિષ્ઠાઓ કરાવી. વિ. સં. ૧૯૫૨માં સનખતરામાં લગભગ ત્રણસોપ્રભુબિમ્બોની અંજનશલાકા કરાવી. ગુજરાનવાલા જવાની તૈયારી કરી. સનખતરાથી વિહાર કર્યો રસ્તામાં સ્થાનકવાસીઓનું ગામ પસરૂર આવ્યું, ત્યાં જલાભાવ અને સ્થલાભાવ જેવું બન્યું, જેઠ મહીનો, પુષ્કલ ગરમી, મીઠા પાણીનો અભાવ, તથા સંકોચિત સ્થાન મળવાથી સારા સ્થાનનો પણ અભાવ એટલે ત્યાંથી બરાબર અઢી વાગે પૂર્ણ ગરમીમાં વિહાર કર્યો. આગલના ગામમાં જ્યાં રાત રહ્યા તે રાત્રે તબીયત બગડી. સવારમાં કાંઈક ઠીક હોવાથી વિહાર લંબાવ્યો ગુજરાનવાલામાં જેઠ શુદ પાંચમના દિવસે અપૂર્વ ઠાઠમાઠથી પ્રવેશ મહોત્સવ થયો. જેઠ શુદ પાંચમનો દિવસ ગુજરાનવાલામાં પ્રવેશનો અને સ્વર્ગમાં પ્રવેશનો સાતમનો દીવસ નિયત થયેલો હતો. ત્યાંના લોકો જાણતા હતા કે ગુરૂદેવ ચોમાસું અહીંઆં પધાર્યા તેથી ઘણું ઘણું જાણવાનું મળશે. બહારથી દર્શન માટે આવતા હજારો લોકોના દર્શનનો લાભ મળશે. આવી આવી વિચારણામાં ગાંડા ઘેલા બની ગયા હતા. કારણ કે ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ એટલે પંજાબીઓને માટે એક ભગવાન

જેવા પરમોપકારક મહાપુરૂષ મનાતા. કેમકે તેમનો તેમના ઉપર અનહદ ઉપકાર હતો અને તે ભૂલાય તેવો ન હતો. એવા મહોપકારી પોતાના ગામમાં પધાર્યા એટલે હર્ષનો સાગર કેમ ન ઉભરાય ? તેમની ધર્મદેશના શ્રવણ કરી, મેઘથી ચાતકની જેમ ભવ્યાત્માઓ અતિ હર્ષિત થતા હતા. જે મહાત્માએ પોતાના જીવનમાં અજ્ઞાનતિમિર ભાસ્કર, ચિકાગો પ્રશ્નોતર, નવતત્વ, સમ્યકત્વસલ્યોદ્ધાર આદિ ગ્રન્થો રચી ઉચ્ચ સાહિત્ય જૈન જનતાને સમર્પણ કર્યું હતું. અમેરીકાના અનેક વિદ્વાનો પણ તેઓના ઉત્તમ ઉત્તરો શ્રવણ કરી શંકાઓથી રહીત બન્યા હતા, અને પૂજ્યશ્રીની બુદ્ધિ બાહુલ્યતાપર તેમજ ધર્મના ઉંડા જ્ઞાન માટે બહુજ સન્માન ધરાવતા હતા. દેશ વિદેશમાં પણ જેઓની કીર્તિ અસ્ખલિતપણે ફેલાઈ હતી. અમેરિકામાં આવેલા ચિકાગોમાં સમસ્ત ધર્મની પરિષદ ભરાતાં ત્યાંના વિદ્વાનો તરફથી આ મહાત્માને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ જલમાર્ગે એટલે દૂર સુધી આવી શકે નહિ કારણકે, તેવા પ્રકારની ધર્મમાં આજ્ઞા નથી માટે નિષેધ કર્યો પણ પોતાના તરફથી બેરીસ્ટર વીરચંદ રાઘવજીને પોતાના પ્રતિનિધી તરીકે મોકલવામાં આવ્યા હતા, અને તેઓએ પણ ત્યાં જઇને પૂજ્ય મહાત્માશ્રી આત્મારામજી મહારાજની શિક્ષાનુસાર ત્યાં જૈનશાસનને દિપાવ્યું હતું. દૂર દૂરના વિદેશોમાં પણ તેઓની ઉજ્જવલ અને વિપુલ કીર્તિ અકુંરિત થઈ મહાલતી હતી. ધર્મોપદેશદ્વારા એ કૂમતોની જંજીરથી જકડાયેલા અનેક જનોને છુટા કરી, સુમતનો સ્વીકાર કરાવ્યો હતો. અનેક વાદી વૃન્દો સાથે વાદવિવાદો કરી જૈનમતની સર્વોત્તમતા સાબિત કરતા હતા. કેટલાક આર્ય સમાજીષ્ટોને પણ જૈનધર્મની અને મૂર્તિ પૂજાની વેદાદિ શાસ્ત્રોથી અને સચોટ દલીલોથી સંસિદ્ધિ કરી સમજાવ્યા હતા.

આખાય પંજાબમાં આત્મારામજી મહારાજના નામથી જૈન જૈનેતરો પરિચિત હતા. જેઓએ ગુરૂપદે રહી ઘણીજ શાસનની ઉન્નતિની સાથે ગૌરવતા વધારી હતી એવા અનેક ગુણાલંકૃત સદ્ધર્મોદ્ધારક મહોપકારી ગુરૂદેવ વિ. સં. ૧૯૫૨ ના જેઠ વદ સાતમની મધ્ય રાત્રીએ સ્વર્ગે સિધાવ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ વાતના સમાચાર મળતા પ્રતિદેશ, પ્રતિનગર, પ્રતિગામની જનતા શોક સાગરમાં મગ્ન બની જગતના એક અદ્વિતીય સત્પથ દર્શક સત્પુરૂષ ચાલ્યા જાય ત્યારે વજ્ર જેવા હૃદયો પણ પીગલી જાય છે. જેઠ શુદ આઠમના દિવસે જબ્બરજસ્ત ધામધૂમની સાથે તેઓશ્રીનો અગ્નિસંસ્કાર થયો. જેમના દેહાવસાનના નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવો ગામે ગામ શરૂ થયા. આ મહાત્માના સ્વર્ગગમનના મહોત્સવો અમદાવાદ શહેરમાં એકમાસ સુધી ચાલ્યા, દરેક અઠ્ઠાઈમહોત્સવની સમાપ્તિમાં ઘણીજ ધામધુમથી પ્રભુની રથ યાત્રાઓ અમદાવાદમાં થઇ હતી, જ્યારે જ્યારે રથ યાત્રાઓ થતી ત્યારે અમદાવાદ શહેર એવું સુંદર રીતે શણગારવામાં આવતું હતું કે જેને જોઈ અમરાવતીનો અનુભવ થતો હતો. અત્યારે પણ તે વાતને જાણનારા વૃદ્ધો કહે છે કે આવા જબ્બરજસ્ત મહોત્સવો કોઇપણ મહાત્મા પાછળ થયા નથી. આવા સેંકડો ઠેકાણે થયેલા મહોત્સવો તે મહાત્માના અનુપમ પુણ્યને સાબિત કરે છે. ધન્ય છે. તે મહાત્માની અનુપમ પૂણ્યાઇને ધન્ય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૪ થું.

## પદાર્પણ વિચારણા.

હવે વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજના સ્વર્ગગમન પછી તેમની પાટે કોને સ્થાપવા તે વિષયમાં આત્મારામજી મહારાજના સંઘાડાના સર્વ સાધુઓએ લાંબી વીચારણા ચલાવી. કોઇપણ પુરૂષને આચાર્યપદે સ્થાપન કરવા એ કાંઈ નાનુ સુનું કામ નથી. આચાર્યની પાટ એટલે તીર્થંકર મહારાજની પાટ. આચાર્ય મહારાજ એટલે ગણધર મહારાજના ઠેકાણે કહેવાય. તેવા પુરૂષ પૂર્ણ યોગ્ય હોવા જોઇએ. એવા યોગ્ય પુરૂષ મળે તોજ પાટ આપનાર અને લેનારનું કલ્યાણ થઇ શકે છે. અન્યથા ઉભયના ઉભયભવ બગડે છે. માટે આ વિષયની વિચારણા લગભગ પાંચ વર્ષ સુધી ચાલી છેવટમાં શ્રી વિજયાનંદસૂરિજી મહારાજના ભક્ત શ્રમણ સંઘ તથા શ્રાવક સંઘે મળીને કમલવિજયજી મહારાજને આચાર્યપદ આપવાનો નિર્ણય કર્યો. સર્વ સાધુઓને પૂજ્ય. શ્રી કમલવિજયજી મહારાજ આચાર્ય પદવી સ્વીકારે તેમાં અત્યંત ખુશી હતી પરંતુ ઉક્ત મહાત્માશ્રી આ વાતને માનતા ન્હોતા, કાલ લંબાવવામાં આ પણ કારણ હતું.

## આચાર્યપદાર્પણ.

જૈનશાસનના દૃઢરંગી જૈન જૈનેતર શાસ્ત્રના પારંગામી અને પ્રભાવસંપન્ન શ્રીમદ્ કમલમવિજયજી મહારાજના ઉપર આચાર્યપદ લેવા માટે આગ્રહભર્યાં વિનંતિ પત્રો સર્વ મુનિઓ તરફથી આવવા શરૂ થયા. સર્વના ઉત્તરરૂપે આચાર્યપદ ગ્રહણ કરવાનો ઈન્કાર કર્યો. જ્યારે ઘણોજ આગ્રહ થયો કે આપ પાટણ પધારો છેવટમાં મુનિજનોની એટલી વિનંતિ માન્ય રાખી, બીજા પ્રકરણના અંતમાં લખ્યા મુજબ વડોદરાથી વિહાર કરી

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

ગ્રામાનુગ્રામ વિચરતા અને ઉપકાર કરતાં પૂજ્ય ગુરૂદેવ પાટણની નજીક પધાર્યા. પાટણ એટલે ધર્મપૂરી, પાટણ એટલે એકસોઆઠ ગગનચુમ્બિ જીનમંદિરોથી મંડિત પૂરાતન ભવ્યસ્થાન, પાટણ એટલે ? જૈનધર્મના પ્રખર ક્રિયોદ્ધારક ચૈત્યવાસનું ઉન્મૂલન કરનાર શ્રીમાન્ વર્ધમાનસૂરિ તથાજીનેશ્વરસૂરિ તથા કુમારપાળ મહારાજા પ્રતિબોધક શાસન સ્થંભ. વ્યાકરણ, કાવ્ય, કૌષ, અલંકાર, અને ન્યાય આદિ સાહિત્યોના સર્જનહાર શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય મહારાજાના પવિત્ર ચરણકમલથી પાવન થયેલી પવિત્ર ભૂમિ. એટલે તે ભૂમિના શ્રાવકો ગુરૂ પ્રવેશનો અપૂર્વ મહોત્સવ કરે તેમાં આશ્ચર્ય શું ? પૂજ્ય શ્રી કમલવિજયજી મહારાજ આવતી કાલે પાટણમાં પધારશે તે વાત જાણી આખાય શહેરમાં હર્ષનો પાર રહ્યો નહિ. સર્વજનના મુખ પ્રફુલ્લિત થયા. પાટણ શહેરના તમામ બજારોને એવા સુંદરરીતે શણગાર્યાં કે તે વખતે પાટણ ઇન્દ્રપુરીનું દૃશ્ય ખડું કરતું હતું. ગીત, નૃત્ય, વાદ્યાદિ સામગ્રીથી મહારાજશ્રીનો અદ્વિતીય સત્કાર પૂર્વક પ્રવેશ કરાવ્યો. ઉપાશ્રયમાં પધારી પૂજ્ય ગુરૂદેવે મેઘ ધ્વનિસમાન ધર્મદેશનાવડે ભવ્યોનાં અંતઃકરણોને ધર્મથી રંજીત બનાવ્યાં, આ વખતે મહારાજશ્રીની પવિત્ર શીતલ છાયામાં પૂજ્ય શ્રીમાન્ વીરવિજયજી મહારાજ તથા કાન્તિવિજયજી મહારાજ આદિ આત્મારામજી મહારાજના પ્રસિદ્ધ સાધુઓ સપરિવાર સેવામાં બિરાજતા હતા. તેઓ સર્વેએ મળી મહારાજશ્રીને આચાર્યપદ અર્પણ કરવા અને સમુદાયના નાયક તરીકે બનાવવા ઘણોજ આગ્રહ કર્યો.

તેઓશ્રીએ તે વાતનો સાફ ઇન્કાર કર્યો અને કહ્યું કે તમારામાંથી કોઈપણ આચાર્ય બને તેને હુ માનવા તૈયાર છું. પરંતુ હું પોતે આચાર્ય બનવા નથી માગતો. ત્યારે પૂજ્ય વીરવિજયજી મહારાજ તથા કાન્તિવિજયજી મહારાજ આદિ મુનિવરોએ કહ્યું કે આખાય સંઘાડામાં આપશ્રીજ આ પદને લાયક છો. અને મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રીપ્રમોદવિજયજી મહારાજ આદિ આપશ્રીથી દીક્ષા પર્યાયમાં મોટા હોવા છતાં પણ આપશ્રીને આચાર્યપદવી આપવાને માટે સહીઓ આપી છે. તેમજ મુનિશ્રી વલ્લભવિજયજી આદિ અન્ય બધા મુનિઓની સંમતિ આપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રીનેજ આચાર્યપદ આપવાની છે. માટે આપને માનવું પડશે. તે છતાં પણ ચરિત્ર નાયકે તે વાત કબુલ ન કરી. બીજે દીવસે મહારાજશ્રી સ્થંડીલ જવા ઉપાશ્રયથી બહાર નિકળ્યા ત્યારે મુનિશ્રી કાન્તિવિજયજી મહારાજ ચરિત્ર નાયક પૂજ્યશ્રીની તરપણી ઉપાડી સાથે જંગલમાં ગયા અને ઘણીજ આગ્રહભરી વિનંતિ પદ સ્વીકારવા કરી, તોપણ મહારાજશ્રી તરફથી અસ્વીકાર થતાં મુનિશ્રી કાન્તિવિજયજી મહારાજની આંખમાં પાણી આવી ગયાં. આ વાત જોઇ તે દયાળુ પુરૂષે દાક્ષિણ્યતાગુણને આધીન થઇ કહ્યું કે મુનિશ્રી વીરવિજયજી ઉપાધ્યાયપદ અને તમે પ્રવર્તક પદ લેવું સ્વીકારો તો હું તે વાત તમારી આગ્રહની ખાતર અનિચ્છાએ સ્વીકારીશ. આ વાતથી આખાય શેહેરમાં તથા સાધુગણમાં હર્ષના પૂર ઉભરાયાં. પ્રયત્નથી પોતાના ઇષ્ટની સિદ્ધિ થતાં કોને હર્ષ ન થાય ! સર્વની સંમતિથી સમહોત્સવ આચાર્યપદ અર્પણ કરવાનું મહત્કાર્ય પ્રારંભાયું. અનેક નગરોમાં તથા ગામોમાં કંકોત્રીદ્વારાએ સમાચાર મળતાં પાટણમાં સહર્ષ માનવગણ એકત્રિત થયો. પરમપૂજ્ય ચરિત્ર નાયકને આચાર્યપદવીના મહોત્સવમાં, આખા ઉપાશ્રયમાં અનેક પ્રકારની વિવિધ રંગવાળી ધ્વજાઓ, તોરણો, વાવટાઓ, તથા જુદા જુદા દશ્યવાળા ફરનીચરો અને રેશમી ભરેલા સુંદર કપડાથી આચાર્યપદ અર્પણ કરવાનું સ્થાન સુશોભિત કરવામાં આવ્યું હતુ. વિ. સં. ૧૯૫૭ ના મહા શુદ પુનમના પવિત્ર દિવસે નિયત કરેલા મુહૂર્તમાં સાધુ, સાધ્વી તથા શ્રાવક, શ્રાવિકાના બહોળા સમુદાયના જય નાદો સાથે ચતુર્મુખ ત્રિલોક ચૂડામણી જીનરાજોની સાક્ષીમાં શ્રીમદ્ કમળવિજયજી મહારાજને આચાર્યપદ સમર્પણ કરી, શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની પાટ ઉપર અલંકૃત કર્યા. અને તેજ સમયે તેમની આજ્ઞાથી મુનિશ્રી વીરવિજયજી મહારાજે ઉપાધ્યાયપદ અને મુનિશ્રી કાન્તિવિજયજી મહારાજે પ્રવર્તકપદનો સ્વીકાર કર્યો. જ્યારે આચાર્યપદ પર અલંકૃત કર્યા ત્યારે ચરિત્ર નાયકનું નામ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તરીકે જાહેર કરવામાં આવ્યું. ત્યારપછી આચાર્ય દેવેશે અતિસુંદર, મનનીય,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ **વિજયાનંદ સૂરીશ્વરજી** (આત્મારામજી)
મહારાજના અદ્વિતીય પટ્ટાલંકાર —



સદ્ધર્મરક્ષક—નિઃસ્પૃહ ચૂડામણિ જૈનાચાર્ય શ્રીમદ્
**વિજયકમળ સૂરીશ્વરજી મહારાજ.**

બી. પી પ્રેસ. પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સચોટ અસરકારક હૃદયદ્રાવક વ્યાખ્યાન આપ્યું હતું. જેના શ્રવણથી લોકોને નિર્ણય થયો કે આ મહાત્મા જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની પાટને દીપાવશે. આચાર્યપદવીની ખુશાલીમાં કેટલાક સ્થળોમાં અષ્ટાહ્નિક મહોત્સવો થયા, અને કેટલેક ઠેકાણે ગરિબોને અનેક પ્રકારના દાન અપાયાં, તેમજ કેટલેક ઠેકાણે સહર્ષ શ્રાવિકાઓની મંડલીઓ મંગલમય સુગીતો ગાવા લાગી. અખિલ જૈન સંઘમાં નિર્વિઘ્ન આચાર્યપદનું કાર્ય થવાથી ઘણોજ આનંદ પ્રવર્ત્યો હતો તે તેમના અભિનંદન સમાચારથી જણાતું હતું. પાટણનો સંઘ હાથમાં આવેલા આ અમુલ્ય રત્નને જવા કેમ દે! તરતજ ત્યાંના સંઘમા આગેવાનોએ મળી, ચાતુર્માસાર્થે અત્યંત આગ્રહ ભરી વિનતિ કરી. દયાળુ આચાર્ય દેવેશે તેમની વિજ્ઞપ્તિને માન આપી. વિ. સં. ૧૯૫૭ નું ચોમાસું ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ તથા પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ આદિ બહોળા સાધુ સમુદાય સાથે ત્યાંજ રહ્યા. ચોમાસામાં આચાર્યદેવની ધર્મદેશના સાંભળવાને એટલી બધી શ્રોતાઓની ભીડ જામતી, કે બેસવાનુ સ્થાન પણ મુશ્કેલીથી મળતું હતું.

## અપૂર્વ શિષ્યરત્નની પ્રાપ્તિ:—

ત્યારબાદ આચાર્યશ્રીએ વિશેષ લાભનું કારણ જાણી, પાટણથી વિહાર કરી અનેક ગામોમાં ઉપકાર કરતાં ધર્મોપદેશામૃતનું પાન કરાવતાં માણસા ગામમાં સસત્કાર પધાર્યા. તત્રસ્થ શ્રાવક વર્ગની ચાતુર્માસાર્થે વિજ્ઞપ્તિ થતાં ત્યાંજ વિ. સં. ૧૯૫૮ નું ચોમાસું થયું. ચાતુર્માસમાં અનેક પ્રકારની ધર્મક્રિયાઓ ગુરૂદેવના ઉપદેશદ્વારાએ થવા પામી. જીવદયાના, પુણ્યક્ષેત્રોના, જ્ઞાનોદ્ધારના તથા દીનોદ્ધારના અનેક સુકૃત્યો થયાં. પ્રતિદિન મહારાજશ્રીની દેશના જાણે સાક્ષાત્ ગંગાજ વહેતી ન હોય તેવી રીતે અનેકોના ત્રિવિધ તાપોને શાંત્વન કરતી હતી. ભાગ્યવંતોને અત્યંત મીઠાશવાળી, વૈરાગ્યવાહીની આચાર્ય દેવેશનીગંભીર દેશના ઘણીજ પ્રિયતમ થઇ પડી હતી, તેને પુનઃ પુનઃ શ્રવણ કરવા ત્યાંની જનતા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સુકજ રહેતી હતી. ત્યાં બાલશાસન ગામથી ભણવા માટે આવેલા દીક્ષાભિલાષી લાલચંદભાઇ નામના ઓગણીસ વર્ષની ઉમ્મરના ભાઇને વૈરાગ્યવાહીની દેશના દ્વારાએ દીક્ષા લેવા ઉત્કંઠિત બનાવ્યા. લાલચંદભાઇએ કહ્યું કે દીક્ષાને માટે મારી દોડધામ વિ. સં. ૧૯૫૭ થી શરૂ છે. ત્રણ ત્રણવાર મહાત્મા શ્રી ઉદ્યોતવિજયજી મહારાજ પાસે દીક્ષા લેવા માટે જવા છતાંય કુટુંબીઓ મોહથી તોફાન કરી પાછા લઈ આવ્યાં છે, એટલે આપશ્રીની પાસેથી પણ મને પાછો લઇ જશે. જો આપ મને સારા રક્ષક ક્ષેત્રોમાં ગુપચુપ દીક્ષા આપી દો તો પાછળથી તે લોકો તોફાન કરશે તોપણ ફાવી શકશે નહિ. હું તેમને સારીરીતે સાધુવેશમાં સમજાવી શકીશ અને તે લોકો ધર્મીષ્ઠ હોવાથી દીક્ષા લીધા પછી તોફાનનું વધારે જોર નહિ મચાવે. આ વાત પૂજ્ય આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજને પસંદ પડી અને તે પ્રમાણે યોગ્ય ક્ષેત્રમાં દીક્ષા આપવાની તૈયારી બતાવી. ચતુર્માસ સંપૂર્ણ કરી ત્યાંથી બોરૂ પધાર્યા. મહારાજશ્રીએ બોરૂના આગેવાનોને પૂછી જોયું કે એક ભાવિક ભાઇને અમારે દીક્ષા આપવા વિચાર છે. જો તમો તેમનું રક્ષણ કરી શકો તેમ હોય તો દીક્ષા આપી શકાય. ધર્મવીર જનોએ મહારાજશ્રીને વિનંતિ કરી કે તે ભાઇની ઉમ્મર કેટલી છે? આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો કે ઓગણીસ વર્ષની છે. ત્યારે બોરૂના શ્રાવકોએ કહ્યું કે એક વખત માણસાના ઠાકોર આવશે, તોપણ અમો પાછા હટાવી શકીએ એટલું અમારૂં બળ છે. કારણકે અમારૂં રાજ્ય ગાયકવાડનું છે, અમને તેમની પરવા નથી. આવા દઢ મનના લોકોને જોઇ, લાલચંદભાઇને સમાચાર મોકલ્યા કે કાર્તિક વદી ૬ ને દીવસે તમારી દીક્ષાનું મુહૂર્ત છે.

આ વાત સાંભળી લાલચંદભાઇના હર્ષનો પાર ન રહ્યો. કારણકે અસાર સંસાર સમુદ્રથી તરવાનું મન કયા બુદ્ધિશાળીને ન થાય! સંસારની પરિસ્થિતી વિચારતાં વિચક્ષણ માણસને ખેદ થાય છે. સમજુ અને શાણાઓ અવિલંબે ચેતે છે, અને આત્મકલ્યાણના સન્માર્ગમાં જોડાઇ, અનંત જન્મ મરણની પરંપરાઓની ફાંસીથી મુક્ત થાય છે. મૂઢ અને બહુલ કર્મિઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનંત કાલ ગયો અને જશે. તોપણ હૃદય પટમાં વૈરાગ્યનો અંકુરો ફુટવો મુશ્કેલ છે. જ્યાં અંકુરો ન હોય ત્યાં વૃક્ષ ફુલ અને ફલોની વાતજ ક્યાં હોય ? મેઘરાજા પ્રત્યેક સ્થાનમાં વરસે છે પણ યોગ્ય ભૂમિમાં જલદી ફલદાતા થાય છે. આ. શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજનો વૈરાગ્યમય ઉપદેશ લાલચંદભાઈના હૃદયમાં સારી રીતે અંકિત થયેલો હતો. તેથી પીતામ્બરદાસ શ્રેષ્ઠીના પુત્રરત્ન મોતીભાઈના અંગજ લાલચંદભાઇ વિચારે છે કેઃ—

अनित्यं संसारे भवति सकलं यन्नयनगं,
वपुर्वित्तं रूपं मणिकनकगोऽश्वद्विपजनं ।
पुरं रामा भ्राता जनकजननीनन्दनकुलं,
वलंदेहोद्भूतं वचनपटुता भाग्य भवनं ॥

સંસારમાં જે જે વસ્તુઓ નેત્રથી જોવામાં આવે છે તે સર્વે અનિત્ય છે. શરીર, ધન, રૂપ, મણિ, સોનુ ( માલમીલ્કત ) ગાય, ઘોડા, હાથી નગર, સ્ત્રી, ભ્રાતા, પિતા, માતા, અને પૂત્રપુત્રીઓના સમુહ, દેહથી ઉત્પન્ન થયેલું બલ, વચનની ચતુરાઈ અને ભાગ્ય ભવન સર્વ અનિત્ય છે. રંગ બેરંગી બંગલામાં બેસનારા પણ ચાલ્યા ગયા. હાથમાં શસ્ત્ર લઇ ભયંકર યુદ્ધ કરી હજારોના પ્રાણ લેનારા સમર્થ વીરો પણ કાળ રાજાની ભટ્ટીમાં યાહોમ થઇ ગયા. અનેકોની સાથે ઉન્મત્તાને પ્રદર્શિત કરી વાદ વિવાદ કરનારા વાદિઓ પણ અનાદિથી ચાલી આવતી કાલાગ્નિમાં ભડભડ સળગી ગયા. વિકરાલ કાળ જગતમાં વિચિત્ર લીલાથી ખેલે છે. ભલભલાને જગતમાં ક્ષણમાં હતા ન હતા કરી નાખે છે. તો તે વિકરાલ કાળથી બચવાને માટે ખરેખર જીનેશ્વર ભગવાનનો ધર્મજ આધાર છે. તે ધર્મને આરાધ્ય બનાવવા માટે સંસારની પાપ પ્રવૃતિઓ પહેલી તકેજ ત્યાગવા યોગ્ય છે. આપાત (શરૂઆત) રમ્યને પરિણામે ભયંકર એવા વિષોપમ વૈષયીક સુખોનો વિશ્વાસ કરવા જેવો નથી. કેમકે વૈષયિક સુખ કલ્પનાજન્ય તથા અવાસ્તવિક છે એટલાજ માટે " **वैराग्य मेवा भयम्** " કહેવાય છે. અધ્યાત્મિક યોગીશ્વરોને યોગમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


જે આનંદ આવે છે તે આનંદ ઈન્દ્ર, ચન્દ્ર, નરેન્દ્રને હોતો નથી માટે આ અસાર સંસારમાં રહેવું એ વિચક્ષણ માણસનું કામ નથી. આવા પ્રકારની વૈરાગ્ય ભાવનાની તરંગોમાં લાલચંદભાઇનું હૃદય રમવા લાગ્યું.

પાંચમની રાત્રીએ ચાર વાગે ઉંટની સ્વારી કરી, છઠ્ઠની પ્રાતઃકાલે બોરૂ પહોંચી ગયા. ચરિત્ર વિભુએ વિચાર્યું ત્રણ ત્રણ વખત દીક્ષા લેવાને ગયેલા લાલચંદભાઇને બલાત્કારથી તેમને પાછા લાવ્યા એટલે તેમની દીક્ષાની તીવ્ર ભાવનાથી તેમનું કુટુંબ પરિચિત છે, છતાંએ રજા નથી આપતા, આવા પુરૂષને ગુપચુપ દીક્ષા આપવી એ પણ આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના વચનના અનુસારે ધર્મજ છે. તેઓ ફરમાવે છે કે **"धर्मे न माया"** આ વચન અક્ષરસહ સત્ય છે. જેમકે કોઇ માણસ જલથી ભરેલો ઘટ હાથમાં લઇ જતો હોય ત્યાં માર્ગમાં પડેલો કોઇ તૃષાતુર જલનાઅભાવે મરણની તૈયારીમાં હોય તે સમયે પાણી પીવાની ઇચ્છા રાખે, અને જલપાનની યાચના કરે, તે વખતે ઘટવાળો કહે કે તારા, માતા પિતાની આજ્ઞા લઇ આવ તો તે કેવલ મુર્ખાઈ કહેવાય કારણકે વિલંબ પ્રાણનો નાશ કરનાર થાય છે. સંસારથી તપ્ત થયેલ વૈરાગ્યામૃતનું પાન કરવા ઇચ્છે એમાં વિલંબ શો ? એમ વિચારી મહારાજશ્રીએ તેજ ટાઇમે દીક્ષા આપી તેમનું નામ મુનિશ્રી લબ્ધિવિજયજી રાખવામાં આવ્યું. મોહરાજાનું સામ્રાજ્ય કોઇ જુદીજ સત્તા ચલાવે છે. ભલભલાને એટલે કે ચક્રવર્તિ જેવા ભડવીર રણશૂરોને પણ હતોત્સાહી અને નિર્બલ બનાવે છે. દેવદાનવોના સ્વામી, ઇન્દ્રોને પણ એજ મુંઝાવે છે. સર્વત્ર જગતમાં મોહરાજા અટ્ટહાસ કરી ખેલી રહ્યો છે. એની ઇન્દ્રજાળમાં કોણ નથી ફસ્યું ? એક મહાત્માઓ અને યોગીઓની સામેજ તે ફાવ્યો નથી. દીક્ષાના સમાચાર લાલચંદભાઇના કુટુંબી વર્ગને મળતાં સમુદાયબળની સાથે માણસાથી બોરૂ મુકામે આવ્યાં. નૂતન દીક્ષિત શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજને સંસારમાં લઈ જવા, અનેક પ્રકારની યુક્તિ અને ધમકીથી સમજાવવા લાગ્યાં પરંતુ એ પૂજ્ય ગુરૂદેવ કમલસૂરીશ્વરજી મહારાજની અજબ પ્રભા તેઓના પર પડી અને નૂતન દીક્ષિત પણ ખુબ દૃઢ હૃદયના હતા, એટલે તેઓની યુક્તિઓ, દલીલો ધમકી અને સામુદાયિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

जैनाचार्य श्रीमद्विजयकमळसूरीश्वरजी

महाराजना अपूर्व शिष्यरत्न—



( बाल्यावस्थामां )

मुनिराजश्री लब्धिविजयजी- महाराज.

(हालमां चरित्रनेताना परम पट्टप्रभावक जैनाचार्य

श्रीमद् विजयलब्धिसूरीश्वरजी महाराज ).

नाऽकिञ्चनो निधिमिवाऽऽप्लुत आप्य पूर्व, राज्याच्च्युतः सपदि राज्यमिवाधिगत्य:

संलब्ध-लब्धिविजयेत्यभिधाख्योऽसौ, चारित्ररत्नमधिगम्य मुदा जहर्ष ।

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

બસ, બધું ય નિરર્થક નિવડયું. પ્રચંડ અનિલથી શું કંચનગિરિ કંપે છે હરગીજ નહિ. "**न वक्तव्यं रुषांभरे**" એ નીતિના વાકયનો વિચાર કરી મુનિરાજ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ અદ્યાપિ મૌન રહ્યા હતા, પરંતુ તેઓને શાંન્ત પાડવા ગંભીર અને મધુર ધ્વનીથી બોલ્યા.

न कोऽपि कस्याऽपि जगत्यमुष्मिन्,
सहाऽनुगन्तेति विलोकमानाः ।
मुह्यन्ति येऽस्मिन् पशुना समाना,
विवेकहीना विधिना कृतास्ते ॥१॥

**અર્થ:**—આ જગતમાં કોઇ કોઈની સાથે જતો નથી, એમ જોવા છતાં જે મોહમાં પડે છે. વિધાતાએ તેમને વિવેકહીન પશુ સમાન બનાવ્યા છે. ૧

यन्मन्यते वैषयिकं हि सौख्यं,
तत्त्वस्ति तिर्यक्ष्वपि तुल्यमेव ।
तन्मोहपाशं चपलं विहाय,
धर्मे मतिं भव्यजनै विधेया ॥ २ ॥

**અર્થ**—જો વિષયોથી ઉત્પન્ન થતા સુખનેજ સુખ મનાતું હોય તો તેવું વિષય સુખ તિર્યંચોમાં પણ તુલ્ય છે. માટે મોહના ચપલ પાસને છોડી ભવ્યાત્માઓએ ધર્મને વિષે મતિ જોડવી જોઇએ. ૨

दाराऽऽदयोऽमी सकला अनित्या,
नैकोऽपि तेष्वस्ति निजः कदापि ।
तेत्तेषु रागं परिहाय धीरः,
स्वश्रेयसे संयममेव लाति ॥ ३ ॥



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**અર્થ:**—સ્ત્રી પુત્ર માતા પિતાદિ પરિવાર સર્વ અનિત્ય છે. તેમાં કોઈપણ પોતાનું નથી. તે માટે ધીર પુરૂષ તેઓના પ્રેમનો ત્યાગ કરી પોતાના કલ્યાણ માટે સંયમ લે છે.

આવો ઉત્તમ માર્ગ મેં સ્વીકાર્યો છે. તેમાં તમો આટલો બધો ખેદ કેમ કરો છો? પુત્ર વેપાર કરી લાખ્ખો રૂપીઆ લાવે તો તે ગુપ્ત ભાવે તિજોરીમાં મૂકીએ છીએ. પણ મને પૂછ્યા વિના કેમ કમાયો? એમ પૂછતા નથી અને હું ન કમાયો ને તું કેમ કમાયો એમ પણ બોલતા નથી કારણ કે બાલક યોગ્ય નિધાન પામે તો તેમાં સર્વ હિત-સ્વિઓને હર્ષજ હોય. હું જ્ઞાન દર્શન અને ચારિત્ર એ રત્નત્રયીને આરાધુ અને પામું, તેમાં તમોને આટલો બધો વિલાપ શો? અહિતને છોડી હિત સ્વીકારતા બાલકોને ઉત્સાહ આપવાનો હોય, કે હતોત્સાહી બનાવી પતિત કરવાના હોય? વળી ધન, પુત્ર, સરૂપવાન સુંદરી, મોટી મહેલાતો, આરામો, બંધુઓ અને આભૂષણો આ બધુંય અહીંજ મુકીને જવાનું છે. વિકરાળ કાલરાજની તરવાર શિરપર ફરતાં કોણ રક્ષક છે? ક્ષણિક વસ્તુઓનો ત્યાગ કરી શાશ્વત આનંદના માટે યત્ન કરવો એજ શ્રેષ્ઠ છે. સમજો, શરીર પણ નશ્વર છે. આયુષ્ય પણ વિજલી સમાન ચંચલ છે. ભોગો ભયંકર અને ક્ષણ ભંગુર છે. માટે સંસાર સિંધુને પાર ઉતરવા વીતરાગ દેવની કથન કરેલી રાજા મહા-રાજાઓએ આરાધેલી, પ્રવજ્યા એજ નૌકા છે. મેં તે સ્વીકારી છે. માટે તમો ખેદનો ત્યાગ કરો મોહને ઓછો કરો, અને હર્ષિત થઈ જીનેશ્વર દેવને ભજો. વગેરે વગેરે કહી સમજાવ્યા.

संश्रुत्य लब्धिविजयोदितसर्वमेतन्,
मोहं तदैव सकलं परिमुच्य सर्वे ।
नत्वा समस्तमुनिमण्डल मुच्च भक्त्या,
प्राजग्मुरात्मनिलयं मुदिताशयास्ते ॥ ४ ॥

**અર્થ:**—પૂજ્યપાદ શ્રી ગુરૂદેવ લબ્ધિવિજયજી મહારાજની ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રોક્ત રહસ્ય યુક્ત વાણીને સાંભળી મોહનો ત્યાગ કરી, સમસ્ત મુનિ-મંડલને ભક્તિથી વંદન કરીને સર્વે પોત પોતાના સ્થાને ગયા.

समात्तदीक्षो गुरुपादपद्मं,
जोजुष्यमाणो विनयाऽवनम्रः ।
सोऽधीत्य साधव्यसमस्तकर्म,
ग्रन्थांस्ततो व्याकरणं पपाठ ॥ ५ ॥
गुरोर्नियोगे सतताऽधिवासी,
प्राचीननव्यद्वितयं च तर्कं ।
काव्यानि कोशानपि पिङ्गलाऽऽपि,
ग्रन्थान् समध्यैष्ट विलासबुद्धिः ॥ ६ ॥
वाणाऽब्धिजैनागमसूत्रकाव्या—
लंङ्कारचम्पू प्रभृतीनधीत्य !
पातञ्जले ज्योतिषि कापिलाऽऽदा–
वयं बभूवान् भुवि चाऽद्वितीयः ॥ ७ ॥

ટુક ભાવાર્થ–દીક્ષા લઈ વિનયથી નમ્ર બની ગુરૂ મહારાજના ચરણની સેવા કરતા સાધુ ક્રિયાનો અભ્યાસ કરી, પ્રકરણ ગ્રન્થોનું મનન કરી, વ્યાકરણ, કાવ્ય કોષ, આદિ ગ્રન્થોનું અધ્યયન કર્યું. પ્રાચીન નવ્ય ન્યાયનું પરિશીલન પણ સારી રીતે કર્યું. પીંગલ, અલંકાર ચમ્પુ પાતંજલ જ્યોતિષ, અને કાપિલ ગ્રંન્થોના મનન પછી જૈન સિદ્ધાંતોનું સારી રીતે અવગાહન કરી જગતમાં અદ્વિતીય વિદ્વાન થયા. (આ રીતે પઠન પાઠન પૂર્વક ગુરૂ દેવની સેવામાં તેમની આજ્ઞાથી અમુક વર્ષ પંજાબમાં કરેલા વિહાર સિવાય સંપૂર્ણ જીંદગી સમર્પણ કરી હતી. બલિહારી હો ! જય હો ! પૂજ્ય ગુરૂદેવના યાવત્- જીવ ગુરૂકુલ વાસની બલિહારી હો !)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


# પ્રકરણ ૫ મું.

## મહાત્માશ્રીનો ઉપકારાર્થે વિહાર.

મહાત્માઓ અનેકના ઉપકારોમાટે પૃથ્વીપર વિચરે છે. મહાત્માની સમસ્ત કરણી સ્વાત્મ કલ્યાણ સાધવાની સાથે પરોપકાર પરાયણ હોય છે. ક્ષણમાત્રનો સંગમ પણ પ્રમાદીઓને સચેતન બનાવે છે. અધર્મીઓને ધર્મમય બનાવે છે. કુમાર્ગ ગામીઓને સન્માર્ગમાં યોજે છે. અને દેશોદેશ ફરી અનેક શહેરોમાં, ગામોમાં, પ્રભુ વીતરાગ દેવની આજ્ઞાના સાચા સંદેશા સમર્પે છે. ખરેખર દુનિયામાં મહાત્માઓ ન હોય તો ધર્મ કોણ દર્શાવે ? વિના ધર્મે બિચારા વિષય ભઠ્ઠીમાં જલતા વિષયાન્ધોની શું દશા થાય ? ખરેખર સન્માર્ગ સંદર્શક વાસ્તવિક નિસ્પૃહ અને નિઃસ્વાર્થ નિર્ગન્થોજ હોય છે. ઉપરની ઉષ્ણતાથી તપેલાઓ ચંદનનો લેપ કરી શાન્ત થાય છે પરંતુ અંતરનો દાહ તેનાથી શાન્ત થતો નથી. મહાત્માઓ ચંદન અને ચંદ્ર કરતાં વિશેષ ઉપકારક છે, કારણ કે આન્તરિક કર્મજન્યદાહને વચનામૃતથી અને સૌમ્ય દર્શનથી શાન્ત કરે છે. જે દેશમાં મહાત્માઓનો પરિચય નથી હોતો તે દેશના રાજાઓ અને તેની પ્રજા ધર્મ હીન હોય છે. ચરિત્રનાયક બોરૂથી વિહાર કરી ભવ્ય સત્કારની સાથે વડનગરમાં પધાર્યા. ત્યાં કર્મ રોગને નાશ કરવામાં ઔષધ સમાન ધર્મોપદેશ દ્વારાએ અનેક જનોને આકર્ષ્યા. અનેક પ્રકારની ધર્મ પ્રતિજ્ઞાઓ આપી વડનગરની જૈન જૈનેતર જનતા પર અતુલ્ય ઉપકાર કર્યો. અત્રેથી સશિષ્ય પરિવાર અનેક પ્રકારની ઉપકાર કોટીને કરતાં, અનેક ભવ્યાત્માઓને પાપપંકથી ઉદ્ધરતા ગ્રામાનુગ્રામ વિહાર કરી પવિત્ર તમ શ્રી તારંગાજી તીર્થમાં પધાર્યા. ત્યાં કુમારપાલ ભૂપાલે બનાવેલુ અત્યુર્ધ્વ નભોલિહ જિન પ્રાસાદમાં બિરાજમાન શ્રી અજીતનાથ ભગવાનનાં દર્શન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજના અનન્ય પટ્ટાલંકાર—



સદ્ધર્મરક્ષક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજા સપરિવાર.

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

કર્યા, અને ભાવમય સુસ્તોત્રોથી સ્તવના કરી અપૂર્વાનંદ પ્રાપ્ત કર્યો. આત્માને નિર્મળ બનાવી, માનવ જન્મની સાર્થકતા કરી ત્યાંથી વિહાર કરી પરમોપકારી ચરિત્ર વિભુ અનેક શ્રાવકોના અત્યાગ્રહથી ઉંઝા પ્રત્તિ પ્રયાણ કરવાની ભાવના થઈ.

## છેદોપસ્થાપનીય ચારિત્રનું પ્રદાન

શાસન ધુરંધર આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વર મહારાજા આવતી કાલે ઉંઝામાં પ્રવેશ કરવાના છે તેવા સમાચાર જાણી આખા ગામમાં હર્ષ ઉભરાયો, આબાલ વૃદ્ધ સર્વે આનંદિત બન્યા. ધ્વજા, વાવટા, તોરણોથી બજારો શણગારવામાં આવ્યાં. કેટલેક દૂર લોકો સામે ગયા. ગુરૂ દર્શન માટે ક્રમે ક્રમે માનવ મેદનીનો મહાસાગર ઉભરાયો. ગીત નૃત્ય વાદિત્ર આદિ ભવ્ય સામગ્રીથી ઉંઝા નિવાસીઓએ પોતાના નગરમાં ગુરૂદેવની પધરામણી કરાવી. સૂરીશ્વરજીએ પાટપર બિરાજી મનોહર દેશનાનો અનુપમ લાભ શ્રી સંઘને અર્પણ કર્યો. મહારાજશ્રીના દર્શન માટે અને વચનામૃતનું પાન કરવાની ઈચ્છાથી અનેક સુસાધુઓ તેમજ અનેક ગામના અગ્રગણ્ય સુશ્રાવકો આવ્યા હતા. લગભગ ઉંઝામાં મહારાજશ્રીની શીતલ છાયામાં ઉપાધ્યાયજી શ્રીમાન્ વીરવિજયજી મહારાજ તથા પ્રવર્તક શ્રીમાન્ કાન્તિવિજયજી મહારાજ અને શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ આદિ સપરિવાર બત્રીશ સાધુઓ બિરાજમાન હતા. અદ્યાપિ ઊંઝામાં વૃદ્ધ શ્રાવકો મુક્ત કંઠે કહે છે કે તે સમયે મહારાજશ્રીની દેશના અને સર્વ સમુદાયનું પવિત્ર દર્શન અનેરૂં નવ ચૈતન્ય પ્રગટાવી રહ્યું હતું. એ અપૂર્વ પ્રસંગની યાદગિરિ માટે ઊંઝામાં રહેલ સાધુ બત્રીશીની પ્રતિકૃતિ પ્રખ્યાત છે. વિ. સં. ૧૯૫૯ ની વસંતપંચમી ( મહા શુદ ૫ ) ના શુભ દિવસે આચાર્યદેવના પવિત્ર હસ્તે સ્વશિષ્ય શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ આદિ ૧૧. મુનિરાજોને શિવમાર્ગ દર્શાવવામાં જ્યોતિ સ્વરૂપ એવા છેદો પસ્થાપનીય ચારિત્ર ( વડી દીક્ષા ) નું પ્રદાન કરવામાં આવ્યું હતું. તે સમયે આચાર્ય શ્રીમાન્ વિજય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કમલ સૂરીશ્વરજી મહારાજે સૈદ્ધાંન્તિક અનેક દ્દષ્ટાંત યુકત ગંભીર નાદે હજારોની મેદનીમાં ધર્મ દેશના આપી. ત્રિવિધ તાપથી તપેલા ભવ્ય જંતુઓને સંતુષ્ટ કર્યા.

## દયા ધર્મ પ્રચાર—

આ. શ્રીમદ્ વિજય કમલ સૂરીશ્વરજી મહારાજ ધર્મદેશના દ્વારા ધર્મઘોધ વરસાવતા, ભવ્ય મયૂરોને નૃત્ય કરાવતા ગજગતિએ ગમન કરતા જગત્ પૂજ્ય સૂરિરાજ ઇડર શહેર પ્રતિ પધાર્યા. વિ. સં. ૧૯૫૯ નું ચાતુર્માસ ઇડરમાં કર્યું. જીવદયા પ્રતિપાલનનો તથા બારવ્રતાદિ પચ્ચખ્ખાણ ના ઠીક ઠીક લાભો અને સુધારા થયા. અખિલ જૈન જૈનેતર જનતામાં આચાર્ય દેવના ઉપર ધર્મરાગ જાગૃત થયો હતો. મહારાજશ્રીનું વચન કોઇપણ ઉત્થાપતું નહિ. જેને જે જે આદેશ કરતા તે તે બધા સહર્ષ વધાવી લેતા. અર્થાત્ ગુરૂમહારાજની ધર્મ આજ્ઞાનો કોઇ પણ ભંગ કરતું નહિ. તેઓશ્રીનો આદેય નામકર્મનો અપૂર્વ પ્રભાવ હતો. ઇડરની કેટલીક હિંસાળુ પ્રજાને પણ ઘણોજ અસરકારક હૃદયંગમ ઉપદેશ આપી જીવહિંસા બંધ કરાવી હતી. પર્યુષણના દિવસોમાં અને બીજા કેટલાક ધર્મના દિવસોમાં કોઇ પણ જીવની કોઇ હત્યા ન કરે તેવો બંદોબસ્ત કરાવ્યો હતો.

ધર્મગુરૂઓના સંગમાં ધર્મનો રંગ ન લાગે ત્યારે કયાં લાગે ? ગંગાજી ગયા અને તૃષાતુર રહે પછી તૃષા છીપાય કયાં ? દીલ્હી ગયા પછી કંગાલ રહેતો નિહાલ કયાં થાય ? આચાર્ય દેવેશની સંગતથી અનેકોને ધર્મ પાલનની ધગશ જાગૃત થઇ. અને ધર્મરંગતમાં અનેરો આનંદ આવવા લાગ્યો. ગુરૂદેવ જૈનેતરમતાવલંબીઓના ગ્રંથોનું પણ એવું ઉંડું જ્ઞાન ધરાવતા હતા કે જૈનેતરો તેઓના સમાગમમાં આવતાં, તો તેઓને તેઓના શાસ્ત્રથી સમજાવતા, એટલે અસર થતાં વિલંબ થતો નહિ. પ્રભાવસંપન્ન આચાર્યદેવેશે ઇડરમાં ઉપદેશદ્વારાએ અનેક સ્તુત્ય ધર્મકાર્યો કરાવી ત્યાંથી વિહાર કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## નરેશોને ઉપદેશ

આગમપારદશ્વા સૂરિપુંગવ અનેક જીવોને બોધીબીજ સમર્પણ કરતાં ગ્રામાનુ ગ્રામ વિહાર કરી ભવ્ય જીવોને ઉપકાર કરતાં ગુજરાતમાં દેવાણુ ગામમાં પધાર્યા. ત્યાં તત્રની જનતાએ ભવ્ય સત્કારની સાથે શાસન પ્રભાવના સારી કરી હતી. ત્યાંના ઠાકોર મહારાજશ્રી પોતાના ગામમાં પધાર્યાના સમાચાર સાંભળી, દર્શનોત્સુક બન્યા. અને શાન્ત મુદ્રાભિરામ આચાર્યવર્યના દર્શનાર્થે આવ્યા.

જેઓના દર્શન કરી વિચારવા લાગ્યા કે અમો શરીરને બલવાન રાખવા અનેક પ્રકારના પ્રયત્નો કરીએ છીએ, તેમજ અભક્ષ્ય પદાર્થોનું પણ ભક્ષણ કરીએ છીએ છતાં પણ આ મહાત્માના જેવું તેજ અને શક્તિ પામી શક્તા નથી. ખરેખર ધર્મના પ્રભાવથીજ આ તેજ અને શક્તિ છે. નમન કરી યોગ્ય સ્થળે બેસતાં **ધર્મલાભ** ના વચનને ગુરૂદેવના મુખારવિંન્દથી સાંભળી સંતુષ્ટ થયા. મહાત્મા પુરૂષોનું કર્તવ્ય છે કે પોતાના સમાગમમાં આવેલાને જરૂર કાંઇક ધર્મનો લાભ આપવો જોઇએ એમ ધારી શાન્તિના ધામ ગુરૂદેવે ગંભીર નાદે સદુપદેશ સંભળાવ્યો. કે, હે ભાગ્યશાળી ભગવાનની બંદગી અલ્પ જીંદગીમાં કરી લેવી. એ માનવજીવનની સાર્થક્તા છે. શાણા માણસો દુર્લભ એવા મળેલા માનવ ભવને પામી અલ્પ સમયમાં પણ પોતાનું કાર્ય સાધી સારી કમાણી કરીલે છે. ધર્મનો સાર એજ છે કે " **परोपकारः पुण्याय पापाय पर पीडनं** " બીજાઓનું ભલું કરવું એ પુણ્યને માટે થાય છે, અને બીજાઓને પીડા કરવી એ પાપને માટે થાય છે. કોઇ પણ જીવની દુર્દશા જોઇ આપણા હૃદયમાં દયાનાં ઝરણાં ઝરવાં જોઇએ. પણ બીજાનું બગાડવાની ભાવનાને સ્થાન ન મળવું જોઇએ ! બીજાનું બગાડવા જતાં આપણું પોતાનું બગાડીએ છીએ એ ભૂલવા જેવું નથી. એક હિન્દી કવિ કહે છે કે, **बंदे बंदगी ना भूल, बंदे बंदगी ना भूल; जो कोई बोवे तुजको कांटा, तुं बो उसको फुल, तुजको फूलके फूल होंगे, उसको बबूलके बबूल बंदे बंदगी ना भूल.** હે ભાઇ બંદગી ભૂલવા જેવી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજા કોઇ પણ જીવનું બુરૂં ન કરવું. બીજાનું બગાડવાની ઇચ્છાથી આપણા આત્માને લાભ થતો નથી. પણ બહુજ હાની થાય છે અને ચોતરફ દુઃખના ડુંગરોજ ગબડે છે. કોઇ પણ વ્યકિત આપણું બગાડવા તૈયાર થાય તોપણ તેનું ભલું ઇચ્છવું એ ઉત્તમોનું લક્ષણ છે. કોઈ શત્રુ બાવળના કાંટા બીછાવે તો તેને માટે આપણે બદલામાં પુષ્પ બીછાવવાં. ફુલ બીછાવનારને ફુલ મળે છે અને કંટક બીછાવનારને કુદરતના કોપે કાંટાજ ભોંકાય છે. તો શત્રુનું પણ ભલું કરવું એ ઉદાર ભાવના હરદમ હૃદયમાં રાખવી. નિરપરાધી પ્રાણીને તો મરાયજ કેમ? સર્વેને દુનીયામાં જીવવાની અભિલાષા સમાનજ હોય છે. રાજાથી રંક સુધી અને હાથીથી કીડી સુધીના સમસ્ત પ્રાણીઓ જીવવાની ઈચ્છા રાખે છે. પણ મરવાને કોઇ ઇચ્છિતું નથી. રાજાઓને બંગલાનો મોહ હોય છે. તેવોજ ગરીબોને ઝુંપડાઓનો મોહ હોય છે. હાથીઓને વિશાલ શરીરનો મોહ હોય છે તેવોજ કીડીઓને પણ નાજુક શરીરનો મોહ હોય છે. શરીર છોડીને જવું એ સર્વેને દુઃખ દાયકજ લાગે છે. સર્વ ધર્મોનો સાર ગણીએ તો અહિંસા પરમો ધર્મ છે. એટલે કોઇ પણ જીવને આપણી વૃત્તિઓને પોષવા ખાતર હણવા હણાવવા નહિ અને દયા પ્રતિપાલક બનવું. કેટલાકો કહે છે કે રાજ્ય ધર્મમાં માંસ ખાધા સિવાય અને મદિરાપાન કર્યા સિવાય ચાલે નહિ એ વાત શાસ્ત્રથી અને નીતિની રીતિથી પણ બીલકુલ અસત્ય ઠરે છે. અન્નાહારિઓ પણ બહુજ બલવાન રાજાઓ થઈ ગયા છે. પ્રાચીન કાળમાં જીવદયા પ્રતિપાલક નૃપ પ્રવરો મોટા રાજ્યોને પણ ચલાવતા થકા માંસાહાર ન્હોતા કરતા, રાજા થયા પછી માંસાહાર હોય તોજ રાજ સત્તા ચલાવી શકાય એ માન્યતા કેવળ અજ્ઞાનતાથી જન્મ પામે છે. ચાહે તેવી દશામાં પણ જીવોના ઉપકારને અને અહિંસા પરમો ધર્મના સૂત્રને ભૂલતા નથી તેજ ખરેખર રાજાઓ ગણી શકાય છે. વકીલ વૈદ્ય અને વિશાંપતિ. ( રાજા ) જો ધર્મ હીન હોય તો નરકાધિકારી ગણેલા છે માટે હે રાજન્ ! ધર્મ કરવામાં તત્પર થવું. ધર્મ એજ સંસારમાં સત્ય અવલંબન છે. આવા નિખાલસ હૃદયના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્પષ્ટ ભાષી ધર્મગુરૂનો સદુપદેશ સાંભળી નરેશના હૃદયમાં ઉંડી અસર થઇ એ અસરના ફલ રૂપ પોતાના રાજ્યમાં આખાય શ્રાવણ માસમાં કોઈ પણ જીવનો વધ નહી થાય, એવો ગુરૂદેવની સાક્ષીમાં પ્રતિબંધ કર્યો. સૂરીશ્વરજીની એકજ દેશનાએ હજારો જીવોને અભયદાન આપ્યું. જ્યાં સુધી સૂરીશ્વરજી મહારાજનો દેવાણ ગામમાં નિવાસ થયો ત્યાં સુધી ત્યાંના ઠાકોર પ્રતિદીન સૂરીશ્વરજીના પવિત્ર દર્શન માટે અને ઉપદેશ શ્રવણાર્થે આવતા હતા. અત્રેથી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં સૂરીશ્વરજી સસત્કાર મોગર ગામમાં પધાર્યા. ત્યાં પણ ત્યાંની જનતાને તથા ત્યાંના ઠાકોરને ધર્મનો પ્રતિબોધ કર્યો, અને તે પ્રતિબોધના પ્રતાપે ત્યાંનાં ઠાકોરે પણ પોતાની હદના ગામોમાં કોઈ પણ જીવહત્યા ન થાય એવું સ્વરાજ્યમાં ફરમાન જાહેર કર્યું. અત્રેથી વિહાર કરી પૃથ્વીતળને પાવન કરતાં, ઉપદેશામૃતથી અને અનેક જાતની ધર્મ ચર્ચાઓથી હજારો જૈન જૈનેતરોને સંતોષતા સ્વશિષ્યો અને પ્રશિષ્યોને જ્ઞાનાભ્યાસમાં પ્રેરણા કરતાં ગજ ગતિ ચારિત્ર ચૂડામણી વડોદરા શહેરના વૃદ્ધ અને આગેવાન ગૃહસ્થોની અતિ વિજ્ઞપ્તિ થતાં ત્યાં પધાર્યા. પ્રવેશાવસરે ત્યાંના શ્રાવકોએ હસ્તી રાજ્યકીય રસાલો નીશાન ડંકા તથા ધ્વજા તોરણો આદિ દ્વારાએ ખૂબ શાસન પ્રભાવના કરી હતી. ભવ્ય સત્કારથી સત્કારિત થયેલ સૂરીશ્વરે સૈદ્ધાન્તિક યુકિતથી રસમય અને હૃદય સ્પર્શી ધર્મ પ્રતિબોધ શરૂ કર્યો. વર્ષાઋતુ નજીક આવવાથી અને વ્યાખ્યાનોના અપૂર્વ રસથી ત્યાંની જનતાએ ચાતુર્માસની વિજ્ઞપ્તિ કરી. તેથી લાભાનુલાભ જોઇ વિ. સં. ૧૯૬૦ નું ચાતુર્માસ ત્યાં રહ્યા.

**સુકૃત્યો.**

આ વડોદરાના ચાતુર્માસમાં અનેક સ્તુત્ય ધર્મના કાર્યો થયા હતા. મંદિરોમાં મહોત્સવો અનેક પ્રભાવનાઓ અને અટ્ઠાઇ આદિ તપશ્ચર્યાઓ તેમજ હજારો મનુષ્યની જબરદસ્ત મેદની રૂપ આદર્શ જૈન * કોન્ફરન્સ

* તે વખતની કોન્ફરન્સ અત્યારની જૈન કોન્ફરન્સ જેવી અધર્મ પોષક ન્હોતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભરવામાં આવી જેમાં પૂજ્ય આચાર્ય દેવની અતિ મનોહર દેશનાએ હજારોના અંતઃકરણમાં ઉંડી છાપ પાડી હતી. અભક્ષ્ય ભક્ષણ વિષે ખુબ જોર શોરથી વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું, જેથી હજારોએ અભક્ષ્યાદિનો ત્યાગ કર્યો હતો. તે અવસર પર બાલ ગંગાધર તિલક મહાશયે પણ જૈન ધર્મની દયાનું વર્ણન કરતાં કહ્યું હતું કે દુનીયામાં દયાની ઉંડી છાપ પાડનાર જો કોઈ હોય તો જૈન ધર્મ જ છે. વૈદિક ધર્મપર જૈન ધર્મે દયાની લાગણીની ઉંડી છાપ નાખી છે. ઘોર હિંસાઓના હત્યાકાન્ડો જૈન ધર્મેજ અટકાવ્યા છે. આ વિષયમાં ઘણુંજ મનનીય ભાષણ આપ્યું હતું, જે અનેક આવૃતિમાં છપાઇ ચુકયું છે.

આચાર્ય દેવના વ્યાખ્યાનોની પ્રશંસા આખાય શહેરમાં વ્યાપ્ત થઇ. ત્યાંના વિદ્યાપ્રિય નરેશ્વર ગાયકવાડ સરકારે મહારાજશ્રીની ધર્મદેશના સાંભળવા તથા દર્શનાર્થે આમંત્રણ મોકલ્યું જેથી પ્રૌઢ પ્રતાપી સત્વશાલી આચાર્ય દેવેશ તેઓના આમંત્રણને સ્વીકારી સશિષ્ય આગેવાન શ્રાવકોની સાથે ત્યાં રાજ મહેલમાં પધાર્યા, એ ખબર મળતાં તેઓની પાસે આવી નમન કરી યોગ્યાસને બેઠા. નિસ્સીમ સૌંદર્ય અને બ્રહ્મતેજ આચાર્ય-દેવેશના મુખારવિન્દ ઉપર જલહલી રહ્યું હતું તે જોઇ ગાયકવાડ સરકારે અતિ પ્રસન્ન થઇ ધર્મોપદેશ શ્રવણ કરવા આતુરતા બતાવી.

## ગાયકવાડ સરકારને ઉપદેશ.

મધુરનાદે ગુરૂદેવે દયામય શાસ્ત્રોના પ્રમાણથી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો કે—

**अहिंसा सत्यमस्तेय त्यागो मैथुनवर्जनं ।**
**पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ॥**

જગતમાં સર્વ જીવોને કેવલ સુખની કામના હોય છે કોઈપણ દુઃખની અભિલાષા ધરાવતો નથી. પણ અનિષ્ટ આપત્તિના વાદળો માનવોને ચારે બાજુથી ઘેરી લે છે, એનું કારણ એજ છે કે પાપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતાં પાછા હઠતા નથી. અને ધર્મ કરતાં કંટાળે છે. જગતના સર્વ શાસ્ત્રોમાં તત્વથી વિચાર કરતાં એજ માલમ પડે છે કે **दुःखं पापात् सुखं धर्मात्**. અર્થાત્ કે પાપ કરવાથી દુઃખ મલે છે, અને ધર્મ કરવાથી ઇચ્છિત સુખોની પ્રાપ્તિ થાય છે. જેણે સુખોની કામના હોય, તેઓએ ધર્મ કરવાની અત્યંત આવશ્યક્તા છે. અને ધર્મ એજ કહેવાય છે કે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને કોઇપણ વસ્તુમાં મૂર્છાનો અભાવ એ પાંચ નિયમો જેમાં ઓતપ્રોત હોય તેજ ધર્મ છે. પરજીવોનો નાશ કરવાથી આપણો પણ નાશ થાય છે. આપણા શરીરમાં એક કાંટો ભોંકાય છે. તો કરૂણ અવાજે બૂમેબૂમ પડાવે છે. તો બીજાના શરીરમાં ભાલો ભોંકવો, અને તેને પ્રાણમુક્ત કરવો તે શું આપણો ન્યાય છે? દરેક ધર્મોનું મૂલ અહિંસા પ્રતિપાલન છે ચાહે મહાબલવાન્ હોય કે વૈભવ સંપન્ન હોય તોપણ હિંસા કરનારને લાંબા સમય સુધી પરભવમાં અસહ્ય નારકીનાં દુઃખો તેમજ આભવમાં પણ કોઇવાર શરીરની પીડાઓ અશરણપણે સહવી પડે છે, જેમાં સ્વાદ ક્ષણિક હોય, અને દુઃખ ચિરકાળ હોય તેનું ભક્ષણ કયો વિચક્ષણ કરે? મધુથી લેપાયલી તરવાર ચાટતાં ક્ષણિક આનંદ આવે છે. પરંતુ પરિણામે જીહવા કપાય છે, અને ભયંકર વેદના સહન કરવી પડે છે. જીવ કર્મો કરતાં હર્ષિત થાય છે પણ તેના કટૂક પરિણામોના ઉદયને ચીસો પાડતા પણ ભોગવ્યા વગર છુટકો નથી. દુનિયામાં પુણ્ય અને પાપ ખરેખર સુખ અને દુઃખની પેઢીઓ છે. જો પુણ્ય અને પાપ જેવી વસ્તુ ન હોય. તેમજ આત્મા અને પરભવ જેવી વસ્તુ ન હોય તો એક સુખી અને એક દુઃખી એક રાજા અને એક કંગાલ. એક ઘોડેસ્વાર બીજો ગર્ધેસ્વાર એકને મહેલાતો અને બીજાને ઝુંપડુ પણ નહિ.

આ બધી લીલા સંભવેજ નહિ માટે નિર્ણય થાય છે કે, આત્મા પરભવ, પુણ્ય, પાપ, વિદ્યમાન છે. પૂર્વના પૂણ્યથી રાજા થવાય છે. અને રાજાપણું પામ્યા પછી પુણ્યના કાર્યો વીસરી જવાય તો શું દશા થાય? એક કોઇ વ્યક્તિ સ્વગામથી પરગામ જાય, ત્યારે સાથે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાથેય (ભાતુ.) લઈ જાય છે, અને ત્યાં પણ તૃપ્ત થાય છે અને ત્યાંથી પાછા વળતાં ભાતુ ન લઇ જાય તો માર્ગમાં ભુખનું દુઃખ સહેવું પડે, અને સાધન સર્વથા ન મળે તો મરવું પણ પડે તેવી રીતે પૂર્વભવથી પુણ્ય કરીને અહીંઆ બધી અનુકુલતાઓ પામ્યા, અને આભવમાં પુણ્ય કે પાપ જેવી વસ્તુઓને ઓળખી પણ ન શકે તો પરભવમાં દુર્દશા સિવાય બીજું શું થાય? **आत्मवत् सर्वभूतेषु यः पश्यति सपश्यति** પોતાના આત્માના સમાન સર્વ જીવોને જે ગણે છે તેજ ખરેખર વાસ્તવિકદષ્ટા ગણાય છે. એટલે નિરપરાધી જીવને મારવો નહિ. પ્રાણાંતે પણ અસત્ય વાણી બોલવી નહિ. પરવસ્તુને વિના આપે સ્વીકારવાની ઇચ્છા ન કરવી. તેમજ પરસ્ત્રીઓને મા બેન તુલ્ય સમજવી. ન્યાય, નીતિ, સરલતા, નિર્મોહપણું એ બધાય ગુણો માનવ જીવનને સાર્થક બનાવનાર છે.

**यो ददाति परं दुखं, ध्रुवं दुःखं स विन्दति ।**
**तस्मान् न कस्यचित् दुःखं, दातव्यं दुःखभीरुणा ॥**

દુઃખથી ડરવાવાલાઓએ બીજા પ્રાણીઓને દુઃખ નહિ આપવું, કારણ કે જે પરને દુઃખ આપે છે તે પોતે દુઃખને પામે છે. વળી અંહીઆં પ્રાપ્ત થયેલ સન્માન, વૈભવો, રાજ્યસંપત્ અને સુગુણપણું તથા વાક-પટુતાદિ બધુંય અચાનક કાલરાજાની વિકરાલ ફાલમાં ફસાતાં છોડવું પડે છે. આ પ્રમાણે જૈન જૈનતર શાસ્ત્રોના પુરાવાથી ગંભીર અવાજે લાંબા સમય સુધી પરમોપકારી ગુરૂદેવે ધર્મોપદેશ આપી નરેશના હૃદયમાં કોઇ અનેરી જાગૃતિ આણી હતી. ધર્મોપદેશ સમાપ્ત થયા બાદ આચાર્ય દેવેશનો ઉપકાર માન્યો હતો અને કહ્યું કે મને ઘણા મહાત્માઓનો પરિચય થયો છે પણ આપશ્રી જેવા નિસ્પૃહી, નીડર, અને સ્પષ્ટ ભાષી તેમજ સત્ય પથ પ્રદર્શક કોઇપણ મળ્યા નથી. કેટલાક યોગીઓ મને મળવા આવતા, અને મનેજ નમસ્કાર કરતા હતા, એટલે હું માનતો કે આવાઓના ધર્મોપદેશથી મને શું અસર થાય? પુનઃ આપશ્રીના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સચોટ ઉપદેશનો તેમજ પુનિત દર્શનનો લાભ આપશો અને મારા ઉપર ઉપકાર કરી જે અહીં પધાર્યા અને ઉપદેશ સંભળાવ્યો તે બદલ તસ્દી માફ કરશો. હું જેમ બનસે તેમ આપના ઉપદેશનું આચારણ કરવા પ્રેરાઈશ.

## માલવદેશ ગમન.

ચાતુર્માસ બાદ અત્રેથી વિહાર કરી. ગ્રામાનુગ્રામ ધર્મોપદેશ આપતા, ઉન્માર્ગીઓને સન્માર્ગમાં યોજતા, સસત્કાર ભરૂચ શહેરમાં પધાર્યા. અત્રે શ્રાવક જનતાએ મહારાજશ્રીની દેશનાનો અપૂર્વ લાભ લીધો હતો. અનેક જાતની જ્ઞાન ચર્ચાઓ કરી અપૂર્વ ધર્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ભૃગુકચ્છ ( ભરૂચ ) થી વિહાર કરી સ્વશિષ્યોને ધર્મનું ઉંડું જ્ઞાન આપતા, જૈન જૈનેતરોને ધર્મનો પ્રતિબોધ કરતા, ગુરૂદેવ માલવા દેશમાં પધાર્યા. પ્રથમ પોતે હાથી, ઘોડા, બેન્ડ આદિ સસત્કાર રતલામ શહેરમાં પ્રવેશ કર્યો. ખેડુતો વરસાદના આગમનથી જેમ હર્ષિત થાય તેમ અત્રેની પ્રજા ગુરૂદેવના ધર્મ બોધરૂપ મેઘથી હર્ષિત થઈ, અને એના ફલરૂપ અનેક જાતની ધર્મ પ્રતિજ્ઞાનો લાભ અત્રેની પ્રજાએ સારો લીધો. વિશેષ ખુશીની વાત એ છે કે અત્રેના આગેવાન શા ડુંગરશી લુણિયાએ નજીકમાં આવેલા માંડવગઢ તીર્થનો મહારાજશ્રીના ઉપદેશથી સંઘ કાઢયો હતો. તે અનઘ સંઘમાં પધારવા આચાર્યદેવને વિજ્ઞપ્તિ કરી. પૂજ્ય આચાર્ય દેવેશ પણ પાઠક પ્રવર શ્રીમદ્ વીરવિજયજી મહારાજ આદિ પરિવાર સહિત પધાર્યા હતા. નરસુરેશ સેવ્ય તીર્થાધિપને પ્રાપ્ત કરી, સહર્ષ વંદન તથા સ્તુતિ કરી. સ્તુતિથી જીહ્વા, ધ્યાન કરવાથી મન, પાદ વિહાર કરવાથી કાયા, અને દર્શનથી નયન આજે સાર્થક બન્યાં, એમ માનવા લાગ્યા. શ્રીમાન્ આચાર્ય દેવે માંડવગઢ નામના તીર્થમાં આવેલા યાત્રાળુ વર્ગને તીર્થ શા માટે છે, તીર્થોથી શું લાભ છે? તીર્થની સેવનાથી, તેમજ તીર્થોના સંઘ કાઢવાથી, આત્માની કેટલી નિર્મલતા થાય છે. વગેરે વિષયોપર યુક્તિ યુક્ત સદ્બોધ આપ્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિદ્વાન્ મુનિવર્યોથી પરિવરેલા આચાર્ય દેવ ભવ્ય સત્કારથી મહીદપુર પધાર્યા. અત્રેના શ્રાવક વર્ગના આગ્રહથી વિ. સં. ૧૯૬૧ નું ચાતુર્માસ ત્યાં કર્યું. અને ત્યાંના ભવ્ય મંદિરોમાં રહેલી જીન પ્રતિમાઓના દર્શન કરી પાવન થયા. અત્રે પણ ચાતુર્માસમાં મહારાજશ્રીના ઉપદેશથી અષ્ટાહ્નિક મહોત્સવો, અનેક જીવોને અભયદાન વિગેરે ઘણા સુકૃત્યો થયાં હતાં. બીજા પણ કેટલાક ધાર્મિક કાર્યોમાં લક્ષ્મીનો સદ્વ્યય કરી અત્રેની પ્રજાએ કૃતાર્થતા મેળવી હતી.

## સમેતશીખર પ્રયાણ.

મહીદપુરમાં જ્ઞાન ધ્યાનમય સૂરીશ્વરજી મહારાજ સ્વ સમય વ્યતીત કરી રહ્યા હતા. તે અરસામાં વડોદરાના કોઠારી જમનાદસ ભાઇ વિગેરે અગ્રગણ્ય શ્રાવકો મહારાજશ્રીને વંદનાર્થે આવ્યા હતા. તેઓએ મહારાજશ્રીના સદ્બોધથી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી છરી પાલન કરતો પરમતીર્થ સમેતશીખરજીનો સંઘ કાઢવા ઇચ્છા પ્રદર્શિત કરી. મહારાજશ્રીએ પણ ઇચ્છાને દઢ બનાવી. અને તેઓની તરફથી આગ્રહ થતાં પોતે પણ સમેતશિખરજીની યાત્રા કરવા જવાનું સંઘ સાથે સ્વીકાર્યું. કારણકે સમેત શિખર તીર્થની યાત્રા કરવાની સ્વહૃદયમાં ભાવના તો હતીજ. અને સંઘ સાથે એટલે વિશેષ અનુકુલતા જાણી પોતે ત્યાંથી વિહાર કર્યો. તીર્થ યાત્રા ચિરકાળના કર્મો રૂપી વૃક્ષોનો નાશ કરવામાં મહાન્ હસ્તી સમાન છે.

મુનિવરોનું તીર્થાટન એ તો વિશેષ લાભનું કારણ છે. કારણકે ગામોગામ અનેક પ્રાચીન બિંબોના દર્શન તેમજ માર્ગમાં આવતા ગામોમાં અનેક જનોને ધર્મોપકાર, જગતમાં તારક, અને આત્માને પવિત્ર બનાવનાર કોઇ પણ વસ્તુ હોય તો તીર્થજ છે. તીર્થંકર ભગવાનની જ્યાં મૂર્તિઓ હોય છે, અનેક અનેક મહાપુરૂષો જેનો આશ્રય લઈ સિદ્ધિ પદને વર્યા છે. એટલે ત્યાંની ભૂમિ અને ત્યાંના પરમાણુ પવિત્રતમ મનાય છે. સમેતશિખર દુનીયામાં જૈનોનું મહાન્તીર્થ મનાય છે. જ્યાં વીશ તીર્થંકર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવાનના નિર્વાણ કલ્યાણક થયા છે. તે તીર્થ પ્રતિ સહર્ષ સંઘ ગામો ગામ અનેકોને ઉપદેશદ્વારા માંસાહારનો, મદિરા પાનનો અને બીજી કેટલીક કુવૃત્તિઓના નિયમ પ્રદાન કરતા મહારાજશ્રી પ્રયાણ કરવા લાગ્યા. અનુક્રમે માર્ગમાં આવતા શ્રી મક્ષીજી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી કૃતકૃત્ય થયા. અનેક સ્તોત્રો દ્વારાએ સ્તવના કરી સંઘે પણ અનેક પ્રકારની જીનેશ્વર ભગવાનની ભક્તિ, પૂજા પ્રભાવના અને મહોત્સવ આદિ દ્વારા આત્માની ઉજ્વલતા મેળવી સંઘમાં વડોદરા શહેરના અનેક શ્રાવકો તથા શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં હતાં. જેઓ રસ્તામાં આવતા પ્રાચીન બધાય તીર્થોમાં ભક્તિ પૂર્વક પૂજા પ્રભાવના કરતા હતાં અને મુનિવર્યોની પણ ભક્તિમાં તલ્લીન રહેતા રસ્તામાં કાનપુર, કાશી, રાજગ્રહી આદિ મુખ્ય તીર્થોમાં અમુક દિવસ રોકાઇ પૃથ્વીતલ મંડનભૂત ગગનચુંબી જીન વિહારોમાં, બિરાજમાન જીનેશ્વર દેવોના દર્શન કરી આત્માની ઉજ્વલતા પ્રાપ્ત કરતા પ્રત્યેક સ્થળોમાં જાહેર ઉપદેશ દ્વારા જૈનધર્મના વ્યાખ્યાનો આપી શાસનની પ્રભાવના કરતા ધ્યેયરૂપ શ્રીસમેતશીખરજી તીર્થમાં પધાર્યા.

**યાત્રા સફલ.**

જે તીર્થમાં અનેક તીર્થંકરો તેમજ હજારો મુનિઓ પરમ પદને વર્યા હતા. જે ભૂમીના સ્પર્શ માત્રથી અનેક ભવોના કર્મોનો નાશ થાય છે. સર્વ પર્વતોમાં હું ઉંચો છું કારણ કે વીશ તીર્થંકરો મારો આશ્રય લઈ મુક્તિરમણીને વર્યા છે. એટલે જાણે વીશ ભૂજાઓજ સહર્ષ નૃત્ય કરતાં ઉંચી ન કરી હોય એવી જીનેશ્વર દેવની પાદુકાઓથી શોભિત વીશ દેરીઓ જ્યાં છે. એવા મહત્તમ તીર્થની તલાટીમાં આવતાં જગત્પૂજ્ય ગુરૂદેવ હર્ષિત થયા. ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતાં કોણ આનંદિત ન થાય? જાણે પુણ્યનો જ ઢગલો ન હોય? એવા ગિરીરાજ પર સદ્‌ભાવના યુકત અનેક મુનિવરોની સાથે ચઢયા, તીર્થ ઉપર ચૈત્યોમાં બિરાજમાન કર્મ સમૂહની વિઘ્ન પરંપરાને છેદનાર, ભવ ભ્રમણનો નાશ કરનાર જીનેશ્વર દેવોને નમસ્કાર કર્યો અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિવિધ સ્તોત્રોથી લાંબા સમય સુધી સ્તવનાઓ કરી કર્મજાલનો નાશ કર્યો. સંઘમાં આવેલા યાત્રાળુવર્ગે પણ વિવિધ પ્રકારની પૂજાઓ પ્રભાવનાઓ વગેરે દ્વારા જીનેશ્વર દેવની આરાધના કરી. મલયાચળમાં આવ્યા પછી ગરમીના દાહવાળો કોણ પાછો વળવા ઇચ્છે ? અર્થાત્ બધાયની એજ ભાવના થતી કે હંમેશા અહીંઆ રહી જીનેશ્વર ભગવાનોની ભક્તિનું અને દર્શનોનું સદ્ભાગ્ય જાગે તો કેવું સારૂં ? તીર્થ એટલે શું ? તીર્થથી થતા લાભો, તીર્થના સંઘ કાઢવાથી થતું પુણ્ય, આ તીર્થનો સંઘ કાઢી કયારે કોણે કોણે યાત્રાઓ કરી, કોણે ઉદ્ધાર કરાવ્યો, ઇંદ્ર, ચંદ્ર, મુનીંદ્ર તથા અનેક નર નરેશો પણ આ તીર્થનો અપૂર્વ મહિમા ગાતા હતા, અને ધર્મનો ઉદ્યોત કરતા હતા. વીગેરે લંબાણથી તીર્થના સુગુણ ગાઈ જીવ્હાને પાવન કરી શ્રોતૃવૃન્દ પણ તે ઉપદેશ સાંભળી તીર્થરાજની ભક્તિમાં વિશેષ પ્રકારે પ્રેરાયો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૬ ઠું.

## બંગાલમાં ઉપકાર.

જગતનું રક્ષણ કરવામાં તત્પર સૂરિશિરતાજે તીર્થરાજની સહર્ષ યાત્રા કરી, બંગાલદેશમાં અનેક સ્થળોએ જાહેર ભાષણો આપી, હજારો બંગાલીઓને માંસાહારનો ત્યાગ કરાવ્યો, અને જૈન ધર્મનો ઉદ્યોત કર્યો. અનેક તીર્થોની યાત્રાઓ કરી અનુક્રમે તેઓશ્રી અજીમગંજ શહેરના આગેવાન શ્રાવકોની આગ્રહ ભરી વિજ્ઞપ્તિને માન આપી, નિસ્પૃહ ચૂડામણી ભવ્ય સત્કારની સાથે ત્યાં પધાર્યા. અત્રે અત્યંત વિજ્ઞપ્તિ થતા, વિ. સં. ૧૯૬૨ ની સાલના ચાતુર્માસનો અત્રેજ નિર્ણય થયો. મેઘમાલાની જેમ અત્રે શ્રોતૃવૃન્દ ઉપર ધર્મધારા વર્ષવા લાગી. અનેક પાપના તટો ત્રુટવા લાગ્યા. ગગનમાં ગાજતો મેઘનાથ પૃથ્વીતલને ભિંજાવતો હતો. મેઘની ગર્જના, અને ગુરૂની ગર્જના, પરસ્પર પ્રતિસ્પર્ધા કરવા લાગીઃ—

**મેઘગર્જના**—કહેવા લાગી કે હું સર્વથી ઉંચે રહું છું અને તપ્ત પૃથ્વીને ભિંજાવું છું.

**ગુરૂપદેશ ગર્જના**—બોલી ઉઠી કે ભલે તું જગતના ઉપરના દાહને શાન્ત કરે છે. પણ હું તો અંતર આત્માને ભિંજાવી અંતરના દાહો શાન્ત કરૂં છું. વળી તું તો ચાતુર્માસમાંજ અને અમુક સમયે આવે અને ગાજે, અને અમુક સમયે તારૂં દર્શન પણ દુર્લભ હોય છે. હું તો સત્તાવીશ નક્ષત્રોમાં, બે અયનમાં, તેમજ છ ઋતુમાં અને ત્રણસોને સાઠ દિવસ ગાજું છું, અને અનેક પ્રકારના ઉપકારો કરૂં છું. જગતના જીવોને આ ભવ તથા પરભવની ખેતી કરાવી ફલોનું ભાતુ આપું છું. તું મર્યાદા બહાર ગાજે છે અને વર્ષે છે. હજારો શહેર, હજારો ગામ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને લાખ્ખો માનવોને હતા ન હતા કરે છે. હું ભલે મર્યાદા મૂકીને ગાજું તથા વર્ષું તોય ભવ સમુદ્રમાં તણાતા જીવોનું રક્ષણ કરી નવ ચૈતન્ય પ્રગટાવું છું. તું ઉંચી રહે છે. એટલે મને હઠાવવાની હામ ભીડતી હશે? તું જેટલી ઉંચી છે તેટલું જ તારે અપમાન, પ્રચંડ પવનની લાતો દ્વારા ખમવું પડે છે. અને લખોટાની જેમ આશ્રિત મેઘોની સાથે દિશા વિદિશામાં ગબડવું પડે છે. અમારા આશ્રિત ગુરૂ મેઘને તો પવનના સ્વામીઓ નમે છે, અને અમોને સાંભળવા આતુર હોય છે. તું નેત્ર રૂપી વીજળીથી ઉન્મત્ત બની હશે પણ યાદ રાખજે કે તારૂં નેત્ર ચપલ છે. પણ અમારૂં તપતેજ બ્રહ્મતેજ અને જ્ઞાનતેજ રૂપ અજબ નેત્ર છે. વળી તું અવિશ્વસ્ત છે, કારણ કે ખૂબ ગાજે છે અને નિષ્ફલ જાય છે. પણ હું ગાજું ત્યારે પ્રથમજ વરસવાનો ઉપકાર કરૂં છું, અને અનેકોની હૃદય ભૂમિમાં પૂણ્ય વૃક્ષને ફલિત કરૂં છું. એટલે તું મારી તુલનામાં આવી શકે તેમ નથી. આ પ્રમાણે અજીમગંજના ચાતુર્માસમાં ગુરૂ ઉપદેશ ગર્જના અને મેઘગર્જનાને પરસ્પર સ્પર્ધા ચાલતી અર્થાત્ ધર્મોપદેશ અદ્‌ભૂત ચાલ્યો. અત્રેના જનોના હૃદયમાં સુભાવના જાગૃત કરી. ગુરૂ ઉપદેશ સાંભળવા જે સજ્જનો આવતા તે બધાઓને પ્રતિદિન કિંમતી વસ્તુઓની પ્રભાવના કરવામાં આવતી. એક દિવસ અત્રેના શ્રી ધનપતસિંહના પુત્ર બાબુ સાહેબના તરફથી સ્વર્ણમ્હોરો (ગીનીઓ) ની પ્રભાવના કરવામાં આવી હતી તેમાં ૧૫૦૦૦) હજાર રૂપૈયા લાગ્યા હતા. એ મહારાજસાહેબના ઉપદેશની અસર હતી. એક દિવસ તપશ્ચર્યાનો અને તપથી થતા લાભો ઉપર ગુરૂવર્યે ઉપદેશ ચલાવ્યો કે જે તપશ્ચર્યા કર્મ નિર્જરા કરવામાં અપૂર્વ સાધન છે. કોમલ શરીરવાળા રાજા મહારાજાઓ પણ આ અસાર સંસારનો ત્યાગ કરી સંયમ સ્વીકાર્યા બાદ કઠીન તપશ્ચર્યાઓ આચરતા હતા. ધન્નાજી, શાલીભદ્રજી મેઘકૂમાર, ગજસુકુમાર આદિ મહા પુરૂષોએ કે જેઓને તડકો ને ટાઢ શું છે એ પણ ખ્યાલમાં નહિ આવતું? એવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોમલ અને સુખમય અંગવાળાઓએ પણ વૈભારગિરી આદિની ઉંચી ટેકરી પર સખ્ત ગરમીમાં આત્માને નિર્મલ બનાવવા તપશ્ચર્યાઓ આદરી હતી, અને એ તપબળથી આત્મ ઉજ્જવલતા પ્રગટ કરી હતી. તીર્થંકર ભગવાનો પણ અનંત અને અપ્રતિપાતી નિર્વ્યાબાધ કેવલજ્ઞાન જ્યાં સુધી પ્રગટ નથી થતું ત્યાં સુધી ઉત્કૃષ્ટ તપોને આચરે છે. જેટલાઓ શિવરમણીને વર્યા તે તપનાજ પ્રભાવે ? તપથી ઇંદ્રિઓ કાબુમાં આવે છે, મન વચન કાયાના કૂવ્યાપારો અટકી જાય છે અને પાપ પ્રચારોનો રોધ થાય છે. અખુટ લબ્ધિઓ અને વચન સિદ્ધિઓ પણ તેથીજ મળે છે. આ લોકના અને પરલોકના તમામ સુખો સાંપડે છે. રોગમય કાયાઓ નિરોગ થઈ જાય છે. એવા જૈન શાસનમાં અનેક દષ્ટાંતો મોજુદ છે, અને શાસ્ત્રવિદો પણ ઉપદેશ કરે છે. શ્રી સનત્કુમાર, શ્રીપાલ મહારાજા આદિ મહાપુરૂષોએ સૌમ્યભાવે તપ કરી અસાધ્ય રોગોને નાબુદ કર્યા હતા. તપ સૌમ્યવૃત્તિથી તેમજ શાન્ત ભાવથી કરવામાં આવે તો આત્માને યથાર્થ લાભની પ્રાપ્તિ થાય છે. તપશ્ચર્યામાં ક્રોધ એ દાવાનળ જેવો છે. આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણોને જલાવનાર છે. તપના ફલોને નાશ કરે છે. ક્રોધ યુક્ત કરેલ તપથી કેવલ કાય કલેશજ થાય છે. ભલે થોડો પણ તપ કરવામાં આવે પણ હૃદયની શાન્ત વૃત્તિ પ્રતિકૂલ સંયોગોમાં પણ પૂર્ણ પ્રસન્નતા અપ્રમત્તપણું અને આવશ્યક ક્રિયાઓની આરાધના અટકવી ન જોઇએ. આ પ્રમાણે ગુરૂદેવની લંબાણથી યુક્તિ પ્રયુક્તિમય તપશ્ચર્યાની દેશના સાંભળી અત્રેના શ્રીમન્તોની સુકોમલાંગી સ્ત્રીઓએ અને બીજા કેટલાક સ્ત્રી પુરૂષોએ માસ ક્ષમણ, પક્ષ ક્ષપણ, અઠાઈ આદિ વિવિધ તપોની આરાધના કરી, આત્માને નિર્મલ બનાવ્યો હતો. તપશ્ચર્યા નિમિત્તે જિન મંદિરોમાં મહોત્સવો તથા સાધર્મિક વાત્સલ્યો, ગરીબોને દાન, તેમજ હજારો જીવોને અભયદાન વિગેરે અનેક શસ્ય ધર્મકાર્યો થયાં હતાં, હજારો રૂપીઆનો સત્કાર્યોમાં સદ્‌વ્યય કરી, અત્રેની જૈન જનતાએ ચંચલ લક્ષ્મીને ચિરસ્થાયી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બનાવી હતી. ચાતુર્માસ પૂર્ણ થતાં, આચાર્યદેવને અત્રે વિશેષ રોકવા વિનતી થઈ, પરંતુ પરમોપકારી મહારાજશ્રીએ બીજા સ્થળોમાં ઉપકાર કરવાની દૃષ્ટિએ ઈન્કાર કર્યો. ગુરૂદેવના ઉપદેશથી સદ્બોધિત થયેલ સુશ્રાવિકા રાણી મેનાકુમારીએ ચંપાપુરીનો સંઘ કાઢવા ઈચ્છા પ્રદર્શિત કરી, અને મહારાજશ્રીને પધારવા આગ્રહ કર્યો, તેથી સસંઘ આચાર્યદેવેશ, ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજ તથા શિષ્ય સમુદાયને સાથે લઈ અત્રેથી વિહાર કરી, ભવ્ય સત્કારથી ચંપાપુરીમાં પધાર્યા, અને જિનમંદિરોમાં બીરાજમાન જિન પ્રતિમાઓની સ્તવના કરી, હર્ષિત થયા. સાથે આવેલા શ્રાવક સંઘે પણ ત્યાં જિનેશ્વર ભગવાનની પૂજા પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય વિગેરે કરી માનવ જીવન સાર્થક કર્યું. સૂરિશિરતાજ ચંપાનગરીમાં જિનેશ્વર ભગવાનની યાત્રા કરી, રસ્તામાં ઉપકાર કરતા લશ્કર મુકામે ધામધૂમથી પધાર્યા. શ્રાવકોની અત્યંત વિજ્ઞપ્તિ થતાં, વિ. સં. ૧૯૬૩નું ચાતુર્માસ ત્યાં રહ્યા, અને ધર્મ કૃત્યોનો સારો લાભ મળ્યો.

**પંજાબ પ્રતિ પ્રયાણ:—**

પંજાબ દેશના અગ્રગણ્ય શ્રાવકોને સૂરિવર લશ્કર પધાર્યા છે એ સમાચાર મળતાં પંજાબ પધારવા અત્યંત વિજ્ઞપ્તિ કરી.

अगाधे दुःखाब्धौ बत निरवलम्बे निपतिताः
भवाम्भोधेरुद्धारक कथमुदासोऽसि भगवन् ।
त्वमेवेशो गीर्भिं वृंजिननिकरान् हर्तुमुचितः;
दयालो त्वां हित्वा कतमनुपयामोऽहि शरणम् ॥

હે સંસાર સમુદ્રથી ઉદ્ધાર કરનાર! અમો દુઃખરૂપી ઉંડા સમુદ્રમાં આધાર રહિત પડેલા છીયે હે ભગવન! આપ ઉદાસ કેમ થઇ ગયા છો આપની વાણી વડે કરીને જરૂર હમારા પાપોના સમૂહોને નાશ કરવામાં સમર્થ છો! આપશ્રીને છોડીને હે ભગવન્ અમે કોના શરણે જઇએ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અમારા ઉપર આપ જેવા ધર્મગુરૂ સિવાય ઉપકાર કોણ કરે! ખેતી પણ વરસાદના અભાવે સુકાઇ જાય છે. ઉગેલા બીજે પણ નકામા જાય છે, અને પ્રયત્ન પણ નિષ્ફલ જાય છે. શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ તથા આપ જેવા મહાપુરૂષોએ પંજાબમાં અનેક પ્રકારના ધર્મ બીજો વાવ્યાં હતાં, પણ હાલ ગુરૂ ઉપદેશ સિવાય તે ફલદ્રુપ બનતાં નથી પણ નિષ્ફલતાને પામે છે. તો આપશ્રી અનુગ્રહ-કરી પંજાબમાં પધારો, દુર્ગતિમાં પડતા એવા હમારા જેવા આત્મા-ઓને ઉદ્ધારો. સમુદ્રમાં બધીય નદીયો જાય છે, અને મળે છે. પણ જ્યાં જલવગર પ્રાણ જતા હોય એવા અરણ્યમાં કોઇ પણ નદી ઉપકારક નીવડતી નથી. આપ તો નદી કરતાં, વિશેષ ઉપકારક છો. પંજાબની પવિત્ર ભૂમિમાં ધર્મામૃતરૂપી નદીને વહાવી ત્રિવિધ તાપથી તપેલા એવા અમારા જેવાંઓને સાંત્વન આપો. હાલ પંજાબમાં અનેક પંથ પ્રદર્શકો વિચરે છે જેઓ પોત પોતાના મતાવલંબિઓને પુષ્ટ બનાવે છે. નવા વધારવા માટે અનેક જાતના પ્રયત્નો ચલાવે છે. તે સ્વીકારવા ઘણાઓ ખેંચાય છે. આપણા સાંપ્રદાયિક સદ્ગુરૂઓનો વીરહ હોવાથી સત્યતત્વ કોણ સમજાવે? જિનેશ્વર પ્રભુના યથાર્થ મતને ફેલાવી આપશ્રી પંજાબીઓ ઉપર ઉપકાર કરો. ઉતરતા અમારા રંગને હે જગન્નેતા પુનઃ દઢરંગી બનાવો. આ પ્રમાણેની હૃદયદ્રાવક પંજાબી શ્રાવકોની વિજ્ઞપ્તિને શ્રવણ કરી દયાર્દ્ર ચિત્ત ચરિત્રનાયક, એ તરફ જવા માટે પ્રેરાયા. અનેક સુશિષ્યોથી પરિવરેલા આચાર્ય-દેવ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં પંજાબ પધાર્યા.

**ભવ્ય સત્કાર:—**

અંબાલા શહેરના શ્રાવકોને ખબર પડતાં આખાય શહેરને ત્યાંના શ્રાવકોએ ધ્વજાઓ રંગબેરંગી તોરણો તથા ભાત ભાતના મંડપોથી સુશોભિત બનાવ્યું હતું. અનેક પ્રકારના વાદ્યોની મધુર ધ્વની ગામને ગજાવી રહી હતી. બહારથી આવેલી તથા અંબાલાના લોકોની મોટી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંખ્યા જય જયના નાદથી ગગન મંડલને ગજાવતી ઘણેય દૂર સુધી સામે જઇ પહોંચી હતી, અને આચાર્ય દેવ મળતાં ઝુકીઝુકીને નમન કરી બુલંદ અવાજથી સૂરીશ્વરજીની જય બોલાવા લાગી. રમણીય વાદિત્રસહ ભવ્ય સત્કારની સાથે સૂરિશિરતાજનો પ્રવેશ કરાવ્યો હતો.

## મધુર ધ્વની:—

હજારો સ્ત્રી પુરૂષોની મોટી મેદનીમાં સૂરિશેખર બુલંદ અવાજે અને મધુરધ્વનિથી આત્મા તેમાં રહેલ જ્ઞાન શક્તિ, તેના આવિરભાવના સાધનો, દયા, દાન, ઉદારતા, વિરક્તિભાવ અને સમ્યકત્વ, એ વિષયો ઉપર અસરકારક ઉપદેશ સંભળાવ્યો, મહારાજના મુખરૂપી ચંદ્રથી કિરણો સમાન નીકળેલો ઉપદેશ, અનેક ભવકુમુદોને વિકસાવનાર થયો. અર્થાત્ જૈન જૈનેતર પ્રજા ઘણીજ હર્ષિત થઇ. જગતને તારવાની નિઃસ્વાર્થ બુદ્ધિથી અપાયેલ ઉપદેશ કોને અસર ન કરે? જગત આવાજ નિઃસ્વાર્થ ઉપદેશકોની માગણી કરે છે. પરમોપકારી આચાર્ય દેવ સ્વપર કલ્યાણ સાધવાની ઇચ્છાથી અંબાલા શહેરમાં પ્રતિદિન ઉપદેશ આપતા હતા એ ઉપદેશના પરિણામે અનેકોને ધર્મમાં સુદ્રઢ બનાવ્યા.

## ધર્મ ચક્ર:—

ચક્રવર્તિઓનું ચક્રરત્ન સર્વજિત્ મનાય છે. અજેય મહારાજાઓને પણ ક્ષણમાં જીતે છે. ગર્વથી યુદ્ધ કરવા સન્મુખ આવેલા જ્વલંત ચક્રને જોતાં ઝુકી પડે છે. અને દાસપણું સ્વીકારી આજ્ઞાઓ શિરોમાન્ય રાખે છે. આચાર્યો પણ ધર્મના દાતાઓ ગણાય છે. તેઓની પાસે ધર્મોપદેશ રૂપી ચક્રરત્નથી પણ અધિક પ્રભાવવાળું ચક્ર હોય છે. ધર્મ વિદ્રોહીઓને પણ અધ્યાત્મમય ધર્મોપદેશથી શાન્ત કરે છે. ધર્મના દાસ બનાવે છે. વાદવિવાદોમાં પણ સન્મુખ આવેલા દિગ્ગજ વિવાદીઓને પંચાનન ( સિંહ ) ની જેમ હરાવે છે. એ ધર્મચક્ર પંજાબની ભૂમિમાં જગત્પૂજ્ય ગુરૂદેવે ચલાવ્યું અનેક ગ્રામોમાં ધર્મો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પદેશ આપતા સ્થાનકવાસીઓ આર્યસમાજિષ્ટો તથા બીજા ધર્મવાળાઓ સાથે અનેક જાતની ધર્મ ચર્ચાઓ વાદવિવાદો કરતા જૈન ધર્મની મહત્તાને વધારતા વાદીભકેસરી વિ. સં. ૧૯૬૪ ની સાલમાં પંજાબ ગુજરાન વાલામાં પધાર્યા.

**પ્રતિષ્ઠા:—**

ગુજરાનવાલા એટલે પંજાબમાં ધર્મિષ્ઠોનું એક કેન્દ્રસ્થાન, ભક્તિ સંપન્નોનો નિવાસ અને શ્રદ્ધાપન્નોનો સંગમ, સૂરિશેખરનો અત્રેની જૈન જનતાએ ચિરસ્થાયી હૃદયમાં કાયમ રહે તેવો ભવ્ય સત્કાર કર્યો. મહારાજશ્રીએ પણ ધર્મતત્વાવગાહિની ધર્મ દેશનાદ્વારાએ ત્યાંની જૈન જનતા ઉપર અપૂર્વ ઉપકાર કર્યો. ન્યાયાંભોનિધિ જગદ્ગુરૂ અદ્વિતીય સૂરિ શિરતાજ શ્રીમદ્વિજ્યાનંદ સૂરીશ્વરજી મહારાજાના સ્મારક નિકેતનમાં પાદકમલની પ્રતિષ્ઠા કરવાની હતી. જે પ્રતિષ્ઠા નિમિત્તે મહારાજશ્રીને રોકાવાનો આગ્રહ થતાં પોતે પોતાનું કર્તવ્ય :માની ત્યાંજ રહ્યા. આ સમયે ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ સાથે ત્યાં બિરાજતા હતા. તેમજ બીજા પણ વિદ્વાન સાધુઓની મોટી સંખ્યા એકત્રિત થઇ હતી.

શ્રીમદ્ વિજ્યાનંદસૂરીશ્વરજી મહારાજ એટલે જગન્માનનીય મહા પુરૂષ ! જેઓના નામને અખિલ જૈન જનતા એકી અવાજે સ્મરે છે ? જેઓના સુગુણોને, અને તત્વોના મહાન જ્ઞાનને પુનઃ પુનઃ સ્મરે છે. જગતમાં જેઓના અભાવે અનેકોના નેત્રોમાં ગુરૂ વિરહના અશ્રુઓ ઝરે છે ! પંજાબની અખિલ જનતા તો જેઓની પાછળ હૃદયની ઉંડી લાગણી ધરાવવાની સાથે .ધર્મઘેલી બની હતી ! જ્યાં જ્યાં તેઓ વિચરતા ત્યાં ત્યાં દરેકોને તેવોજ પ્રેમ જાગતો ? તેઓશ્રીનું ભવ્ય લલાટ, કદાવર શરીર, તત્વાવગાહિની દેશના સુતેલાને જગાવતી ! એવા મહાપુરૂષની પાદુકાની પ્રતિષ્ઠા, અને તે વળી પંજાબના કેન્દ્ર ગુજરાનવાલામાં એટલે પૂછવું શું ? સૌ કોઈનો હર્ષ સાગર ઉભરાયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિષ્ઠા નિમિત્તનો મહોત્સવ પ્રારંભાયો. કંકોત્રીઓદ્વારાએ પ્રતિષ્ઠાનું મુહુર્ત પ્રથમથીજ વિદિત થયું હતું. એટલે ગુજરાત મારવાડ, દક્ષિણ, બંગાલ, માલવા અને પંજાબ દેશોના મુખ્ય શહેરોમાંથી તેમજ ગામડાઓમાંથી તેઓશ્રી ઉપર અનન્ય ભક્તિ ધરાવનાર હજારો શ્રાવકો આવી પહોંચ્યા હતા. હમેશાં સાધર્મિક વાત્સલ્ય, ઉત્તમપ્રકારની પ્રભાવનાઓ અને આપણા ચરિત્ર વિભુની ધર્મદેશના, અનેરો શાસનોદ્યોત કરી રહી હતી. સં. ૧૯૬૪ ના વૈશાખ સુદ ૬ ને દિને સુમુહૂર્તમાં શ્રીમદ્ વિજયકમલ સૂરીશ્વરજી મહારાજના સુહસ્તે તે પાદુકાની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ સમયે સર્વ સાધુઓના મુખારવિન્દ પર અભૂત પૂર્વ તેજની છાયા ફેલાઈ હતી. મહાન્ ગુરૂદેવના ચિરસ્મરણીય પ્રતિષ્ઠાના પ્રસંગમાં કોને આનંદ ન હોય !

**ચેલઇન્જ બાજી:—**

ઘણીજ ધુમ ધામથી પ્રતિષ્ઠા થતાં શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનોની ઘણીજ વાહ વાહ થઈ તે ત્યાંના ઢુંઢક લોકોને ખેદકારક બની. સત્ય છે વરસાદથી સર્વ વનસ્પતિઓ લીલીછમ બને છે ત્યારે જવાસો સુકાઇ જાય છે. હા ઈર્ષાનો કાંઈ પણ ઇલાજ નથી. હે પ્રભુ! જગતના જીવો સમભાવમાં દાખલ થઈ હરેકનું હિત કરવા કયારે પ્રેરાશે? ઢુંઢીયાઓએ શ્વેતામ્બર મૂર્તિપૂજકોની લઘુતા કરવાને આત્મારામજી મહારાજ કૃત અજ્ઞાન તિમિર ભાસ્કર નામના પુસ્તકમાં હિંસકવેદોનું કરેલું ખંડન ત્યાંના વૈદિકધર્મિ સનાતનીઓને બતાવી ચેલઇન્જ બાજી શરૂ કરાવી દીધી. હિન્દુઓએ પોતાનાં વેદ શાસ્ત્રોમાં આત્મારામજી મહારાજના લખાણ મુજબની હિંસા સાબિત કરવાની ચેલેઇન્જ ફેંકી, તે ચેલેઇન્જ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજના બલ ઉપર શ્રાવકોએ સ્વીકારી લીધી. આ વાતનું વર્ણન કરનારા નીચેના શ્લોકો જુઓઃ—

लुम्पाकास्तदभिजना महोत्सवं तम्
दृष्टवाऽज्ञानतिमिरभास्करं विरोधात्

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

आत्मारामसुनिकृतं श्रुतेर्द्विजेभ्यः
हिंसोक्तेर तिपरिमर्शकं ह्ययच्छन् ॥ १ ॥

सासूयवाणीनिकरैस्तथैते
विज्ञान्प्रबोध्य श्रुतिपक्षपातान्
विरोध वाक्यानि च सम्प्रदर्श्य
वादाय कौतूहलिनो ह्यकुर्वन् ॥ २ ॥

तदीयवाग्जालविमूढचित्ताः
विपश्चितः सूरिसमक्षमित्वा
तद्ग्रन्थसन्दर्शित वाक्प्रपञ्चाः
श्रुतौ न सन्तीति दृढं जजल्पुः ॥ ३ ॥

निशम्य वाणीं कृतिभिः प्रचोदिताम्
श्रुतिं सामानाय्य विचिंत्य सूरिराट्
प्रदर्श्य पाठान्प्रविचार्य तैस्समम्
जिनागमं प्रोज्ज्वलयाञ्चकार सः ॥ ४ ॥

ઉપરોક્ત શ્લોકમાં લખ્યા પ્રમાણે પૂજ્યપાદ્ આચાર્ય વિજયકમલ સૂરીશ્વરજી મહારાજજીએ લગભગ મહીના સુધી વેદ ગ્રન્થોના અનેક પુસ્તકો એકત્ર કરી સારીરીતે વિચાર્યા અને પૂ. આત્મારામજી મહારાજે જે જે ગ્રન્થોના નામે લખાણ લખ્યું હતું તે સર્વ પાઠો ત્યાંના સનાતનીઓને બતાવી, શાન્ત કર્યા અને જૈનધર્મની જાહોજલાલીમાં વધારો કર્યો. પૂજ્ય ગુરૂદેવે જે જે પાઠો વેદાદિ શાસ્ત્રોમાંથી કાઢયા હતા તે તે પાઠો વડેજ ભીમજ્ઞાનત્રિંશિકા નામનું પુસ્તક બન્યું છે, એટલે ગુજરાન વાળામાં થયેલો જૈનીઓનો વિજય પૂજ્યપાદ્ સૂરિશિરતાજ વિજય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કમલ સૂરીશ્વરજી મહારાજના જ્ઞાનનેજ આભારી છે, ત્યાંના શ્રાવકોની આગ્રહભરી વિનંતી હોવાથી તે કાર્યમાં સામેલ થવા મુનિશ્રી વલ્લભવિજયજીને પણ ગુજરાનવાળા આવવા પૂજ્ય ગુરૂદેવે આજ્ઞા પત્રિકા લખી હતી. પરંતુ તેઓ લાહોરજ હતા, હજુ ગુજરાન વાળા પહોંચ્યાએ ન્હોતા તે પહેલા પૂજ્ય આચાર્ય દેવેશના અતિશયના પ્રભાવે સનાતનીઓ શાન્ત થઈ ગયા હતા. આથી વાદ વિષયનો લાભ મુનિશ્રી વલ્લભવિજયજી મ. ( વર્ત૦ વિજયવલ્લભસૂરિ ) ને ન મળી શક્યો, છતાંયે પૂજ્ય ગુરૂદેવના ચરણની સેવાનો લાભ ચાતુર્માસ સુધી મળ્યો તેથી પણ તેઓ સંતુષ્ટ થયા, અને લાંબી મુસાફરીને સફલ માની વિ. સં. ૧૯૬૪ નું ચાતુર્માસ પૂજ્ય ગુરૂદેવે, ઉપાધ્યાય વીરવિજયજી મહારાજ, મુનિશ્રી વલ્લભવિજયજી મહારાજ, મુનિશ્રી અમીવિજયજી મહારાજ, તથા મુનિશ્રી લબ્ધિવિજયજી (વર્ત૦ આ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી) મહારાજ આદિ ઓહોલા શિષ્યસમુદાય સાથે સંઘના આગ્રહથી ગુજરાનવાળામાંજ કર્યું. અનેક ધર્મકાર્યો થયાં. લોકોનો ઉત્સાહ એટલો બધો હતો, કે પર્યુષણમાં સ્વપ્નો ઉતાર્યાં ત્યારે ૨૦૧ મણ ઘીએ લાલા માણેકચંદજીએ લક્ષ્મીદેવીનું સ્વપ્ન લીધું. કોઇએ દોઢસો મણ ઘીએ તો કોઇએ સોમણ ઘીએ તો કોઇએ પચાશ મણ ઘીએ બીજાં સ્વપ્ન લીધાં. આવી સ્વપ્નની ઉપજ કોઈ વખત થઈ ન્હોતી. આવી રીતે ધર્મની જાહોજલાલી સાથે ચાતુર્માસ પૂર્ણ થયે પૂજ્ય ગુરૂદેવે વિહાર કરી નારોવાલ નગરને પાવન કર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૭ મું.

## દીક્ષા યાચના:—

સંસારની અસારતાથી કંટાળેલા, હૃદયમાં વૈરાગ્ય ભાવથી વાસિત બનેલા, ક્ષણ માત્ર પણ સંસારનો સહવાસ ઇચ્છતા નથી. ભલે ધનવાન્ હોય, કે કંગાલ હોય, બલવાન હોય કે નિર્બળ હોય પણ વૈરાગ્યવંતોને સંસાર ઉપર સરખોજ કંટાળો હોય છે. દુર્ગંધીના સ્થાનમાં સારા માણસને ક્ષણ ભરનો પણ નિવાસ અત્યંત આકુલ વ્યાકુલ બનાવે છે. સુપુષ્પની સુગંધી લેનારો ભ્રમર કનેરના પુષ્પ ઉપર બેસવાની ઇચ્છા કરતો નથી. વિરક્ત આત્માઓ સત્વર સદ્‌ગુરૂની સેવામાં સારમય સ્વજીવનને સમર્પી કૃતાર્થ થવા ઉત્કંઠા ધરાવે છે. અને જ્યાં સુધી ધ્યેય સિદ્ધ થતું નથી ત્યાં સુધી પ્રયત્નશીલ રહે છે. કારણ કે સજ્જનોનું કર્તવ્ય છે કે એકવાર પ્રયત્ન કરતાં સિદ્ધિ ન થાય તો " Try Try again " ના સૂત્રને વિચારી પુનઃ પુનઃ યત્ન કરવા ઉત્સાહી બને. વૈરાગ્ય ભાવમાં ઝુલતા ઉમેદચંદ નામના એક ભવ્યાત્મા ગુજરાતના રહીશ પોતાની સોલ વર્ષની ઉંમરે સંસારથી વિરક્ત બન્યા હતા. આત્માને એકાંતે સુખ આપનારી સ્વપર કલ્યાણને સાધનારી શ્રીમતી ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઉત્સુક બની પ્રૌઢ પ્રતાપી શ્રીમદ્ ચરિત્ર વિભુની પાસે એકાંતમાં આવી ગુરૂ પ્રવરને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે હે જગદ્‌ગુરૂ ? આ અગાધ સંસાર સમુદ્રમાં ડગમગતી અનેક માયાના ખડકોમાં અથડાતી મારી જીવન નૌકાને પાર ઉતારો. હે ગુરૂપ્રવર ? આપ જેવા સમર્થોની નિશ્રામાંજ હમારા જેવા પામરોનો ઉદ્ધાર છે. આપ સિવાય કોના શરણે જવું અને તરવું. ગુરૂદેવે આવી ઉદાર અને ધર્મ વર્ધક વિનતિ સાંભળી રોમાંચિત થઈ સંભળાવવા લાગ્યા કે હે ભવ્ય ? આવી સુંદર ભાવનાને અવિલંબે સફળ કરવી. જે સમયે સુંદર ભાવના પ્રગટ થાય તેજ સમયે અમલમાં મૂકવા પ્રયત્ન કરવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્ષણનો ભરોસો નથી. જીવન અસ્થિર છે. ભાવનાના રંગો પરિવર્તન-શીલ છે. સજ્જન પુરૂષો શુભ ભાવનાને અવિલંબે સફલ કરવા પ્રયત્ન કરે છે. **मा इंदजाल सरिसं विज्जु चमक्कार सत्थ हं सव्वं; सामन्नं खण दिठ्ठं खण नठ्ठ कोथ्थ पडिवन्धो.** જેમ ઈંદ્રિ જાળના ખેલો ક્ષણમાં નાશ પામે છે. વિજળીના ચમકારા અલ્પ સમય માટેજ પ્રકાશ કરનારા હોય છે. તેમ સ્વજનો, લક્ષ્મી, મહેલાતો, માન, મમત્વ, સન્માન, વૈભવ અને સમૃદ્ધિઓ ક્ષણમાં નાશ થનારી છે. આવા ક્ષણિક પદાર્થોમાં કયો સુજ્ઞ પુરૂષ વિશ્વાસ રાખે?

**પ્રવ્રજ્યા પ્રદાનઃ—**

એક તો સુવર્ણ હતું અને સાથે સુગંધ ભળી એટલે પુછવુંજ શું? ધર્મવીર ઉમેદચંદભાઇ સંસારથી વિરકત તો હતાજ. અને તે વિરકત આત્મા ઉપર ગુરૂ ઉપદેશનો ઓપ ચઢયો, એટલે વૈરાગ્યની દઢ ભાવનામાં શી કમીના રહે? આચાય પુંગવે તે વૈરાગી આત્માને સ-મહોત્સવ મોટી મેદિનીસમક્ષ સુમૂહૂર્તે પ્રવ્રજ્યા પ્રદાન કરી. તેમનું નામ મુનિશ્રી ગંભીરવિજયજી રાખી તેમને મુનિરાજ શ્રીમદ લબ્ધિ-વિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કર્યા. આ દીક્ષાના પ્રસંગે પંજાબીઓના હૃદયમાં ધર્મ પ્રેમ ઉછળી રહ્યો હતો. અને સૌ કોઇએ દીક્ષાના મહોત્સવમાં શાસન પ્રભાવના કરવામાં સારો લાભ લીધા હતો. યોગ્ય કાર્યમાં ધર્મી આત્માઓને પ્રમાદ તથા વિરોધ હોયજ નહિ.

**પંજાબમાં પર્યટન.**

પૂજ્યચરણે શિષ્ય પરિવાર સાથે પવિત્ર પાદથી પૃથ્વીતલને પવિત્ર કરતાં અનેક જૈનેતરોની સાથે ધર્મશાસ્ત્રોની મર્માંત અને હૃદયંગમ ચર્ચાઓ કરી, ધર્મ ઉન્નતિને કરતા ઝંડીયાલા ગામમાં ભવ્ય સ્વાગતની સાથે પ્રવેશ કર્યો. અને ગુરૂદેવની સુધા સ્યન્દિની દેશનાવૃષ્ટિ ચાલી. અનેક જનો ઉત્સાહિત હૃદયે લાભ લેવા પ્રેરાયા. પૂજ્ય આચાર્ય દેવમાં દેશના દેવાની અજબ શકિત હતી કે જેના પ્રભાવે શ્રોતાઓના

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હૃદયમાં પુનઃ પુનઃ સાંભળવાની ઉત્કંઠા જાગતી. એકતો પોતે પંજાબના અને શ્રોતાઓ પણ પંજાબી એટલે ભાષા સૌન્દર્ય અને જુસ્સાથી પ્રિયતામાં ન્યૂનતા રહેતી નહિ, ત્યાંના સદગૃહસ્થોની આગ્રહ ભરી વિનતિથી ૧૯૬૫ નું ચાતુર્માસ ત્યાંજ કરી ઘણો ઘણો ઉપકાર કર્યો.

## ગુર્જર આગમન

અનેક જીન મંદિરોથી મંડિત ગુજરાત દેશ ગૌરવ ભર્યો ગણાય છે. બીજા દેશો કરતાં ધર્મની આચરણામાં, ગુરૂઓની સેવામાં, અને લાખ્ખો રૂપીઆનો સદ્વ્યય કરવામાં, તેમજ ધર્મનો ઉદ્યોત કરવામાં પણ ગુજરાતનો નંબર ચઢીઆતો છે. આવા રસાળ ગુજરાત દેશમાં ગુજ-રાતના પુણ્યોત્કર્ષે જનતાને ઉપકાર કરવાની અને ગુર્જર દેશગત પ્રાચીન તીર્થોને જુહારવાની ઉદાર ભાવના જાગૃત થઇ. આ સમાચાર પંજાબમાં ફેલાયા.

## અગ્રનેતાઓનો આગ્રહ.

પંજાબના પરમોપકારી પૂ. વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજના અ-નન્ય પટ્ટાલંકાર પંજાબ દેશને છોડી શું ગુજરાત જવાના ? અમારી શી દશા ? આવો વિચાર અનેક પંજાબીઓના હૃદયમાં ઉદ્દભવ્યો. પંજાબના આગેવાનો એકત્રીત થયા અને એક મંડળ બની પૂ. આચા-ર્યદેવની પાસે નમ્રભાવે નિવેદન કરવા આવ્યા. ખરેખર આનુંજ નામ ધર્મ પ્રેમ. આચાર્ય દેવઉપર તેઓની હાર્દિક લાગણી ને દર્શાવનાર આ પણ એક થરમોમીટર હતું. પોતાના દેશમાં નિડર ધર્મોપદેશકનો વિરહ એ જરૂર ધર્મીજનોને દુઃસહ્ય હોય છે. સંસારીક ઇષ્ટ પદાર્થોનો વિરહ તો સૌ કોઇને સાલે એ સ્વાભાવિક છે. પરંતુ અનેક પ્રકારની આધિ વ્યાધિ અને ઉપાધિમાં જકડાયલા આત્માઓને મુક્ત કરવા નિષ્કારણ પ્રયત્ન કરનાર ધર્મગુરૂઓનો વિરહ તો નિકટ ભવ્યાત્મા-ઓનેજ સાલે એ પણ સ્વભાવિક છે. અને તેથીજ ગદ્દ ગદ્દ સ્વરે કહેવા લાગ્યા કે હે દયાસિન્ધો ? આપ હમોને દુઃખમાં મૂકી શું પર-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશમાં જવાના ? આપ સિવાય હમોને ધર્મોપદેશ કોણ આપશે ? આપના અભાવમાં પાપનો પ્રચાર ફેલાશે. કુદષ્ટિઓ ( અન્યમત વાલા ) સ્વ-મતની જાળોમાં અનેક ભોળા મૃગલાઓને ફસાવશે. હાલમાં થઇ રહેલી ધર્મ જાગૃતિ મંદ પડશે, ધર્મક્રિયાઓ શિથિલ થશે. હમારી ઉન્નતિ નહિ બલ્કે પતન થશે. હમારા ગરીબો ઉપર રહેમ નજર કરો પંજાબી ઓની આ પ્રમાણે હૃદયદ્રાવીણી વિનંતી સાંભળી ગુરૂદેવના હૃદયમાં ઉદાસીનતા છવાઇ અને તેઓને જણાવ્યું કે તમારૂં કહેવું યથાર્થ છે. મારા હૃદયમાં પણ એજ વિચાર ચાલે છે પરંતુ ગુર્જર દેશમાં અનેક પ્રાચીન તીર્થો છે. તેની યાત્રા કરવી તે પણ આવશ્યક છે. પુનઃ પંજા-બીઓએ આચાર્યદેવેશની ગુજરાતમાં જવાની ઉગ્ર ભાવના જાણી જ-ણાવ્યું કે—કુમત રૂપી ફેલાયલા મદોને નાશ કરનાર દીન પુરૂષોના ઉદ્ધારક, મહાનન્દસમુદ્ર, જિનમત શિરોભૂષણ હે મુનિપતે હમારા યોગ્ય સેવા ફરમાવો.

**પંજાબપ્રેમ:—**

નિખાલસ હૃદયની અને નિઃસ્વાર્થ બુદ્ધિની આ વિજ્ઞપ્તિ સાંભળી ગુરૂદેવે પંજાબમાં ધર્મ જાગૃતિને તાજી રાખવા માટે મહારાજશ્રીની સેવામાં સુશીલ અને સુવિનીત પાંચ શિષ્યો હતા, જેમાંથી મુનિરાજ શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજ બુદ્ધિશાલી હોઇ થોડાજ સમયમાં વ્યાકરણ કાવ્ય કોશ ન્યાય અલંકાર તેમજ પ્રકરણ જ્ઞાન તથા કેટલાક મૂળ સિદ્ધાન્તો વિગેરેમાં પારંગત થયા હતા. વળી તેઓશ્રીની વ્યા-ખ્યાન શૈલી, તીક્ષ્ણ બુદ્ધિ અને તર્કશકિત વિબુધોને તથા વાદિ-ઓને પણ આશ્ચર્ય ગરકાવ કરતી હતી. આવી કુશળતા અને બાહોશી જોઇ તેમને ત્યાં રહેવાની આજ્ઞા કરી. તેઓશ્રીએ પણ પૂર્ણ વિનયથી ગુરૂ આજ્ઞાને શિરસા વધાવી લીધી. ગુરૂ આજ્ઞાએ યોગ્ય શિષ્યોને માટે અંતર આશિર્વાદ છે. વિનીત શિષ્યો, ગુરૂ આજ્ઞાને નિઃશંક ભાવે અનુકુળતામાં કે પ્રતિકુળતામાં આદરણીય માની સ્વીકારી લે છે, જેમ ચરિત્ર નાયકના પવિત્ર સંગને છોડી પૃથક્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થવાની તેઓના હૃદયમાં ઇચ્છા ન હતી. તેમ ચરિત્ર નાયકને પણ વિનીત શિષ્યને જુદા પાડવાની જરાએ ઇચ્છા ન હતી. પણ કેવળ પરોપકાર બુદ્ધિએ આજ્ઞા કરી હતી. **गुरोराज्ञा गरियसी** એ વાકયને માન આપી શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજે દુઃખદ હૃદયે તે આજ્ઞાને સહર્ષ સ્વીકારી લીધી. અને એમાંજ ખરેખર સુશિષ્યોનું ગૌરવ છે. ગુરૂવર્યની આજ્ઞા સ્વીકારી પોતે પંજાબમાં વિચરવા સજ્જ થયા. ગુરૂ મહારાજે પણ મીઠી નજરે યોગ્ય આશિર્વાદ આપ્યો કે જેથી પંજાબ યાત્રા નિર્વિઘ્ન વિજયવંત નીવડે. શ્રદ્ધા એ અનુપમ કાર્ય સિદ્ધિનું સાધન છે. ખરેખર પંજાબીઓના હાડોહાડમાં ચરિત્રનાયક પર પ્રેમ હતો, તેવો જ ધર્મપ્રેમ ગુરૂદેવને પણ હતો, તેનું આ દશ્ય ચિન્હ શું ન મનાય ? ધર્મગુરૂઓનો ધર્મીજનો પર પ્રેમ એ માત્ર ધર્મવૃદ્ધિ માટે હોય છે.

## જૈન ધર્મનો વિજય વાવટો—

ગુરૂદેવની આજ્ઞાને શિરસાવંદ્યમાની શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ સપરિવાર પંજાબમાં ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા અનેક ગામોમાં ધર્મદેશના દ્વારાએ અનેક જનોને ધર્મમાં તરબોલ બનાવવા લાગ્યા. જેમનો અવાજ મધુર અને બુલંદ હતો. ભર યુવાવસ્થાની શક્તિ હતી. ભાષાજ્ઞાન પરિપૂર્ણ હતું. સૈદ્ધાન્તિક જ્ઞાન પણ જેમણે ગુરૂનિશ્રામાં રહી અનુપમ પ્રાપ્ત કર્યું હતું. જૈનેતર શાસ્ત્રના પણ જેઓ સુજ્ઞાત હતા. જેમના મુખારવિન્દ ઉપર હર્ષના ચિન્હો પ્રતિક્ષણ અનુભવાતા હતા. એવી અદ્‌ભુત મૂર્તિના પ્રભાવે ત્યાંની જૈન જૈનેતર પ્રજા મુગ્ધ બની. પંજાબીઓ જેમના સુકૃત્ય, ધર્મપ્રભાવના લઘુવયમાં પણ વાદ વિવાદ કરવાની અજબ શક્તિ જોઇ પંજાબીઓ તેઓને "છોટા આત્મારામજી" તરીકે કહેતા હતા તે સત્ય હતું. એવા પ્રકારની વિદ્વત્તા, ત્યાગ ભાવના, સહિષ્ણુતા, અપ્રમત્તતા તેમજ શાસનનો ઉદ્યોત કરવાની ધગશ વિગેરે ગુણો ઝળહળતા હતા. ૭ વર્ષ પર્યંત પંજાબના વિશાળ પ્રદેશમાં વીચરી મુખ્ય શહેરોમાં ચોમાસા કરી અને શેષાકાળમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્ય ગામડાઓમાં વિચરી અગણિત ઉપકારો કર્યાં. તેમાં ખાસ કરીને પંજાબથી પણ દૂર આવેલા મુલતાન શહેરનું ચાતુર્માસ તો સ્વર્ણાક્ષરે ઇતિહાસ પટ પર લખવા જેવું છે. જ્યાં દિગંબરોની સાથે વાદિ દિગ્ગજ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજને જાહેર વાદ વિવાદ કરવાનો પ્રસંગ સાંપડયો હતો અને તેમાં અનેક શાસ્ત્રીય પુરાવા અને દલીલો દ્વારા વાદિને પરાસ્ત કરી શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મની જયપતાકા ફરકાવી હતી. હંમેશા ત્યાંની જૈન જૈનેતર પ્રજા વ્યાખ્યાનનો લાભ લેતી હતી. ખાસ કરીને મુલતાન શહેરના જાહેર સ્થાનોમાં અનેક પબ્લીક લેકચરો આપી ત્યાની મ્લેચ્છ પ્રજાઓને પણ તેઓનાજ કુરાન આદિના કલમાઓથી તથા અનેક ઉદ્દ્ગારો દ્વારા ધર્મનો પ્રતિબોધ કરી દયા ધર્મમાં તલ્લીન બનાવી હતી. મ્લેચ્છો પણ તેઓશ્રીનો ઉપદેશ સાંભળી બજારમાં મારવા માટે લાવેલા મરઘાઓ, તેતરો વિગેરેને ઉડાડી દેતા હતા. કેટલાકે તો હિંસાનાં શસ્ત્રો પણ તોડી ફોડી ઘરની બહાર ફેંકી દીધાં હતાં.

## ઉપદેશપરિણામ—

જે ઉપદેશના પરિણામથી ગામમાં છ આને શેર માંસ વેચાતું હતું તે ત્રણ આને શેર થયું હતું. જેથી કસાઇઓ પણ મહારાજશ્રીના વિરોધી બન્યા હતા. શુભ કાર્ય કરનારના વિરોધી જરૂર ઉભા થાય છે, પરંતુ શુભ કાર્ય કરનાર સજ્જન પુરૂષો વિરોધીના બલને જોઇ તે કાર્યનો કદી પરિહાર કરતા નથી, પરંતુ પ્રોત્સાહિત બની ધર્મનો જય મેળવે છે. કારણ કે હમેંશાં સત્ય જયાવહ હોય છે.

## શુભ કાર્યો—

કેટલાક આર્ય સમાજીષ્ટો મહારાજજીની હિન્દિમિશ્રિત ઉર્દુ ભાષામાં મુગ્ધ બની વ્યાખ્યાન શ્રવણાર્થે તેમજ દર્શનાર્થે આવતા હતા. મુલતાનમાં નવીન બનાવેલા મંદિરની પ્રતિષ્ઠા વિગેરે શુભ કાર્યો પણ તેઓશ્રીના હસ્તે નિર્વિઘ્ને કરવામાં આવ્યાં હતાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**અન્યત્ર ઉપકાર—**

પંજાબમાં બીજા અનેક સ્થળોએ જાહેર ભાષણો આપી અનેકોને જૈન ધર્મની મહત્તા સમજાવી હતી. આર્યસમાજીસ્ટો પણ મહારાજ-શ્રીની સાથે ઘણા સ્થળે વાદ વિવાદોમાં પણ ઉતરતા, તેઓ સર્વને નિડરતાથી સમતાપૂર્વક સુયુક્તિઓ આપી મૂર્તિમંડન અનંત મોક્ષ. અકર્તા વિગેરે ઘણી વસ્તુઓની સિદ્ધિ કરી સમજાવતા અને સ્વમત સ્થાપન કરી પરમતને પરાસ્ત કરતા હતા. સ્થાનકવાસીઓની સાથે પણ એવા અનેકાનેક વાદ વિવાદના પ્રસંગો આવતા. તે સર્વ સ્થળોમાં સૌમ્યમુદ્રાથી વાદદ્વારા સર્વનું સમાધાન કરી જય મેળવતા હતા, અદ્યાપિ દર્શનાર્થે આવતા પંજાબીઓ તે ભાષણો, વ્યાખ્યાનો અને વાદ-વિવાદોનું સંસ્મરણ કરે છે. જ્યાં જ્યાં ઉન્માર્ગ પ્રચાર હતો, જ્યાં જ્યાં ધર્મ નિન્હવો પોતાની જાળમાં અનેકોને ફસાવતા હતા ત્યાં ત્યાં પરિસહોની ઝડીને સહન કરી જૈન ધર્મનો ડંકો વગાડયો છે. આ પ્રમા-ણે ઘણા સ્થળોમાં ધર્મ પ્રચાર કરી ગુરૂ દેવની સેવામાં હાજર થવાની ઇચ્છા થતાં ગુજરાત તરફ પ્રયાણ કર્યું.






P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૮ મું.

## સૂરિશેખર બીકાનેર.

બીકાનેર એક ધર્મપુરી મનાતી હતી. આ વાતને જુના વખતનો ઇતિહાસ પુરવાર કરે છે. બીકાનેરના શ્રાવકોની ભક્તિ પણ હાલ તેવીજ જોવામાં આવે છે. ત્યાંના રીત રિવાજો પણ મારવાડના બીજા શહેરો અને ગામડા કરતા વિશેષ શ્રેષ્ટ મનાય છે. ત્યાં જૈનોની વસ્તી મોટી સંખ્યામાં છે તેમજ જીનેશ્વરના ચૈત્યો પણ ગગનચુંબી અને સારી સંખ્યામાં છે. ત્યાંની જૈન કોમ મોટા ભાગે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી એમ બે વિભાગોમાં વહેંચાયલી છે. બન્ને પક્ષોનું બલ સમાન છે અને ખાસ પરસ્પર જાહેર વિરોધ નથી. ધર્મના ઉપદેશને બન્ને પક્ષવાળા જ્યાં વિદ્વાન્ ઉપદેશક હોય ત્યાં શ્રવણ માટે જાય છે.

### સત્કાર—

બીકાનેરના શ્રાવકોને આચાર્યદેવના આગમનના સમાચાર મળતાં જૈન જનતાનો મોટો સમૂહ સન્મુખ ગયો હતો. સૂરીશ્વરજીના આગમનથી જૈન જનતામાં અપૂર્વ ઉત્સાહ ઉભરાઈ રહ્યો હતો. હજારોની મેદિની સમક્ષ રોચક શૈલીથી સંસારની અસારતા અને વીતરાગ દેવના ધર્મની આરાધનાથી થતા ફળો મધુર અવાજથી શ્રવણ કરાવ્યાં હતાં. મહારાજશ્રીના વ્યાખ્યાનનો રસ, નિસ્પૃહવૃત્તિ., નિખાલસ ભાવ, અને નિડરતા જૈન જનતા ઉપર અપૂર્વ પ્રભાવ ફેલાવતાં હતાં. ચોમાસું નજીક આવવાથી અને મહારાજશ્રીના વ્યાખ્યાનોની લગની લાગવાથી અત્રેના આગેવાનોનો અત્યંત આગ્રહ થતાં સં. ૧૯૬૬ ના ચાતુર્માસનો અત્રેજ નિર્ણય થયો. ત્યાંના ચાતુર્માસમાં સૂત્ર વાંચના અદ્ભૂત ચાલતી હતી. તેમાંના ગહન વિષયોને પણ બુદ્ધિનિધાનઆચાર્યદેવ એવી સુંદર શૈલીથી સમજાવતા હતા કે અલ્પ જ્ઞાનીને પણ તેમાં આનંદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપજતો હતો. સ્થાનકવાસી ભાઇઓ પણ મોટી સંખ્યામાં લાભ લેતા હતા. અને અનેક જાતની મૂર્તિપૂજાના વિષયમાં પણ ચર્ચા ચાલતી હતી. મહારાજશ્રી પણ સૌમ્યવૃત્તિથી જીવાભિગમ સૂત્ર, ભગવતિ સૂત્ર, તથા રાયપસેણી સૂત્રના પાઠો સમજાવતા હતા. તેથી તેઓમાંથી કેટલાક સરળ આત્માઓ પ્રભુ દર્શનના પ્રેમી બન્યા હતા. આગમપાર દશ્વા આચાર્યશ્રીએ અનેક તત્વમય વ્યાખ્યાનો દ્વારા શાસન પ્રભાવના અપૂર્વ કરી. જીવદયાના, જ્ઞાનોદ્ધારના, દીનોદ્ધારના ખાતામાં પણ અત્રેના ઉદાર ગૃહસ્થોએ સારી રકમ આપી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો હતો.

## તીર્થસંઘ—

તીર્થોનો સંઘ એ જૈન શાસનમાં સ્વ પર કલ્યાણનું મહાન સાધન મનાય છે. સમ્યક્ત્વને નિર્મળ કરનાર પ્રભુ માર્ગની એ ઉત્તમ આરાધના છે. જૈન શાસનના અનુરાગીઓ સદ્ભાવનાથી પવિત્રતમ તીર્થોના સંઘો કાઢી લાખ્ખો રૂપીયા ખર્ચે છે. અને હજારો માણસોને ધર્મ પ્રભાવનાની સાથે બોધિબીજની પ્રાપ્તિનું કારણ બને છે. સંઘ કાઢનાર વ્યક્તિ સુભાવથી સંઘમાં પધારેલ પૂ. સાધુ–સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓની નમ્રભાવે સેવા બજાવી તીર્થંકર ગોત્ર પણ ઉપાર્જન કરે છે. જ્યાં જ્યાં સંઘનું પ્રયાણ થાય છે તે શહેરોમાં અને ગામોમાં ધર્મની જાગૃતિ અપૂર્વ થાય છે. હજારો જૈનેતરો પણ એ સંઘની અનુમોદના કરી આગામી ભવમાં જૈનત્વ પ્રાપ્ત કરવાની લાયકાત મેળવે છે. જીર્ણ મંદિરો, ધર્મસ્થાનો, ઉપાશ્રય, પાંજરાપોળ, પાઠશાળા, દીન સાધર્મિક ભાઇઓ વિગેરે શુભ ખાતામાં પોતાના દ્રવ્યને વાપરી સંઘપતિ પણ ચંચળ લક્ષ્મીને અચળ બનાવી પરંપરાએ સ્વર્ગ અને અપવર્ગના ભાગી થાય છે. વસ્તુપાલ તેજપાલે કાઢેલો શ્રી શત્રુંજયનો સંઘ ટીમાણા ગામમાં આવતાં ત્યાંની જૈનોની સ્થિતિ સાધારણ માલુમ પડતાં જૈનમંદિર બનાવવા માટે તથા તેની વ્યવસ્થા માટે એક ગામ સમ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્ણ કર્યું હતું. વિક્રમરાજાએ પણ શ્રી શત્રુંજયનો સંઘ કાઢી અઢળક દ્રવ્યનો વ્યય કરી ધર્મની પ્રભાવના ફેલાવી મનુષ્ય જન્મને કૃતાર્થ કર્યો હતો. આપણા જૈન શાસનમાં આજથી નહિ પરંતુ યુગોથી તીર્થોના સંઘો નીકલવાની શુભ પ્રવૃત્તિ ચાલે છે. અને સુવિહિત મહાત્માઓ તેના માટે યોગ્ય ઉપદેશ પણ આપે છે. પરંતુ અફસોસની વાત છે કે આજકાલ જૈન કુળમાંજ જન્મેલા, પાશ્ચિમાત્ય કેળવણીના જડવાદથી જડ બનેલા વીસખીસદીના નામે માત્ર જૈન સમાજમાં અધર્મની બદીઓ ઘુસાડવાનોજ ધંધો કરનારા, કેટલાક નામ ધારી જૈનો જ્યારે જ્યારે ધર્માત્માઓ શાસ્ત્રની આજ્ઞાનુસાર, સંઘો ઉજમણા, અને ઊપધાન તપ વિગેરે પવિત્ર ક્રિયાઓમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરે છે, ત્યારે ત્યારે ઉપરોક્ત વિશેષણ યુક્ત અજ્ઞાન દુનિયામાંજ એજ્યુકેટેડનું ટાઇટલ લઈ ફરનારા સુધારકો એકાંતે આત્માનું કલ્યાણ કરનારી અને પવિત્ર ક્રિયામાં વપરાતા ધનને "Waste of money" એટલે પૈસાનો દુર્વ્યય કહી ભોળી જૈન પ્રજાને ધર્મથી ભ્રષ્ટ કરવાનો નીચ પ્રયત્ન કરવા કટી બદ્ધ થાય છે. એવાઓને હમો તો એટલુંજ હિત બુદ્ધિએ જણાવીએ છીએ કે તીર્થંકર ગણધર મહારાજાઓએ ફરમાવેલી પવિત્ર ક્રિયામાં વપરાતા ધનને પૈસાનો દુર્વ્યય કહેવાથી અનાદિકાળની રખડપટ્ટી પછી મળેલ દૂર્લભ માનવ જન્મની અમૂલ્ય તકનો તમો પોતેજ દુર્વ્યય કરી રહ્યા છો. એ વાક્યને સોનેરી અક્ષરે તમારા હૃદયપટમાં કોતરી રાખવા ભલામણ છે.

**યાત્રા પ્રયાણ—**

આચાર્યશ્રીના ઉપદેશથી બીકાનેરના શા. શીવચંદ સુમેરમલ સુરાણા સંઘ સાથે જેસલમેરની યાત્રા જવા માટે તૈયાર થયા. શ્રાવક શ્રાવિકા સાથે ત્યાંથી જેસલમેરની યાત્રા માટે સશિષ્ય પરિવાર પ્રયાણ કર્યું. રસ્તામાં આવતા અનેક સ્થળોમાં આચાર્યશ્રીએ ઉપદેશદ્વારા અનેક જીવોને ધર્મના પ્રતિબોધક કરી જૈન ધર્મની મહત્તા વધારી હતી.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જેસલમેરમાં સંઘ પહોંચતા ત્યાંના સંઘે ભવ્ય સત્કારથી પ્રવેશ મહોત્સવ કરાવ્યો હતો. ગગનસ્પર્શી શિખરયુક્ત મંદિરમાં બીરાજમાન તીર્થપતિને મધુરધ્વનીથી ભાવવાહી અનેક સ્તોત્રદ્વારા સ્તવ્યા બાદ વિધિપૂર્વક ચૈત્યવંદન કરી સૌએ અદ્ભૂત આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## પુનઃ ગુજરાતમાં આગમન—

મરૂ દેશમાંથી અનેક શહેરમાં અને ગામડામાં ધર્મામૃતનું પાન કરાવતા, તેમજ અનેકના સંશયોને છેદતા સૂરિપુંગવ ગુજરાતમાં પધારતા પ્રથમ કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજના પવિત્ર ચરણ કમળથી પુનીત બનેલ પાટણ શહેર નજીક આવી પહોંચ્યા. મહારાજ શ્રીનો અપૂર્વ ત્યાગ, અટલ બ્રહ્મચર્ય, તથા શાસ્ત્રનું ઉંડુ જ્ઞાન, વિગેરે ગુણોમાં અનુરાગી બનેલા ધર્મિષ્ઠ પટ્ટણીઓ મહારાજશ્રીના દર્શનાર્થે મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. ત્યાં પધારવાની તેમણે આગ્રહ ભરી વિજ્ઞપ્તિ કરી, પાટણ એ મહારાજશ્રીનું આચાર્યપદારોહણ સ્થાન હતું. સૌ કોઇ એમની વ્યાખ્યાન શૈલી વિગેરે ગુણોથી પરિચિત હતા એટલે ત્યાંના સંઘમાં આનંદનાં પુર ઉભરાય તેમાં આશ્ચર્ય શું? તે સમયના આબેહુબ ચિતારને લખવો કે કહેવો એ શક્તિની બહારની વાત છે. આતો એક આછું પ્રતિબિંબ છે. બાકી પાટણના વયોવૃદ્ધ પુરૂષો એ ચિતાર સ્મરણપથમાં લાવી અદ્યાપી રોમાંચિત થાય છે.

## ભવ્ય સત્કાર—

આચાર્ય મહારાજશ્રીએ પાટણમાં પધારવાનું મંજુર કર્યુ છે એમ સાંભળી ત્યાંની ધર્મનિષ્ટ પ્રજાએ આખા શહેરને દેવ વિમાન સદશ શણગાર્યું. પાટણની શૃંગાર કલા ગુરૂ આગમન વખતે કોઈ અજબ હોય છે. એ સર્વે સ્થળે વિદિત છે. મેઘના આગમનથી જેમ મયૂર નૃત્ય કરવા લાગે તેમ ગુરૂ મહારાજના આગમનથી ધર્મપ્રેમીઓ હર્ષભરી ચાલમાં જાણે નૃત્ય ન કરી રહ્યા હોય? તેમ ચાલતા હતા, આચાર્યદેવના જયનાદથી આખુંયે પાટણ શહેર ગુંજી રહ્યું હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક પ્રકારના વાદ્ય શૃંગારેલ અશ્વો ઉપર બેઠેલ સાબેલાથી, ધજા તોરણથી સામૈયાની શોભા અપૂર્વ બની હતી. પૂજ્ય આચાર્ય દેવેશ બહોળા શિષ્ય પરિવાર સાથે અનુક્રમે શહેરના ભવ્ય લત્તામાં તથા શેરીઓમાં ભવ્ય સત્કારની સાથે અનેક મહિલા જનોથી મૌક્તિક અક્ષતાદિથી વધાવાતા નમસ્કાર કરાતા અનેકજનોના તરફથી અર્પાતા શુભ વિશેષણોથી નવાજાતા અનેકોના નયનોથી નિરખાતા, અનેકોની મુખ વાણીથી સ્તવાતા ભવ્ય ઉપાશ્રયમાં પધાર્યા.

## વાણીનો પ્રૌઢ પ્રકાશ.

સ્ત્રી પુરૂષોની મોટી મેદિની સમક્ષ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. મહારાજશ્રીના દેશનાના પ્રભાવે ક્ષણવાર અનનુભૂત પ્રેરણાત્મક તેજ સભામાં પ્રસરી રહ્યું હતું. સૌ કોઇ ચિત્ર આલેખિત તુલ્ય ભાવને ભજતા હતા. ધર્મ તત્વાવગાહિની દેશનાના ધોધ વહેતા ઘણાઓના વ્યસન રૂપી તટો ત્રુટવા લાગ્યા. ઘણાઓના સંશય રૂપ અંકુરાઓ ઉન્મૂલન થવા લાગ્યા. ઘણાઓના મસ્તક ડોલવા લાગ્યા. હૃદયભેદક વાણીના પ્રભાવે હૃદયમાં પાપ પશ્ચાતાપોના પ્રવાહો પ્રસર્યા.

મોરલીનો નાદ સુણતા ભુજંગની જેમ વૈરાગ્યના આનંદમાં શ્રોતાવર્ગ પણ સહર્ષ ઝુલવા લાગ્યો. ઘણાઓના હૃદયમાં વાણી શ્રવણનો હર્ષ નહિ માવાથી ચાલુ વ્યાખ્યાનમાં પ્રશંસા કરવા પ્રેરાયા. અહો આપણા પાટણ શહેરમાં જે આચાર્યપદાર્પણ કરવામાં આવ્યું હતું તે યોગ્ય સ્થાને હોઇ અત્યંત શોભાસ્પદ નીવડયું છે. આચાર્યશ્રીની દેશના અને હૃદયંગમ ધર્મધગશ આવીજ હોવી જોઇએ. સિદ્ધાન્તિક જ્ઞાન, સ્પષ્ટભાષિતા, નીડરતા, સ્વપર તારિણી દેશના, પરોપકાર પરાયણતા વિગેરે અનેક ગુણો ધર્મીજનોના ચિત્તને આકર્ષ્યા વિના રહેજ નહિ. શબ્દે શબ્દે અપૂર્વ લાલિત્યતાની સાથે શૌર્ય પ્રેરાતું હતું. વાકયે વાકયે આગમના ગહન તત્વથી ભરપુર સર્વાંગ સુંદર આચાર્યપુંગવની દેશનાએ પાટણની જૈનપ્રજા ઉપર અજબ પ્રકાશ પાડયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચાતુર્માસ નિર્ણય.

આવા નિઃસંગ, અને નિસ્પૃહી મહાત્માના આનંદદાયક સંગને છોડવા કોણ ઇચ્છે ? ચાતુર્માસ નજીક આવ્યું. ચાતુર્માસ માટે જોર-શોરથી વિનતિઓ થવા લાગી. મહારાજશ્રીએ પણ લાભાલાભનો વિચાર કરી તેનો સ્વીકાર કર્યો.

સંવત ૧૯૭૬ના ચાતુર્માસમાં ત્યાંની જૈન જનતાએ ધર્મનો ઉપદેશ, ગુરૂવંદન, પ્રતિક્રમણ વિગેરે ધર્મક્રિયાના લાભો સારા પ્રમાણમાં મેળવ્યા હતા. તથા અનેક જીવોને અભયદાન આપવા સાથે, જીર્ણ પુસ્તકોદ્ધાર માટે પણ પોતાની લક્ષ્મીનો ભોગ આપી તેની સાચી સાર્થકતા કરી હતી.

## ધર્મ ધગશ.

જેમની ધર્મ પ્રભાવના કરવાની ભાવના, સિદ્ધાંતોની અટલ શ્રદ્ધા કોઈ અપૂર્વ હતી. જ્યારે જ્યારે કોઈપણ ધર્મવિરોધી તેઓશ્રીના સંગમાં આવતો ત્યારે ત્યારે ભલે શ્રીમંત હોય કે કંગાળ હોય, તો પણ તેને તેની ભૂલ સ્પષ્ટપણે જણાવી દેવાની નિડરતા હતી. તેની શ્હેમાં અંજાઈ જઈ અગર તેને ખોટું લાગશે એવા ભયથી અયોગ્યને યોગ્ય કદાપિ માનતા ન હતા. વળી કોઈપણ સાધુ અગર ગૃહસ્થ ઉન્માર્ગનો પ્રચાર કરી ધર્મથી ભ્રષ્ટ કરનાર તેઓશ્રીની પાસે જતાં ધ્રૂજતો હતો. ખરેખર આવા મહાનપદે બીરાજનારનું એ મુખ્ય કર્તવ્ય છે કે જ્યારે જ્યારે ધર્મની હાનિ થતી હોય, ધર્મ વિરૂદ્ધ પ્રચારકો ઉત્પન્ન થતા હોય, ઉન્માર્ગીઓ અનેકોને ફસાવવા પોતાની દંભજાળ બીછાવતા હોય ત્યારે ત્યારે કોઈપણ ઉપાયે પોતાની શક્તિનો વ્યય કરી તેનો સામનો કરી તેના કાર્યોથી તેમને અટકાવી ભોળા જનોને ફસાતા બચાવી લેવા તનતોડ પ્રયત્ન કરવોજ જોઇએ. ધર્મશાસ્ત્રકારો પણ એજ વાતને પુષ્ટ કરતાં લખે છે કે—

धर्म ध्वंसेक्रुपालोपे स्वसिद्धान्तार्थविप्लवे ।
अपृष्टेनाऽपि शक्तेन, वक्तव्यं तन्निषेधकम् ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

जैनधर्मद्विषोदुष्टान्संघारिष्टविधायिनः
जिनाज्ञाराधकः साधुः स्वशक्त्यावारयेदिह ॥
उपेक्षते स्वसामर्थ्ये, सति य स्तान्पुनर्नरः ।
वम्भ्रमीति भवे घोरे, स जिनाज्ञाविराधकः ॥

**અર્થ**—ધર્મનો ધ્વંસ થતો હોય, દયાનો લોપ થતો હોય અને પોતાના શાસ્રના અર્થનો વિપ્લવ થતો હોય ત્યારે, કોઇના કહ્યા વિના શક્તિસંપન્નપુરૂષે તેનો નિષેધ કરવો જોઇએ.

જૈનધર્મના દ્વેષીઓને, દુષ્ટોને, અને ચતુર્વિધ સંઘનું બુરૂ કરનારને જીનેશ્વરભગવાનની આજ્ઞાને આરાધન કરનાર સાધુએ પોતાની શક્તિથી વારવાજ જોઇએ.

જે માણસ પોતાની છતિશક્તિએ તેઓની ઉપેક્ષા કરે છે તે જીન આજ્ઞાનો વિરાધક હોઈ ઘોર સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે. લૌકિક રીતી એ પણ રાજા પ્રજાનો અન્યાય જોઈ અન્યાય કરનારાઓને શિક્ષા કરે છે અને જો તેમ ન કરતા માત્ર તેમની ઉપેક્ષા કરે અગર તેમની પીઠ થાબડે તો તેવો રાજા શું રાજ્યપદ ઉપર શોભી શકે ખરો ? જેવી રીતે રાજા મહારાજાઓની પ્રજાનું રક્ષણ કરવાની, અન્યાયીને શિક્ષા પ્રદાન, ન્યાયીઓને ન્યાય આપવાની પ્રવૃત્તિઓ પ્રશસ્ય ગણાય છે, તેમ પ્રભુદેવાધિદેવમહાવીરભગવાનના શાસનમાં પણ આચાર્યો રાજાને સ્થાને હોઈ તેમની પણ એવી શુભ પ્રવૃત્તિ નિયમિત હોવીજ જોઇએ. ઉક્ત ચરિત્ર નાયકની પણ પ્રવૃત્તિ તેવીજ ઉત્તમ હતી. તેઓશ્રીના પરિચયમાં આવેલ સાધુ, શ્રાવકો તેમની કંગાળ અને ધનાઢય પર એકજ અને સમતોલ અનુભવાતી વૃત્તિ હજીસુધી વીસરી શકયા નથી. અર્થાત તેમના હૃદયપટ ઉપર કાયમજ છે.

અસત્ય માર્ગના ખંડનથી સંપ્રાપ્ત કરેલ સમ્યક્ત્વગુણની નિર્મળતાની શ્રીમાન્ વિજયનેમિસૂરિજી મહારાજ પણ સ્વમુખારવિન્દથી પ્રશંસા

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

કરતા હતા કે નિસ્પૃહતાનો અને સાચે સાચી વાત ઝટ કહી દેવાની ધર્મ ધગશનો ગુણ તો શ્રીમાન્ કમલસૂરિજીમાં અજબ જોવામાં આવે છે. પર સમુદાયના સાધુઓ પણ જેઓની શાન્તમુદ્રા અને નિસ્પૃહતા જોઈ ઝુકી પડતા હતા.

## નવીનમત.

જીનેશ્વરદેવના શાસનમાં પ્રથમ એકજ અને સર્વ માન્ય સિદ્ધાન્ત કથિત ધર્મપ્રચાર હતો. પરંતુ કાલક્રમે અલ્પબુદ્ધિના કારણે અગર કલહ કદાગ્રહથી સ્વકપોલ કલ્પિત મતો સ્થાપન થતા જાય છે. અને તેવા મતોનો જન્મ અભિમાન અને અજ્ઞાનતાથીજ થાય છે અને તેથીજ અભિમાની પુરૂષો પોતાની અજ્ઞાનતાને કબુલ કરવાની શકિતના અભાવે પોતાના માનને ખાતર ખોટા કુતર્કોદ્વારા વાગ્જાળોથી ભોળી દુનિયાને યદ્વા તદ્વા સમજાવી તેને સિદ્ધ કરી આગળ ધપાવે છે. એકજ શાસ્ત્રમાં અને એકજ વિષયમાંથી પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લીધે ભિન્ન ભિન્ન અર્થો તેના વાંચનારા તરફથી ખડા કરવામાં આવે છે. અને એમ થતાં યોગ્ય ગીતાર્થ ગુરૂવરોની પાસે જઈ ખુલાસો નહિ મેળવવાની આદતવાલાઓ પોતાનું જ સમજેલું સાચું માની અનેકોને તે મનાવવા પ્રેરાય છે. પરિણામે ઝુકનેવાલા અને ઝુકાનેવાલા સંસાર સપાટીની રખડપટ્ટીને સ્વીકારી લે છે. શાસ્ત્રો એ ગહન અને બારીક વસ્તુ છે. તેને સાંગોપાંગ સમજી જવા માટે આપણી અલ્પમતિ શું કામ કરી શકે ? આવા શુભ વિચારથી વાંચનારાઓ અર્થનો અનર્થ કરતા અટકી શકે છે. પણ બુદ્ધિથી ગર્વીષ્ટ થયેલ ઉન્મત્ત વ્યકિત ગૃહસ્થજીવનમાં પોતાનો અધિકાર ન હોવા છતાં પણ આગળનાં શાસ્ત્રોને વાંચી તેના ઉંધા અર્થ કરી તેનો પ્રચાર કરનાર, શાસ્ત્રનો અને પોતાના આત્માનો કટ્ટો શત્રુ છે. નવીન મતો કાઢવામાં બુદ્ધિમત્તા નથી પરંતુ એ સત્ય સતને આગમાનુસાર સિદ્ધ કરી બતાવવામાં અને તેમ ન થઈ શકે તો ખોટાને તીલાંજલી આપી સાચા મતને નિષ્પક્ષપાતપણે પાછો સ્વી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારવામાંજ વાસ્તવિક બુદ્ધિમત્તા છે. જ્યારે જ્યારે જૈનસમાજમાં નવીન મતોના અંકુરા ફુટ્યા છે, ત્યારે ત્યારે તે અંકુરાઓનો વિનાશ કરવા મહા પુરૂષો પણ તૈયારજ રહ્યા છે. એકમત પકડયા પછી જનતા સમક્ષ અસત્ય છે એમ સિદ્ધ થાય તોપણ તેને છોડી નિર્દોષમતનો સ્વીકાર કરવો અતીવ કઠીન છે. માત્ર ગદ્દાપુછ પકડી રાખી હમારા મતાવલંબીઓ કેમ વધે એવી તાલાવેલી લાગતાં યેનકેન પ્રકારેણ પ્રપંચો ખેલાય છે. મતના સ્થાપન કરનારા તો એક દિવસ પરલોકમાં સીધાવી જાય છે પરંતુ તેમના તરફથી ગદ્દાપુછને પકડાવેલ તેમનો ભક્તગણ બાલીશતાથી સત્ય વસ્તુનો વિરોધ ચાલુ રાખે છે. આમ અનેક જીવો એકજ વ્યક્તિના નિમિત્તે ઉત્સૂત્રના ભાગી બને છે. કેટલીક વખત એમ પણ બને છે કે જે લોકો ઈરાદાપૂર્વક કોઈ નિમિત્તને પામી ખોટા મતને પ્રચારનારા છે તેઓને સુધરવાની તક સાંપડવી સુલભ છે પરંતુ તેના અનુયાયીઓ માટે એ તક દુર્લભ થઈ પડે છે. હલુકર્મી અને બુદ્ધિશાલી આત્મા તો એજ વિચારે છે કે જે વસ્તુને આપણા નિઃસ્વાર્થ તીર્થંકર–ગણધર અને પૂર્વાચાર્યોએ પ્રરૂપી સિદ્ધાન્તોમાં લખી છે, તેનાથી નવીન તુત ઉભું કરવું એ શાસનનો તથા આત્માનો દ્રોહ નહિ તો બીજું શું છે? અને એવા મત સંચાલકો શાસનમાં અંગારા હોઈ વૈર–ઝેર–પરસ્પર ઝઘડા અને દ્વેષાગ્નિને જગાડનાર હોય છે.

**કુમત પ્રચાર.**

એક રાયચંદ નામના ગૃહસ્થે અનેક કુવિકલ્પોની જાળથી નવો મત પ્રચાર કરવો શરૂ કર્યો હતો. અજ્ઞાન મનુષ્યોને પોતાના મતાવલંબી બનાવવા વિચિત્ર તર્કવિતર્કો કરી સ્વબુદ્ધિનો દુર્વ્યય કરી સર્વજ્ઞના સિદ્ધાન્તોમાં પણ અનેકને શંકિત બનાવતો હતો. એક તો ગૃહસ્થજીવન અને અનધિકારપણામાં આગમનું વાંચન એટલે ઉન્માર્ગ પોષવામાં કમીના શી રહે? સર્વ ગુણ સંપન્ન એવા ભગવાન્‌માં પણ અપલક્ષણ કયાં ઓછાં છે. વિગેરે વાકયોથી ભગવાનને પણ દૂષિત ઠરાવવા તૈયાર થયો હતો. જાણે દુનિયાના બધા ધર્મો એનેજ ન વર્યા હોય એવો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્કૃષ્ટ આકર્ષક ડોળ રાખતો હતો. અનેકોને કહેતો હતો કે આ સમયે તીર્થંકર ન થવાય એવું કાંઈ નથી. હું ઉચ્ચ શ્રેણીમાં ચઢયો છું. અને થોડા દિવસની વાર છે, કાંઈ નવુંજ જોશો. અને હું ધારૂં છું કે તે પ્રગટ થયા પછી હું કાંઈ નવુંજ કરવા માગું છું. આવી ઉત્સૂત્રમય વાતો કરી આગમ વિરૂદ્ધ જેમ તેમ બકી સ્વચ્છંદાચારથી સ્વમત ચલાવવા પ્રેરણા કરતો હતો, કેટલાક અંધશ્રદ્ધાળુઓ (Blind followers.) પચ્ચીશમા તીર્થંકર તરીકે તેને ગણાવવાની અંધાધુની ચલાવતા હતા. આંધળાને હૈયા ફૂટા મળીજ રહે છે. આમજ અનેક મતભેદો પ્રભુ મહાવીર પછી પડતા ગયા. કારણકે અલ્પ બુદ્ધિવાલા તરંગી પુરૂષો સિવાય તારક પ્રભુના માર્ગને ભૂલી આવા અલ્પજ્ઞોના પરસ્પર વિરોધવાળા કલ્પનાજન્ય માર્ગને માનવા બીજા કોણ તૈયાર થાય?

## વિરોધ.

સૂરિશેખર પૂ. વિજયકમલસૂરીશ્વરજી મહારાજને આ વિષયના સમાચાર મળતાં તેઓશ્રીના હૃદયમાં ધર્મ ધગશ ઉભરાઈ આવી. અને વ્યાખ્યાન સમયે રાયચંદ્રના નવા મત માટે પ્રતિબંધ કરવા અનેક યુક્તિ પ્રયુક્તિ અને શાસ્ત્રની વાતોથી શ્રોતાજનોને સુજ્ઞાત કરી એ મત તદ્દન ધર્મ વિરૂદ્ધ છે એમ સિદ્ધ કરી બતાવ્યું હતું. અને જણાવ્યું હતું કે દરેક ઉત્સર્પીણી અને અવસર્પીણી કાળમાં ચોવીશ તીર્થંકરથી વધુ થતાજ નથી એ અનાદિકાળનો અબાધિત સિદ્ધાંત છે. પચ્ચીશમા તર્થંકર તરીકે પોતાની જાતને મનાવનારા તથા માનનારા કેવળ અજ્ઞાનશિરોમણી છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

આ હુંડા અવસર્પીણી કાળમાં આવા તો અનેક ધર્મ વિડંબકો પાકશે. અને એવાઓને સાચા ત્યાગી મુનિવરો તેમના નગ્નસ્વરૂપમાં જન સમક્ષ જાહેર કરી અનેક જીવોને અધર્મના ખાડામાં પડતા બચાવશે પણ ખરા, વિગેરે બાબત સમજાવી અનેકોને એ નવા મતમાં ઝંપલાતા બચાવી લીધા હતા. અનેક શહેરમાં તથા ગામોમાં પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગીરથ પ્રયત્ન દ્વારા એ મતના પ્રચારનો વિરોધ કર્યો હતો. કેમકે હમણાંજ આગળ ઉપર શ્લોકમાં જણાવ્યા મુજબ ધર્મનો નાશ થતો હોય, દયાનો લોપ થતો હોય અને સ્વસિદ્ધાન્તનો વિપ્લવ થતો હોય ત્યારે વિના પુછે પણ તેનો વિરોધ કરવા સજ્જ થવું એ પ્રભાવક આચાર્યોનું કર્તવ્ય છે. સ્વઆશ્રિતો ઉન્માર્ગમાં ગમન કરતા હોય તો તેમને રોકવા તેમના રક્ષક તરફથી પ્રયત્ન ન કરવામાં આવે તો તે રક્ષક નથી પણ ભક્ષકની કોટિમાં ગણાય છે. ચરિત્રનાયક ઘણી વખત કહેતા હતા કે મીઠું બોલનારા વૈદ્ય, મંત્રી, અને ધર્મગુરૂઓ અનુક્રમે દરદીનું, રાજાનું, અને ભક્તજનોનું અહિત કરનારા હોય છે. **सच्च मीरच जूठ गुड** એટલે સાચી વાત દુનિયાને મરચાં જેવી અને જુઠી વાત ગોળ જેવી લાગે છે. એ વાક્ય પણ એઓશ્રીનું રૂઢ હતું. દુનિયાને ગમે કે ન ગમે પરંતુ સત્યોપદેશકે તો સત્યજ જણાવવું રહ્યું.

## શાન્તિ.

પૂ. આચાર્ય મહારાજ જ્યારે જ્યારે ધર્મ વિરૂદ્ધ પ્રવૃત્તિઓને સાંભળતા ત્યારે ત્યારે તેઓશ્રીના હૃદયમાં બહુજ આઘાત પહોંચતો હતો. સાથે સાથે તેવી પ્રવૃત્તિઓને પહેલી તકે અટકાવવા કટીબદ્ધ થઇ તનતોડ પ્રયત્ન પણ કરતા હતા. અનેક પ્રકારની પ્રતિકૂળતામાં પણ ઉપસર્ગોનો સામનો કરી શાસનસેવા બજાવવી એ તો તેઓશ્રીનું મુખ્ય ધ્યેય હતું. કદાચ સત્ય વસ્તુને બતાવતાં સત્યોપદેશકની પ્રકૃતિ જ્વલંત થાય તો એ ક્રોધ નથી પરંતુ રગેરગમાં રહેલો ધર્મપ્રેમજ છે. તેમજ છતીશક્તિએ શાસનવિરોધી તરફથી થતા ધર્મ હુમલાનો પ્રતિકાર નહિ કરનારા તથા શાંતિના ઓઠા નીચે તેમની ઉપેક્ષા કરનારામાં જૈનશાસન પ્રત્યે તેમનો રાગ છે એમ માનવું પણ ભૂલ ભરેલું છે, ધર્મવિરોધીનો પ્રતિકાર એ કાંઇ વ્યક્તિગત દ્વેષ નથી પણ સ્વપર આત્માના કલ્યાણની અપૂર્વ ભાવના છે. જેમ કોઈ મનુષ્યના ઘરમાં પેઠેલો ચોર તેનું જ્યારે ધન લઈ બહાર નીકળવા તૈયાર થાય છે, તે સમયે તેનો માલીક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચોરને પકડે, શિક્ષા કરે. બૂમો પાડે એથી તે માણસ દ્વેષી–ઝઘડાખોર, અગર અન્યાયી સિદ્ધ થઈ શકતો નથી. તેમજ જ્યારે જૈનશાસનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાનો અનાદર કરનારા ધર્મ લુંટારાઓ પેસે છે, ત્યારે જેમની નસેનસમાં વીતરાગ શાસન ઓતપ્રોત થયું છે તેવા શક્તિ સંપન્નગુરૂવરો તે લુંટારાઓ પાસેથી લુટાતા ધર્મ ધનને બચાવવા જે કાંઈ કરે તે યોગ્યજ કરે છે, અને તેથી તેઓ દ્વેષી ઝઘડાખોર, અગર અન્યાયી ત્રણે કાળમાં સિદ્ધ થઇ શકે એમ નથી. જે ધર્માચાર્યો અગર મુનિવરો ઉપરોક્ત ફરજને ભૂલી જઈ જમાનાના પ્રવાહમાં તણાઇ શાંતિના પેગમ્બર થઈ શાંતિનો પેગામ પાઠવનારા હાજી હા કરનારા વીતરાગ પ્રભુના અનન્ય શાસનની સેવાની અમૂલ્ય તકને ગુમાવી દે છે. જ્યારે રાયચંદને ઉત્તેજન આપનાર શીવજીએ લાલનની પ્રભુમંદિરમાં પૂજા કરી તેથી શ્રી સંઘે ઘણે સ્થળેથી સદોષ ગણી ઉભયને સંઘ બહાર કર્યા હતા. પણ પોતાના આશ્રિત મુનિ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીએ તથા મુનિશ્રી વલ્લભવિજયજીએ તેવાઓને નિર્દોષ જાહેર કરવાથી પોતાના સંઘાડાના નામી સાધુઓથી પણ જે પૂ. આચાર્યશ્રીએ વ્યવહાર બંધ કર્યો હતો. જ્યાંસુધી જાહેર છાપામાં માફી નહિ માગે ત્યાંસુધી વ્યવહાર બંધ રાખવા તેઓશ્રીનો અડગ નિશ્ચય હતો અને તેથીજ ખાનગી માફીને પસંદ નહિ કરી હતી, નિઃસ્પૃહતા, નિડરતા અને શાસન સેવાની ધગશનો આ સચોટ પુરાવો છે.

## વિરોધમાં જય.

રાયચંદના નવીન મતને રોકવા ઉપદેશ માટે જ્યાં જ્યાં જેવી પદ્ધતિની આવશ્યકતા પડી તેવી તેવી રીતે નવા વધતા સેંકડો મતાવલંબીઓને તેમાં જતાં રોક્યા. તથા એ મત કલ્પનાજન્ય, શાસ્રવિરૂદ્ધ, અને કેવળ પ્રપંચજાળ છે એ વાતને સચોટ કરી. પાટણથી અનેક ઉપકાર કરી ચાતુર્માસ બાદ અનેક શિષ્યપરિવાર સાથે વિહાર કરી ગુજરાતના અનેક ગામોમાં સસત્કાર પધારતાં જૈન જૈનતરોને પ્રતિબોધ આપતા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પવિત્રપદ કમળથી પૃથ્વીતલને પાવન કરતા સુપ્રસિદ્ધ વડોદરા શહેરમાં પધાર્યા.

**અદ્‌ભૂત સ્વાગત.**

આચાર્ય મહારાજશ્રીના આગમનના સમાચાર મળતાં કેટલેક દૂર સુધી વડોદરાના શ્રાવકો સન્મુખ ગયા હતા. હાથી, ઘોડા, વિવિધપ્રકારના વાદ્યો, ધ્વજા, તોરણ આદિથી શોભતાં ભવ્ય વરઘોડાથી દબદબા ભર્યું સ્વાગત કર્યું હતું. ઉપાશ્રયે પધારતા આચાર્યશ્રીએ ગંભીર ધ્વનીથી મંગલાચરણ કરી, વિવિધ તત્વમય વૈરાગ્યવાહિની દેશના આપી હતી. જે દેશનાએ શ્રોતાવર્ગમાં અભૂતપૂર્વ આનંદ ફેલાવ્યો હતો. અત્રેની શહેરી અને વિલાસીપ્રજા હોવા છતાં હમેંશ વ્યાખ્યાનનો લાભ લેવા ચુકતી ન હતી.

અત્રેના આગેવાનો સદ્‌ગૃહસ્થોની આગ્રહ ભરી વિનતિથી મહારાજશ્રી ૧૯૬૯ નું ચોમાસુ ત્યાંજ કર્યું. વડોદરાના ચાતુર્માસમાં તપશ્ચર્યા, ધર્મપ્રભાવના વિગેરે અનેક સ્તુત્ય કાર્ય થયાં હતાં.

**વિહાર.**

વડોદરાથી વિહાર કરી છાણી, ઉમેટા, બોરસદ વિગેરે ગામોમાં શેષ કાળમાં થોડા થોડા દિવસ રહી અનેકોને ધર્મમાં ઉત્તેજિત કર્યા હતા. જ્યાં જ્યાં મહારાજશ્રી પધારતા ત્યાં ત્યાં તેમનું ગૌરાંગ, લલાટનું ઓજસ, સૌમ્ય ભવ્યમુદ્રાને નીરખી લોકો જાણે કોઈ રાજવંશી પુરૂષ ન હોય એમ કલ્પના કરતા હતા. ચરોતર જીલ્લામાં ઘણા સમય સુધી વીચર્યા. વિહાર દરમ્યાન કોઇપણ જાતિનો પુરૂષ મહારાજશ્રીના સમાગમમાં આવતો તો તેને દયાનો ઉપદેશ ખાસ આપતા હતા, તેઓશ્રીના ઉપદેશના પરિણામે સેંકડો માણસોએ ચોરી, શિકાર, મદિરાપાન, માંસાહાર, પરસ્ત્રીગમન વિગેરેના નિયમો સ્વીકાર્યા હતા. આ પ્રમાણે અગણિત ઉપકારને કરતા ગુણનિધાન સૂરિપુંગવ ખંભાત નજીકના ગામમાં આવી પહોંચ્યા,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ખંભાતમાં ઉત્સાહ.

પૂ. આચાર્ય મહારાજ શ્રી ખંભાતની નજીકમાં આવી પહોંચ્યા છે, એ શુભ સમાચાર ખંભાતની જૈન જનતાને મળતાં અનેક પ્રકારના વાહન દ્વારા દર્શનાર્થે જઈ પહોંચ્યા. અને પ્રમાદની નિદ્રામાં ઘોરતી ત્યાંની જનતાને જાગૃત કરવા પધારવા અત્યંત આગ્રહ ભરી વિનતિ કરી. તેમના પ્રબલ પુણ્યોદયે તે વિનતિ આચાર્યશ્રીએ સ્વિકારી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૯ મું.

## ખંભાતમાં પ્રવેશ.

પ્રૌઢપ્રતાપી ચરિત્રનાયક ખંભાતના સંઘના અત્યંત આગ્રહને સ્વીકારી ત્યાં ભવ્ય પ્રવેશ મહોત્સવપૂર્વક સેંકડો સ્ત્રી પુરૂષોના જયનાદ સાથે પધાર્યા હતા. અત્રે પણ ધર્મ દેશનાથી અનેકના હૃદયોમાં પાપના પશ્ચાત્તાપ સાથે બહુજ ઉંડી અસર થઈ હતી. અનેક ભવ્યજનોને આ જૈનાચાર્ય પુંગવની ત્યાગ વૃત્તિ, પઠનપાઠનની પ્રવૃત્તિ, અને હસમુખો ચહેરો મુગ્ધ બનાવતો હતો. અને અમૃત સ્યંદિનીવાણી અજબ અસર પેદા કરતી હતી. સં. ૧૯૬૯ નું ચાતુર્માસ અત્રેજ થયું. ચાતુર્માસ દરમ્યાન અષ્ટાન્હિકા મહોત્સવ, તપશ્ચર્યા, સાધર્મિક વાત્સલ્ય, દેવદ્રવ્યાદિની આવક વિગેરે અનેક સ્તુત્ય કાર્યો થવા પામ્યાં હતાં, ચાતુર્માસ સંપૂર્ણ થયા બાદ પરમપૂનિત શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ જવાની મહાન્ ભાવના જાગ્રત થઈ.

## પુનિત તીર્થ.

અનુપમ અને સાન્વય નામને ધારણ કરનાર શ્રી શત્રુંજય તીર્થનું નામ સુણતાં માત્ર સૌ કોઈ ભવ્યજીવને અદ્‌ભૂત આનંદ પ્રકટ થાય છે. એ તીર્થનો અચિંત્ય અને અપૂર્વ મહિમા છે કે હજારો કોષથી અનેક વ્યવસાયોને છોડી, સંગ્રહ કરી રાખેલી લક્ષ્મીના મોહને તોડી, તેને સાતક્ષેત્રમાં જોડી, લાખ્ખો મનુષ્યો દર્શનાર્થે દોડી, ઘોર કર્મના ઘટને ફોડી નાંખે છે. અનેક મહામુનિઓ પણ આ પવિત્ર તીર્થની યાત્રાએ મોટા સંઘની સાથે શાસનની પ્રભાવનાને ફેલાવતા પધાર્યા છે, પધારે છે અને પધારશે. દેવ દેવેન્દ્રો પણ આ તારક તીર્થની પવિત્ર ભૂમિના સ્પર્શને તથા દિવ્ય જ્યોતિમય શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિના દર્શનને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણે છે. દુનિયાના સઘળા તીર્થોમાં આ તીર્થનો નંબર પહેલો આવે છે. કર્મભૂમિના પંદર ક્ષેત્રોમાંથી માત્ર જંબુદ્વિપના ભરતક્ષેત્રનેજ શત્રુંજય તીર્થની હયાતીથી ગૌરવ લેવાનું અભિમાન ઘટે છે. જે માણસ આ પવિત્ર તીર્થને ભેટયો નથી તે હજી ગર્ભાવાસમાંજ રહ્યો મનાય છે. વળી શત્રુંજય તીર્થના ભાવથી દર્શન કરનારા જનો ભવ્યતાની મહોર છાપ મેળવી શકે છે. અંહીની પવિત્રભૂમિનો પ્રભાવજ એવો છે કે ઘોર પાપીઓને પણ સહેજે નિર્મળ ભાવના જાગતાં વાર લાગતી નથી. અંહીના પવિત્ર મહાત્માઓના ચરણ કમળથી સ્પર્શાયલા પુદ્ગલોનો સ્પર્શ માત્ર પૂનિત બનાવે છે. જીનેશ્વર ભગવાનના પ્રાસાદો પણ ગગન ચુંબી છે. અને તેમાં બીરાજતી પ્રતિમાઓ નિસ્સીમ તેજનું ધામ છે. એટલે જૈનેતરોને પણ આ તીર્થ ઉપરની શોભા અને વ્યવસ્થાના દર્શન કરતા હૃદયમાં હર્ષ ઉત્પન્ન થાય છે. એક નહિ, સો નહિ, હજાર નહિ, લાખ્ખો પણ નહિ કિન્તુ અનંત આત્માઓ આ પવિત્રતમ તીર્થની શિતળ છાયામાં શિવરમણીને વર્યા છે. એટલુંજ નહિ પણ જે તીર્થ પર કાંકરે કાંકરે અનંત સિદ્ધ થયા મનાય છે, વળી આ તીર્થ શાશ્વત છે. ઘેર બેઠા જે ગિરિવરનું નામ માત્રનું સ્મરણ પૂનિત બનાવે છે તો પછી તેનો સ્પર્શ અને દર્શન બેડો પાર કરે એમાં આશ્ચર્ય શું? માનવોને તો આ તીર્થ ઉપર સદ્ભાવ હોય એ સ્વભાવિક છે કિન્તુ- તીર્યંચો પણ એ ગિરિ ઉપર સદ્ભાવ રાખી એની સેવાથી પરંપરાએ શિવ સુખના ભાગી થાય છે. આવા અપૂર્વ વૈભવવાલા શૈલમુકુટ શ્રી સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવાની ઉગ્રભાવના ગુરૂદેવના હૃદયમાં પ્રગટી અને વાચકપ્રવર શ્રીમદ્ વીરવિજયજી મહારાજ આદિ પરિવાર સાથે તીર્થપ્રતિ પ્રયાણ કર્યું.

## શત્રુંજયપ્રતિ પ્રયાણ.

ખંભાતથી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અનેક ભવ્યાત્માઓને જૈન ધર્મની મહત્તા સમજાવતા, જૈનેતરોને પણ અનેક અભક્ષ્ય પદાર્થોનો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગ કરાવતા સિદ્ધાચળ સન્મુખ સદ્‌ભાવનાથી સત્વર પ્રયાણ કર્યું. કેટલેક દૂરથી સિદ્ધાચળજી તીર્થના દર્શન જાણે ચિરકાળથી ગુમ થઈ ગયેલા નિધિની પુનઃ પ્રાપ્તિ ન થઇ હોય? તેમ સંતુષ્ટ હૃદયે અને હર્ષિતવદને શિર ઝુકાવી ઝુકાવીને નમ્યા. અનેક સ્તવનો દ્વારા સ્તુતિ કરી અનુક્રમે શૈલરાજની આસન્ન ભુમિમાં આવી પહોંચ્યા. ન્યાયાંભોનિધિ, પંચાલ દેશોદ્ધારક શ્રીમાન્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ ( આત્મારામજી મહારાજ) ના અનન્ય પટ્ટાલંકાર પધારે છે. બસ એટલા સમાચાર સંભળાતા પાલીતાણાના સંઘમાં અપૂર્વ ઉત્સાહ ઉભરાયો. અને તેઓએ આચાર્યશ્રીનો ભવ્ય સામૈયાથી પ્રવેશ કરાવ્યો હતો. મહારાજ શ્રીની વૈરાગ્ય સ્યંદિની, ત્યાગવાહી, અનુપમ દેશનાને સાંભળી અપૂર્વ આનંદ પામ્યા હતા.

## ભવ્ય મૂર્તિના દર્શન.

ઉઠતાં બેસતાં જાગૃત અગર નિદ્રાવસ્થામાં મનમાં અને મુખમાં રાત્રિએ અને દિવસે જેનું હૃદયમંદિરમાં ચિંતવન થતું હોય, સ્મરણ થતું હોય તે પદાર્થની પ્રાપ્તિ હર્ષ સાગરને ઉભરાવે તેમાં આશ્ચર્ય શું? ગિરિરાજની શિતલ છાયામાં આવતા ગુરૂદેવના હૃદયમાં સદ્‌ભાવનાનું પુર ઉભરાયું. અને સહર્ષ અનેક સાધુ મંડળની સાથ ગિરિવરના મહાત્મ્યનું સ્મરણ કરતા, ડુંગર ચઢવા દોહીલો, ઉતરવો છે સહેલ. એ વાક્યને યાદ કરતા મૂળનાયક શ્રીરૂષભદેવ ભગવાનના મંદિરમાં આવી પહોંચ્યા, મૂર્તિના દેખવા માત્રથી નમો જિણાણં કહી સહર્ષ મસ્તક ઝુકાવી મધુર સ્વરથી પ્રભુના ગુણગાનમય ભાવવાહી અનેકશઃ સ્તુતિ કરી માનવા લાગ્યા કે અહો કેવો આનંદ? આજે મારો માનવ જન્મ કૃતાર્થ થયો. મારી સંયમ આરાધના, તપશ્ચર્યા, અને ક્રિયાઓ વિગેરે આજે સફળ થયાં. પ્રભુ દર્શનના આગળ દેવોના સ્વર્ગીય સુખનો આનંદ તુચ્છ ભાસવા લાગ્યો. ભાવની એકાગ્રતા, પ્રથમ જિનેશ્વરના પવિત્ર દર્શન અને શત્રુંજયની પવિત્ર ભૂમિ આ બધો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપૂર્વ યોગ બન્યો હતો. અનેક સુભાવનાથી ગિરિરાજ પર બીરાજમાન સંખ્યાબંધ ભવ્ય પ્રતિમાઓનાં વિવિધ સ્તુતિ દ્વારા સ્તવના, અને દર્શન કરી હર્ષઅશ્રુમિશ્રિતનયને સપરિવાર નીચે ઉતર્યા. અમુક દિવસ પાલીતાણામાં રહી ત્યાંની પ્રજાને અને યાત્રાળુ વર્ગને ભાવવાહી વ્યાખ્યાનનો લાભ આપ્યો હતો.

## સીહોરમાં પ્રવેશ.

સકલાગમ વેદી, સદ્ધર્મરક્ષક, શાસન શીરતાજ પૂ. વિજયકમલ સૂરીશ્વરજી મહારાજ પાલીતાણાથી વિહાર કરી સૌરાષ્ટ્ર ભૂમિમાં વિચર્યા. વિહાર દરમ્યાન અનેક ગામોના ભવ્ય જીવોને માનવ જીવનની મહત્તા સમજાવતા, ધર્મોપદેશથી તેઓના જીવનને કૃતાર્થ કરતા, સિહોર નજીક આવી પહોંચ્યા. આ સમાચાર સિહોરના સંઘને પ્રાપ્તથતાં અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થો મહારાજશ્રીને પધારવાની વિજ્ઞપ્તિ માટે આવી પહોંચ્યા હતા. અનેક લાભના કારણ બતાવવાથી મહારાજશ્રીએ તેમની વિનતિનો સ્વીકાર કર્યો હતો. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થતા સૌ કોઇને આનંદ થયો. પધારવાના મુકરર દિવસે બાળ–યુવાન વૃદ્ધ સૌ કોઈ આચાર્યશ્રીના સન્મુખ ગામ બહાર જઈ પહોંચ્યા. વાસણના માંડવાથી ધ્વજા તોરણ વિગેરેથી શહેરના ભવ્ય લત્તાને શણગારી, ઝાંજ (કાંસી જોડા) દાંડીયારસથી ગુણગ્રામ કરતા સામૈયાની શોભાને વધુ દેદીપ્યમાન કરી, ત્યાંની પ્રજાએ આચાર્યશ્રીનો ભવ્યસત્કારથી પ્રવેશમહોત્સવ કરાવ્યો હતો.

## ગંગ પ્રવાહ.

સ્ત્રી પુરૂષોની મોટી મેદિનીથી ગુરૂદેવના આગમનના પહેલા, ઉપાશ્રય ચીકાર ભરાઈ ગયો હતો. જયનાદ સાથે વ્યાખ્યાનપીઠને અલંકૃત કરી મધુરનાદે મંગલાચરણ કર્યાબાદ પૂ. આચાર્ય મહારાજશ્રીએ નિર્મલ ગંગાના પ્રવાહ સમાન દેશનાનો પ્રારંભ કર્યો. ગુરૂદેવની દેશનાનો પ્રવાહ ગંગાના પ્રવાહ કરતાં અધિક ઉપકાર કરનાર હતો, કેમકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ગંગાનો પ્રવાહ માત્ર પૌદગલીક શુદ્ધિનેજ કરનાર છે, જ્યારે દેશના રૂપી ગંગ પ્રવાહમાં સ્નાન કરનારા જનો અનાદિ કાળથી આત્મા સાથે લાગેલ કર્મમેલને ધોઇ નાંખી વાસ્તવીક નિર્મળતાને પ્રાપ્ત કરી શકે-છે. એવી ગુરૂદેવના મુખરૂપી પર્વતમાંથી નીકળેલી અપૂર્વ દેશનારૂપી ગંગાના પ્રવાહમાં સ્નાન કરતા અનેકની આધિ વ્યાધિ અને ઉપાધિના તાપો શાન્ત થયા છે અને થાય છે. મહારાજશ્રીના સહવાસથી ત્યાંની જનતામાં અનેક પ્રકારની નિર્મળતા પ્રગટવા સાથે દેવગુરૂ ધર્મ પ્રત્યે અનન્ય ભક્તિ જાગૃત થઇ. સુગુણો કોને આકર્ષણ કરતા નથી ? નિઃસ્પૃહી અને સાચા ત્યાગી મુનીવરો ગમે ત્યાં જાય ત્યાં તેઓના ગુણોના પ્રભાવે લોકોમાં બહુમાન સત્કાર ભક્તિ અને વિનય પ્રગટ થાય એ તદન સ્વભાવિક છે. કસ્તુરીની સુગંધને કાંઈ સોગન ખાવાથી સિદ્ધ કરવી પડતી નથી. પરંતુ સ્વયં તેની મહેક કસ્તુરીની સાબીતી આપે છે તેમ ગુણી પુરૂષો અને ત્યાગી મહાત્માઓને પોતાના ગુણો સ્વયંગાવા કે અન્ય પાસે ગવડાવવા પડતા નથી. પરંતુ ગુણો કે અવ-ગુણો કદાપિ છુપા રહી શકતા નથી, પરંતુ આપો આપ પ્રગટ થઇ જાય છે.

**રત્ન પરિક્ષા.**

આચાર્ય મહારાજશ્રીની સુમધુર દેશના પ્રતિદિન ચાલતી હોવાથી સેંકડો મનુષ્યો રસ પૂર્વક શ્રવણ કરતા હતા અને તેથીજ અનેક, હૃદયમાં પાપ પશ્ચાતાપ થવા સાથે સાદર ધર્મ ક્રિયામાં પણ જોડાવા લાગ્યા. સૌ કોઈ ગુરૂ મહારાજના સુંદર વ્યાખ્યાનોને, નિખાલસ પ્રવૃત્તિઓને પ્રશંસતા હતા. સમય નજીક આવતાં ચાતુર્માસ માટે અત્યંત આગ્રહ થતાં આચાર્ય મહારાજશ્રીએ ૧૯૭૦ નું ચાતુર્માસ ત્યાં રહેવા સ્વીકાર્યું. આ સમાચારની આજુ બાજુના ગામડામાં ખબર પડતા ચાતુર્માસ રહેવા માટે પણ કેટલાક આવ્યા હતા. અને પોતાની ચંચળ લક્ષ્મીનો સદ્કાર્યોમાં વ્યય કર્યો હતો, વળી બહારથી આવેલ સાધર્મિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભાઇઓનું વાત્સલ્ય કરવામાં શિહોરના શ્રાવકોની અપૂર્વ ભક્તિ હતી. બુદ્ધિશાલી ઝવેરીઓને રત્નની પરિક્ષા કરતાં વાર લાગતી નથી, જ્યારે જ્યારે આ સૌમ્ય મૂર્તિના સંગમાં જેઓ આવતા તે તો ખરેખર શાસનમાં આ પણ એક કોહીનુર છે એમ કહ્યા વિના રહેતાજ નહિ. જેઓનું જૈન, જૈનેતર શાસ્ત્રનું ઉંડું જ્ઞાન, કુશાગ્ર બુદ્ધિ, સૌ કોઇને આકર્ષતી હતી. અત્રે અનેક જૈનેતરો પણ મહારાજશ્રીના પરિચયમાં આવતા અને જૈન ધર્મના મહાન તત્વોને સમજી ઘણી અનુમોદના કરતા હતા. આ પ્રમાણે શાહોરના ચાતુર્માસમાં થયેલ અદ્દભુત પ્રભાવના, નિર્વિઘ્ને થયેલ અનેક સુકૃત્યો અને આચાર્યમહારાજના ગુણગણને ત્યાંની પ્રજા હજી સુધી વીસરી શકી નથી.

<u>સુકૃત્યો.</u>

શિહોરના ચાતુર્માસમાં જીર્ણોદ્ધાર તથા સમ્યક્જ્ઞાનના પ્રચારના કાર્યોમાં ત્યાંની જનતાએ સારી મદદ આપી હતી. આચાર્ય દેવેશના ઉપદેશથી જુના પરસ્પર વૈર વિરોધ કુસંપો શાન્ત થવાથી સર્વ સંઘમાં શાન્તિનું સામ્રાજ્ય સ્થપાયું હતું. અને તેથીજ કુસંપના કારણે ધર્મ-ક્રિયામાં આવતા અનેક વિઘ્નો આપો આપ નાશ થયાં હતાં. એટલે ધર્મક્રિયાઓ દ્વારા શાસન ઉન્નતિ અપૂર્વ થાય એમાં આશ્ચર્ય શું? ચારિત્રની વાનગી સમાન અપૂર્વ ઉપધાનતપની ક્રિયા પણ આરં-ભાયી હતી. ઉપધાનતપ શ્રાવક શ્રાવિકાઓના અનુષ્ઠાન પૈકી આપણુ એક મહત્તમ અનુષ્ઠાન ગણાય છે. કે જેના આરાધનથી ઇરિયાવહી. તસ્સઉત્તરી, નમુથ્થુણં વિગેરે દેવવંદન આદિ સૂત્રોનું વિધિપૂર્વક પઠન કર્યું માની શકાય છે. જેમાં ઉગ્ર તપશ્ચર્યા, અને ઉગ્ર ક્રિયાઓ હોય છે. પાંચ ઇંદ્રિયો અને મન ઉપર અત્યંત કાબુ મેળવવો પડે છે. લગભગ સાધુના જેવુંજ જીવન ગુજારવું પડે છે. જે ઉપધાનતપને બાળ, યુવાન, વૃદ્ધો પણ ભાવનાપૂર્વક આરાધે છે. ધર્મોપદેશને સારી પેઠે સાંભળી આ તપને નિર્વિઘ્ને સંપૂર્ણ કરી શકે છે. આ તપને નહિ આરાધન કરનારા દેવવંદન આદિમાં આવતા સૂત્રને અવિધિથી ભણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે એમ કબુલ કરવું પડશે. અશક્તિના પ્રભાવે આ તપને નહિ આરાધન કરનાર પોતાની અશક્તિને કબુલી એ તપની હૃદયમાં શ્રદ્ધા રાખી પોતાની લક્ષ્મી દ્વારા બીજા પાસે કરાવનાર અને કરનારની અનુમોદના કરનાર ભવાંતરમાં એ તપને આરાધી પરંપરાએ શિવસુખના ભાગી થઇ શકે છે. જ્યારે ઉપધાન તપની મોસમ આવતા સ્થળે સ્થળે શાસ્ત્ર નિર્દિષ્ટ એ તપને કરાવનારા ભાગ્યશાલી તૈયાર થાય છે ત્યારે સમાજનું હિત કરવાનો ઇજારો લઈ બેઠેલા કેટલાક પેટભરા પત્રકારો "દુઃખે પેટને કુટે માથું" એ કહેવતને ચરિતાર્થ કરનારા પોતાના પત્રોમાં ટુંકી દ્રષ્ટિવાળાને રખેને વાંચવાનો અંતરાય ન પડે એવો હેતુ જાણે એમાં ન સમાયો હોય તેમ મોટા બ્લેક ટાઇપથી ઉપધાનનો રાફડો ફાટ્યો યાતો પૈસાનો થયેલો ધુંમાડોના હેડીંગો નીચે પોતાની નીચમાનસવૃત્તિને પ્રગટ કરતા મોટા મોટા કૅાલમો કાળા અક્ષરે ચીતરી ભોળી જનતાને ધર્મભ્રષ્ટ કરવાનો નીચ પ્રયત્ન આદરે છે. એવાઓએ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે સૂત્ર સિદ્ધાંતમાં તીર્થંકર પરમાત્માએ ફરમાવેલ એકાંત કલ્યાણને કરનારી ઉપધાનતપ જેવી પવિત્ર ક્રિયા માટે એલ ફેલ બોલવું અને લખવું એ તમારે માટે દુર્ગતિનો રાફડો ફાડી અનંત સંસારી થઈ પૈસાનો નહિ પણ નરક અને તીર્યંચોના અસહ્ય દુઃખો વેઠી તમારોજ ધુમાડો કાઢવાની તમો તમારે હાથેજ ઘોર ખોદી રહ્યા છો. શીહોરમાં એ અપૂર્વ તપની આરાધના શરૂ થઈ અને અનેકોએ એ તપ આનંદપૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ કર્યો. શુભ મુહૂર્તે સમહોત્સવ પૂ. આચાર્યદેવેશના વરદહસ્તે અનેકોના કંઠમાં માલાપરિધાપન કરવામાં આવ્યું. તે ઉપધાનતપની પૂર્ણાહુતિમાં મહા મંગલકારી અષ્ટાન્હિકા મહોત્સવ આદિ કરવામાં આવ્યાં હતાં. આજુ બાજુના ગામડાના હજારો શ્રાવકોએ એ મહોત્સવમાં સારો લાભ લીધો હતો. દેવ દ્રવ્યાદિની ઉપજ પણ સારા પ્રમાણમાં થઇ હતી. સૌરાષ્ટ દેશની ભૂમિને પાવન કરતા અને તેમાં રહેલા અનેક તીર્થોની યાત્રા કરતા મહારાજશ્રી કેટલોક સમય ત્યાંજ વિચર્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઈડર આગમન.

સૌરાષ્ટ્ર દેશથી વિહાર કરી ગુજરાતમાં ( મહીકાંઠા ) આવેલ ઇડર મુકામે પધાર્યા. ત્યાંની જૈન જનતાએ આચાર્યશ્રીનું અદ્દભૂત સ્વાગત કર્યું હતું. તેઓશ્રીની અપૂર્વ દેશનાથી ધર્મજાગૃતિ ઘણી પ્રગટ થવા પામી હતી. અનેક જનો પોતાના પ્રબલ પાપ વ્યસનોને તીલાંજલી આપવા લાગ્યા. આચાર્યદેવેશની દેશનાએ અત્રેની જનતાને એવી તો મુગ્ધ બનાવી હતી, કે ઉપાશ્રયને છોડી ગયા પછી ઘરે ઘરમાં, મિત્ર મિત્રોમાં, અને દરેક સંસ્થામાં એજ પ્રશંસા કર્ણગોચર થતી હતી. ચાતુર્માસ માટે અત્યંત આગ્રહ ભરી વિનતિ કરવામાં આવી હતી. પરંતુ અદ્યાપિ તે સફળ ન થઇ હતી, ધર્માગ્રહી પ્રજા પોતાના શુભયત્નને કદાપિ છોડતી નથી.

## સુશિષ્ય સંમીલન.

વિનીત શિષ્યો પ્રતિક્ષણ સુગુરૂની સેવા માટે સમુત્સુક હોય છે. જેમ પશુ પક્ષીઓને વૃક્ષની છાયા, હંસને માનસરોવર, અને મત્સ્યને જલ અતિપ્રિય હોય છે તેમ વિનીત શિષ્યોને સુગુરૂનો સંગ અતીવ પ્રિય હોય છે. ગુરૂદેવની સેવા એજ મોક્ષના મીઠા મેવા છે એમ સમજી પંજાબ દેશમાં ઉપકાર અર્થે રહેલ અનેક શહેર અને ગામોમાં જૈનધર્મની મહત્તાને સમજાવતા, ઉન્માર્ગનું ઉન્મૂલન કરી સન્માર્ગને સ્થાપતા જૈન જૈનેતર સાથે અનેક પ્રકારની ધર્મચર્ચા તથા વાદ વિવાદ કરી વિજય પતાકા ફરકાવતા સશિષ્ય મુનિરાજ શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજ રૂપાલમાં ગુરૂ દર્શનની તીવ્ર અભિલાષાથી સહર્ષ મલ્યા. ગુરૂદેવના દર્શન થતા તેઓના રોમાંચ ખડા થયા. ગુરૂદેવે પણ તેઓએ કરેલ પંજાબમાં ધર્મ ઉન્નતિ આદિ શુભકાર્યોની મુક્તકંઠે પ્રશંસા કરી. મીઠીનજરે તેઓની સામે જોયું. ગુણો સૌ કોઇને ખેંચે છે. આ એક અપૂર્વ ગુરૂ શિષ્યોનો મેલાપ એ ખરેખર પ્રશસ્ત ધર્મ પ્રેમનું દશ્ય હતું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઇડરમાં ચાતુર્માસ.

ઈડર શહેર આચાર્યશ્રીના ધર્મોપદેશથી અનેક ધર્મક્રિયામાં જોડાયું હતું. પવિત્ર મનુષ્ય અને વળી જ્ઞાનગંગામાં સ્નાન પછી પવિત્રતામાં શી ન્યૂનતા રહે? ધર્માત્માઓ અને સુગુરૂનો સંગ એટલે એક તો દૂધ અને તેમાં મલી સાકર, પછી પુછવુંજ શું? ચાતુર્માસ માટે પુનઃ અત્યંત વિજ્ઞપ્તિ થતાં સં. ૧૯૭૧ નું ચોમાસું ત્યાંજ કરવા સ્વીકાર્યું હતું.

## તીર્થોદ્ધાર.

અત્રે એક નાના પર્વત ઉપર સંપ્રતિ મહારાજાના વખતનું બનાવેલ ગગનચુંબી જીનમંદિર શોભે છે. જે ઘણું પ્રાચીનકાળનું હોવાથી ઘણું જીર્ણ થઈ ગયું હતું. તેથીજ આચાર્ય મહારાજશ્રીની તેનો જીર્ણોદ્ધાર કરાવવા માટે ભાવના જાગૃત થઈ. મહાપુરૂષો અને પુણ્યપ્રભાવકો જ્યાં સુધી કાર્ય હસ્તગત કરતા નથી, ત્યાં સુધીજ કાર્ય સિદ્ધિમાં વિલંબ થાય છે. વળી આજ કાલ નૂતન મંદિરો બંધાવવા માટે ઉપદેશ દેનારા મળી આવશે. જોકે જ્યાં જરૂર છે ત્યાં નૂતન મંદિર બંધાવવામાં લાભ તો છેજ પરંતુ જીર્ણોદ્ધાર કરાવવામાં વિશેષ લાભ છે, એ વાત સર્વ સમ્મત છે. જગતમાં જીર્ણમંદિરો ઘણા જોવામાં આવે છે. તેમાં બીરાજમાન પ્રતિમાઓની આશાતના પણ અપરંપાર થાય છે. છતાંય ઉપદેશકોનું તે તરફ ધ્યાન કેમ નહિ ખેંચાતું હોય? જો કે કેટલાક દહેરાસરોમાં દેવદ્રવ્યની સારી આવક હોવા છતાં તેના કાર્યકર્તા ટ્રસ્ટીઓની સંકુચિત દષ્ટિના કારણે તે લક્ષ્મીનો છુટા હાથે સદ્ઉપયોગ થઈ શકતો નથી માટે એવા ટ્રસ્ટીઓએ અને કાર્યવાહકે આ તરફ ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે. ચરિત્રનાયક તો જીર્ણોદ્ધાર કરાવવા પ્રત્યે નિરાકાંક્ષી હોઈ વિશેષ લક્ષ્યવાલા હતા. ગઢ ઉપર આવેલા જીર્ણમંદિરના ઉદ્ધારના ઉપદેશનું કાર્ય સૂરીશ્વરજીએ હાથમાં લીધું. આચાર્ય દેવેશની પ્રૌઢ ઉપદેશક શૈલીના પ્રભાવે સ્થાનીક તથા દર્શનાર્થે આવનાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બહારગામના શ્રાવકો પાસેથી મદદમાં સારી ટીપ એકઠી થવા પામી હતી, ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવત મુજબ ધીમે ધીમે જીર્ણોદ્ધાર ખાતે લગભગ બે લાખ જેટલી મોટી રકમ થઈ ગઇ, અને જીર્ણોદ્ધારનું કામ શરૂ થયું. થોડા સમયમાંજ જીર્ણમંદિર જાણે નવીન ન હોય એમ ભાસવા લાગ્યું. હાલ પણ તેવુંજ છે. ખાસ યાત્રાર્થે જઈ નિહાળવા જેવું છે અને ત્યાં બીરાજમાન ભવ્ય પ્રતિમાઓના દર્શન-પૂજનથી કૃતાર્થ થવા જેવું છે.

**સફલતા.**

પ્રભાવશાલી પુરૂષો જે કાર્ય મનમાં ચિંતવે છે તેની સાથેજ સફલતા રહેલી હોય છે. આ કાર્યમાં ત્યાંના માસ્તર શા હેમચંદ છગનલાલનો પણ અથાગપ્રયત્ન હતો. આચાર્ય દેવેશની પ્રૌઢ શક્તિ માટે જૈનસમાજ ગૌરવ ધરાવતો હતો. જેઓએ પંજાબ, મારવાડ, બંગાળ, માલવા, ગુજરાત અને સૌરાષ્ટ્ર દેશમાં અનેક મહાન ધર્મકાર્યો કર્યાં હતાં. અને તેથીજ તેમની કીર્તિ જગતના ખૂણે ખૂણામાં વ્યાપ્ત થઈ હતી. સૌ કોઇ એ પુનિત નામથી હર્ષઘેલું બનતું હતું. તેઓશ્રીનું દિવ્યદેહજ ભલ ભલાને મુગ્ધ કરતું હતું અને તે સાથે વાણીનો પણ એવોજ પ્રભાવ હોય તો પછી આકર્ષકતામાં શી ખામી રહે?

**જીવ રક્ષા સંસ્થા.**

મહિકાંઠા એજન્સીમાં ઈડર શહેરમાં જીવદયાની સંસ્થાનો અભાવ હોવાથી આચાર્યશ્રીએ તે માટે પણ જોર શોરથી જીવદયાનો ઉપદેશ આપ્યો. બસ મોટા પુરૂષનો ઈશારો માત્ર હજારોના વરસાદને વરસાવી શકે છે. અને એ પણ એક જાતની લબ્ધિજ કહી શકાય છે. ગામના આગેવાનોએ પોતાનો ઉદાર હાથ લંબાવી જીવદયામાં સારી રકમનો ફાળો આપ્યો હતો. જેથી ઈડરમાં એક સાર્વજનિક જીવદયાની સંસ્થા ખોલવામાં આવી. જેમાં હજારો લુલા પાંગળા જાનવરોનું સંરક્ષણ થાય છે. અહો ગુણનિધાન, ગુરૂવર્યનો અઢળક પુણ્યપ્રભાવ અનેરૂંજ કામ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે છે. તદ્ઉપરાંત આ ચાતુર્માસમાં તપશ્ચર્યાઓ, અષ્ટાન્હિકા મહોત્સવો વિગેરે સ્તુત્ય કાર્યો થયા હતા.

## ગુરૂ કર્તવ્ય.

ગુરૂની ફરજ છે કે યોગ્ય અને વિદ્વાન્ સ્વશિષ્યોને સુપદવીથી અલંકૃત કરવા જોઇએ. જેમ પુત્રની લક્ષ્મી આબાદી જોઇને પિતા રાજી થાય છે. તેમ ગુરૂ પણ શિષ્યનું જ્ઞાન, વ્યાખ્યા શૈલી અને શિષ્યનું સન્માન જોઈ રાજી થાય એમાં આશ્ચર્ય નથી, ચરિત્રનાયકના હૃદયમાં પંજાબમાં અનેક તરેહના ઉપકાર કરીને આવેલ સ્વશિષ્ય મુનિરાજ શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજને પદવીથી અલંકૃત કરવાની દૃઢ ભાવના જાગી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૦ મું.

## વિજ્ઞપ્તિ.

અત્રે ઇડરમાં શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજના ધર્મ વ્યાખ્યાનથી અત્રેનો સંઘ બહુ રંજિત થયો હતો. અને જાહેર વ્યાખ્યાનદ્વારાએ જૈનેતરપ્રજા પણ ઘણીજ ખેંચાઇ હતી. સૌ કોઇના હૃદયમાં એમ થતું કે આવી સુંદર વ્યાખ્યાનશક્તિ અને વિદ્વત્તા હોવા છતાં કોઈપણ જાતનું પદાર્પણ કેમ ન થવું જોઇએ? એમ વિચારી ઘણા જનો ભેગા થઈ પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે આવી શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજને પદવીથી અલંકૃત કરવા અત્યંત વિજ્ઞપ્તિ કરી. અને સાથે સાથે જણાવ્યું કે એ પદવીનો સઘળો મહોત્સવ આ ગામનોજ સંઘ કરવા ઇચ્છે છે. સુવર્ણમુદ્રિકામાં જેમ હીરો જડવાથી તેની શોભા વિશેષ થાય છે. જોકે પદવીવિના પણ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજની શાસનપ્રભાવના કરવામાં કાંઈ કમીના નથી તોપણ કોઈ સુપદવીથી એમને અલંકૃત કરવામાં આવે તો સોના સાથે સુગંધ મળવા જેવી શોભા થવા સાથે હમો પણ હમારી લક્ષ્મીનો સદ્વ્યય કરી યત્કિંચિત્ ભાગ્યશાળી બનીએ. ગુરૂદેવના હૃદયમાં એ વિચારણા ચાલતી હતી અને તેમાં ટેકો મલતાં તે વિચારણા સુદૃઢ બની, અને ઇડરના સંઘને જણાવ્યું કે શ્રેષ્ટ મુહૂર્તનો દિવસ પ્રાપ્ત થતાં જોઇ લઈશું.

## પદાર્પણ.

પદાર્પણના સમાચાર આખા સંઘમાં ફેલાતા સૌ કોઈના મુખપર હર્ષ અનુભવાતો હતો. પદાર્પણના મહોત્સવ માટે ચિત્ર વિચિત્ર દેખાવથી શણગારી એક સુશોભિત મંડપ તૈયાર કરવામાં આવ્યો. ગામમાં જાણે કોઈ ભારે મહોત્સવનો શુભ દિવસ ન હોય તેવો આનંદ પ્રવર્તી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહ્યો હતો. સૌ કોઈ હર્ષઘેલા હૃદયથી ફરતા માલમ પડતા હતા. મનના મનોરથો ફળતાં કોણ ખુશી ન થાય ? નિયત કરેલ શુભદિવસે શ્રેષ્ટ મુહૂર્તમાં અનેક વાદ્યોની અને સુલલનાઓના મધુર ગીતોની સુધ્વનિ સાથે આચાર્યદેવેશે સંઘ સમક્ષ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજને જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિનું બીરૂદ આપ્યું હતું, ને જયનાદના ધ્વનિ સાથે પદાર્પણ મહોત્સવ નિર્વિઘ્ને સંપૂર્ણ થયો હતો.

## ધર્મ પ્રવચન.

વ્યાખ્યાન વાચસ્પતિજીએ પદગ્રહણ કર્યા બાદ સ્ત્રીપુરૂષોની મોટી મેદિની સમક્ષ ગુરૂદેવની આજ્ઞા થતાં પદ માટે પોતાની લઘુતા તથા પૂજ્ય આચાર્ય દેવનીજ એ કૃપાનું ફળ છે એમ કહી ગુરૂદેવના અગણિત ઉપકારનું વર્ણન કર્યા બાદ યુક્તિ યુક્ત હૃદયંગમ વૈરાગ્યમય ધર્મ પ્રવચન આપ્યું હતું. જેને સાંભળનારાઓ અદ્યાપિ સ્મરણપથથી વિસરી શક્યા નથી. ખરેખર ગુરૂદેવે પણ વ્યાખ્યાન વાચસ્પતિનું બિરૂદ યોગ્યનેજ સમર્પણ કર્યું છે એમ અનેકના મુખે સાંભળવામાં આવતું હતું. ધર્મ પ્રવચન અચિન્ત્ય મહિમાવાળી જડીબુટ્ટી છે. પાપરોગને નાશ કરવામાં પરમ ઔષધી છે. કર્મ પર્વતના ચુરા કરવામાં વજ્ર સમાન છે એવા ધાર્મિક પ્રવચન સાંભળી શ્રોતાવૃન્દ રંજીત થયો એટલુંજ નહિ પણ અનેક પ્રકારની ધર્મ પ્રવૃત્તિમાં જોડાઈ અનાદિકાળ પછી મળેલ મનુષ્યભવ આદિની સામગ્રીને સફળ બનાવવા ભાગ્યશાલી બન્યો હતો.

## ઇડરથી વિહાર.

આચાર્યદેવ સશિષ્ય પરિવાર ત્યાંથી વિહાર કરી આજુબાજુના અનેક ગામોમાં શેષકાળમાં વીચરી અનેક પ્રકારની ધર્મ ઉન્નતિને કરતા ખંભાતના આગેવાનોનો અત્યંત આગ્રહ થતાં ત્યાં સસત્કાર પધાર્યા. પ્રતિદિન ધર્મદેશના ચાલતી હતી. અનેક લોકો ધર્મ પીયૂષનું પાન કરી સંતુષ્ટ થતા હતા. માનવમેદિની સારા પ્રમાણમાં ભરાતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાતુર્માસનો સમય નજીક આવવાથી ત્યાંના સંઘનો અત્યંત આગ્રહ થતાં સં. ૧૯૭૨ નું ચોમાસુ ખંભાતમાંજ કર્યું. યશોનિધાન આચાર્ય-પુંગવ દિનપ્રતિદિન વૃદ્ધાવસ્થાને પામવા લાગ્યા. છતાં તેઓશ્રીની પોતાના ધર્મ અનુષ્ઠાનો આરાધવામાં અપ્રમત્ત દશા જેવી અને તેવીજ માલમ પડતી હતી.

## રાયચંદ મત.

ખંભાતમાં પ્રથમ આપણે જણાવી ગયા તેમ કેટલાક જનો નૂતન, કપોલ કલ્પિત શાસ્ત્રથી પરાંગમુખ ચાલતા રાયચંદ્ર મતના અનુયાયીઓ બનતા હતા. નવીન વસ્તુ ભલે તદ્દન ખોટી હોય પણ બાહ્ય આડંબરથી હજારોને ખેંચે છે કહ્યું છે કે—**न सुवर्णध्वनिस्तादृग् यादृक् कांस्यात् प्रजायते** અર્થાત જેવો કાંસાનો રણકારો થાય છે તેવો સોનાનો થતો નથી અને તેથીજ નકલી વસ્તુઓ અસલી વસ્તુ કરતાં દુનિયામાં ઝુકાવવામાં અગ્ર પાઠ ભજવે છે. વળી આ કળિયુગમાં એવા કુમતમાં ફસનારા મંદબુદ્ધિવાલા અને દુર્ભાગી ઘણાએ મોજુદ છે. સત્ય તત્ત્વનું મન્થન કરવું ઘણુંજ દુષ્કર છે. સમુદ્રનું જલ બધું ખારૂ હોય છે, તેમાં પણ મીઠા પાણીના ઝરણાની લહેર લેનાર શૃંગીમચ્છ વસે છે. તેમ સંસારસાગરમાં પણ મિથ્યાત્વરૂપી ખારૂં જલ ચોતરફથી ઉભરાય છે. તેમાંથી દક્ષ અને સદ્દભાગી પુરૂષો વીતરાગ કથિત ધર્મની મીઠી તરંગોનું પાન કરવા ભાગ્યશાલી બને છે. સત્ય તત્ત્વ જેટલું દુર્લભ છે. તેથી પણ ખરૂં તત્વ બતાવનાર નિખાલસ હૃદયના ઉપદેષ્ટા પણ વધારે દુર્લભ છે. હું સર્વતત્ત્વ વેત્તા છું. તમો જે જે પુછો તેનો જવાબ આપવા હું તૈયાર છું. એવું બોલનારા અનેકો દષ્ટિપથમાં આવે છે. જે બોલે છે હું જ્ઞાની છું તેમાં પ્રાયે કરી કાંઈ તત્વ હોતું નથી. એક કવિએ કહ્યું છે કે—

**ભર્યાં સો છલકે નહિ, છલકે સો અદ્ધા;**
**ઘોડા સો ભુંકે નહિ, ભુંકે સો ગદ્ધા.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એજ મુજબ ઇગ્લીશમાં કહ્યું છે કે " Barking dogs seldoon bite " ભસતા કુતરા ભાગ્યેજ કરડે છે. મહાન પુરૂષો અનેક ગુણોથી અલંકૃત હોવા સાથે શાન્ત, ગંભીર અને નિર્દંભ હોય છે. સમય આવ્યે એવા પુરૂષો પોતાના જ્ઞાન અને શક્તિદ્વારા ઉન્માર્ગનું મૂલન કરી જૈનશાસનનો ઊદ્યોત કરી બતાવે છે.

## કુમત પ્રતિકાર.

શત્રુ, કંટકવૃક્ષ, વ્યાધિ અને કુપંથ ઉત્પન્ન થતાંજ રોકવામાં આવે તો તે સહેલાઇથી રોકી શકાય છે. એક વસ્તુના મૂળ ઉંડા ગયા પછી હજારોમાં તે પ્રચાર પામ્યા પછી અને અનેકજનો તેમાં રાગાન્ધ બન્યા પછી તે વસ્તુને રોકવી દુઃશક્ય થઈ પડે છે. અસત્ય મતનું ખંડન કરી એ મતને આગળ વધતો અટકાવવા આચાર્ય મહારાજ-શ્રીએ જરા પણ પ્રમાદ કર્યો નથી. મહા પુરૂષોની ફરજ છે કે પ્રિયમાં પ્રિય ભક્તગણ હોય તેમણ નિષ્પક્ષપાતી મહાત્માઓ તેના પ્રેમમાં ન તણાતાં તેઓ સાથેનો સંબંધ દૂર કરી તેના અસત્યમતનું ખંડન જરૂર કરે છે. ધર્મનો પ્રેમ અધર્મને આચરનારા ઉન્માર્ગી ભક્તગણમાં જરાપણ ટકી શકતો નથી. સચ્છિદ્ર ભાજનમાં જેમ જલ ટકી શકતું નથી તેમ કુપંથને આચરનારા અને શાસ્ત્ર વિરૂદ્ધ પ્રવૃત્તિ કરવાવાળામાં પણ સુગુરૂ ઉપરનો ધર્મપ્રેમ ટેકી શકતો નથી. અનેક પ્રકારની દલીલો દ્વારા તે મતને સ્વીકારનારાને અટકાવ્યા. સત્ય વસ્તુનું ભાન થતાં કેટલાકોએ તેને છોડી પણ દીધો. ખરેખર હૃદયગંમ ઉપદેશની અસર થયા વિના રહેતીજ નથી.

## પબ્લીક લેકચર.

ખંભાતમાં ચરિત્ર વિભુના ચાતુર્માસમાં ધર્મની જાહોજલાલી અપૂર્વ થઈ હતી. વળી આચાર્ય દેવના વિદ્વાન્ શિષ્ય જૈન રત્ન વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ લબ્ધિવિજયજી મહારાજે ભિન્ન ભિન્ન વિષયોપર જાહેર ભાષણો આપ્યાં હતાં, જેથી જૈન જૈનતર પ્રજા પણ જૈન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મની મહત્તાથી વાકેફગાર બની હતી. અનેક જૈનેતરો પણ સુધા-સ્યન્દીની દેશનાનો અપૂર્વ લાભ ઉઠાવતા હતા. અત્રેના ( Officers ) અધિકારીઓ મહારાજશ્રીની પૂનિત છાયામાં આવી અનેક પ્રકારની ધર્મ ચર્ચાથી સંતુષ્ટ થતા હતા. અંતમાં ઘણાઓએ અનેક પ્રકારના નિયમો ગ્રહણ કર્યા હતા.

## વિહાર.

ખંભાતથી વિહાર કરી રસ્તામાં આવતા અનેક ગામોની ભૂમિને પાદ કમલથી પાવન કરતા, વચનામૃતથી ભવ્ય પુરૂષોના કર્ણને તૃપ્ત કરતા. દર્શન દ્વારા અનેકોના નયનોને પૂનીત બનાવતા આચાર્ય દેવેશ સપરિવાર કપડવંજ પધાર્યા. કપડવંજ પણ ધર્મપુરી છે. જેમાંથી અનેક નરરત્નોએ અસાર સંસારનો ત્યાગ કરી વીતરાગ કથિત પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. ત્યાંની જનતા ધર્મથી રંગાયલી હતી. એટલે આચાર્યપુંગવના આગમનના સમાચાર સાંભળી આનંદીત થઈ શહેરના ભવ્ય લત્તાને ધજા તોરણથી શણગારી આચાર્ય દેવેશનો ભવ્ય પ્રવેશ-મહોત્સવ કર્યો હતો. ઉપાશ્રયે પધારતા આચાર્યશ્રીએ અદ્‌ભૂત અને આકર્ષક દેશનાનો પ્રારંભ કર્યો. મુસલધાર વરસાદના પડવાથી નદીના તટો જેમ તુટી પડે છે. તેમ તે દેશનાથી ભવ્ય આત્માઓના પાપ તટો તુટવા લાગ્યા. પુણ્ય વૃક્ષ ઉપ્તન્ન થયાં. અનેકોને તે પુણ્ય વૃક્ષના ફળોનો આસ્વાદ આપવા લાગ્યા. અનેક મનુષ્યો મહારાજશ્રીની મુખમુદ્રાની સરળપ્રકૃતિની, નિખાલસભાવની, તેમજ સૌ સાથે સમતોલવૃત્તિની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. આચાર્ય મહારાજશ્રીનો આ એક મહાન ગુણ હતો કે કંગાલ હો, કે ધનવાન હો, રંક હો કે રાજા હો સૌ કોઇને મીઠી દ્રષ્ટિએ નિહાળતા હતા. ધનવાન હોય અગર પંડિત હોય તો પણ ધર્મવિરૂદ્ધ આચરણ કરનાર હોય તો સભા વચ્ચે પણ તેઓનું ખંડન કરવાની નિડરતા તેઓશ્રીમાં અપૂર્વ હતી. સમય નજીક આવતા ત્યાંનો સકળ સંઘ આચાર્યદેવેશને ચાતુર્માસ માટે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચાતુર્માસ અને સુકૃત્યો.

ચાતુર્માસની અત્યંત આગ્રહભરી વિનતિ થતા સં. ૧૯૭૩ નું ચાતુર્માસ ત્યાં કર્યું. આચાર્યશ્રીના ચાતુર્માસથી ત્યાંની જૈનજનતામાં અનેક પ્રકારની ધર્મ અભિવૃદ્ધિ થઇ, વ્યસનમાં આસક્તજનોએ વ્યસનોને તીલાંજલી આપી પોતાના બાકી રહેલા માનવ જન્મને સફળ કર્યો હતો. ધર્મક્રિયામાં શિથિલ બનેલાઓએ પ્રમાદને છોડી ઉત્કટક્રિયા કરવા લાગ્યા હતા. તત્વજ્ઞાનીપુરૂષોએ સુક્ષ્મ અને ગહન શંકાને દૂર કરી પોતાનું સમકીત નિર્મળ બનાવ્યું હતું. ધનાઢ્ય પુરૂષો પોતાની ચંચળ લક્ષ્મીને જીવદયા, જ્ઞાનપ્રચાર, જીર્ણોદ્ધાર વિગેરે શાસનપ્રભાવનાનાકાર્યોમાં વાપરી તેનો સદ્‌ઉપયોગ કરવા ભાગ્યશાલી થયા હતા. આ બધો પૂ. આચાર્યમહારાજશ્રીની દેશનાનોજ પ્રભાવ હતો. ખંભાતના ચાતુર્માસ કરતાં અત્રેના ચાતુર્માસમાં જૈ. ર. વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજે અનેક પબ્લીક લેકચરથી જૈનેતરો પર વિશેષ ઉપકાર કર્યો હતો.

## વિહાર.

ચાતુર્માસ પુર્ણ થયા બાદ ત્યાંથી વિહાર કરી અનેક પંડિતજનોના મુખારવિંદથી સ્તવાતા, અનેકોને ધર્મમાં યોજતા, ધર્મ પીયૂષનું પાન કરાવી અનેકને અજરામર સ્થાનમાં પહોંચાડવાનો પ્રયત્ન કરતા અનેક મુનિવરો સાથે ચરોતરના પ્રદેશમાં વિચરતા વિચરતા તેઓશ્રી વટાદરા મુકામે પધાર્યા. ત્યાં વ્યાખ્યાન વાચસ્પતિજીએ નવા રજપુતોને જૈનધર્મી બનાવ્યા હતા. તે કારણથી બ્રાહ્મણોનો વિરોધ થવાથી તેઓએ પોતાના સન્યાસી મુકુંદાશ્રમને બોલાવ્યા, જેમની સાથે વ્યા. વા. લબ્ધિવિજયજી મહારાજનો ત્રણ દિવસ સુધી વૈદધર્મના અને જૈનધર્મના મુકાબલા ઉપર શાસ્ત્રાર્થ થયો હતો, જેમાં જૈનધર્મનો સારો વિજય થયો હતો. ત્યાંથી તેઓ બોરસદ મુકામે પધાર્યા. બોરસદના સંઘને આગમનના સમાચાર મળતાં આચાર્યશ્રીનો ભવ્ય સત્કાર કર્યો હતો, અનેક પ્રકારની ધર્મ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાવના કરતાં સં. ૧૯૭૪ નું ચાતુર્માસ અત્રે રહ્યા. જ્યાં ધર્મદેશનાના પ્રભાવે બોરસદની જૈનજનતામાં અદ્દભૂત જાગૃતિ આવી. સંસારરૂપીતટને શિથિલ કરતી, ચિત્તના પ્રસાદને વિસ્તારતી, કુમતરૂપી તટ વૃક્ષોને ઉન્મૂલન કરતી, વિરક્તભાવનાના તરંગોને ઉછાળતી, તત્વાવગાહિની, જ્ઞાનગંગાના વહેણો વહેવાં શરૂ થયાં.

## જાહેર ભાષણ.

આચાર્યપુંગવની મધુરદેશનાએ અનેક જૈન જૈનેતરોને ધર્મ પ્રતિજ્ઞામાં સુદૃઢ બનાવ્યા હતા. તદ્ઉપરાંત વ્યા૦ વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજે પણ વ્યાખ્યાન તથા ભિન્ન ભિન્ન વિષયો ઉપર જાહેર ભાષણો આપ્યા હતા. જેને શ્રવણ કરવા સેંકડો જૈનેતરો સહર્ષ એકત્રિત થતા હતા. અને એમને એ ભાષણોનો એવો તો સુંદર રસ લાગ્યો હતો. કે જૈનો પહેલા સભામાં મુકકરર કરેલા ટાઈમ અગાઉ હાજર થતા હતા, અને ધર્મ પ્રવચન સાંભળી જૈનધર્મ પ્રતિ આદરવાળા બન્યા હતા.

## જગતમાન્ય જૈનધર્મ.

જગતમાં કોઇપણ જ્ઞાતિએ અમુક ધર્મ મારોજ છે એમ માનવાનો ઇજારો લીધો નથી, જે ધર્મને આરાધે પાલન કરે તેનો ધર્મ, પછી ભલે તે કોઈપણ જાતિનો હોય તોપણ તે ધર્મ આરાધવાને લાયક ગણી શકાય છે. કેટલાક ભદ્રિક આત્માઓ એમ માને છે કે હમો જૈનકુળમાં જન્મ્યા એટલે જૈનધર્મ પાલવાનો માત્ર હમોનેજ હક્ક છે. બીજો કેમ પાલી શકે? પણ તેવાઓએ ખ્યાલ રાખવાની જરૂર છે કે જૈનધર્મ પૂર્વકાળમાં દરેક જ્ઞાતિવાળાઓએ પાલન કર્યો છે. અને હાલ પણ પાટીદાર વિગેરે કોમો તેનું યથાર્થ પાલણ કરે છે, જૈનધર્મને સ્વીકારનાર ઉત્તમ જ્ઞાતિની સાથે સઘળો વ્યવહાર ચાલુ કરી, તથા અનેક પ્રકારની મદદ કરી, તેમની સાથે બહુ આવકાર દાયક વર્તન રાખવામાં અસલના લોકો અતિશય



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદાર હતા. હાલ ઘણા લોકોની એવી ફરીયાદ છે કે જૈનો વધારવાની જરૂર છે. જૈનોની વસ્તી દિન પ્રતિદિન ઘટતી જાય છે. આવી ફરીયાદ કરનારે ધ્યાનમાં લેવાની જરૂર છે કે કદાચ બીજી કોમવાલા પોતાના ધર્મને છોડી જૈન ધર્મમાં આવે, અને તેમ કરવાથી તેમની જ્ઞાતિવાળાઓ તેમની સાથે દરેક પ્રકારનો વ્યવહાર બંધ કરે તો તેમના રક્ષણ માટે તમારી પાસે શી તૈયારીઓ છે? કહેવુંજ પડશે કે એ માટે કાંઈ પણ બંદોબસ્ત થયો નથી અને થવો પણ મુશ્કેલ છે. દાખલા તરીકે ગુજરાતમાં ભરૂચ અને સુરત જીલ્લામાં લાડુઆ શ્રીમાળી નામની કોમ છે તેમની સાથે ત્યાંના વસતા જૈનોને રોટી વ્યવહાર કરવા જેટલી પણ ઉદારતા બતાવી શકયા ન હતા. તો પછી બીજા વ્યવહારની તો વાતજ શી કરવી. જો કે આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી આદિના તનતોડ પ્રયાસથી તથા સ્થિતિ પરિપાકવશાત્ અને તેમના પુણ્યોદયથી હાલ તેઓને સાથે રોટી વ્યવહાર ચાલુ કરવાની ઉદારતા માટે ધન્યવાદ ઘટે છે. વલી કેટલાકોનું એમ પણ કહેવું છે કે આર્યસામાજીષ્ટ અને ઇસુ ખ્રીસ્તીઓ લાખોની સંખ્યામાં વધતા જાય છે. જ્યારે જૈનો વધવાને બદલે ઘટે છે. તો એમ બનવું એ પણ સ્વભાવિક છે. કેમકે જે ધર્મની ધર્મ ક્રિયા, અનુષ્ઠાનો, વ્રતો, નિયમો વિગેરેનું પાલન અતીવ કઠીન હોય છે તે ધર્મના અનુયાયી અલ્પ સંખ્યામાં હોય એમાં આશ્ચર્ય જેવી :વાત નથી. અને જે ધર્મમાં તપશ્ચર્યા ત્યાગવૈરાગ્ય દ્વારા આત્માની ઉન્નતિનું ધ્યેય નથી પરંતુ માત્ર ઇહિલૌકીક પૌદ્ગલીક ઉન્નતિ કરવામાંજ ઇતિશ્રી મનાય છે, એવા સગવડીયા પંથમાં કદાચ લાખોની સંખ્યા હોય તેથી મુઝાવાની જરૂર નથી. ઉપરોકતકારણ વશાત્ તથા જૈનોની કેટલીક સંકુચીત દૃષ્ટિને લીધે, અને વિદ્વાન્ ઉપદેશકોની અલ્પ સંખ્યાના કારણથી જૈન ધર્મ ભલે હાલ વાણીયામાં રહી ગયો હોય પરંતુ તે ધર્મપાલન કરવા માટે સર્વ કોઇનો હક્ક છે. ચોરી, જારી અને ઘોર હિંસા કરનાર, માંસ અને મદિરા પાન કરનારા ઘોર પાપીઓ પણ આ ધર્મને શરણે આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહાન્ નિગ્રંથ ગુરૂઓના સંગથી કેટલાકો તો ત્યાગી બની મહાન ગુરૂ તરીકે પૂજાવા ભાગ્યશાલી બન્યા છે. જો કે શાસ્ત્રમાં અસ્પર્શ્ય જાતિ માટે મંદિર કે ઉપાશ્રયમાં પ્રવેશ કરવાનો નિષેધ છે તેટલું તેઓ છોડી દઇ જૈનધર્મનું પાલન તેઓ પણ કરી શકે છે અને એવી અસ્પૃશ્ય કોમના આત્માઓ પણ એ ધર્મને પાળી સ્વર્ગગામી બન્યાના દષ્ટાંતો ઓછાં નથી. પ્રાચીનકાળમાં અંત્યજો જૈનધર્મનું પાલન કરતા હોઈ તેઓ એક નાનો શત્રુંજયનો સંઘ લઇને ગયા હતા. પરંતુ પોતે અપવિત્ર છે, એમ માની ડુંગર ઉપર નહિ ચઢતાં ગિરિરાજની બાર-ગાઉની પ્રદક્ષિણા ફરી હૃદયમાં ગિરિરાજના દર્શન માત્રથી અતીવ આનંદિત થઈ પાછા ફર્યા હતા. ટુંકમાં જૈનધર્મ સર્વમાન્ય હોઈ એનું પાલન સૌ કોઈ કરી શકે છે એ નિર્વિવાદ વાત છે.

## પ્રવચન પરિણામ.


પ્રતિદિન ગુરૂદેવના બોધક પ્રવચનોએ જૈનેતર પ્રજા ઉપર અપૂર્વ-પ્રભાવ ફેલાયો હતો. અને તેના પરિણામે કેટલાક જૈનેતરોએ ચોમાસામાં રાત્રિભોજનનો ત્યાગ તથા અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કર્યો હતો. બીડી, હોકા, ચુંગી, વિગેરેની કેટલાકે પ્રતિજ્ઞા લીધી હતી. વળી ગામડાઓમાં જોડાના તળીયા જલદી ન ઘસાઇ જાય એ હેતુથી લોઢાની ખરીઓ નખાવે છે, અને જેથી હમેંશ તેમજ વિશેષ કરી ચાતુર્માસમાં કીડી, મંકોડી, ચુડેલ, અલસીયા, વિગેરે અનેક નિર્દોષજન્તુઓનો પોતાના ક્ષણિક સુખને ખાતર નિર્દય રીતે ઘાત થાય છે. એ અહિંસા પરમોધર્મના સૂત્રને સ્મરણ પથમાં રાખનાર ધર્મીઓ માટે બીલકુલ અનુચિત છે. એવો હૃદયદ્રાવક જીવદયાના ઉપર વાચસ્પતિજી મહારાજનો ઉપદેશ શ્રવણ કરી ઘણા જૈનેતર ભાઇઓએ ચોમાસામાં જોડા નહિ પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ગામના મુખી, પટેલો, અને બ્રાહ્મણો અનેક વખત ધર્મની ચર્ચા કરી જૈનધર્મની મહત્તા સમજી સંતુષ્ટ થયા હતા,

## જૈનેતરનો દીક્ષાપ્રેમ.

આચાર્યમહારાજશ્રીના વિદ્વાન્ શિષ્ય શ્રીમાન્ વ્યા૦ વા૦ લબ્ધિ-વિજયજી મહારાજ છાણીથી પાલીતાણા જતા બોરસદ મુકામે પધાર્યા હતા. તે સમયે સં. ૧૯૭૯ માં ડભોઈના રહીશ ધર્મ પ્રેમી. શા. જીવણલાલ ફુલચંદને ભરજુવાનીમાં ને લગ્નની તૈયારીમાં ખરા વૈરાગ્યથી પૂર્ણ સુખી હોવા છતાં દીક્ષાના પરિણામ થતાં દીક્ષા લેવા ઇચ્છા પ્રદર્શિત કરી માતા દીવાલીબાઈના આગ્રહથી બે વર્ષ વધારે સંસારમાં રહ્યા અને રજા લઈ બોરસદમાં આવેલા તે ભાઈને દીક્ષાપ્રદાન કરતાં હાલની માફક કેટલાકોની ઉશ્કેરણીથી જૈન જૈનેતરો તરફથી કેટલીક પ્રતિકુળતા ઉપસ્થિત થતાં બોરસદ ગામના આગેવાન મુખીપટેલ શ્રીયુત્ આશાભાઈએ આખું ગામ વિરૂદ્ધ હોવા છતાં એઓશ્રી એકલાએ દીક્ષાપ્રદાન કરાવવામાં જૈનધર્મની અને પૂજ્ય ગુરૂવર્યની અપૂર્વ સેવા બજાવી અઢળક પુણ્યઉપાર્જન કર્યું હતું. સાચી દીક્ષાનો પણ વિરોધ કરનારા નામધારી જૈનો આશાભાઈનું આ દૃષ્ટાંત લઈ પોતાની પાપવૃતિને તીલાજલી આપશે કે? આવા પ્રતિકુળ સંજોગોમાં પણ મી. જીવણલાલે (મુનિશ્રી જયન્તવિજયજી) બીલકુલ આકુળ વ્યાકુળ ન થતાં મક્કમ રીતે ઉભા રહેવાની મર્દાનગી બતાવી હતી. જે એમના ઉત્કટ અને સાચા વૈરાગ્યનો જબરજસ્ત પુરાવો હતો. જૈનોતરોને પણ સુરિપુંગવના ચાતુર્માસમાં ધર્મની ઉંડી થયેલી અસરનો આ પુરાવો હતો. આ પ્રમાણે બોરસદમાં તપશ્ચર્યા, સાધર્મિકવાત્સલ્ય પૂજાઓ વિગેરે અપૂર્વ સત્કાર્યો થયા હતા. ચાતુર્માસ બાદ ત્યાંથી વિહાર કરી ખંભાતમાં ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજ બીમાર હતા તેમને જોવા માટે ત્યાં પધાર્યા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજના—
આજ્ઞાનુવર્તિ.



સ્વ. ઉપાધ્યાય શ્રીમદ્ વિરવિજયજી મહારાજ.

બી. પી. પ્રેસ—પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૧ મું.

**વાચકપ્રવર.**

શ્રીમાન્ ન્યાયાંભોનિધિ તપોગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ (આત્મારામજી) ના શિષ્ય વાચકપ્રવર વિદ્વવરેણ્ય શ્રીમાન્ વીરવિજયજી મહારાજ આચાર્યદેવેશની આજ્ઞાથી ખંભાતમાં ચાતુર્માસ રહ્યા હતા. જેમની ઉપાધ્યાયપદવી આચાર્ય મહારાજની નિશ્રામાં થઈ હતી. જેમનું જીવન બહુજ પ્રતાપી અને નિર્મલ હતું. જેઓનો સ્વભાવ સદૈવ આનંદી અને સરલ હતો. જ્યારે એમની પાસે કોઇ ધનવાન્, કંગાળ, જ્ઞાની અગર અજ્ઞાની જે કોઈ એમની પાસે જતા ત્યારે તેમને તેઓશ્રીની મુખાકૃતિ એકસરખીજ ભાસતી હતી. વળી તેઓશ્રી પરોપકારવૃત્તિવાળા હોઈ જૈન-જૈનેતરોના ઉપર અનેક ઉપકારો કર્યા હતા. જેઓનો કંઠ પણ અતિ મધુર હતો. અને એક સારા સંગીતજ્ઞ હતા. પ્રભુપૂજામાં જ્યારે બુલંદ અવાજે પ્રભુની સ્તવના કરતા ત્યારે ભલભલા ગવૈયાના પણ શીર ડોલાવતા, શાસનસેવાનો જ્યારે જ્યારે પ્રસંગ આવતો ત્યારે ત્યારે તેઓશ્રી તત્પર રહેતા હતા. ચરિત્રનાયક ઉપર તેઓશ્રીનો હાર્દિક અનન્ય પ્રેમ હતો. જ્યારે લાંબા સમય પછી આચાર્યશ્રીને મળતા ત્યારે તેમની આંખમાં હર્ષનાં અશ્રુઓ સરતાં હતાં, જ્યાં જ્યાં એઓશ્રીએ ચાતુર્માસ કર્યું છે ત્યાં ત્યાં જૈન જનતામાં અનેક જાતના ઉપકારો કર્યા છે. એવા ગુણનિધાન વાચકપ્રવર ખંભાતના ચાતુર્માસમાં એકાએક બીમારીના વાદળાથી ઘેરાયા.

**દુઃસ્વાસ્થ્ય.**

આત્માનંદી મહાપુરૂષોને શરીર વ્યાધિગ્રસ્ત થતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે ધર્મક્રિયાઓની આરાધનામાં વિશેષ પ્રકારની લગની લાગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. બાહ્યરોગને નાબૂદ કરવામાં ઔષધની જેમ જરૂર પડે છે તેમ કર્મ રૂપ આંતરિક વ્યાધિને નાશ કરવામાં ધર્મક્રિયાઓ પરમ ઔષધ છે. આરંભ સમારંભો, તેને મટાડવાની તાલાવેલી–આર્તધ્યાન વિગેરે કર્મ રોગ વધારનારા કુપથ્યો છે એવું જાણનારા મહાપુરૂષો એવા પ્રસંગે પણ આત્મધ્યાનમાં મસ્ત બન્યા રહે છે. ઉપાધ્યાયજી મહારાજના શરીરમાં અસહ્ય વેદના હોવા છતાં તેઓશ્રીની ચિત્તની નિર્મળતા અજબ હતી. શાન્તિથી સમાધિપૂર્વક સ્વસમય વ્યતિત કરવા લાગ્યા. તેઓશ્રીની સેવામાં અનેક મુનિવરો તથા ખંભાતનો શ્રાવકસમાજ ખડે પગે તૈયાર હતો. સંબંધીવર્ગ સેવા કરવા સમર્થ થઈ શકે છે, પણ તૂટેલ આયુષ્યને સાંધવા માટે તો તીર્થંકર, ચક્રવર્તી, ઇંદ્ર વિગેરે કોઈ પણ સમર્થ થઈ શકતું નથી. દુનિયાના પદાર્થોની અસ્થિરતા બતાવતા પંડિતજનો કહે છે કે;—

पताका चंचलं आयुः तरंगचपला श्रियः ।
भोगिभोगनिभा भोगाः संयोगाः स्वप्नसन्निभाः ॥

અથાત્ આયુષ્ય ધ્વજાના છેડાની જેમ ચંચલ છે, લક્ષ્મીસમુદ્રના તરંગોની જેમ ચપલ છે, સર્પના ઝેરી દેહસમાન ભોગો છે, અને સ્વજનના સંયોગોસ્વપ્ન સદશ છે. એજ વાતને પુષ્ટ કરતા એક ગુર્જર કવિ પણ કહે છે કે—

**કાચા સુતરને તાંતણે જો બાંધી આ જીંદગાની છે,**
**દરીયાતણા મોજા સમી, તું જુઠી જાણ દીવાની છે.**
**અંતરતણી સૌ આશ. અંતરમાં સમાઈ જવાની છે.**
**અણધારી એ મેમાન, જો આ આંખ બંધ થવાની છે.**

ઉપરની હકીકતને હૃદયપટમાં સુવર્ણાક્ષરે લખી ધર્માંતત્પર રહેનાર આત્માઓ માટે મરણ પણ મહોત્સવ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## હીરો ગુમ.

જગતમાં કાળ અકળકળાથી ભમે છે. નિષ્ઠુરતાથી બાળ, યુવાન, પ્રૌઢ, અગર વૃદ્ધ સૌ કોઇને અચાનક ઉપાડે છે. તેની વિકરાળફાળથી કોઈપણ બચતું નથી. સમરાંગણમાં બહાદુરીપૂર્વક લડી હજારોને હણનારા યોદ્ધાઓ કાળયોદ્ધાના વિકરાળઝપાટાથી બચી શકયા નથી. જગતનો ધ્વંસ કરવામાં સમર્થ અને નવીન સર્જન કરવામા શક્તિશાલી વ્યક્તિઓને પણ કાળના પ્રવાહમાં એકવાર તણાવું પડે છે. જ્યાંસુધી કર્મની બેડી આત્માને લાગેલી છે, ત્યાંસુધી સંસારરૂપી જેલમાં રહેવું પડે છે. આયુષ્યની સ્થિતિ પૂર્ણ થતાં ત્યાગીઓ ત્યાગાશ્રમને, ધ્યાનીઓ ધ્યાનાશ્રમને, અને ભોગીઓ ભોગવિલાસના ભોગાશ્રમને છોડી પલકમાં પરલોક સીધાવી જાય છે. ત્યાગીઓને જતાં પૂર્ણ આનંદ હોય છે, જ્યારે ભોગના કીડાઓને એ વીલાસો છોડતાં પૂર્ણ ખેદ હોય છે. ત્યાગીપુરૂષો માને છે કે ચંચળ જીવનમાં આત્માનું શ્રેય સાધવું ભવોભવનું ભાતું સ્વીકારવું, અને જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના ક પરંપરાએ અજરામરપદ પામી સંસારથી વીરમવું એજ જીવનની સા સાર્થકતા છે. જ્યારે ભોગીપુરૂષોએ જીવનની સાર્થકતા મરે ત્યાંસુધ ભોગને નહિ છોડવામાં માની છે. અને તેથીજ મરતી વખતે એકને પૂર્ણ આનંદ હોય અને બીજાને પૂર્ણ ખેદ હોય એ સ્વભાવિક છે. નિરંતર પરિભ્રમણ કરતા દુષ્ટકાળની દૃષ્ટિ વાચકપ્રવર ઉપર પડી, આયુષ્યનો ક્ષય થવાથી જ્ઞાનધ્યાનવરિષ્ઠ વાચકપ્રવર સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

## શોકસાગર.

ધર્મનાપ્રભાવક જ્યારે આ ફાની દુનિયાને છોડીને ચાલ્યા જાય ત્યારે કયા ધર્મીને ખેદ ન થાય. અખિલ ખંભાતનો જૈનસંઘ તથા આચાર્ય દેવેશાદિ મુનિમંડળ વાચકપ્રવરના કાળધર્મથી ખેદયુક્ત બન્યું. સખેદ હૃદયે તેઓશ્રીના દેહની પ્રાન્તક્રિયા કરવામાં આવી, તથા તેઓશ્રીના પાછળ અનેક પ્રકારની અષ્ટાન્હિકા મહોત્સવ આદિ ધર્મક્રિયા કરવામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવી હતી. આ બનાવથી ચરિત્રનાયકના હૃદયમાં ભારે આઘાત પહોંચ્યો. કારણકે શાસનમાં આવતા પ્રસંગોમાં સ્વર્ગસ્થ વાચકપ્રવર ચરિત્રવિભુનો સહકાર દેતા હતા. અને કેટલાક વિકટ પ્રસંગોમાં બુદ્ધિનિધાન પ્રધાનનું કામ કરી બતાવતા હતા. મહાપુરૂષોનું વૈરાગ્ય નયન ખુલ્લું હોવાથી વિચારે છે કે જન્મે તેજ મરે છે. ખીલે તેજ કરમાય છે. એ અનાદિનો સિદ્ધ સ્વભાવ છે. સૌ સંઘને વૈરાગ્યનો ઉપદેશ આપી ખેદમુક્ત કર્યા.

## વિહાર.

ત્યાંથી વિહાર કરી માર્ગમાં ઉપદેશદ્વારા શિકાર આદિ જીવહિંસાનો ત્યાગ વિગેરે અનેક પ્રકારના ઉપકારોને કરતા ડભોઇ મુકામે પધાર્યા. ત્યાંની જૈન જનતાએ આચાર્ય દેવેશનો ભવ્ય સત્કાર કર્યો હતો. ન્યાય વિશારદ ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજે ડભોઈમાં વીચરી ત્યાંની ભૂમિને પાવન કરી હતી. તેઓશ્રીનો સ્વર્ગવાસ પણ અત્રેજ થયો હતો. ત્યાંના સંઘે આચાર્યમહારાજશ્રીને ચાતુર્માસ માટે વિજ્ઞપ્તિ કરવાથી તેઓશ્રીએ સં. ૧૯૭૫ નું ચાતુર્માસ ત્યાં કરવા સ્વીકાર્યું હતું. આ બાલ બ્રહ્મચારી પ્રૌઢ પ્રતાપી આચાર્યદેવેશે પોતાની ત્યાગવાહીની દેશનાદ્વારા ત્યાંની પ્રજામાં અપૂર્વ ધર્મ જાગૃતિ આણી હતી. તથા ચાતુર્માસ દરમ્યાન તપશ્ચર્યા, દેવ દ્રવ્યાદિની વૃદ્ધિ વિગેરે સ્તુત્ય કાર્યો થયા હતા.

## પ્રયાણ.

ડભોઈના ચાતુર્માસ બાદ ઉપકારાર્થે નાના ગામડાઓમાં ધર્મ ધ્વજાને ફરકાવતા, અનેકોને જૈન ધર્મની અને માનવ જન્મની મહત્તા સમજાવતા ખંભાત શહેરના નજીક આવી પહોંચ્યા, ખંભાતનો સંઘ અદ્યાપિ એ અપૂર્વ દેશનામૃતનો સ્વાદ ભૂલ્યો નથી. એકવાર જે વ્યક્તિએ એઓશ્રીના દર્શન કર્યા હોય અને ધર્મ પ્રવચન સાંભળ્યું હોય તેને એ વસ્તુની પુનઃ તક કયારે સાંપડે એવી હૃદયમાં તીવ્ર ઇચ્છા રહ્યા કરે છે. એ પણ સૂરિપ્રવર મહાત્માની અચિંત્ય ખુબી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક ભવ્યાત્માઓથી નમસ્કાર કરાતા, સશિષ્ય પરિવાર ખંભાતના સંઘના અત્યંત આગ્રહથી ત્યાં પધાર્યા.

## ભવ્ય સ્વાગત.

પૂ. આચાર્ય દેવેશના આગમન માટે મુકરર થયેલ દિવસે પ્રાતઃકાળમાં કેટલેક દુર સુધી ઘણા સ્ત્રી, પુરૂષો અને બાળકો સન્મુખ જઈ પહોંચ્યા હતા. શહેર બહારના દરવાજાથી અનેક પ્રકારના વાદ્યોથી કુમારીકાઓના મધુર ગીતથી અને જયના નાદની મધુર ધ્વનીથી શોભતા એક ભવ્ય વરઘોડાથી આચાર્યદેવેશનો અપૂર્વ સત્કાર કર્યો હતો. સ્થાને સ્થાને આચાર્યમહારાજને ગુંહલીઓથી વધાવવામાં આવતા હતા વરઘોડો શહેરના ભવ્ય લત્તામાં થઇ ઉપાશ્રયે આવતાં આચાર્યદેવેશે વ્યાખ્યાનપીઠ પર બીરાજી બુલંદ અવાજે મંગલાચરણ કરી હૃદયવેધક ઉપદેશ, મોટી માનવમેદિની સમક્ષ આપી શ્રોતાવૃન્દ ઉપર સારો પ્રકાશ પાડયો હતો. ખંભાતના સંઘનો ચોમાસા માટે અત્યંત આગ્રહ હોવાથી મહારાજશ્રીએ જૈન રત્ન વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ આદિ શિષ્ય સમુદાય સાથે સં. ૧૯૭૬ નું ચાતુર્માસ ત્યાં કરવાની હા પાડી હતી. ચાતુર્માસ દરમ્યાન મગસેલીયા પત્થરને પણ પીગળાવી નાંખે એવા દેશનારૂપી પુષ્કરાવર્ત મેઘની મુસલધારાથી અનેક સ્ત્રી પુરૂષોની ઘર કરી બેઠેલી કુપ્રવૃત્તિઓના નાશ થવા સાથે અનેક પ્રકારના નિયમોથી આત્મજાગૃતિ અપૂર્વ થઈ હતી. તદુપરાંત જીવદયા, જ્ઞાનોદ્ધાર વિગેરે શુભ કાર્યો થયા હતા. ખંભાતથી વિહાર કર્યો તે વખતે આચાર્ય દેવેશના વિયોગથી ભારે શોક ફેલાયો હતો. ધર્મિષ્ઠ પુરૂષોને વિરહ સાલ્યા વિના રહેતોજ નથી અને ત્યાગી ગુરૂવરો તીર્થંકરની આજ્ઞાને શિરસાવંદ્ય કરી વિહાર કર્યા વિના રહેતા નથી. કહ્યું છે કે—

**વહેતા પાણી નિર્મળા, બંધા ગંદા હોય;**
**સાધુ તો ફીરતા ભલા, ડાઘ ન લાગે કોય.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વાતને અક્ષરશઃ છેવટની જીંદગી સુધી અમલમાં મુકનાર આચાર્યદેવેશ આદિ ગ્રામાનુ ગ્રામ ધર્મોપદેશથી મિથ્યાત્વ રૂપ સુરાપાનથી પ્રમત્ત બનેલાઓને નવ ચૈતન્ય અર્પણ કરતા વડોદરા નજીક પધાર્યા. વડોદરાના સંઘે મહારાજશ્રીનો આડંબર પૂર્વક ભવ્ય સત્કારથી પ્રવેશ મહોત્સવ કર્યો હતો. જન્મ અને મરણના દુઃસાધ્ય વ્યાધિને નાશ કરવામાં રામબાણ ઈલાજ સમાન ધર્મદેશના હમેશ ચાલતી હતી. સંવત ૧૯૭૭ નું ચાતુર્માસ સકળ સંઘની વિનતિથી અત્રેજ કરવામાં આવ્યું હતું. આચાર્યદેવેશની પુણ્ય પ્રકૃતિજ એવીજ હતી કે જૈનેતરો પણ વારંવાર દર્શન કરવાની અભિલાષા રાખતા હતા. પંજાબના ન્યાય નિપુણ વેદ ધર્મ પાલક બંસીધર નામના પંડિત કહેતા હતા કે જો જૈન દેવના દર્શન કરવાથી અંતરનો ભાવ જાગ્યો હોય, તો તે શત્રુંજય તીર્થપર શ્રીઋષભદેવ ભગવાનના દર્શન કરતાં જાગ્યો છે. અને જગતના સમસ્ત મહાત્માઓના દર્શન કરતા જો ગુરૂ તરીકે પ્રેમ જાગ્યો હોય તો આ એક અદ્‌ભુત્ મૂર્તિ શ્રીમદ્ કમલસૂરીશ્વરજી મહારાજ પર જાગ્યો છે. અન્ય મતાવલંબી પંડિત પ્રવરો પણ આચાર્યદેવેશના દર્શન કરતાં અપૂર્વ ભાવનાને પ્રાપ્ત કરતા હતા.

**દેવદ્રવ્ય રક્ષણ.**

વડોદરામાં અનેક પ્રશસ્ય કાર્ય થયાં હતાં, તેમાં ખાસ કરીને તે સમયે દેવ દ્રવ્યની રકમ સાધારણ ખાતામાં લઈ જવા માટે કેટલાક મુનિઓનો તથા ગૃહસ્થનો પ્રયત્ન ચાલુ હતો. અને તે અસર ત્યાંના આગેવાનમાં ઘુસી પણ હતી. આ વાતની આચાર્ય મહારાજશ્રીને ખબર પડતાં વ્યાખ્યાન પીઠ ઉપરથી જુસ્સાથી અને અસરકારક શૈલીથી દેવ દ્રવ્યની સિદ્ધિ, દેવ દ્રવ્યોના ભક્ષકોની દુર્દશા, દેવ દ્રવ્યના રક્ષણથી બંધાતા તીર્થંકર ગોત્ર વિગેરે શુભ પરિણામો શાસ્ત્રીય પુરાવા સાથે સમજાવી અનર્થકારી ધર્મવિરૂદ્ધ પ્રણાલિકાને અટકાવી હતી. અને પુનઃ એ શરૂ ન થાય તે માટે પુરતો બંદોબસ્ત કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સંગ્રહ પ્રકાશ.

પોતાના જીવનમાં દરેક મતોના ગ્રન્થોનું ગુરૂદેવે અવલોકન કર્યું હતું. અને ખાસ ખાસ ઉપયોગી વિષયોની પોતે નોંધ કરતા હતા. સાહિત્ય શોખીન જનતાને તેનો લાભ મળી શકે એ ઈરાદાથી કેટલાક મુનિવરોનો તથા ગૃહસ્થનો તેને પ્રગટ કરવા માટે આગ્રહ થયો. મહારાજશ્રીની પોતાની ઈચ્છા બહાર પાડવાની ન હતી. પરંતુ વિશેષ લાભનું કારણ જાણી પોતાના વિદ્વાન શિષ્ય જૈનરત્ન વ્યા૦ વા૦ શ્રીમાન લબ્ધિવિજયજી મહારાજને તે લેખીત સંગ્રહ સુપરત કર્યો. અને તેઓશ્રીએ પણ તે સંગ્રહ અવલોકી તેમાંથી ઉપયોગી વિષયો લઈ પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી મતમીમાંસા નામનો ગ્રન્થ હિન્દિ ભાષામાં પહેલા વિભાગ તરીકે વિવિધ ભાવાર્થની સાથે બહાર પાડ્યો. જે ગ્રન્થમાં એવી ખુબી છે કે અલ્પ અભ્યાસીઓ પણ કોઈ પ્રસંગે ઈતર મતાવલંબીની સાથે વાદ વિવાદમાં ઉતરે અને આ ગ્રન્થ જો પાસે હોય અંને કંઠસ્થ હોય તો જરૂર જૈનધર્મની વિજયપતાકા ફરકાવી શકે છે. એ વાત એ ગ્રન્થ વાંચનારને સહેજે જ્ઞાન થઈ શકે એવી છે. આચાર્યદેવેશની એ સંપૂર્ણ નોંધ બહાર પાડવામાં આવી હોત તો વિશાલ સાહિત્યનો અનાયાસે લાભ જૈન જૈનેતરોને પ્રાપ્ત થાત એ સ્વાભાવિક હતું. આ પ્રમાણે વડોદરાનું ચાતુર્માસ સંપૂર્ણ કરી ત્યાંથી વિહાર કરી આજુ બાજુ પાદરા, દરાપરા, બોરસદ, આંકલાય, ઉમેટા વિગેરે સ્થળોમાં શેષ કાળમાં રોકાઈ અપૂર્વ લાભ આપ્યો હતો.

## છાયાપુરી પ્રવેશ.

શ્રી છાયાપુરી ( છાણી ) ના સંઘના અત્યંત આગ્રહથી પુજ્યપાદ્ આચાર્ય દેવેશ સપરિવાર પધાર્યા હતા. છાયાપુરીના સંઘે રંગ બે રંગી વાવટાઓ, ધ્વજા, તોરણો, ગુરૂદેવના નામથી અલંકૃત શુભ બોર્ડો આદિથી ગામને શણગારી, સુમધુર વાદ્યોના નાદ અને ગીતગાનની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મંગલમય ધ્વનિનાં અને જયનાદના ગુંજારવોથી ઠાઠ પુર્વક પ્રવેશ મહોત્સવ કર્યો હતો. આ ગામ વડોદરા શહેરથી ત્રણ ગાઉ થાય છે અત્રેની પ્રજા ધર્મનિષ્ટ અને શ્રદ્ધા સંપન્ન છે. વારંવાર અત્રે સુવિહિત મુનિવરોના ચાતુર્માસનો લાભ મળ્યા કરે છે. વ્યાખ્યાન શ્રવણ માટે અત્રેની પ્રજા શોખીન છે તેમજ અત્રેના કેટલાક આગેવાન ગૃહસ્થો તત્વ ગવેષકો પણ છે. આચાર્યદેવેશના વિદ્વાન શિષ્ય વ્યા૦ વા૦ શ્રીમાન લબ્ધિવિજયજી મહારાજનો વૈરાગ્યમય ધર્મોપદેશ ચાલતો હતો. સૌ કોઇના હૃદયપટ ઉપર ધર્મનો અપુર્વ રસ રેડાયો. ગુરૂદેવના સુગુણો તરફ છાણી ગામનો સંઘ ઢળ્યો હતો, છાણીનો સંઘ સુગુરૂઓનો અનન્ય ભક્ત તત્વના વ્યાખ્યાન શ્રવણ કરવાનો શોખીન, અને અદ્દ્ભુત ત્યાગ માર્ગનું રક્ષણ કરવા માટે બેલજીઅમનો કીલ્લો ગણાય છે. પ્રતિદિન ત્યાગ ભરપુર પ્રવચનોના શ્રવણથી ઘણાઓના હૃદયમાં ત્યાગ ભાવના જાગૃત થઇ હતી. તેમાં ખાસ કરીને ધર્મનિષ્ઠ પ્રકરણાદિ ગ્રન્થોના જ્ઞાતા શ્રીયુત્ ખીમચંદભાઈ હરગોવનદાસના સુપુત્ર શા છબીલદાસ પોતાની સોલ વરસની ઉમ્મરમાં એ ઉપદેશની વાસ્તવિક અસર થવાથી સંસાર વિરક્ત બન્યા હતા. આચાર્યદેવના પ્રશિષ્ય મુનિરાજ શ્રી લક્ષણવિજયજી ગણી મહારાજના ઉપદેશ અને પ્રેમથી જેઓ જેમ બને તેમ જલદી આ સંસારનો ત્યાગ કરી પરમ પુનિત ચારિત્ર પંથમાં સ્વજીવનને સમર્પણ કરવા અને સ્વપર કલ્યાણ સાધવા સજ્જ :થયા. વળી એમના પિતાશ્રી પૂર્ણ ધર્મના રાગી હતા, તેમને પોતાના પુત્રને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ભાવના જાગૃત થઈ છે એમ જાણતાં છબીલદાસની ભાવના સુદૃઢ બને તે માટે પ્રતિદિન ધર્મનો વૈરાગ્યવર્ધક અનુભવ અને ઉપદેશ આપતા હતા. અમુક સંયોગોને લીધે ધર્મપ્રિય ભાઈ છબીલદાસની ભાવના શિથિલ થતી માલમ પડી.

**દિવ્ય ઉપદેશ.**

સૂરિપુંગવને આ વાતના સમાચાર મળતાં જ્યારે છબીલદાસ વંદ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાથે ગયા ત્યારે ચારિત્રના પરિણામ મંદ પડવાનું કારણ પૂછતાં તેમણે યથાસ્થિત સ્વરૂપ પ્રગટ કર્યું. શાન્તમુદ્રાથી સૂરિપુંગવે અમૃત સમાન ઉપદેશ આપતાં જણાવ્યુ કે "હે મહાનુભાવ? સંસારના સ્વાર્થી સંયોગોમાં દક્ષ પુરૂષોએ ક્ષણમાત્ર પણ નિવાસ કરવો તે ભયાવહ છે. સંસાર એ કારાગૃહ છે. આત્માને ઉન્નત ન બનાવતા અધઃપતન કરવા બધો સ્નેહીવર્ગ તૈયાર હોય છે. જગતના સ્વાર્થી સંબંધીઓ પોતાના તુચ્છ સ્વાર્થને ખાતર વૈરાગી આત્માને જ્વાજલ્યમાન મોહની ભઠ્ઠીમાં બળવા દેવાનું પસંદ કરે છે. જ્યારે જ્યારે કોઈ પણ મુમુક્ષુ સંસારનો ત્યાગ કરી આત્માની ઉન્નત દશાને સાધવા પ્રયત્ન કરે છે. ત્યારે ત્યારે તેની મદદમાં, તેના ભાવને વધારવામાં, અને ચારિત્ર માર્ગમાં રહેલા કાંટાઓને સાફ કરી અનુકુલતા કરી આપનારા સ્નેહી સંબંધીઓ આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલાજ જોવામાં આવે છે. અર્થાત બહુ વીરલાજ હોય છે. વળી માતા, પિતા, પુત્ર, સ્ત્રી, ભાઇ, બેન વિગેરે સંબંધીઓ અનાદિકાળથી પરિભ્રમણ કરતા આ આત્માને સંખ્યાતિત થઈ ચુકયા છે, ચક્રવર્તીત્વ નૃપત્વ, અને દેવત્વ આદિ ઋદ્ધિઓ પણ અનેક વખત મળી ચુકી છે. પરંતુ મનુષ્ય પણું, શાસ્ત્રનું શ્રવણ, તેમાં અડગ શ્રદ્ધા અને સંયમમાં વીર્યનું ફોરવવું, ઉત્તરોત્તર દુર્લભ એ ચાર વસ્તુઓ પ્રાણીને મળવી બહુજ દુર્લભ હોય છે, માટેજ સ્નેહી સંબંધીના સ્વાર્થને ખાતર પોતાનો પરમાર્થ ગુમાવનારાને શાસ્ત્રકારો અજ્ઞાની કહે છે. માટે હે ભાગ્યશાલી આવી ઉત્તમ સામગ્રીઓ મલ્યા પછી પૌદ્‌ગલીક વસ્તુના મોહમાં સપડાઇ એને વેડફી નાંખવી એતો દીલ્હી જઇને ભાડ ભુજનો ધંધો કરવા બરોબર છે, વળી ધર્મના કાર્યમાં એક ઘડીપણ વિલંબ કરવો ઉચિત નથી. કેમકે **શ્રેયાંસિ बहु विघ्नानि** શ્રેય કાર્યોમાં ઘણા વિઘ્નો આવે છે. માટે નિર્બળતાને છોડી દો અને એક મકકમ વિચાર ઉપર આવી જન્મ અને મરણની ફાંસીને ફનાહ કરનારૂ ચારિત્ર ધર્મ અંગીકાર કરવા સજ્જ થાઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઉપદેશની અસર.

પૂ. આચાર્ય દેવેશનો વૈરાગ્ય પોષક ઉપદેશામૃતના સિંચનથી ધર્મ પ્રેમી છબીલદાસના આત્મ બગીચામાં નવું ચૈતન્ય પ્રગટયું. અને સોલ વરસની ઉમ્મરમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઉગ્રભાવના સફલ કરવા માટે પ્રતિજ્ઞા લીધી. પોતાના પિતાજીની આજ્ઞા માગી. તેમના પિતાશ્રી ધર્મનિષ્ઠ હોવા સાથે સંયમમાર્ગના રાગી હતા, સંસારની ભીષણતાને સારી પેઠે પીછાણનારા હતા. છતાં પણ મોહના ઉછાળાને લીધે દીક્ષાના કાર્યમાં થોડોક વિલંબ કરવા તેમણે જણાવ્યું, પરંતુ હવે તો છબીલદાસનો વૈરાગ્ય સુદૃઢ બનેલો હોવાથી પોતાની ઉગ્ર ભાવનાનો વેગ નહિ રોકવા માટે વિજ્ઞપ્તિ કરી, અને પોતે સંયમ માટે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞા પણ જણાવી દીધી. ખીમચંદભાઇએ છેવટ સુધી તેમના વૈરાગ્યની પરીક્ષા કરવા માટે ચારિત્ર માર્ગમાં રહેલા પરિસહો, વિહાર. અને લોચાદિ કષ્ટોની પરંપરા જણાવી. પરંતુ છબીલદાસે તે સર્વનો સામનો કરી અડગ ચારિત્ર પાળવાની ધૈર્યતા બતાવી અને તેમણે પુછેલા સઘળા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. જેથી ખીમચંદભાઇને તેમના વૈરાગ્ય માટે વિશ્વાસ બેઠો અને હ્રદયના ઉમળકા સાથે હસતે ચહેરે પોતાના પુત્રને દીક્ષા માટે અનુમતિ આપી આનું નામ તે વાસ્તવીક પિતા.

## ઉમેટામાં દીક્ષા.

આચાર્ય દેવેશના વિદ્વાન્ શિષ્ય રત્ન. વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિ-વિજયજી મહારાજ સશિષ્ય ગુરૂ દેવની આજ્ઞાથી પ્રતિષ્ઠાના કાર્ય માટે ત્યાંના સંઘની આગ્રહભરી વિનતિથી ઉમેટામાં પધાર્યા હતા, અત્રેની જૈન જનતા ધર્મનિષ્ઠ અને સરળ છે. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહા-રાજના સચોટ ઉપદેશથી વિશેષ પ્રગતિશીલ બની હતી. આ અવસરે છબીલદાસ પોતાના મિત્ર મંડળ સાથે ઉમેટામાં આવી પહોંચ્યા હતા. તે વખતે ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવ ચાલુ હતો. વૈરાગ્યથી રંગાયલા જાણી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુમુહૂર્તમાં સમહોસ્તવ છબીલદાસને ભાગવતી પ્રવ્રજ્યા સમર્પણ કરી. અને તેમનું નામ મુનિશ્રી ભુવનવિજયજી રાખી વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કર્યા, અંતે ગુરૂદેવે વ્રત પાલનમાં ધૈર્યતા વધે તેવું સુંદર શિક્ષણ આપ્યું હતું. આવો દીક્ષા પ્રસંગ ભાગ્યશાલીને આંગણેજ થાય છે. ઉમેટાને પણ દીક્ષા પ્રસંગ ઘણા વર્ષો પછી પ્રાપ્ત થયો હતો જેથી તેઓના આનંદનો પાર રહ્યો ન હતો. દીક્ષા નિમિત્તે સાધર્મિક વાત્સલ્ય, પૂજા પ્રભાવના વિગેરે કરવામાં આવ્યા હતા. જો કે પોતાના પિતાની રજા હોવાથી છાણીમાંજ દીક્ષા આપવા માટે કોઈ પણ જાતની હરકત ન હતી. પરંતુ તેઓના પિતાશ્રીનું એમ કહેવું હતું કે ભલે હું આજ્ઞાથી દીક્ષા અપાવું છું. અને અત્રે સ્નેહી વર્ગની બાહુલ્યતાથી એ પ્રસંગ આદરણીય હોઈ બહુજ મહોત્સવ પૂર્વક ઉજવી શકાય એવો છે પરંતુ મોહના ઉછાળાને લીધે એ પ્રસંગ હું આંખ સામે જોઇ શકીશ નહિ. માટે બહાર ગામ જઇને દીક્ષા લ્યો, અને વડી દીક્ષા છાણી ગામમાં રાખી મારી યથાશક્તિ દ્રવ્યનો વ્યય કરીશ.

## સૂરિજીના હસ્તે વડી દીક્ષા.

છાણી ગામના સંઘની વિનતિથી વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ સસત્કાર પધાર્યા. છાણી ગામ દીક્ષાના કાર્યમાં હંમેશા કટી બદ્ધ છે. મહાપુરૂષોના સંગથી ચારિત્રની અનુપમતા અને આદરણીયતા માટે તેમને સંપૂર્ણ વિશ્વાસ છે. છાણી ગામમાં અનેક દીક્ષા પ્રદાન થાય છે. અને તેઓ દીક્ષા લેનાર અને દેનારની પ્રતિકુલતાને દૂર કરી અનુકુળતા કરી આપવા તૈયાર રહે છે. એજ ગામના સુખી ઘરના ઘણા સ્ત્રી પુરૂષોએ વૃદ્ધાવસ્થામાં, યુવાવસ્થામાં અને કેટલાક બાલ્યવસ્થામાં સંયમ સ્વીકાર્યું છે. ખરેખર છાણી ગામ પણ દીક્ષાનું કેન્દ્રસ્થાન મનાય છે તે યોગ્ય છે. નૂતન દીક્ષિત મુનિશ્રી ભુવનવિજયજીને વડી દીક્ષા છાણી ગામમાં આપવા માટે ત્યાંના સંઘની, તેમના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગૃહસ્થાશ્રમના પિતાશ્રીની અને અન્ય સ્નેહીવર્ગની વિજ્ઞપ્રિથવાથી યોગોદ્વહનની ક્રિયા શરૂ કરાવવામાં આવી. વડી દીક્ષાનું મુહૂર્ત નક્કી થયું. એ પ્રસંગે તેમના ધર્મિષ્ઠ પિતાશ્રીના તરફથી મહોત્સવ શરૂ થયો. બહાર ગામથી પણ લગભગ હજાર માણસો આવ્યા હતા. ધર્મશાળાના વિશાળ મંડપમાં માનવમેદિનીની સમક્ષ ચરિત્ર નાયકના વરદ હસ્તે મુનિશ્રી ભુવનવિજયજીને વડી દીક્ષા અર્પણ કરવામાં આવી હતી. તે સમયે આચાર્ય દેવે જૈન જૈનેતરની મોટી મેદિની સમક્ષ સાધુઓના આચાર વિચાર ઉપર સુશિક્ષણ આપવામાં આવ્યું હતું. તે દિવસે સાધર્મિકવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું.

## વિજ્ઞપ્તિ સ્વિકાર.

છાણી ગામના સંઘની ચાતુર્માસ માટે અત્યંત આગ્રહભરી વિનતિ થતાં સં. ૧૯૭૮ નું ચાતુર્માસ ત્યાંજ રહ્યા. સર્વ જનતામાં અપૂર્વ હર્ષના પુર ઉભરાવવાં શરૂ થયા. ચિંતામણિ હસ્તગત થયા પછી કોણ હર્ષિત ન થાય. આચાર્ય દેવેશના દર્શનાર્થે વડોદરા શહેરથી અમલદાર વર્ગ ( Officers ) પણ અનેકવાર આવતો અને ધર્મ શ્રવણથી અત્યંત આલ્હાદને પામતો હતો.

## તાત્વિક પ્રવચન.

આચાર્ય દેવેશની શારીરીક સ્વાસ્થ્યતા દિન પ્રતિદિન મંદતાને પામતી હતી. વૃદ્ધાવસ્થાની કાન્તિ મુખપર છવાતી હતી. એટલે વ્યાખ્યાનનો પરિશ્રમ પોતે કમ લેતા. તેઓશ્રીના વિજ્ઞવરેણ્ય વ્યા. વા. શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ અત્રેના ચાતુર્માસમાં ગુરૂદેવની આજ્ઞાથી બુલંદ અવાજે તત્વપ્રવાહમય પ્રવચન પ્રતિદિન આપતા હતા. છાણી ગામનો શ્રોતાવૃન્દ સુજ્ઞ મનાય છે, દ્રવ્યાનુયોગના અનુરાગી શ્રાવકો ત્યાં વિશેષ પ્રમાણમાં છે. એટલે સૂત્રનાગહન વિષયોને પણ સારી પેઠે સમજી શકતા હતા. ગુરૂદેવ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારજે પણ તેઓને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તત્વાવગાહનશીલ પ્રવચનો શ્રવણ કરાવ્યા હતા. અને થતા ગહન પ્રશ્નોનો સરસ રીતે ઉકેલ કરતા હતા કે ઘડીએ સૌ કોઇ આશ્ચર્યચકિત બનતા.

## હસ્તલેખિત પુસ્તકોદ્ધાર.

સૂરિપુંગવ નિસ્પૃહતામય સ્વજીવન વ્યતીત કરતા હતા, જેમણે પોતાના જીવનમાં કપડાનો, ગ્રન્થોનો, સ્વશિષ્યોનો કે ભક્તગણોનો મોહ રાખ્યો નથી. જ્યાં ધર્મરક્ષણ થતું હોય ત્યાં તનમનથી સર્વાંગરાગી બનતા હતા. સૂરિપુંગવને જણાયું કે પ્રાચીન સમયના લેખીત ગ્રન્થો જીર્ણ થાય છે, તેમજ શ્રાવકો તે ગ્રન્થોનું યથોચિતરક્ષણ કરવામાં પ્રમાદી બન્યા છે. તો તે જીર્ણ ગ્રન્થોનું સંશોધન કરી, લહીયાઓ રખાવી, જરૂર તે ગ્રન્થોને પુનઃ લખાવી જીર્ણોદ્ધાર કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. અને અમુક ગામમાં યોગ્ય મકાનમાં તેને સુરક્ષિત રાખવામાં આવે, તેમજ ચતુર્વિધસંઘને તે અપૂર્વ ગ્રન્થો અવલોકન કરવાનો લાભ મળે એવી આકાંક્ષા પ્રગટ થતાં, અનેક સદ્ગૃહસ્થોને ઉપદેશ આપી હજારો રૂપીયાનું નિર્મમભાવે પુસ્તક લખાવ્યું. તેઓશ્રીનો જ્ઞાનભંડાર ખંભાતમાં, પાટણમાં, અને છાણી ગામમાં છે.

છાણી ગામના જ્ઞાનમંદિરમાં પુસ્તકો સાચવવાની વ્યવસ્થા આદરણીય છે. તેમજ જ્ઞાનમંદિરનું મકાન પણ વિશાળ છે. આગ લાગવાનો ભય ન રહે એવી યોજનાથી બંધાવેલ છે. આવા પ્રકારની જ્ઞાનરક્ષણની અનુકૂલતા જોઇ છાણી ગામના સંઘનો આગ્રહ થતાં પોતાનું કેટલુંક હસ્તલેખીત પુસ્તક અને છાપેલ પ્રતાકારપુસ્તક છાણીમાં રાખ્યું છે. જેનો સાધુ-સાધ્વી, જૈન જૈનેતરો પણ લાભ ઉઠાવે છે. તથા વડોદરા શહેર નજીક હોવાથી યુરોપીઅનો તથા અન્ય વિબુધો તેની વિઝીટ લઇ સંતોષ જાહેર કરે છે. ખંભાત, પાટણમાં પણ જ્ઞાનરક્ષણની વ્યવસ્થા સારી છે. પાટણમાં તો હમણાજ દાનવીર સંઘવી શ્રીયુત્ નગીનદાસ કરમચંદે પુસ્તકો સુવ્યવસ્થિત રહી શકે એવી અનુકૂલતાવાળુ શ્રી કેશર-



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાઈ જૈન જ્ઞાનમંદિર બંધાવી આપી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવા સાથે અપૂર્વ જ્ઞાનનીભક્તિ બજાવી છે. કેટલાક જ્ઞાનભંડારના માલીકો તથા તેના કાર્યકર્તાઓ પુસ્તક ફાટી જવાના અગર ગુમ થઇ જવાના ભયથી અગર ગમે તે કોઈ હેતુથી પબ્લીકને તેનો લાભ આપવાની ઉદારતા બતાવી શકતા નથી, તેવાઓને હમારી ભલામણ છે કે તેઓના જ્ઞાનભંડારનો સૌ કોઇને લાભ આપવા પોતાની સંકુચીત દૃષ્ટિને દૂર કરે અને પ્રતો તથા પુસ્તકો વાંચવા લઈ જનાર તેને પોતાનું સમજી બહુજ કાળજીપૂર્વક સાચવી મૂળસ્થિતિમાં પાછું આપવા પ્રયત્ન કરે. આ પ્રમાણે થવાથી પુસ્તકો વાંચવા નથી આપતા એવા પ્રકારનો જ્ઞાનભંડારના માલીકો ઉપરનો આક્ષેપ દૂર થશે અને સૌને પુસ્તકો છુટથી વાંચવા મળી શકશે.

## લેખીત પુસ્તકનું બહુમાન.

જો કે ગુરૂદેવનું લક્ષ્ય આગમના પુસ્તકો છપાવવા કરતા લખાવવા ઉપર વિશેષ હતું. તેઓશ્રી સ્વમુખે કહેતા હતા કે પુસ્તકો આદિ છપાવવા તેમાં પણ વળી આગમાદિ ગ્રન્થો છપાવવામાં તેના પ્રુફો તથા પ્રેસ કોપી વિગેરે અનેક સ્થળે રખડતાં રહેવાથી જ્ઞાનની આશાતના થાય છે. વળી છપાવેલા ગ્રન્થો કરતા લેખીત ગ્રન્થો દીર્ઘકાળ સુધી ટકી શકે છે. પ્રાચીન કાળમાં હસ્ત લેખિત પુસ્તકોનું જે બહુમાન હતું તે આજે છપાવવાથી ન્યુનતાને પામ્યું છે. અલ્પ વસ્તુ અનર્ઘ્ય હોય છે. જ્યારે તેનો બહુલ ભાવ થાય છે ત્યારે તેનું બહુમાન અને સદ્ભાવ સહેજે ન્યૂન થાય એ સ્વભાવિક છે, લેખીત ગ્રન્થો વાંચવાનો મહાવરો ( Practice ) પણ રહે છે અને નહિ છપાયેલ ગ્રન્થો વાંચવામાં કઠીનતા પડતી નથી, અનેક સ્થળે આચાર્ય દેવ જીર્ણ પુસ્તકોને શુદ્ધ કરી લખાવવા માટે વિષેશ પ્રમાણમાં ઉપદેશ આપતા હતા. અને યુક્તિ યુક્ત તે ઉપદેશથી ઉદાર ગૃહસ્થો તે માટે સારી રકમ ખરચતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**પાઠશાળાદિ સુકૃત્યો.**

છાણી ગામના ચાતુર્માસ દરમ્યાન આચાર્ય દેવેશના ઉપદેશથી જીવદયાની ટીપ, ધર્મના દિવસોમાં બજાર, ખાનગી જાહેર-વ્યાપારો, તિલ પીલન યંત્રો, તથા અન્ય આરંભ સમારંભોના કામો બંધ રહે એવા પ્રબંધ માટે ઉપદેશ આપ્યો હતો. તથા તપશ્ચર્યા, દેવ દ્રવ્યાદિની વૃદ્ધિ, જીર્ણ પુસ્તકોદ્ધાર માટે સારી મદદ, વિગેર સુકૃત્યો સારા પ્રમાણમાં થયાં હતાં.

સૂરિ પુંગવનું ધાર્મિક જ્ઞાનના પ્રચાર માટે વિશેષ લક્ષ્ય હતું. એક વખતે તેઓશ્રી વ્યાખ્યાનપીઠ ઉપર બીરાજમાન થયા હતા. તે સમયે પ્રસંગોપાત ધાર્મિક કેળવણીના પ્રચાર માટે બોલતાં જણાવ્યું હતુ કે—

**"तुम लोग व्यवहारिक शिक्षण के लिए जितना प्रयत्न करते हो, इतना यह लोग परलोगमें हित करनेवाले धार्मिक शिक्षण के लीए क्यो नहि करते ? ख्याल रखना चाहिए कि लौकिक शिक्षण सिरफ देनेमे आवे, और लोकोत्तर शिक्षण ( Religions Instruction ) न दीया जावेतो धर्मकी भावना जडामूलसे नष्ट हो जायगी. और भुलना नहि कि जो बालकोंको द्रव्य व्ययकरके, अभी पढा रहे हो वोही बालक बडे हो कर धर्म भावनाके अभावसे कुलाचार, धर्माचार, विवेक और विनयसे भ्रष्ट होकर तुम्हारा और देव गुरु धर्मका सामना करेंगे, और धर्मके साधनोकी धर्मकी उत्तम क्रियायों की जड शिक्षणके प्रभावसे हांसी करेंगे; और उन क्रियासे वंचित होकर वे लडके अभक्ष्य भक्षण आदि पापा चरणमें आसक्त बनकर दुर्गतिमें चले जायंगे, इसलीए तुम्हारे बच्चोके लिए कुछ ने कुछ पाठशाळा केलिए प्रबंध करना चाहिए जिससे धर्मका परिज्ञान मिले, अच्छे संस्कार लगे, और देवगुरु धर्मपर श्रद्धा बढती रहे."**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવા પ્રકારનો ગુરૂદેવનો હૃદયંગમ ઉપદેશ શ્રવણ કરી સૌના હૃદયમાં તેની આવશ્યકતા જણાઈ અને એકજ વ્યક્તિએ સારા પ્રમાણમાં મોટી રકમ પાઠશાળા ખાતે અર્પણ કરી. અને પૂજ્ય આચાર્ય દેવના સુહસ્તે શુભ મુહૂર્તમાં પાઠશાળા ખોલવામાં આવી હતી. અને તે અદ્યાપિ અસ્ખલિતપણે ચાલે છે. અને પાઠશાળાના પ્રભાવેજ ત્યાંના બાલકો તથા બાલિકાઓ જૈન ધર્મના પ્રકરણાદિ ગ્રન્થોનાં જ્ઞાનમાં, ધર્મના સંસ્કારમાં અને ક્રિયાની અભિરૂચિમાં ઘણા આગળ વધી રહ્યા છે.

## અપૂર્વ લાભ.

કોઈ કોઇ દિવસ શ્રાવકોના અત્યંત આગ્રહ થતાં પૂજય આચાર્ય દેવેશ અમૃત સહોદર સ્વ પ્રવચનનો લાભ આપતા હતા. જે સમયે તેઓશ્રીની અમૃત વાણીનો પ્રવાહ વહેતો તે સમયે આકૃતિ માત્રથીજ વૃદ્ધાવસ્થા કળાતી હતી. પરંતુ જુસ્સો અને બુલંદ અવાજ યુવાવસ્થા જેવોજ માલુમ પડતો હતો. આચાર્યવર્યના દર્શનાર્થે બહાર ગામથી અનેક સદ્ગૃહસ્થો આવતા હતા. અત્રેના ચાતુર્માસમાં બુહારી નિવાસી શા. ઝવેરચંદ પન્નાજી તેમજ બીજા ગૃહસ્થો દર્શનાર્થે તથા પર્યુષણ પર્વની આરાધના માટે આવ્યા હતા. જેઓ આચાર્ય દેવેશની સૌમ્ય મુદ્રા અને ઉત્કૃષ્ટ ત્યાગ તેમજ સરળપ્રકૃતીથી બહુજ આકૃષ્ટ થયા હતા તેમના તરફથી સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું તથા જીર્ણ પુસ્તકોદ્ધાર માટે સારી રકમ સમર્પણ કરી હતી. આ પ્રમાણે અનેક સ્તુત્ય કાર્યોની સાથે છાણીનું ચાતુર્માસ સંપૂર્ણ થયા પછી સ્વશિષ્ય પ્રશિષ્ય સાથે સસત્કાર ઉમેટા પધાર્યા હતા. અત્રે તેઓશ્રીના શિષ્ય શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ વ્યાખ્યાન આપતા હતા જે સાંભળવાને માટે જૈન જૈનેતરો આવતા હતા. તદ્ ઉપરાંત ખાસ જૈનેતર માટે જાહેર ભાષણો આપી તેમને પણ જૈનધર્મના મહાન્ તત્વોને સમજાવતા હતા. ત્યાંના સંઘના અત્યંત આગ્રહથી સંવત ૧૯૭૯ નું ચાતુર્માસ ત્યાંજ કરવા નિર્ણય કર્યો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ઉમેટા ચાતુર્માસ.

ઉમેટા જો કે નાનું ગામડું હતું. પરંતુ જેઓને દુનિયાની પરવા નથી, જેઓને પરોપકારના ધ્યેયને સાચવવાનીજ અભિલાષા છે, જેઓ પરમાર્થમાંજ સ્વાર્થનો સમાવેશ માને છે, જેઓને પ્રતિકૂળતાઓ પણ આત્માને મોક્ષમાર્ગ તરફ લઈ જવાની અનુકૂળતા રૂપ જણાતી હોય તેવા મહાત્માઓને તો ગામ અને શહેર :સમાન છે. વળી ખાસ કરીને અત્રેના ભવ્ય મંદિરમાં બીરાજમાન પ્રભુ મૂર્તિનાં અલૌકીક દર્શન પણ ચાતુર્માસ કરાવવામાં કારણભૂત હતાં. આચાર્ય દેવેશની આજ્ઞાથી તેઓશ્રીના વિદ્વાન્ શિષ્ય મુનિરાજ શ્રીમાન્ લબ્ધિ વિજયજી સશિષ્ય શત્રુંજય તીર્થની યાત્રા માટે ગયા હતા. ત્યાંથી ગીરનારજીની યાત્રા કરી રાધનપુર ચાતુર્માસ રહયા હતા. ઉમેટામાં આચાર્ય દેવેશ પાસે શ્રીમાન્ હિંમતવિજયજી મહારાજ, શ્રીમાન્ નેમવિજયજી મહારાજ, શ્રીમાન્ ઉત્તમવિજયજી મહારાજ તથા શ્રીમાન્ નરેન્દ્રવિજયજી મહારાજ સેવામાં રહ્યા હતા. અત્રે ઘણીવાર મુનિરાજ શ્રી ઉત્તમવિજયજી વ્યાખ્યાન આપતા હતા અને કોઈ કોઈ વખત પૂ. આચાર્ય દેવેશ પણ દેશના આપતા હતા. ત્યાંના ચાતુર્માસમાં ત્યાંની જનતાએ અનેક પ્રકારના પાપાચાર તથા વ્યસનોનો ત્યાગ કરી પ્રતિજ્ઞાઓ લીધી હતી. અને દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્યાદિની આવક પણ ઠીક થઇ હતી. પૂજ્ય આચાર્ય દેવેશના ચાતુર્માસથી ઉમેટાની જૈન જનતામાં અપૂર્વ જાગૃતિ આવી હતી.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૨ મું.

## સન્ત સમાગમ.

સન્ત સંગની દીવ્યપળ આ અંધકારમય સંસારમાં પોતાની પ્રભાદ્વારા પ્રાણીઓને અનેક પ્રકારના જ્ઞાનાદિરત્નો પ્રાપ્ત કરાવે છે. ઘોરસંસારરૂપ અટવીમાં ભૂલા પડેલ માનવીઓ માટે એ ભોમીયો છે. ભયંકર સ્થાનમાં નિવાશ કરનાર જગત જંતુઓને નિર્ભય સ્થાનમાં પહોંચાડે છે વિષયોનીઘોર નિદ્રામાં ઘોરનારાઓને જાગૃત કરવા માટે સન્ત સમાગમ એ બ્યુગલ છે. ટુંકાણમાં જેને સન્ત સમાગમ મળ્યો તેણે સ્વર્ગ અપવર્ગના સુખો પોતાના હથેલીમાંજ રાખ્યા છે. જો કે અનેક ધન વૃક્ષોની વિશાળ છાયામાં બેસવાથી, પાણીઓના ફુવારા છોડવાથી, નદી અને સમુદ્રના તટો ઉપર બેસી શીતલ વાયુથી યુક્ત જલસિકરોને સેવવાથી માત્ર ક્ષણિક શાન્તિ પ્રાપ્ત થાય છે તો પણ એ અલ્પ સમયની શાન્તિ હોવા સાથે એ શાન્તિની પાછળ અશાન્તિની ઉંડી ઘોર ખોદાયેલીજ હોય છે એ હેતુથી જ્ઞાની મહાત્માઓ એને વાસ્તવીક શાન્તિ કહેતાજ નથી. એક ગુજરાતી કવિ સન્ત અને પારસમણિની સરખામણી કરતા કહે છે કે–

> **પારસમાં ઔર સન્તમાં બડા આંતરા જાણ;**
> **વો લોહા કંચન કરે, એ કરે આપ સમાન.**

અર્થાત્–પારસમણિના સંગથી લોઢું સુવર્ણ બની જાય છે પરંતુ પારસમણિ લોઢાને પોતાના જેવું બનાવવા અશક્ત છે. જ્યારે મહાત્મા પુરૂષ સંગમાં આવનાર અનાચારીઓ, સદાચારી, ઘોર હત્યા કરનારાઓ, ષડ્જીવનિકાયના પ્રતિપાલક, અને દુર્જનો, સજ્જનો બની વાસ્તવિક સન્તો બની શકે છે, એટલે ખરેખર પારસમણિથી સંતો વિશેષ ઉપ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કારી છે. અપકારના ઉપર ઉપકાર કરનારજ મહાત્મા કહી શકાય છે. કહ્યું છે કે—

> उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः
> अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते. ॥ १ ॥

આપણા ચરિત્ર નાયકનો પરિચય પણ અનુપમ શાન્તિના ધામ રૂપ હતો. તેઓશ્રીના સમાગમમાં આવનાર પોતાના જીવનમાં અજબ પલટો ( Change ) કરીનેજ જતા હતા. એક દિવસે અનુપમ પુણ્ય પ્રકૃતિવાલા આ મહાત્માના સંગમાં ઉમેટા નરેશને આવવાની અને તેઓશ્રીના પુનિત દર્શન કરવાની જિજ્ઞાસા પ્રગટ થઈ.

## સૂરિપુંગવ અને ઉમેટા નરેશ.

નરેશ અને ધર્મપ્રેમ એ આશ્ચર્યની વાત છે. કેમકે રાજકીય સંસર્ગ અને વાતાવરણ એવું વિલક્ષણ હોય છે કે ધર્મશબ્દ પણ શ્રવણ કરવાની તક તેઓને ભાગ્યેજ મળે છે, જેમના કારભારીયો મંત્રીવર્ગ, મિત્રમંડળ અને સ્વકુટુંબીઓ આદિ ધર્મનિષ્ઠ હોય છે. તેવા નરેશોને ધર્મપ્રાપ્તિ સુલભ હોય છે. અને જ્યાં એવા ધર્મિષ્ઠ પુરૂષોનો અભાવ હોય છે અને વળી માત્ર પાશ્ચિમાત્ય દેશના જડ વાતાવરણનોજ જ્યાં પવન ફુંકાતો હોય છે ત્યાં તો Religion is Humbug ના અપવિત્ર શબ્દો સિવાય બીજું કાંઈ કર્ણગોચર થતું નથી. ઉમેટા નરેશના રાજ્ય કાર્યમાં ઓસવાલ જૈનો કાર્યકર્તા હોઇ જેઓને આચાર્ય પુંગવની ત્યાગવૃત્તિ, અપૂર્વ ધર્મદેશના, શાન્તપ્રકૃતિ વિગેરેની પીછાણ કરાવવાથી આચાર્યશ્રીના ગુણોથી આકર્ષિત થઈ તે મહાપુરૂષના દર્શનની અને ધર્મશ્રવણ કરવાની અપૂર્વ ઉત્કંઠા જાગૃત થઈ. આચાર્ય મહારાજ પાસે શ્રાવકોએ આવી વિજ્ઞપ્તિ કરી અને તેને સહર્ષ સ્વીકારી મુકરર સમયે આચાર્ય દેવેશ ત્યાંના આગેવાન શ્રાવકો સાથે ઉમેટા નરેશના મુકામે પધાર્યા. નરેશે પણ તેઓશ્રીનો યોગ્ય સત્કાર કર્યો. અને ભક્તિ પૂર્વક નમસ્કાર કર્યો. આ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાર્યશ્રીના દર્શન માત્રથી તેઓમાં નવ ચૈતન્ય પ્રગટ થયું હોય એવો ભાસ થતો હતો. તો પછી દેશના શ્રવણથી જીવનમાં અજબ પલટો થાય એમાં આશ્ચર્ય શું ? પ્રફુલ્લીત વદને નરેશને ઉપદેશ આપતા આચાર્યશ્રીએ જણાવ્યું કે—

**यो ददाति परं दुःखं, ध्रुवं दुःखं स विन्दति ।**
**तस्मात् न कस्यचित् दुःखं दातव्यं दुःखभीरुणा ॥**

જગતના સર્વ પ્રાણીયો કેવળ સુખનીજ ઇચ્છા કરે છે કોઈ પણ દુઃખને ચાહતું નથી પરંતુ સુખ અને દુઃખ એ ઇચ્છા આધીન નથી. એતો શુભ અશુભ કર્મોને આધીન છે. ઈચ્છા માત્રથી જો સુખ મળતું હોત તો કોઈ પણ આજે દુઃખી નજરે પડત નહિ અને દુઃખીતો સંખ્યા બંધ નજરમાં આવે છે એટલે સિદ્ધ થાય છે કે સુખના સાધનો કોઇ જુદાજ છે. આજે તો પોતાના તુચ્છ સ્વાર્થને ખાતર અન્ય જીવોને હણે છે, રીબાવે છે અને અનેક પ્રકારના જુલમ ગુજારે છે. એવા પ્રાણીયો તો સુખને બદલે દુઃખના ડુંગરોજ મેળવે છે. જો કે પ્રયત્ન તો સુખના ધ્યેયથીજ કરવામાં આવે છે. મજુરને પૂછશો કે આખો દિવસ મહેનત કરી પરસેવો શા માટે ઉતારે છે? જવાબમાં તે કહેશે કે સુખના માટે. સંખ્યાબંધ નોકરોથી પરિવરેલ ગાદી તકીયા પર બેસી માત્ર હુકમ ચલાવનાર ગર્ભ શ્રીમંતોને પુછતાં એજ પ્રત્યુત્તર મળે છે કે હું પણ સુખના માટેજ વ્યવસાય કરૂં છું. આ બન્નેના ઉત્તરોથી નિર્ણય થાય છે કે સર્વજનો સુખનેજ ઈચ્છે છે, દુઃખને કોઈ ઈચ્છતું નથી. છતાં જીવો સુખી દુઃખી શા કારણથી થાય છે? એના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે—

**दुखं पापात् सुखं धर्मात् सर्व शास्त्रेषुसंस्थितिः ।**
**नकर्तव्यमतःपापं, कर्तव्यो धर्मसंचयः ॥ १ ॥**

પાપથી દુઃખ અને ધર્મથી સુખ ઉત્પન્ન થાય છે એ સર્વ ધર્મનો સાધારણ નિયમ છે. એ સિદ્ધાંતથી કોઈ પણ ધર્મ વિરૂદ્ધ નથી. પાપનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાગ કરવો નથી, ને ધર્મને આરાધવો નથી, પછી સુખની ઝંખના કરવી એ તો આંગણામાં બાવળ વાવી કેરી ખાવાની ઇચ્છા કરવા જેવું છે. સુખની ઇચ્છાવાળાએ તો જરૂર પાપનો ત્યાગ કરવોજ પડશે. કહ્યું છે કે—

**सुखाय सर्वे जन्तुनां प्रायः सर्व प्रवृत्तयः ।**
**न धर्मेण विना सौख्यं, धर्मश्चारंभ वर्जनात् ॥ १ ॥**

સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિ પ્રાયે કરીને સુખને માટેજ હોય છે. અને તે સુખ ધર્મ વિના મલી શકતું નથી. અને ધર્મ પાપારંભના ત્યાગથી થઈ શકે છે. ભલે પરભવમાં ઉપાર્જિત કરેલા પુણ્યને લીધે આ ભવમાં વાડી, લાડી, ગાડી, પ્રાજ્ય સામ્રાજ્ય આદિ વૈભવો મળે પરંતુ આ ભવમાં એક પણ સુકૃત્ય ન કરતા આખી જીંદગાની હિંસા, જૂઠ, ચોરી, જારી અને મોહ મૂર્છામાં વ્યતીત કરવામાં આવે તો તેવી વ્યકિતને આવતાં ભવમાં રહેવાને ઝુંપડું, ભીખ માગવાને રામપાત્ર, ખાવાને રોટલો અને સુવાને ઓટલો પણ પાપના પોટલાના પ્રભાવે મળવો અત્યંત મુશ્કેલ થઈ પડે છે. પરંતુ જેઓએ દયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, ન્યાય, નીતિ, પરોપકાર આદિ ધર્મ કાર્યો કરી ધર્મભાથું સ્વીકાર્યું છે તેવાઓને પરભવમાં દુઃખ રહેતું નથી અને ચિન્તવવાની સાથેજ ઇષ્ટસિદ્ધિની પ્રાપ્તિ થાય છે. અત્યંત દૂર જે મોક્ષ સ્થાન પણ તે ભાગ્યશાલી મેળવી શકે છે.

**મોક્ષ કયારે.**

**तैलक्षयाद् यथादीपो, निर्वाणमधिगच्छति ।**
**कर्मक्षयात्तथा जन्तुः शरीरं नाधिगच्छति ॥ १ ॥**

તેલ નાશ થવાથી જેમ દીપક બુઝાય છે તેમ કર્મના નાશ થવાથી જીવ પુનઃ શરીરને ધારણ કરતો નથી અર્થાત્–કર્મ રહિત આત્મા મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરે છે કે જ્યાં ગયા પછી જન્મ, મરણ, રોગ, શોક ક્ષુધા, તૃષા આધિ, વ્યાધિ અને ઉપાધિ આદિનો રગડો ઝઘડો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બંધ થઈ જાય છે અને આત્મા હમેંશને માટે અખંડ આનંદનો અનુભવ કરે છે. કોઈ મોક્ષને વૈકુંઠ કહે છે, કોઇ પરમ જ્યોતિ કહે છે, કોઈ બ્રહ્માનંદ કહે છે. પરંતુ વીતરાગ પરમાત્મા પુણ્ય પાપ ક્ષયાત્ મોક્ષ કહે છે, અને તે સત્ય છે. કેમકે પૂણ્ય એ સોનાની બેડી છે, અને પાપ એ લોખંડની બેડી છે. એમાંથી એક પણ બેડીને ધારણ કરનારને કોઇ પણ સુજ્ઞ મુક્ત કહી શકેજ નહિ, **कृत्स्न कर्म क्षयान्मोक्षः** એમ પાતંજલી પણ કહે છે. **अन्यूनातिरिक्त लक्षणं शिवत्वं** શિવના અનુયાયીઓ પણ સંપૂર્ણ લક્ષણવાલા સ્થાનને મોક્ષ માને છે. એવા મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરવા તેને યોગ્ય ધર્મ આદરવોજ જોઇએ. જેમ તુંબડીનો સ્વભાવ કુદરતી રીતે હલકાપણું હોવાથી જલ ઉપર તરવાનો છે પણ એના ઉપર કાદવ લગાવી ભારે કરવામાં આવે તો તે નીચે ડુબી જાય છે પણ જ્યારે તે કાદવ પાણીના ઘર્ષણથી દૂર થાય છે. ત્યારે તે પોતાના ઉંર્ધ્વગમનના સ્વભાવને ભજે છે તેમ આત્માનો પણ ઉર્ધ્વ જવાનો સ્વભાવ છે પરંતુ અનાદિ કાળથી તેના ઉપર કર્મમેલ લાગેલો છે એટલેજ નીચે જાય છે જો તે મેલને અહિંસા સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને નિર્મમત્વ રૂપ પાણીથી ધોવામાં આવે ત્યારેજ એ આત્મા મોક્ષ સ્થાનમાં જઇ વાસ્તવિક સુખને પ્રાપ્ત કરે છે,

**ઉપદેશ અસર.**

આચાર્ય દેવેશના બે કલાક સુધીના હૃદય વેધક ઉપદેશથી નરેશના હૃદયમાં અજબ અસર ઉત્પન્ન થઈ હતી, અને બહુજ સંતુષ્ટ થયા હતા. અને માંસાહાર દારૂ શિકાર વિગેરેની પ્રતિજ્ઞાઓ લીધી હતી અને પુનઃ પુનઃ એવો ઉપદેશ શ્રવણ કરાવવા વિજ્ઞપ્તિ કરી હતી, જૈન પર્વના દિવસોમાં કોઇપણ જીવની હિંસા ન કરે એવો પોતાની હદમાં હુકમ જાહેર કર્યો હતો. તથા ત્યાંની નદીમાં માછલા આદિ નિરપરાધી પ્રાણીઓની નિર્દય આત્માઓ હત્યા કરી જૈનોની લાગણીને દુઃખાવતા હતા તે પણ બંધ કરાવવા બંદોબસ્ત કર્યો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વિહાર.

આ પ્રમાણે નિર્વિઘ્ને અનેક સ્તુત્ય કાર્યોની સાથે ઉમેટાનું ચાતુર્માસ પૂર્ણ કરી ધર્મમૂર્તિ આચાર્ય દેવે સ્વશિષ્ય પરિવાર સહ વિહાર કર્યો. અનેક ગામડાઓમાં વિચરી ત્યાંની જૈન જૈનેતર પ્રજાના અપૂર્વ ધર્મ દેશનાના પ્રવાહથી કર્મમલને પ્રક્ષાલન કરતા અનેક ઉપકારો કરી રહ્યા હતા. વાણીનો વેગ પાણી કરતા અધિક હોય છે. પાણીનો પ્રવાહ હજારોને તાણી જઈ પ્રાણ અને વૈભવનો વિનાશ કરી ભર દરીયાની સપાટીમાં ફેંકી દે છે. જ્યારે મહાત્માની વૈરાગ્ય વાહિની ધમ વાણીનો પ્રવાહ હજારોને ખેંચી નવા નવા ધર્મ તત્વોનો અનુભવ કરાવી ભાવ પ્રાણને અર્પી સ્વર્ગ અને અપવર્ગ જેવા સુંદર સ્થાનને પ્રાપ્ત કરાવે છે.

## ગાયકવાડ નરેશની દર્શનોત્સુકતા.

એકવાર કરેલ સુંદર ભોજન પુનઃ પુનઃ સ્મરણપથમાં આવે છે. અને તેને મેળવવાની પુનઃ જીજ્ઞાસા પણ જાગૃત થાય છે. તેમ મહાપુરૂષોનો એક ક્ષણ માત્ર પણ થયેલ સંગ અને તેનાથી પ્રાપ્ત થયેલ ઉદાર જ્ઞાનામૃતનો પણ સ્વાદ ચિર સ્મરણીય રહી જાય છે અને તેની પણ પુનઃ જીજ્ઞાસા પ્રગટ થાય તે પણ સ્વભાવિક છે. જો કે સાચા મહાત્મા પાસે કોઈ પણ જાતનો ઇહલૌકીક સ્વાર્થ સાધવાનો હોતો નથી. તેમની પાસે અર્થલાભ નહિ પરંતુ માત્ર ધર્મલાભનો અપૂર્વ આશિર્વાદ હોય છે. છતાં પણ પરલોકની સાધનામાંજ પોતાનું શ્રેય સમજનારા જ્ઞાની પુરૂષો તો ત્યાગી મહાત્માઓના ગુણથી આકૃષ્ટ થઇ તેમની પાછળજ મુગ્ધ બને છે. અને એવા નિઃસ્પૃહી નિઃસ્વાર્થી અને ત્યાગ પરાયણ મહાત્માના સંગથી આત્મ અનુભવ, હિતાહિત, પેયાપેય, ભક્ષ્યાભક્ષ્ય આદિની પીછાણ થાય છે. જગતમાં બધુંયે સુલભ છે પરંતુ મહાત્માની સોબત બહુજ દુર્લભ હોય છે. કહ્યું છે કે—

**क्षणमपि सज्जन संगतिरेका भवति भवार्णव तरणे नौका॰**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અર્થાત્—એક ક્ષણવારની પણ સજ્જનની સોબત ભવ રૂપી સમુદ્રને તરવામાં નૌકા સમાન છે. પ્રથમ શ્રીમાન્ ગાયકવાડ સરકારે ચરિત્ર વિભુના દર્શનામૃતનો અને પ્રવરપિયુષ પ્રવચનામૃતનો આસ્વાદ લીધો હતો. એટલે પુનઃ તે મહાપુરૂષના દર્શન તેમજ ધર્મોપદેશ શ્રવણ કરવાની અપૂર્વ ભાવના થઈ. શ્રાવક વર્ગમાં અગ્રગણ્ય રાજકીય પુરૂષ પાસે ખુદ શ્રીમંતે એ ભાવના પ્રદર્શિત કરી. તેઓએ જણાવ્યું કે એ મહાત્મા આજકાલ વડોદરાની આસપાસમાં વીચરી રહ્યા છે. મહાત્માઓનું જીવન પરોપકારીજ હોય છે એટલે આપની ઈચ્છા હશે તો પુનઃ આપને પ્રવચન શ્રવણનો લાભ મળી રહેશે એમ શ્રાવકોએ જણાવ્યું.

**વડોદરામાં ભવ્ય સ્વાગત.**

વડોદરાથી સંઘના કેટલાક આગેવાનો છાણીમાં બીરાજમાન પૂ. આચાર્યપુંગવ પાસે આવ્યા અને સરકારની પ્રવચન સાંભળવાની ઇચ્છા છે એ વાત જણાવી ત્યાં પધારવાની વિજ્ઞપ્તિ કરી. આચાર્યશ્રી લાભાલાભનું કારણ જાણી વડોદરા પધારવા માટે સશિષ્ય સજ્જ થયા આચાર્યદેવના આગમનના સમાચાર મળતાં ત્યાંની જૈન જૈનેતર પ્રજામાં હર્ષની ઉર્મીઓ ઉછળી રહી હતી. અને શહેરના ભવ્ય લત્તાને ધ્વજા તોરણ આદિથી શણગારી સુશોભીત બનાવ્યા હતા. ગુરૂદેવ નિયત દિવસે શહેરની નજીક આવી પહોંચતા વૃદ્ધો યુવાનો અને બાળકો સંખ્યાબંધ ઘણે દુર સુધી દર્શનાર્થે સન્મુખ જઈ પહોંચ્યા હતા. વિજયકમલ સૂરીશ્વરજીકી જયના મધુર નાદો આખા શહેરમાં ગુંજવા લાગ્યા. જૈનેતરો પણ આ ધર્મમૂર્તિના દર્શનનો લાભ ઉઠાવતા હતા. અત્રેના નરેશ તરફથી પ્રાપ્ત થયેલ નિશાન ડંકા, અશ્વો, હસ્તિ વિગેરે રાજરસાલાથી તથા વિવિધ પ્રકારના વાદ્યોથી શોભતો એક ભવ્ય વરઘોડો શહેરના ભવ્ય લત્તામાં થઇ ઘડીયાલી પોળમાં જાની શેરીના ઉપાશ્રયે આવી પહોંચ્યો હતો. સ્થાને સ્થાને અક્ષતાદિથી ગુરૂદેવને વધાવવામાં આવતા હતા. પૂજ્ય આચા-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યંદેવે જનતાની મોટી મેદિની સમક્ષ વ્યાખ્યાન પીઠ ઉપર અલંકૃત થઈ મંગલાચરણ કરી ધર્મોન્નતિથી થતા ફાયદા વિગેરે વિષયો ઉપર સુમધુર પ્રવચન આપ્યું હતું. જે સાંભળી સૌ કોઈ સંતુષ્ટ થયા હતા.

## અજોડ મહાત્મા.

જગતમાં ઘણા મહાત્માઓ હોય છે પણ નિઃસ્પૃહ ચૂડામણી આ મહાત્મા કોઇ અનેરાજ હતા. જેમનામાં ત્યાગ પ્રભાવની ધગશ, નિડરતા, જ્ઞાન, દર્શન અને ચારિત્રની અભિવૃદ્ધિ, અભિરૂચી તેમજ સમ્યક્ત્વની દ્રઢતા આદિગુણો અગ્રભાગ ભજવતા હતા. જ્યાં જ્યાં ચાતુર્માસ રહેતા જ્યાં શેષ કાળમાં વીચરતા હતા ત્યાં ત્યાં સર્વે તેઓ શ્રીના પૂનિત નામને સ્મરણ કરે છે.



# પ્રકરણ ૧૩ મું.

## નરેશ આમંત્રણ અને સ્વીકાર:—

પ્રાતઃ સ્મરણીય આચાર્યપુંગવને વડોદરા નરેશ તરફથી આમંત્રણ આવ્યું, જેમાં જણાવવામાં આવ્યું હતું કે આપ શ્રીમાન્‌ને જે સમયે જ્ઞાનાભ્યાસમાં વિઘ્ન ન થાય, જે સમયે આપની પવિત્ર ધર્મ ક્રિયાઓમાં વિઘ્ન ન થાય અને જે સમયે આપશ્રીને સર્વ જાતની અનુકુળતાઓ હોય તે સમયમાં આપશ્રીના ભવ્ય દર્શનનો અને દેશના અમૃત શ્રવણનો લાભ લેવા હું જિજ્ઞાસા ધરાવું છું, આચાર્યશ્રીએ કહેવડાવ્યું કે તમોને જે સમય અનુકુલ હોય તે સમય અમોને અનુકુલ છે, સમય નિયત થયો, ખરેખરૂં ઉપરના શબ્દોમાં નરેશનું આમંત્રણ કોઇ વિશેષ પ્રબોધન કરનારૂં છે. જેમાં વિનય ભરપુર છે. અને અંતરની ભાવના પણ પ્રગટ કરેલી છે. **विनयः राजपुत्रेभ्यः** એ વાકયના તાત્પર્યને યથાર્થ કર્યું છે. આચાર્યપુંગવે તે નરેશના આમંત્રણને સહર્ષ સ્વીકાર્યું અને નિયત દિવસે નિયત સમયે અનેક આગેવાન શ્રાવક વર્ગની સાથે મહારાજશ્રી **નરેશને પ્રતિબોધ** આપવા રાજ મહેલમાં પધાર્યા, નરેશ પ્રથમથીજ યોગ્યાસને અલંકૃત થયા હતા, આચાર્ય પુંગવને સાધુતામાં બાધ ન આવે તેવા આસનની પ્રથમથીજ યોજના કરી હતી, આચાર્યાધિરાજ રાજ મહેલમાં પધારતાં નરેશે ઉભા થઇ નમન કરી ગુરૂદેવનો યોગ્ય સત્કાર કર્યો અને પ્રફુલ્લિત વદને મધુર ભાષાયે વિનય પૂર્વક જણાવ્યું કે પ્રથમ પણ મારૂં મકાન આપશ્રીના પવિત્ર પાદ કમલથી પાવન થયું હતું અને આજે મારી નમ્ર વિનંતી સ્વીકારી પુનઃ પાવન કર્યું જે માટે આપશ્રીનો હું આભાર માનું છું, ઉપકાર માનું છું. આચાર્ય શ્રી પણ યોગ્યાસને અલંકૃત થયા અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નરેશ આદિ અમલદાર વર્ગ સેવક ભાવે સન્મુખ બિરાજ્યો. આ દ્રશ્ય આકર્ષક હતું.

**ધર્મ ધ્વનિઃ—**

સૂરિ ચુડામણીએ ગંભીર ધ્વનિથી મંગલાચરણ કર્યાં બાદ યથોચિત ઉપદેશનો પ્રારંભ કરતાં અને ધર્મની વિશિષ્ટતા જણાવતા જણાવ્યું કેઃ—

> धर्माद्धनं दुःख क्षयश्चज्ञेयः
> धर्मेण राज्यं सुकुलोद्भवःस्यात्
> धर्मस्य सेवा सफला सदैव
> धर्मे प्रयत्नो मनुजैर्विधेयः

જગતમાં સુખનું પૂર્ણ સાધન જો કોઈ હોય તો તે ધર્મારાધન છે, જે ધર્મથી ધન, દુઃખનો નાશ. પ્રાજ્ય–સામ્રાજ્ય સુકુલમાં જન્મ વિગેરે સુલભતાથી સાંપડે છે. ધર્મની સેવા–આરાધના સદૈવ ફલપ્રદ હોય છે. માટે ધર્મમાં વિચક્ષણ માનવોએ પ્રયત્ન કરવો જોઇએ એ માનવ જન્મની સાર્થકતા છે. જગતના પ્રત્યેક જીવોની કેવલ સુખનીજ કામના હોય છે. પરંતુ સુખનો ઉપાય હાથમાં આવવો જેટલો કઠીન છે તેટલોજ ઉપલબ્ધ થયા પછી આરાધી સફલ કરવો કઠીન છે, ધર્મથી ધનાદિ સર્વ વસ્તુ સાંપડે છે, ને પરંપરાએ અપવર્ગ–મોક્ષ મેળવી શકાય છે. ધર્મ આરાધવાની વિશેષ તત્પરતા ત્યારેજ બને છે કે જ્યારે જગતના જડ પદાર્થોની વિનશ્વરતાનું જ્ઞાન થાય છે. જે જે ઉત્પત્તિમત્ છે તે તે નશ્વર છે. જગતના જડ પદાર્થોના સંગ ક્ષણિક છે, તજ્જન્ય સુખપણ અલ્પ છે અને તેના પરિણામોમાં ઉત્પન્ન થયેલ કટૂકતાઓ વિપાકો ભોગવવા ઘણા કઠીન છે ધર્માચાર્યો કહે છે કેઃ—

> शरीरं यौवनं लक्ष्मीः स्वाम्यं मित्राणि बांधवाः
> सर्वमप्यनिलोद्धुत पताकांचलचंचलं.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક આરંભ સમારંભોથી—વ્યામોહથી પુષ્ટ કરેલ શરીર અનેક પ્રકારની ઉન્મત્તાથી—ભોગ વિલાસોથી મસ્ત બનેલ યુવાસ્થા, સ્વાર્થાંધ સ્નેહી મિત્રોનું મંડલ બંધુઓ વિગેરે ધ્વજાના છેડાની જેમ અનિત્ય છે. ચંચલ છે, ઠગનાર છે—દગો આપનાર છે. ભવ્ય આત્માઓ સમસ્ત પદાર્થોની સહૃદયમાં પ્રતિક્ષણ અનિત્યતાનો ખ્યાલ લાવે તો જરૂર શાશ્વત આનંદને આપનાર ધર્મપ્રતિ વલણ થાય, કર્મ અને આત્મા એ બેના સંબંધની પિછાણ થાય અને આત્મામાં કર્મથી આચ્છાદિત થયેલી અપૂર્વ શક્તિઓ પ્રગટાવવાનું પરિજ્ઞાન થાય, આત્મા શરીરના સાધનથી કર્મો ઉપાર્જન કરે છે અને તેના પરિણામોને ભવાન્તરોમાં શરીરાન્તર દ્વારા આત્માજ ભોગવે છે. કર્મને કરવામાં અને તેને હરવામાં એક આત્માજ કારણ ભૂત છે આત્મા જો પોતાની સર્વ શક્તિઓ ફેરવે તો પરમાત્મા તુલ્ય બની શકે છે જગતની તમામ જંજાલથી વિમુખ બને છે. અને પરમાનંદનો અનુભવ કરે છેઃ—

यः कर्ता कर्मभेदानाम् भोक्ता कर्मफलस्यच
संसर्ता परिनिर्वाता सह्यात्मानान्यलक्षणः

કર્મનો કર્તા હર્તા ભોક્તા સંસારમાં ભટકનાર તથા મોક્ષ પામનાર એજ આત્માનું લક્ષણ છે અન્ય તો નિમિત્ત માત્ર છે. કર્મને ભોગવ્યા સિવાય દેવેન્દ્રનો પણ છુટકો નથી, તો સામાન્ય નરોની તો વાતજ શી, કર્મ સત્તા આગળ મહા સામ્રાજ્યને ધારણ કરનાર ચક્રવર્તિઓ પણ ફાવી શકતા નથી.

**ધર્મ ફળ.**

ચઢેલા પડે છે, ઉન્નત થયેલા અવનત થાય છે પુષ્ટ થયેલા કૃશતાને પામે છે ખીલેલા કરમાય છે શ્રીમંતો કંગાલ બને છે. તેમ આ આત્માને અશરણ પણે નિરાધાર લાચારી ભરેલી દશાથી વિપુલ વૈભવો વિસ્તૃત રાજ્યો અને બલવાન સેનાઓને છોડી પરલોક પંથમાં સિધાવાનું છે એ નિર્વિવાદ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**પર ભવ:—**

પૂર્વકૃત કર્મ આત્મા ભોગવે છે કોઇ પણ સંયોગોમાં કરેલ કર્મો ભોગવ્યા સિવાય મુકત થવાતું નથી. આ ભવમાં કે પરભવમાં ગુપ્ત કે જાહેર આચરેલા પાપાચરણો દુઃખના હેતું છે જ્યારે જ્યારે મન ઉન્માર્ગમાં જોડાય છે ત્યારે ત્યારે ઇંદ્રિયો પણ પરવશ બને છે. અને આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જવાય છે. કરેલા કર્મો ભોગવ્યા સિવાય દેવેન્દ્રનો પણ છુટકો નથી. સામાન્ય નરોની વાતજ શી? કર્મ સત્તા આગળ રાજ સત્તા પણ ચાલતી નથી અનિચ્છાએ ષટખંડ વિજેતા ચક્રવર્તિઓને પણ મરણને શરણ થવું પડે છે. અને નરકના ઘોર દુઃખોને નિઃશરણ પણે પરવશ થઈ સહવા પડે છે. રાજ્ય મલવાથી કે વૈભવો મલવાથી, સન્માન મલવાથી કે માન ઇજત વધવાથી પરલોકમાં જય થતો નથી કિન્તુ ધર્મના સેવનથીજ જય મળે છે. ધર્મ સિવાય સુખ નથી, કારણ કે પાપથી દુઃખ અને ધર્મથી સુખ એ નિયમ સર્વને માટે એક સરખોજ ચાલે છે.

**દયાનાં ઝરણાં:—**

દુનિયાના સમસ્ત ધર્મોમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા નિર્મમ ભાવ પ્રાણ તરીકે મનાય છે. કોઈપણ જીવને નમારવો આત્માના સમાન સર્વ જીવોને ગણવા એવાં બોધક વાકયો અહિંસા ધર્મ પ્રચારક શાસ્ત્રોમાં મુખ્યપદે છે. **मा हिंस्यात् सर्वाभूतानि** આ વેદ વાકયનું તાત્પર્ય એ છે કે કોઇપણ જીવની કીડીથી લઈને કુંજર સુધી હૃદયની લાગણી ન દુભાવવી એનું નામજ અહિંસા છે. મનુષ્યોને બચાવવા અને નિર્દોષ પશુ પંખીઓને મારવા એ દયાની પંક્તિમાં સમાવેશ થતો નથી. કેટલાકો કહે છે કે અમે હાથે હિંસા ન કરીએ પરંતુ તૈયાર થયેલી વસ્તુ પદાર્થ લેવામાં શું વાંધો? તેમને મનુસ્મૃતિનું સ્મરણ કરવું:—

૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी
संस्कर्ता चोपहर्ता च खादकश्चेतिघातकाः

અનુમોદન કરનાર, માંસ હાડ જુદા કરનાર, મારનાર, વેચનાર, પકાવનાર, લાવનાર અને ખાનાર બધાય ઘાતકી ગણાય છે, અને મહાન પાપના ભાગીદાર થાય છે.

તત્વ દ્રષ્ટિથી વિચાર કરતાં આ એકજ વસ્તુ તરી આવે છે કે જેમ આપણને સુખ પ્રિય છે તેમ સર્વને તેજ પ્રિય છે, જેટલો જીવન પર આપણને પ્રેમ છે તેટલોજ સ્વ સ્વજીવન પર સર્વ જાતીના જીવોને પ્રેમ હોય છે. ઈષ્ટ પદાર્થના સંયોગથી હર્ષ અને અનિષ્ટના સંયોગથી ખેદ જેવો આપણે અનુભવીયે છીએ તેવો સર્વે અનુભવે છે માટે સર્વ જીવોનું રક્ષણ કરવું, તેમાંજ માનવજીવનની સાર્થકતા છે.

**ઐક્યભાવ.**

નિરાશા અને ભયથી વિહ્વલ બનેલા જીવો, ઉગામેલા શસ્ત્રમાત્રથી કંપે છે. કારણ? મૃત્યુસમાન બીજો ભય નથી, કાંટો ખુંચી જવાથી પ્રાણીઓને મહાન્ વેદના થાય છે ત્યારે ચક્ર, ભાલા, તરવાર, બરછી વિગેરે શસ્ત્રોથી હણાતા પ્રાણીની વેદનાની વાતજ શી?

પ્રાચીન સમયમાં યુદ્ધમાં જો કોઈ તૃણ મુખમાં લે તો પ્રબલ શત્રુ હોય તો પણ તેને અભયદાન અપાતું. મુખમાં તૃણ લેનાર પશુ જેવાને શું મારવો એમ વિચારાતું. તૃણ ખાઇને જીવનાર, ઝરાનાં નિર્મલ જળથી તૃષાને છીપાવનાર, નિર્દોષ અને નિરાધાર પશુઓની હિંસા, શિકાર કે મોજશોખ માટે થાય તે કેવી અન્યાય પ્રવૃત્તિ કહેવાય! સામો શસ્ત્રવાળો હોય તેની સાથે સશસ્ત્ર યુદ્ધ ન્યાયપુરસ્સર કહેવાય, પણ નિર્દોષ અને નિર્બળ પશુ–પંખીઓને મારવા–કુતુહલથી પ્રાણ લેવા તે ખરેખર ધર્મથી અને નીતિથી બિલકુલ વેગળું છે.

"आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति" પોતાના આ-

ત્માની જેમ સર્વ પ્રાણીઓને જે જુએ છે તેજ ખરેખરો દેખનારો છે. બીજાના ભલામાં પોતાનું તન, મન અને ધન સમર્પણ કરે છે એજ ધર્મદૃષ્ટિએ વિબુધ મનાય છે. હું જેવો સુખનો આકાંક્ષી છું તેવુંજ જગત પણ સુખનીજ કામનાવાળું છે એવો વિચાર પોતાના હૃદયમાં દૃઢમૂલ થઈ જાય તો કોઈ પણ જીવની હિંસા કરવી, અસત્ય બોલવું વિગેરે પાપાચરણોનો પ્રસંગ ન આવે.

**ઉપસંહાર:—**

ધર્મોના સુમધુર ફળોનો આસ્વાદ જેઓને મળ્યો છે તેઓ જગત્‌ની વ્યર્થ ચિન્તામાં, મોજશોખોમાં જન્મ ન ગુમાવતાં પ્રભુભક્તિમાં દયા પાલનમાં અને અમૃતસમાન ધર્મગોષ્ટીમાં સ્વસમય વ્યતિત કરે છે. તમારે એકાન્તમાં બેસી જરૂર હૃદયમાં વિચાર કરવો જોઈએ કે હું રાજા અને બીજા પ્રજા કેમ? હું હુકમ ફરમાવનાર અને હજારો સેવક ભાવે મારી આજ્ઞાને માનનારા કેમ? હું રાજ મહેલમાં વસી આનંદ કરૂં છું અને મારી કેટલીક કંગાલ પ્રજાને રહેવાને ઝુંપડું પણ નથી. હું હસ્તીપર આરૂઢ થઇ આખાય શહેરમાં મ્હાલું છું અને મારાજ આશ્રિતોને આરોહણ થવા માટે યોગ્ય અશ્વોનો પણ અભાવ એનું કારણ શું?

આ બધીય વિચિત્રતાનો વિચાર કરતાં જરૂર હૃદયમાં નિર્ણય થશે કે, જરૂર પરભવથી કોઇ અજબ અને મદદગાર વસ્તુ મારી પાસે આવેલી છે, કે જે દરેક અનુકુલતાઓમાં હેતુ ભૂત છે, જેના પ્રભાવે ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, માતબરતા હજારોની સલામો વિગેરે અનુભવાય છે, ખરેખર જો તે કોઈ પણ વસ્તુ હોય તો તે પુણ્ય બળજ છે અને તે પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલું છે, તે અત્રે ભોગવાય છે, તો તે પુણ્યને પુનઃ ઉપાર્જન કરવા પ્રમાદ કેમ? જગતના પદાર્થો અને તેનાથી થતા સંપર્કો વ્યામોહો, વિલાસો, અને લીલાઓ આત્માને અધઃ પતન કરનાર છે, "સર્વજન કરતાં તેજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનવ. ઉત્કૃષ્ટ છે, કે, જે માનવ જન્મને બીજાઓની પીડા માટે દાનવ વૃત્તિથી. વ્યતીત નથી કરતો. માનવ જન્મને બીજાઓને દુઃખ આપી પોતાનો સ્વાર્થ સાધવા ગુમાવે છે, તે આકૃતિ માત્રથીજ માનવ છે. પણ કર્તવ્યતાથી તે માનવ છે એમ વિદ્વાનો માનવા હરગીજ તૈયાર નથી. ખાવું, પીવું, એશો અશરતો અને અમન ચમનો, તેમજ વ્યામોહજનક, જડ સંગોમાં રંગાવું તેની પાછળ ખરાબ થવું તે ખરેખર ઉચ્ચ માનવ જીવનને કલંકિત કરવા જેવું છે. સમુદ્રની મુસાફરીમાં પ્રથમ નાવ કેવી છે. તેનો નિર્ણય કર્યા પછી તેમાં બેસાય, અને બેઠા પછી તે નાવને ચલાવનાર, દિશાના જ્ઞાનવાળો છે કે કેમ તે પણ જાણવુંજ પડે, નાવિક અને નાવની યોગ્યતાનો પૂર્ણ વિશ્વાસ થયા પછી નિઃશંક થઇ નાવમાં બેસી ઇચ્છિત સ્થાને પહોંચાય છે. ચરિત્રધર્મ મોક્ષ તટે પહોંચવા નાવ છે, અને ચરણ કરણ થકી થતી ધર્મ ક્રિયાઓ ધર્માનુષ્ઠાનો એ નાવને ચલાવનાર છે, ચારિત્ર ધર્મરૂપી નાવમાં તો બેઠા, શુભ અનુષ્ઠાનો ન આચરતાં પાપાચરણોમાં આસક્ત બન્યા, તો મોક્ષ માર્ગ દૂર રહે છે. અને અધોગતિનો માર્ગ નજીક આવતો જાય છે. વિચક્ષણ જનોએ ધર્મના રાગીઓએ અને આત્માનંદના અભિલાષુકોએ પ્રથમ તકે વિચારવું જોઇએ કે અમારૂં સ્થાન કેવું છે? અમારો માર્ગ કેવો છે? અને અમારૂં દિન પ્રતિદિન થતું કર્તવ્ય કેવું છે? વિગેરે વિગેરે જરૂર હર રોજ ખ્યાલમાં રાખવું જોઇએ કે જેથી શિવપુરની યાત્રા નિર્વિઘ્ન સફલતાની સાથે સાર્થક થાય. દયા, સત્ય, અચોર્ય, સ્ત્રી ત્યાગ, નિર્મળ ભાવ એ પાચે સ્વ હૃદયમાં પ્રાણ તુલ્યમાની ઠસાવી રાખવાં જોઇએ એ પાંચ નિયમોને પાલનાર, પાલન કરાવનાર અને પાલન કરનારનું અનુમોદન કરનાર મહાન્ ધર્મને ઉપાર્જન કરે છે અને તે ધર્મ વિપત્તિના પ્રસંગોમાં પણ રક્ષક બને છે.,' એ સર્વ ધર્મોનો સારાંશ છે. કોઈ પણ ધર્મ એ પાંચ વસ્તુઓ માટે વિરૂદ્ધ નથી.

**અસર અને ઉદ્‌ગાર:—**

મધુર ધ્વનિએ ધર્મના સારાંશભૂત આચાર્ય દેવેશની સુમધુર

દેશના શ્રવણ કરીને નરેશના મનમાં ઉંડી અસર થઈ અને તે અસરના પરિણામ રૂપ પ્રવચન બાદ કહેવા લાગ્યા કે ખરેખર આ પૃથ્વી તલમાં પરોપકારી કોઈ પણ જો મહા પુરૂષ હોય તો આપનેજ હું માનું છું મને ઘણા સાધુ સન્તોનો પરિચય થયો છે અને થાય છે. પરંતુ આપશ્રીના જેવા નિઃસ્વાર્થી સ્પષ્ટ કહેવાવાળા અદ્યાપિ કોઈ પણ મહાત્માનો પરિચય થયો ન હતો. આપ મારી નમ્ર વિનંતી માની અને અહીંઆં પધારી પુનઃ પુનઃ આપશ્રીના પવિત્ર દર્શનનો તેમજ ધર્મોપદેશનો લાભ આપશો. એવી મારી નમ્ર પાર્થના છે. આપે જે ઉપદેશ આપ્યો છે અને જે આચરવાનું કહ્યું છે તેમજ જે પાપાચરણો મુકવાનાં કહ્યાં છે તેને આચરવા અને મુકવા જરૂર હું બનતો પ્રયત્ન કરીશ.

આ પ્રમાણે હૃદયંગમ **નરેશને** ઉપદેસ આપી ગુરૂદેવ શ્રાવકોની સાથે ઉપાશ્રયમાં પધાર્યા. વડોદરામાં કેટલાક દિવસ રોકાયા અને ધર્મોપદેશ આપી ત્યાંની જૈન જનતાને ધર્મ જાગૃતિમય બનાવી. અત્રે રોકવા માટે સંઘનો અત્યંત આગ્રહ હતો પરંતુ છાણી ગામના અગ્રગણ્ય શ્રાવકો ચરિત્ર વિભુની પાસે વિજ્ઞપ્તિ માટે વડોદરા શહેરમાં આવ્યા અને છાણી ગામ પધારવા અત્યંત આગ્રહ ભરી વિજ્ઞપ્તિ કરી મહારાજશ્રીએ પધારવા સ્વીકાર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૪ મું.

**છાણી સંઘને અપૂર્વ હર્ષઃ—**

છાણી ગામનો સંઘ આચાર્યદેવેશના દર્શન માટે, પ્રૌઢ-તત્વમય વ્યાખ્યાનોના શ્રવણ માટે પ્રતિક્ષણ આતુરજ રજ હતો. આ મહા પુરૂષનું છાણી ગામમાં એક ચાતુ-ર્માસ થયું હતું. એટલે તેઓની અદ્દભૂત ત્યાગવૃત્તિ, ઉત્કૃષ્ટ સંયમ પાલનની પ્રવૃત્તિ વિગેરે ગુણો અત્રેની જનતા ભુલી ન હતી. પરમ યોગીન્દ્ર આચાર્ય દેવેશ છાણી પધારવાના છે, એવા સમાચાર મળતાં આખાય સંઘમાં હર્ષ હર્ષને હર્ષ ઉભરાવા લાગ્યો. તેઓશ્રીના સત્કાર માટે આખાય છાણી ગામને ધ્વજા, વાવટા તોરણોથી તથા ઠેર ઠેર તેઓશ્રીના નામાંકિત બોર્ડોથી અને રંગ બે રંગી નવા બનાવેલ દરવાજાઓની કમાનોથી શણગારવામાં આવ્યું હતું, ખાસ વડોદરા શહેરથી બોલાવેલ બેન્ડ અને દેશી વાદ્યો તે મહાપુરૂષના સત્કારમાં તેઓશ્રીના ગુણોજ ગાતા ન હોય તેમ ગાજી રહ્યાં હતાં, આવા અપૂર્વ અને ભવ્ય સ્વાગતથી સૂરિશેખર છાણી ગામમાં પધાર્યા. જૈનેતરો પણ મોટી સંખ્યામાં આચાર્ય દેવેશના સન્મુખ સત્કારાર્થે જઇ પહોંચ્યા હતા. છાણી એક ધર્મિષ્ઠ અને ભક્તિ સંપન્ન ક્ષેત્ર છે જો કે જેમાં શ્રાવકોના ઘરની સંખ્યા ૮૦ થી ૯૦ જેટલી સ્વલ્પ છે. પરંતુ ઉદારતામાં અને ભક્તિમાં હજારો ઘરવાળું ક્ષેત્ર જે કામ ન કરે તેવાં ધર્મનાં કામ કરવા હંમેશાં કટીબદ્ધ રહે છે. જ્યાં બે જૈન મંદિરો છે. અને જીર્ણ પુસ્તકો તથા નવીન પુસ્ત-કોના રક્ષણ માટે જ્યાં મોટું જ્ઞાન મંદિર છે, અને ઉપાશ્રય ભવ્ય તથા વિશાલ છે. હરેક જાતની અનુકુલતાઓથી ભરપુર છાણી ગામ પ્રખ્યાત છે, છાણી ગામના સંઘે પૂજ્ય આચાર્ય દેવેશને ચાતુર્માસાર્થે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અત્યંત વિજ્ઞપ્તિ કરી પૂજ્ય ગુરૂદેવે પણ પોતાની વૃદ્ધાવસ્થા તેમજ વિશેષ લાભાનું લાભ જાણી સં. ૧૯૮૦ નું ચાતુર્માસ ત્યાં રહેવા સ્વીકાર્યું.

ત્યાર પછી ચોમાસા પહેલાં ચરિત્ર નાયકના વિદ્વાન શિષ્ય વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ ગુરૂ મહારાજની આ-જ્ઞાથી ઉમેટાના ચાતુર્માસ પહેલા શ્રી શત્રુંજય ગિરિરાજની તથા ગિરનારજી આદિ તીર્થોની યાત્રાર્થે ગયા હતા. તેઓ રાધનપુર શહેરમાં ચાતુર્માસ કરી અનેક જાતની ધર્મ પ્રવૃત્તિમાં ત્યાંની જનતાને જાગૃત કરી ગુરુદેવની સેવા માટે છાણી મુકામે આવી મળ્યા. પૂજ્ય ગુરુદેવેશના દર્શન કરી હર્ષિત થયા તેમજ તેઓશ્રીની સેવામાં તત્પર બન્યા. તે સમયે વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજની પાસે શ્રીમાન્ લક્ષ્મણવિજયજી તથા ભૂવનવિજયજી તથા જયંતવિજયજી વિ-ગેરે મુનિવરો વિદ્યમાન હતા. અમદાવાદથી આચાર્યદેવેશ વૃદ્ધ હોવાના કારણે તેઓશ્રીની સેવાર્થે અને તેઓશ્રીના ભવ્ય દર્શનની ઉત્સુકતાથી, મહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજના વિનયી શિષ્યરત્ન આ-ગમ તત્વાવલોકી પન્યાસજી શ્રીમાન્ દાનવિજયજી મહારાજ સશિષ્ય છાણી મુકામે પધાર્યા. જેઓ ઘણા ટાઇમે શાન્તમુદ્રાભિરામ આચાર્ય દેવેશના દર્શન કરતાં રોમાંચિત થયા હતા.

**પ્રવચન પ્રભાઃ—**

વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ ગુરુદેવની આજ્ઞાથી અને સંઘના આગ્રહથી સૈદ્ધાન્તિક યુક્તિઓથી ભરપૂર પ્રવ-ચનામૃતનું પાન કરાવતા હતા.

આખાય ગામના શ્રાવકોની મોટી મેદની તે દેશનામૃતનું પાન કરવા નિયત સમયે એકત્રિત થતી હતી, ત્યાંની જનતામાંથી દ્રવ્યાનુ-યોગના થતા ગહન પ્રશ્નોનો એવો સુંદર અને સરસરીતિએ ઉકેલ કર-વામાં આવતો, કે જે સાંભળી ત્યાંનો શ્રોતૃવૃન્દ હર્ષસાગરમાં મ્હાલતો. પ્રભાવના આદિ શાસનોન્નતિ સારા પ્રમાણમાં થતી હતી. વૃદ્ધ ગુરૂ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવેશના દર્શનાર્થે અનેક સ્ત્રી-પુરૂષો આજુબાજુના શહેરોમાંથી અને ગામડાઓમાંથી અવારનવાર આવતા; જેઓની સગવડ ભક્તિનિષ્ઠ છાણી-નો સંઘ પૂર્ણરીત્યા સાચવતો હતો. સાધર્મિકજનોની ભક્તિ કરવામાં છાણીગામનો સંઘ ખડે પગે તૈયાર રહેતો હતો, તે વાત ત્યાંના અનુ-ભવીઓને વિદિતજ છે.

**ઉપધાન તપ આરંભઃ—**

આવા મહાત્માઓનો યોગ એ છાણીગામને માટે અપૂર્વ અને સ્વર્ણાક્ષરે નોંધી રાખવા જેવો સહુ કોઇને લાગતો હતો. આવા મહાપુરુષોનો ઉત્તમ યોગ મળ્યો છે તો આપણા છાણીગામમાં કોઈ વિશિષ્ટ ધર્મક્રિયાની આરાધના ન થાય, એ ગંગા તટે જઈ તરસ્યા રહ્યા જેવું કહેવાય, એવો છાણીગામના આગેવાનોને વારંવાર હૃદયમાં વિચાર સ્ફૂરતો હતો. છાણીગામમાં મહામંગલકારી કર્મમલને ચુરનાર ઉપધાનતપની આરાધના પૂજ્ય ગુરુદેવેશના સુહસ્તે કરાવવી એવી મનોકામના અત્રેના આગેવાનોના હૃદયમાં જાગૃત થઇ. તુરતજ ઉદાર અને ધર્મનિષ્ઠ શાહ શકરાભાઈ (ચુનીભાઈ) ગીરધરભાઇએ તે મહા તપની આરાધનમાં દ્રવ્ય વ્યય કરવા પોતાની જિજ્ઞાસા જણાવી અને ગામના કેટલાક સદ્‌ગૃહસ્થોએ તેઓને સાથ આપ્યો, જેથી ધર્મ વૃદ્ધિ કારક ઉપધાન તપનો આરંભ. પૂજ્ય ચારિત્રવિભૂના સુહસ્તે થયો જેમાં કેટલાક યુવકોએ, બાલાઓએ સોત્સાહ પ્રવેશ કર્યો હતો. કોઈ પણ દીવસ તપ કરવાનો અભ્યાસ ન હતો તેવા યુવકોએ બાલ-કોએ તે મહાન્ તપમાં દિલ ઝુંકાવ્યું હતું. જેઓ કહેતા કે એક ઉપ-વાસ કરતાં અમારૂં મન ડામાડોળ થતું હતું, શરીર શિથિલ બનતું હતું તે આ ઉપધાન તપમાં પ્રવેશ કર્યા પછી ગુરૂદેવના પ્રભાવથી કોઈ અજબ શક્તિ અમારામાં આવી છે કે ખબર પડતી નથી કે તપ કરીએ છીએ કે નહિ ?

ખરેખર ગુરૂદેવનો એવો પ્રભાવજ હતો કે નિર્બલો પણ તેઓશ્રીની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીતલ છાયામાં દુ:સાધ્ય ધર્મોને પણ સુલભતાથી આરાધિ શકતા હતા બહાર ગામના અને આ ગામના મળી લગભગ ૨૫૦–૩૦૦ સ્ત્રી પુરૂષોએ આ ઉગ્રતપની આરાધનમાં પ્રવેશ કર્યો હતો. સર્વેની સુક્રિયાઓ વિર્વિઘ્ન ચાલતી. એ અપૂર્વ ઉપધાન તપની આરાધનામાં કોઇપણ વ્યક્તિને જરાય પણ વિઘ્નનો સ્પર્શ થયો ન હતો, ઉપધાન તપ પૂર્ણ થતાં સુમુહર્તમાં માલારોપણનો સમય નજીક આવ્યો એટલે ત્યાંના સંઘ તરફથી એ મહા મહોત્સવની તૈયારીઓ ચાલી.

## આચાર્ય પદાગ્રહ:—

અત્રેના ચાતુર્માસમાં દ્રવ્યાનુયોગને સૂક્ષ્મ વિષય વ્યાખ્યાનોમાં બહુજ ચર્ચાતો હતો તેમજ અનેક જાતની અપ્રતિમ બુદ્ધિમત્તાની તેમજ સૈદ્ધાંન્તિક રસાસ્ત્રાદિની પ્રૌઢ દેશના દ્વારાએ સૌ કોઇ સંતોષકારક સમાધાન મેળવી હર્ષિત થતા હતા, છાણીનો શ્રોતૃવૃન્દ જાણકાર તરીકે વખણાય છે તેમાં કેટલાક શ્રાવકો જૈન પ્રકરણો વ્યાકરણ-ટુંકો ન્યાય વિગેરેના અભ્યાસકો પણ છે એટલે ગહન પ્રશ્નને પણ સહેલાઇથી સમજી જતા, શ્રીમાન્ વ્યાખ્યાન વાચસ્પતિ લબ્ધિ વિજયજી મહારાજ શ્રી ભગવતીજીસૂત્રના યોગોદ્‌વહન સવિધિ શ્રીમાન્ પંન્યાસજી દાનવિજયજી મહારાજની પાસે કરી રહ્યા હતા, જેઓને માલારોપણના મહોત્સવના મુહૂર્તમાંજ પન્યાસપદ અર્પણનો નિર્ણય થયો હતો પરમ પ્રભાવક આચાર્યદેવેશને દિન પ્રતિદિન વૃદ્ધાવસ્થા છવાતી હતી, તેમજ પોતાના વિદ્વાન શિષ્ય સ્વપાટને શોભાવે તેવા યોગ્ય વિદ્યમાન હતા. યોગ્ય શિષ્યને યોગ્ય પદથી વિભૂષિત કરવા તે ઉદાર અને ગરિષ્ઠ ગુણનિધાન ગુરૂવર્યોનું કર્તવ્ય છે. અને યોગ્ય શિષ્ય વિદ્યમાન હોય તેને મહાન્ આચાર્યો પોતાની અવસ્થા થતાં સ્વપદ પરંપરામાં સ્થાપિત કરે એ પરંપરાગત નિયમ છે. એ અરસામાં પંન્યાસજી શ્રી દાન વિજયજી મહારાજને તથા વ્યા. વાચસ્પતિ શ્રીમાન્ વિજયલબ્ધિ વિજયજીને આચાર્ય દેવેશે ગંભીરતાથી જણાવ્યું કે દિન પ્રતિદિન મારી વૃદ્ધાવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થા આવતી જતી હોવાથી પદવીપ્રદાનનું કાર્ય ઉતાવળથી તમારી ભાવના હોય કે ન હોય તો પણ હું કરવા ઈચ્છું છું. બન્ને મહાત્મા-ઓએ શ્રવણ કરતાં હાથજોડીને જણાવ્યું કે આપશ્રી જે મહાન્ પદનું જોખમ અમોને આપવા ઈચ્છો છો તે માટે અમો પૂર્ણ શોભાવી શકશું કે કેમ? તે વિચારણીય છે. " હીરા મુખસે નવ કહે લાખ હમારા મોલ." ખરેખર બન્ને મહાત્માઓ પૂર્ણ રીત્યા આચાર્ય-પદને સુશોભિત કરી શકે તેવા હોવા છતાં પોતે તે વસ્તુ માટે પોતાની અયોગ્યતાજ જાહેર કરે છે.

**गुणाः सर्वत्र पूज्यन्ते आटोपैः किं प्रयोजनं ।**
**विक्रियन्ते न घण्टाभिः गावः क्षीरविवर्जिताः ॥**

જેઓ ગુણ ગરિષ્ઠ છે જેઓ પરોપકારમાં પરાયણ છે અને જેઓ શાસનના અને ધર્મના હજારો કાર્યો, પ્રતિકૂલતાઓને વિપુલ સંપત્તિ-ઓ માની કરવા સમર્થ છે તેઓને પદવી મળે તો શું? ન મળે તો શું? મહા પુરૂષોને સ્વમાન ગૌરવની આકાંક્ષા હોતીજ નથી. પરંતુ સુકાર્યો કરવાની તેઓના હૃદયમાં તીવ્ર લાગણી હોય છે, સુગુણીઓને ઉપાધિઓ વિના પણ સન્માન ગૌરવ, પૂજા ભક્તિ વિગેરેમાં અપૂર્ણતા હોતીજ નથી. જેઓમાં સ્વયમેવ ગુણોનોજ ભંડાર હોય છે, તેઓને આટોપ કે આડંબરની આવશ્યકતા નજ હોય આ બન્ને મહાત્માઓને આચાર્ય પદ અર્પણ કરવું તે સોના પર ઓપણી લેટ કરવા જેવું હતું. દુધ રહિત ગાયો ભલે મોટા મોટા ઘંટથી વિભૂષિત કરી બજા-રમાં ઉભી રાખવામાં આવી હોય, તો તેથી શું તેની કિંમત અંકાય છે? હરગીજ નહિ. જેઓમાં ગુણ છે, તે સર્વ પૂજાય છે. ગુણીઓને સ્વ ગુણ પ્રકાશ કરવા નોબત બજડાવવી પડતી નથી.

**नहि कस्तूरिकामोदः शपथेन विभाव्यते.**

મારા સમ આ કસ્તૂરીની ગંધ છે એવા શપથ ( સોગન ) લેવાની જરૂર પડતી નથી કસ્તુરીની સુગંધીજ કસ્તુરી છે, એમ વિના કહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાહેર કરે છે. તેમ ગુણવાનોના ગુણો ઉપકારીના ઉપકારો અને પ્રભાવ સંપન્નોનો પ્રભાવ ગુપ્ત રહેતોજ નથી. પંન્યાસજી. શ્રી દાનવિજયજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ શ્રી લબ્ધિવિજયજી મહારાજનો પ્રભાવ, તેમજ કરેલ ધર્મ સેવા અને વિદ્વત્તા વિના પદાર્પણે જગ જાહેરજ હતી. આચાર્ય દેવેશે તેઓની ઇચ્છા નહિ હોવા છતાં તથા તે મહાન્ પદને માટે નિસ્પૃહતા દર્શાવ્યા છતાં, પોતે પોતાની તે પદાર્પણ કરવાની ઉગ્રભાવના પ્રદર્શિત કરી તેમજ કેટલાક શહેરોના આગેવાન શ્રાવકોએ પણ તે બન્ને મહાત્માઓને તે પદ અંગીકાર કરવા આગ્રહ કર્યો જેથી બન્ને મહાત્માઓને અનિચ્છાએ તે વિષયમાં ગુર્વાજ્ઞાથી અને સંઘાગ્રહથી સંમત રહેવું પડયું.

**પદમહત્તાઃ—**

આચાર્યપદ પણ જૈન શાસનમાં મહત્તાનો વિષય ગણાય છે. આચાર્ય એટલે એક જૈન શાસનના સંચાલક કટોકટીના પ્રસંગે પણ જૈન શાસનને અબાધિત રાખવામાં કટી બદ્ધ રહેનાર, દેવગુરૂ અને ધર્મ પર આવતા આક્રમણોને અટકાવવા અપ્રમત્ત, એવી મહાન્ જોખમ વાલી આચાર્ય પદવી મનાય છે. જેઓને આચાર્યપદ અર્પણ કરવામાં આવે છે, તેઓની તે વિષયની મોટી જવાબદારી રહેલી હોય છે. સુભટ પદવીમાં અને રાજપદવીમાં જેટલો ફેરફાર છે તેટલોજ નહિ કિન્તુ તેથી અધિક આચાર્યપદમાં અને મુનિપદમાં શાસનની જવાબદારીનો ફરક છે સુભટ હારે યા જીતે તેમાં જય અને વિજય રાજાનો મનાય છે. પરંતુ રાજા હારે તો શું થાય ? જ્યારે જ્યારે ધર્મનો હાસ થતો હોય, જ્યારે જ્યારે ઉન્માર્ગ વૃદ્ધિગત થતો હોય, જ્યારે જ્યારે પાખંડીઓ પોતાની નિરંકુશ જાળથી ભદ્રિક આત્માઓને ફસાવતા હોય, ત્યારે ત્યારે શાસનની સેવા માટે ધર્મના ઉદ્યોત માટે આચાર્ય વર્યોને ભગીરથ પ્રયત્ન કરવોજ પડે છે. પતિત થતાને ઉદ્ધરવા, અને પ્રવ્રજીતને ઉન્નત બનાવવા જેઓનું મહાન્ દીર્ઘ લક્ષ હોય છે.

## આચાર્યપદ મહોત્સવ.

આ અપૂર્વ પ્રસંગે છાણીગામના સંઘે જ્ઞાનમંદીરના વિશાલ ચોગાનમાં ભવ્ય મંડપ તૈયાર કર્યો હતો, અને પદાર્પણ નિમિત્તે જિનમંદીરમાં મહોત્સવની પણ શરૂઆત થઈ હતી, આખાય સંઘમાં આનંદ આનંદ ને આનંદની ઉર્મિઓ પ્રેક્ષકની નજરે પડતી હતી, ધનાઢયો ધનથી, તન બળવાલો શક્તિથી અને અન્યો અનુમોદનાથી પદ પ્રદાન મહોત્સવમાં ભક્તિ બજાવી રહ્યા હતા. પદવીપ્રદાનના નિયત મુહૂર્તે કંકોત્રીદ્વારા આમંત્રિત કરેલ પંજાબ, મારવાડ, ગુજરાત, કાઠિઆવાડ, દક્ષિણ અને માલવા આદિ દેશના અનેક શહેરોથી અને ગામોથી આગેવાન સદ્ગૃહસ્થોની જનસંખ્યા હજારોના પ્રમાણમાં એકત્રિત થઈ હતી. પૂજ્ય આચાર્યદેવેશ અનેક દેશોમાં પોતાના નિર્મલ ચારિત્રથી સુપ્રસિદ્ધ વ્યકિત હતા. એટલે તેઓના સુહસ્તે થતા આચાર્યપદ ઉત્સવમાં હજારો જનો આવે એ સ્વાભાવિક હતું. આ અવસરે ભિન્ન ભિન્ન દેશ સંબંધી વેશોને ધારણ કરવાવાળી લગભગ પાંચહજાર પ્રમાણ જનસંખ્યા એકત્રિત થઈ હતી.

### ભવ્ય વરઘોડો:—

આચાર્યપદારોપણના હર્ષનો અને માલારોપણ મહોત્સવનો એક ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો, જે વરઘોડામાં નજીકના :વડોદરા શહેરથી રાજકીય સામગ્રીઓ અત્રેના સંઘ તરફથી મંગાવવામાં આવી હતી. હાથીઓ, ઘોડાઓ, ડંકાઓ, નિશાનો તથા રથો આ બધીય સામગ્રીઓથી યુક્ત સુશોભિત વરઘોડો આખાય છાણીગામમાં ફર્યો હતો. દશ દશ કોષ દૂરથી આ ભવ્ય મહોત્સવ તથા વરઘોડો જોવા ખાતર જૈનેતરો પણ મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. સોના–ચાંદીની અંબાડીમાં તથા રથોમાં બિરાજમાન ભવ્યજીન પડિમાઓને સૌ કોઈ ભેદભાવરહિત સહર્ષ :નમતા હતા, અને જાણે કે બોધિબીજ પ્રાપ્ત ન કરતા હોય તેમ તે વરઘોડાનું આકર્ષક દસ્ય જો-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વ. જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી મહારાજ

ના પટ્ટ પ્રભાવક—




સ્વ. સકલાગમ રહસ્યવેદી જૈનાચાર્ય

શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ.

આ. પી પ્રેસ—પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઇને જૈન-જૈનેતરોના મુખ ઉપર હર્ષની ઉર્મિઓ ઉછળતી હતી. આ પ્રમાણે શાસનની પ્રભાવના ફેલાવતો મોટો વરઘોડો લગભગ માઈલની લંબાઈમાં બે કલાક સુધી ફર્યો હતો. અને ભવ્ય ઉપાશ્રય પાસે ઉતરતાં વિશાલ જનસમૂહમાં લ્હાણી વહેંચવામાં આવી હતી કે જે લઈ જનો સહર્ષ વિખરાયા હતા. પદવીના આગલા દિવસે આચાર્યપદ તથા માલારોપણ નિમિત્તે વરઘોડાનો અપૂર્વ દેખાવ જોઈ લોકોના હર્ષનો પાર ન્હોતો રહ્યો.

## આચાર્યપદ અર્પણ:—

વિશાલ અને ભવ્ય તૈયાર કરેલા મંડપમાં ઉત્તરદિશા તરફ મુખ કરી જયનાદની સાથે એક પાટપર ચારિત્રનાયકજી બિરાજમાન થતાં હજારો માનવોનો સાગર તેભવ્ય મંડપમાં ઉભરાયો, સાધુવૃન્દ પાટપર તથા સાધ્વીવૃન્દ બાજુ પર સ્વઆસનપર અલંકૃત થયો તે પહેલાં સિદ્ધાન્ત રહસ્યવેદી પન્યા-સજી શ્રી દાનવિજયજી મહારાજે પ્રાતઃકાલના પ્રથમ મુહુર્તમાં વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજને સહર્ષ સ્વકરકમલથી જયનાદની સાથે શ્રી ગણિપદ તથા પન્યાસપદ અર્પણ કર્યું હતું. ત્યારબાદ બીજા મુહુર્તમાં સંવત્ ૧૯૮૧ ના માગશર શુદ પાંચમને દિવસે સિદ્ધાન્ત રહસ્યવેદી પંન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજ ગણિવરને તથા વ્યાખ્યાન વાચસ્પતિ પન્યાસજી શ્રીમાન્ લબ્ધિવિજયજી મહારાજ ગણિવરને ચરિત્રનેતાએ રોમાંચિત થઈ, સવિધિ આચાર્યપદનો તેઓશ્રીના મસ્તકપર વાસક્ષેપ ઠવી, સૂરિમંત્ર શ્રવણ કરાવવા પૂર્વક આચાર્યપદ અર્પણ કર્યું. જાણે જૈનશાસનનો વારસોજ સુપ્રત કરતા ન હોય તેમ આચાર્યદેવેશ આનંદિત થયા, તે સમયે તત્રસ્થ ચતુર્વિધ સંઘ જયનાદના શબ્દો કરવા લાગ્યો, અને આચાર્યવર્યોને અક્ષત આદિથી વધાવી સૌ કોઈ હર્ષિત થયા, તે ક્ષણ અપૂર્વ અને આકર્ષક હતો, જેઓએ જોયો છે તેઓને તો હૃદયપટપર સુવર્ણાક્ષરે કોતરાયેલ છે. પદ મહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રીફલની પ્રભાવના કર-

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

વામાં આવી હતી, અને આખાય ગામના જૈનેતરોને શેર શેર સાકરના પડાઓ કરી તે અપૂર્વ પ્રસંગની યાદગીરી માટે વહેંચવામાં આવ્યા હતા. જૈનેતરો પણ આ અપૂર્વ પ્રસંગમાં વિશેષ પ્રકારે સહર્ષ ભાગ લેતા હતા.

આચાર્યપદ ભવિષ્યમાં બન્ને આચાર્યવર્યો સુશોભિત કરશે તેનું આ મંગલજનક ચિન્હ છે, કે જેમાં જૈન-જૈનેતરોને પણ હર્ષ હર્ષ ને હર્ષજ દેખાતો, આવી રીતે આચાર્યપદાર્પણ મહોત્સવ નિર્વિઘ્ન સવિધિ સુમુહૂર્તે સમાપ્ત થયો.

**માલારોપણ:—**


પ્રથમ થયેલ મહાન્ ઉપધાનતપ નિમિત્તનો માલારોપણ મહોત્સવ પણ આ સુઅવસરમાંજ નિયત થયો હતો. એટલે પૂજ્ય ચારિત્ર-વિભુના સુહસ્તે અનેક ભવ્ય આત્માઓના સુકંઠમાં જાણે મુક્તિરમણીની વરણીનીજ માલાઓ ન પહેરાવતા હોય તેવી રીતે પ્રલંબિત અને સુશોભિત માલાઓ આરોપણ કરવામાં આવી હતી, જેમાં દેવદ્રવ્યની, જ્ઞાનદ્રવ્યની તથા સાધારણદ્રવ્યની આવક અભૂતપૂર્વ થવા પામી, માલા-રોપણની સુક્રિયા સુમુહૂર્તે પૂર્ણ થતાં આનંદસૂચક વાજાં વાગ્યાં.

**પ્રૌઢ પ્રવચન:—**

માલારોપણ મહોત્સવ થયા બાદ ચરિત્રનેતાની આજ્ઞાથી અને સંઘાગ્રહથી વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય શ્રીમાન્ વિજયલબ્ધિસૂરીશ્વરે તત્વ પીયૂષમય લંબાણથી રસિક પ્રવચન સંભળાવ્યું હતું જે પ્રવચને શ્રોતૃવૃન્દ પર અનેરી જાગૃતિ આણી. સૌ કોઈ એકી સાથે રોમાંચિત થયા. અને અંદરો અંદર સહર્ષ પ્રશંસા કરતા કહેતા કે અહો ! કેવો બુલંદ અવાજ છે ? ધન્ય છે મહાત્મા પુરૂષને ધન્ય છે. ઉક્ત મહોત્સ-વના નિમિત્તે જિન મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ આડંબરથી ચાલતો-જ હતો, તેમાં વિવિધ પ્રકારની પૂજાઓ વડોદરાના પ્રસિદ્ધ વૈદ્યરાજ જૈન ગવૈયા સ્વર્ગસ્થ બાલુભાઇ અને અત્રેની મંડલી વાલાઓ, રાગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સદ્ધર્મરક્ષક નિઃસ્પૃહચૂડામણિ જૈનાચાર્ય શ્રીમદ્
વિજયકમળ સૂરીશ્વરજી મહારાજના
: : અનુપમ પટ્ટ-પ્રભાવક : :



વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ જૈનાચાર્ય
**શ્રીમદ્ વિજયલબ્ધિ સૂરીશ્વરજી મહારાજ.**

શ્રી બહાદુરસિંહજી પ્રિ. પ્રેસ-પાલીતાણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાગણીમય પૂજાઓ પ્રેમથી ભણાવી ચતુર્વિધ સંઘમાં પ્રભુ ભકિત રસની વૃદ્ધિ કરી રહ્યા હતા. અષ્ટાહ્નિક મહોત્સવના છેલ્લા દિવસે શાન્તિ-સ્નાત્ર ઘણાજ આડંબરથી અને ઉન્નત પ્રકારે સવિધિ ભણાવવામાં આવ્યું હતું જેથી સંઘમાં શાન્તિ શાન્તિને શાન્તિજ છવાઈ હતી.

**હિંસા મોચન:—**

છાણી ગામમાં ચાતુર્માસ દરમ્યાન એવો એક પ્રસંગ બન્યો હતો કે નજીક આવેલા કેમ્પમાંથી કેટલાક શિકારના શોખીનો છાણી ગામના સીમાડામાં બંદુક ગોળીદ્વારા અનેક નિર્દોષ પંખીઓને મારતા હતા, એક મુનિરાજ મલોત્સર્ગ માટે બહાર ગયા હતા. જેઓના દૃષ્ટિપથમાં આ હિંસકોની હિંસા આવતાં, દયાની લાગણી ઉભરાઇ અને પાછા આવી ગામના મહાજનને જણાવ્યું, એટલે શ્રદ્ધાળું, અને દયાળું કેટલાક જૈનો ત્યાં જઈ પહોંચ્યા તે શિકારીઓને સમજાવી હિંસાની ક્રિયા બંધ કરાવીને ચરિત્ર વિભુની શીતલ છાયામાં લાવ્યા.

**ભવ્યોપદેશ:—**

પૂજ્ય ચરિત્ર નેતાની ભવ્યાકૃતિ, મધુરધ્વનિ અને ઉત્કૃષ્ટ ત્યાગવૃત્તિને જોતાં તે શિકારીઓના ઉપર અજબ છાપ પાડી, પુણ્યમૂર્તિને જોતાંજ ઝુકી પડયા, અને પરમોપકારી આચાર્યદેવેશે પણ તેઓને પ્રસંગોપાત યુકિત યુક્ત ઉપદેશ આપતાં જણાવ્યું કે—

दयांविना देव ग़ुरोः क्रमार्चनं,
तपः क्षमास्नानजपोपदेशनं ॥
विनिर्मितं सर्वमपि हि निष्फलं,
विन्भाति नो कर्षणवत् विना जलं ॥ १ ॥

દયાની લાગણી વિના દેવ અને ગુરૂના ચરણની સેવા, ઉગ્રતપ, ક્ષમા ગંગા નદીના પવિત્ર જલોથી કરેલ સ્નાન્ એકાન્તમાં બેસી કરેલ જપ.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

અને આપેલ ધર્મનો ઉપદેશ વિગેરે જલવિના વાવેલ ખેતી જેમ નિષ્ફલતાને પામે છે, તેમ સમસ્ત ધર્મક્રિયાઓ પરિશ્રમથી પણ કરાયેલ નિષ્ફલતાને મેળવે છે આપણી ક્ષણીક તૃપ્તિના માટે નિરપરાધિ જીવોનો નાશ કરવો એ ધર્મથી વિરૂદ્ધ આચરણ છે. જેઓએ મોઝ શોખ ખાતર હિંસાની આદતનો ત્યાગ નથી કર્યો તેઓ કદાચ આ ભવમાં અનેક ભયંકર રોગોથી પીડાય છે, અને પરલોકમાં જરૂર અનેક જાતની શરીરની પીડાઓને ભોગવે છે. ખરો બલવાન તેજ છે, ખરો ક્ષત્રિય પુત્ર તેજ છે કે ભયથી ડરેલાને પોતાનું બલ અજમાવી નિર્ભય બનાવે, નહિ કે અન્યને પીડા આપે. શરીરપર સામાન્ય અશુચિ પદાર્થ લાગતાં જલદિથી શુદ્ધિ કરીએ છીએ :પછીજ પ્રભુના પવિત્ર નામને લેવા માટે યોગ્ય બનાય છે. જ્યારે પેટમાંજ અશુચિ પદાર્થો નાખ્યા પછી બહારની શુદ્ધિ ગમે તેટલી કરીએ તો તેથી શું પ્રભુનું નામ લેવા માટે યોગ્ય બની શકાય? આવી આવી અનેક યુકિતઓ તથા પુરાવાથી અહિંસા ધર્મને સિદ્ધ કર્યો જે સાંભળી શિકારમાં આસકત એવા તે જનોએ નમ્ર ભાવે ચરિત્ર નેતાને હાથ જોડી જણાવ્યું કે હવેથી નિરપરાધિ જીવોને નહિ મારવાની સૂર્ય ચંદ્રની ને આપશ્રીની સાક્ષીમાં દ્રઢ પ્રતિજ્ઞા લઈએ છીએ. આપશ્રીએ જે ઉપદેશ આપી જે દયા ધર્મ સમજાવ્યો છે તે માટે અમે ઉપકાર માનીએ છીએ. અહો આજે અમારી જીંદગી કૃત કૃત્ય થઈ, આવાતો અનેક જૈનેતરો પર ઉપકારો મહારાજશ્રીના હાથે થતાજ હતા, મહાપુરૂષના સંગથી ઘોર પાપીઓનો પણ અલ્પ પ્રયાસે ઉદ્ધાર થાય છે તેનું આ દશ્ય હતું.

## અધિકારી વર્ગને અપૂર્વોપદેશઃ—

વડોદરાના નરેશને આચાર્યદેવેશે જે દયામય રસીક અને આકર્ષક ઉપદેશ જ્યારથી સંભળાવ્યો હતો ત્યારથી આખાય વડોદરા શહેરમાં ચરિત્ર વિભુનું પવિત્ર નામ ખ્યાતિ પામ્યું હતું, અને તે મહાપુરૂષની સાથે ધર્મ ચર્ચા કરવા અને ભવ્ય દર્શન કરવા અનેક અમલદારો અવારનવાર વડોદરાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિકટવર્તિ છાણી ગામમાં આવતા હતા. આચાર્ય દેવેશ પણ પરોપકાર જાણી તેઓની સાથે વૃદ્ધાવસ્થા અને અશકિત હોવા છતાં પણ ખુબ રસ પૂર્વક પુરાણ, વેદ, ભગવદ્ ગીતા તથા ઉપનિષદો, વિગેરેના પાઠો-દ્વારાએ, તેઓની સાથે યુકિત યુક્ત ધર્મ ચર્ચાઓ કરતા હતા. અને ધર્મોપદેશ સંભળાવતા હતા, અદ્યાવધિ પણ તે વખતના સાંભળનારાઓ વૃદ્ધ શ્રાવકો કહે છે કે એવી અપૂર્વ જૈનેતરોને પણ ધર્મ સમજાવવાની શૈલી, વિવિધ તર્કમય પૂર્ણ પ્રતિભા અને ગહન પ્રશ્નોમાં પણ પૂર્ણ શાન્તિ અને ગંભીરતા, તેઓશ્રીમાં અતુલ અને અજબજ હતી. અનેક રાજકીય વર્ગના માણસોએ અનેક પ્રસંગોમાં અચાર્યદેવેશના પુનિત સંગનો અને ભવ્ય દર્શનનો તેમજ ધર્મશ્રવણનો અપૂર્વ લાભ ઉઠાવી માનવ જન્મની સાર્થકતા મેળવી હતી.


## પુસ્તકોદ્ધારમાં મદદઃ—

અનેક શહેરોના તથા ગામોના શ્રદ્ધાપન્ન શ્રાવકો ચરિત્ર નેતાના નિર્મલ દર્શનાર્થે મોટી સંખ્યામાં પ્રતિવર્ષ આવતા હતા, છાણી ગામમાં ચાતુર્માસમાં શ્રદ્ધાલુ પાટણ નિવાસી શા. નગીનભાઈ કરમચંદ દર્શનાર્થે આવ્યા હતા જેઓ પુણ્યનિધાન ચરિત્રવિભુને માટે બહુજ ઉચ્ચ કોટીની શ્રદ્ધા રાખતા હતા. ચરિત્ર વિભુની નિસ્પૃહતા ભલ ભલાઓના શિરોને ડોલાવાની સાથે હંમેશને માટે અંતરનારાગી બનાવતી હતી. ગુરૂદેવેશે સર્વમાં ઉત્તમ ક્ષેત્ર જ્ઞાન પોષણ છે એ બાબતનો ઉપદેશ આપ્યો જે ઉપદેશની અસરે જીર્ણ પુસ્તકો લખાવવામાં ઉદાર ભાવે દર્શનાર્થે આવેલ શા. નગીનભાઈએ સારા પ્રમાણમાં મોટી રકમનો વ્યય કરવા પ્રતિજ્ઞા લીધી હતી. અને તેજ પ્રતીજ્ઞાના પ્રભાવે તેમણે સંવત ૧૯૯૧ ના ફાગણ શુદી ૨ ના દિવસે પાટણમાં હજારોના ખર્ચે ઉભુ કરેલું જ્ઞાન મંદિર ખુલ્લુ મૂકયું હતું તેમજ તેજ જ્ઞાન મંદિરમાં પોતાના ઉપકારી ચરિત્ર વિભુના નામથી ગુરૂ મંદિર બંધાવી તેમાં પૂજ્ય ગુરૂ-




P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવની આકૃતિવાળી ગુરૂદેવના શરીર પ્રમાણેની સુંદર પાષાણમયી મૂર્તિની પણ પ્રતિષ્ઠા તેજ દિવસે સિદ્ધાન્ત રહસ્યવેદી આચાર્ય શ્રીમદ્ વિજયદાન-સૂરીશ્વરજી મહારાજજી તથા વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના પવિત્ર હસ્તે તેજ ગુરૂદેવના પરિવારના ૧૦૦ સાધુ તથા અનેક સાધ્વીઓના સમુહ તથા હજારો મનુષ્યોના સમુહમાં કરાવી હતી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયકમ[illegible]વરજી મહારાજના [illegible]
સંઘવી નગીનદાસ કરમચંદ પાટણવાલા તરફથી
પોતાની સ્વ. ધર્મપત્નિના પૂણ્યાર્થે બંધાએલ.



શ્રી કેશરબાઇ જ્ઞાન ભંડાર અને ગુરૂ મંદીર.

ઉદ્ઘાટન: સંવત [illegible] ના ફાગણ સુદ ૨.　　સ્થળ: શ્રી પંચાસરાજી સામે, પાટણ. (ઉ. ગુજરાત)

P. P. Ac. Gunratansuriji M.S.　Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૫ મું.

## સૂર્યપુર પ્રયાણ:—

જ્યારે ચારિત્રવિભુ છાણી ગામમાં બિરાજમાન હતા, ત્યારે સુરત સંઘના આગેવાનો કેટલાક સુરત શહેરમાં પધારવા માટે વિજ્ઞપ્તિ કરવા આવ્યા હતા. મહાન પુરૂષોની યશો-કીર્તિ એવી હોય છે કે કોઇપણ દિવસ ન જોયા હોય તેવાઓને પણ મહાપુરૂષોના દર્શનની અભિલાષા જાગૃત થાય છે. સૂર્યપુરમાં પૂજ્ય આચાર્યદેવેશની ઉજ્જવલ અને નિર્મલકીર્તિ કયારનીએ પહોંચી ગઈ હતી. જેને લઇને તેઓશ્રીના પ્રતિદિન રસીકતા ભરેલા ધર્મપ્રવચનો શ્રવણ કરવા સુરતની શોખીન પ્રજા કેટલાક વખ-તથી લોભાઇ હતી, પાંચ પાંચ વર્ષોથી સૂર્યપુરના ઓસવાલ આગેવાનો અનેક શહેરોમાં અને ગામોમાં દર્શનાર્થે આવી સૂર્યપુરમાં પધારવા અત્યંત આગ્રહ કરી રહ્યા હતા. પૂજ્ય ગુરૂદેવેશે ત્યાં જવાનો વારંવાર નિષેધ કર્યા છતાં ધર્મભાવી સદ્ગૃહસ્થોએ પુનઃ પુનઃ સૂર્યપૂર પધા-રવાની વિજ્ઞપ્તિ અર્થે આવવાનું જારી રાખ્યું હતું. ચરિત્રનેતા શહેરો કરતાં ગામડાઓના નિવાસને વિશેષ પસંદ કરતા હતા, કારણકે નિવૃ-ત્તિ અને શાન્તિનો અનુભવ ગામડાઓમાં વિશેષ હોય છે. પરંતુ છાણી ગામમાં આવેલ શ્રદ્ધાળુ સુરતી શ્રાવકોનો અતિશય આગ્રહ થતાં ચરિ-ત્રવિભુનું દયાર્દ્ર હૃદય ભિંજાયું, અને અનેક સાધુઓની અને શ્રાવકોની પ્રેરણા થતાં તેમજ વિશેષ લાભનું કારણ હોઈ સુરતપ્રતિ પ્રયાણ કરવાનું સ્વીકાર્યું, જૈનાચાર્ય સિદ્ધાન્તરહસ્યવેદી શ્રીમદ્ વિજયદાનસૂરી-શ્વરજી મહારાજ તથા વ્યાખ્યાન વાચસ્પતિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિ બહોળા પરિવાર સહ ગજરાજ ગતિ ચરિત્રવિભુ સુરત શહેર પ્રતિ છાણીથી વિહાર કર્યો. વિહાર સમયે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છાણીનો આખોય સંઘ ગુરૂદેવની છાયામાં ચાતુર્માસમાં અપૂર્વ થયેલ ધર્મ કરણીને યાદ કરતો ગુરૂવિરહના ખેદ સાગરમાં મગ્ન થયો.

## સુરતની જનતામાં હર્ષ:—

જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજે સુરત પધારવાનું સ્વીકાર કર્યાના સમાચાર મળતાં આખાય સુરતના સંઘમાં હર્ષ હર્ષને હર્ષનો સાગર ઉભરાયો, ઘણા વર્ષોની મહેનત સફલ થતાં કોને અતિશય હર્ષ ન થાય? સ્વાભાવીક વાત છે કે ઘણીજ આતુરતા કર્યા પછી ઘણા પરીશ્રમને ઉઠાવ્યા બાદ ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિ વિશેષ હર્ષનું કારણ બને છે, સુલભ તથા અનાયાસે સંલબ્ધ પદાર્થો જનતાને એટલા આનંદપ્રદ નથી હોતા. સુરતની જનતાને અનેક જાતના હૃદય પટ પર મનોરથ થવા લાગ્યા. અમારા સુરત શહેરની ભૂમિને ચરિત્રનેતા જ્યારે પાવન કરશે ત્યારે અમો અમુક જાતનું ધર્મારાધન કરીશું વિગેરે વિગેરે વિચારો ધર્માનુરાગી શ્રાવકોના હૃદયપટ પર ઉત્પન્ન થતા હતા. છાણી ગામથી વિહાર થયા બાદ, આખાય માર્ગમાં અવર નવર પ્રતિભાસંપન્ન ધર્મમૂર્તિના દર્શનાર્થે સુરત શહેરથી અનેક શ્રાવકો આ-વ્યાજ કરતા હતા, અને માર્ગમાં સમસ્ત જાતની અનુલકુતાઓ માટે ભક્તિ ભાવે તેઓ તૈયાર રહેતા, માર્ગમાં આવતા અનેક ગામોમાં ભવ્ય પ્રવચનો દ્વારાએ મહાન્ ઉપકારોને કરતા, ભવ્ય આત્માઓને ધર્મના અનેક સુનિયમો આપી કર્મ કર્દમને ( કર્મરૂપી કાદવને ) પક્ષાલન કરતા અને શાસન પ્રભાવનાને ફેલાવતા, સદ્ધર્મ રક્ષક સૂરિપુંગવ આગમપ્રજ્ઞ બબ્બે આચાર્યો તથા વિબુધ વિશાલ મુનિ મંડલ સહ સુરત નજીકના ગામમા આવી પહોચ્યા જો કે માર્ગમાં વૃદ્ધાવસ્થાના કારણે ચરિત્રનેતાએ ઘણો પરિશ્રમ લીધો હતો. ખરેખર મહાત્માઓનું લક્ષ લાભફલક પરિણામ તરફ હોય છે. જો કોઈનો ઉપકાર થતો હોય તો તે ઉપકાર કરતાં પોતાના શરીર પર થતી પ્રતિકૂલતાઓને ઉચ્ચ કોટીના મહા પુરૂષો આનંદનું આસ્પદ માને છે. **परोपकाराय सतां**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિમૂતયઃ એ સુંદર વાકયને પોતાની રગો રગમાં ધર્મ પ્રભાવકો ઓત-પ્રોત કરી મૂકે છે. ચરિત્રવિભુએ પણ કેવલ પરોપકારના હેતુથી અને સૂર્યપુરના સંઘના અત્યંત આગ્રહથી આ લાંબા વિહારનો પરિશ્રમ ધર્મભાવનાથી ઉઠાવ્યો હતો.

## દર્શનોત્સુક્તાઃ—

સુરતના નજીક ગામમાં સૂરિ પુંગવ પધાર્યા છે એ સમાચાર મળતાં લગભગ આખોય સુરતનો સંઘ જાણે કોઇ અપૂર્વ નિધાનની પ્રાપ્તિ ન થવાની હોય તેવો હર્ષ ઘેલો બની સૂરિપુંગવના દર્શનાર્થે ઉભરાયો હતો, અને ચરિત્રવિભુ સૌમ્યમૂર્તિ પૂજ્ય આચાર્યદેવેશના દર્શનનો તેમજ સૈદ્ધાન્તિકરસાસ્વાદિની શમામૃત પ્રવાહિની દેશનાનો અપૂર્વલાભ લઈ અભૂત પૂર્વ આનંદને પામ્યો હતો, ત્યાં સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું, સૂર્યપુરમાં પ્રવેશ મુહૂર્તનો સમય નિર્ણીત થતાં પ્રવેશ મહોત્સવની શોભા કરવાની ઉતાવળ હોવાથી સૌ કોઇ સ્વ સ્વસ્થાને પહોંચી ગયા હતા અને પૂજ્ય આચાર્યાધિરાજનો સત્કાર કરવા માટે વ્યગ્ર બન્યા, કોઈ મોટરો શણગારવામાં તો કોઇ ઘોડાગાડીઓ વિવિધ પ્રકારે શણગારવાના વિચારોમાં કોઈ ધર્મ મૂર્તિ ગુરૂદેવને વધાવવા સુંદર મોતીઓના સમુહને એકત્રિત કરવામાં તો કોઈ સ્વર્ણ તથા ચાંદીના પુષ્પોને ખરીદ કરવામાં ઉદ્યમશીલ અત્રેનો જન સમુહ દેખાતો હતો. એકતો શોખીન અને વિલાસી સુરત શહેર અને તેમાં વલી ત્યાગ ધર્મ-નિધાન સૂરિશેખરના પવિત્ર કદમ એટલે તેઓશ્રીના સત્કારમાં શું કમી ના હોય? આખા સુરત શહેરની જનતામાં વિવિધ પ્રકારના સત્કારો માટે વેગવતી પ્રવૃતિ વર્તિ રહી હતી.

## ભવ્ય સ્વાગતઃ—

અપ્રતિમ બુદ્ધિ નિધાન સૂરિશેખરના પ્રાતઃકાલના પ્રવેશાવસરે સમસ્ત સૂરત જૈન સંઘ લાંબે સુધી મોટી સંખ્યામાં સન્મુખ જઈ પહોંચ્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને વિજયકલસૂરીશ્વરજી મહારાજની જયનાદના સુમધુર અવાજે આખાય સુરત શહેરને ગુંજાવી મુકયું. શહેરના મુખ્ય મુખ્ય જૈન લત્તાઓ ધ્વજાઓ, વાવટાઓ, તોરણોથી સુશોભિત બનાવવામાં આવ્યા હતા, જૈનોની વસ્તીવાળી શેરીઓના મોખરે અનેક જાતના રંગી બે રંગી રેશમી તથા બીજા કાપડોથી ભવ્ય દરવાજાઓ અને તેની પર આચાર્યવર્યોના પુનીત નામથી અલંકૃત ભવ્ય બોર્ડો મુકવામાં આવ્યા હતા, ઘોડાઓ, મોટરો, તથા અનેક જાતના મધુર ધ્વનીથી વાગતા બેન્ડો તે ગુરૂદેવના સતકારમાં કોઈ અનેરીજ શોભા લાવી રહ્યા હતા. અનેક સ્થળોએ સુલલિત લલનાઓ સૂરિશેખરને તથા મુનિમંડળને "સુમૌક્તિકો સ્વર્ણ સુશોભિત ચમકતા કુસુમો, અને અક્ષત આદિથી સુરત શહેરમાં ઘણી શાસનોન્નતિ થશે." એમ મંગળ સૂચક હર્ષ વર્ધાપન કરી રહી હતી, આખાય સુરત શહેરમાં ગુરૂદેવના સ્વાગતમાં આવેલ સામૈયું ફરતાં સ્થળે સ્થળે સંખ્યાબંધ જૈનેતરોએ ત્યાગ મૂર્તિ આચાર્યદેવેશના ભવ્ય દર્શનનો લાભ લીધો હતો. આ સુરત શહેરના આંગણે ત્રણ ત્રણ આચાર્યવર્યો મોટા મુનીમંડળની સાથે પધારે છે તે સુરતને માટે અભૂત પૂર્વ પ્રસંગ હતો, એટલે સૌ કોઇ સહર્ષ ઝુકી ઝુકીને હાર્દિક **નમન** કરતા હતા. માર્ગમાં આવતા અનેક ભવ્ય મંદિરોમાં બિરાજમાન જિનેશ્વરદેવોના દર્શન કરતા, ભવ્ય સામૈયા સાથે સૂરિશેખર નેમુભાઇની વાડીના વિશાલ ઉપાશ્રયમાં પધાર્યા.

**મધુર મંગલાચરણ:—**

પ્રથમથીજ હજારો માનવોની મોટી મેદની વ્યાખ્યાન હોલમાં સુમધુર દેશના શ્રવણ કરવા સજ્જ થઇ બેઠી હતી, વ્યાખ્યાન પીઠપર ત્રણે આચાર્યો અલંકૃત થતાં આખીય સભામાં જય જયનાદના સુમધુર પોકારો પ્રસર્યા, અને એકક્ષણ સભાજનો નિર્નિમેષ થઈ, ત્રણે આચાર્યદેવેશોના દર્શનામૃતનું પાન કરવાની સાથે ગુરૂદેવના રસીક ઉપદેશને શ્રવણ કરવા શાન્ત થયા હતા, વિજ્ઞાન ચુડામણી ચરિત્ર નેતાએ ગંભીર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્વનિથી મંગલાચરણ કર્યાબાદ અનેક યુક્તિઓથી ત્યાંની પ્રજાને ધર્મ જાગૃતિ થાય તેવું ધર્મ રહસ્યમય લંબાણથી એક ભવ્ય પ્રવચન આપ્યું. જે પ્રવચને સર્વશ્રોતાઓના હૃદયમાં અત્યન્ત આનંદ આપ્યો, અહો? સુરતના આંગણામાં કેવો અપૂર્વ અવસર? આજે સૌના મનોરથ પૂર્ણ ન થયા હોય? તેવો હર્ષ તે પ્રવચન સાંભલતાં સૌ સભાજનોના મુખ-પર નિરખાતો! પ્રવચન થયા બાદ શ્રીફલની પ્રભાવના લઇ સભાજનો વિખરાયા હતા.

## જનતામાં જાગૃતિ:—

જે સમયે ચરિત્ર વિભુના પુણ્ય પગલાં સૂર્યપુરની ભૂમિમાં થયા તે સમયે સુરતની પ્રજા લક્ષ્મીની આવકમાં અને ધર્મની આરાધનના પ્રોત્સાહમાં ઉદયના શિખર પર હતી, શ્રદ્ધાળુ જનતામાં દિવ્ય દેશનાના પ્રભાવે ધર્મક્રિયાઓના આરાધનની હેલી મચી પ્રતિદિન વીતરાગોદિત-તત્ત્વાગાહીની દિવ્ય દેશનાનો પ્રભાવ અને અપૂર્વ ઓજસ ત્યાંની જનતામાં પ્રસર્યું હતું. સભાજનોના હૃદયમાં રહેલ દુર્ભેદ્ય પાપ વ્ય-સનોને તે દેશનાએ નાબુદ કરવાની સાથે, ધર્મ આરાધનના સ્થાન પર પ્રીતિ જગાવી વૃદ્ધોની ગોષ્ઠીમાં અને યુવક વર્ગના મિત્ર મંડળોમાં બજારોમાં અને મહોલ્લાઓમાં એકજ અને એજ વાર્તા પ્રસરી કે અહો! આ ચરિત્ર નેતાની કેવી અપૂર્વ વૃદ્ધાવસ્થામાં પણ વીરતા, ધીરતા અને સત્ય પ્રિયતા તેમજ નિસ્પૃહતાની નિરાડંબરતાની પરા કાષ્ઠા દેખાય છે. ચોતરફથી જૈન જનતામાં એજ વાત ચર્ચાતી હતી, ચરિત્ર નેતાની આજ્ઞાથી જૈનાચાર્ય વ્યાખ્યાન વાચસ્પતિ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વ-રજી મહારાજ જનતાની મોટી મેદનીમાં પ્રતિદિન પ્રવચન આપતા, સુજ્ઞશ્રોતા પ્રવચનમાં વિવિધ અને ગહન પ્રશ્નો કરતા અને તે પ્રશ્નોનો પ્રવચનકાર તરફથી, એવો સરસને સંતોષ કારક પ્રત્યુત્તર અપાતો કે જે શ્રવણ કરી પ્રશ્નકાર માત્ર એકજ પ્રશ્નથી અનેક વિષયોમાં નિઃશંક થવાની સાથે તત્વજ્ઞાનનો જ્ઞાતા બનતો, દિવ્ય પ્રભાવક એ દેશનાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનેક જનોને સુનિયમોમાં અંકિત કર્યા, કેટલીક દુઃત્યાજ્ય ઘરઘાલી બેઠેલી પ્રવૃતિઓને વિલાસી સુરતી પ્રજાએ તીલાંજલી આપી, દેશના શ્રવણને સફળ બનાવી હતી. સૌ સભાજનો તે દેશનાની અમુલ્ય કિંમત સમજી નિયત સમયાનુસાર ગૃહવ્યવસાયના આવશ્યક એવા અનિવાર્ય કાર્યોને પણ જતાં કરી પ્રતિદિન શ્રવણાર્થે એકત્રિત થતા, ભાનુની કિરણોઓ જેમ જગતના ખુણે ખુણાઓના અંધકારને નાશ કરી, તે-જોમય પ્રકાશમય તત્વને ઠાંસી ઠાંસી ભરે છે, તેવીજ રીતે વિદ્વદ્વૃન્દ માનનીય પ્રવર વ્યાખ્યાતાની અજબ દેશનારૂપી જ્યોત્સનાએ મહાનુભા-વોના હૃદયોના ખુણે ખુણાઓથી મિથ્યાત્વ અંધકાર હણ્યું. અને સુદેવ સુગુરૂ સુધર્મની અડગ શ્રદ્ધાનરૂપ પ્રકાશ પ્રસરવા માંડ્યો. ટુંક સમયથી અહીં ચાલતાં વીતરાગોદિત તત્ત્વથી વિરૂદ્ધ મતિકલ્પિત જે તેરાપંથી-ની પ્રવૃતિ ચાલી રહી હતી તે પણ અપૂર્વ દેશનાના પ્રભાવે અટકવા લાગી, સંસારમાં કુમતો કેમ નીકળ્યા, ક્યારથી નિકળ્યા, અને તે કેમ પ્રસર્યા, તે બધા ઇતિહાસને સભાજનો સમક્ષ રજુ કરવામાં આવતો, મહાનુભાવો તે વસ્તુને સમજ્યા અને ઉત્પંથાનુગામીઓ સાથે સંસા-રિક વ્યવહારો, તથા બીજા સંબંધો ન રાખવાના વિષયમાં સામુદાયિક પ્રબંધો પણ કરવા પ્રેરાયા, એ દિવ્ય દેશનાના પ્રભાવે અત્રે જૈન જન-તામાં કોઇ અજબજ ધર્મ જાગૃતિ જગાવી જે સુરતની પ્રજા કેમ ભૂલે નજ ભૂલે, અદ્યાપિ પણ તે વખતના અનુભવીઓ માટે તે સ્મરણ હૃદયપટપર તાજુજ છે. સુરત જનતાના અત્યંત આગ્રહથી ચરિત્ર વિભુએ પોતાના બન્ને પટ્ટાલંકારો તથા બહોળા શિષ્ય મંડલ સહ સં. ૧૯૮૧ નું ચાતુર્માસ સુરત ખાતે સ્વીકાર્યું.

## સુરતમાં ઉદ્યાપનો:—

પૂજ્ય ચરિત્રવિભુની કોઈ કોઈ વખત અપાતી પ્રભાવસંપન્ન દેશના અજબ કામ કરતી હતી. તેઓ શ્રીમાન્નો પુણ્ય પ્રકર્ષ કોઇ અનેરો હતો, જે પ્રભાવે સુરત સંઘમાં ઘણા ભાગ્યશાળીઓને ચંચલ લક્ષ્મીને

ધર્મમાં ખરચવાની વેગવતી લાગણી ઉત્પન્ન થઈ સુરતની સુખી અને ઉદાર પ્રજાએ આ વખતે ઘણા દ્રવ્યનો વ્યય કરી શાસન પ્રભાવના વર્ધક અનેક તપનાં ઉદ્યાપન મહોત્સવો કર્યા હતા. જે ઉજમણાઓની શોભા અને તેમાં ગોઠવેલ મૂલ્યવાન વસ્તુઓનુ વર્ણન હું શું કરૂં? જેઓએ તે સુઅવસરનો લાભ લઇ નયનોને ઠાર્યા છે, તેઓજ જાણી શકે. જૈનેતરો પણ જૈનોની ઉદારતાની તેમજ ધર્મભાવનાની અંતઃકરણ પૂર્વક અનુમોદના કરી ધર્મપ્રાપ્તિનું કારણ મેળવ્યું છે. પૂજ્ય ચરિત્ર નેતાની છાયામાં આ વખતે થતા અનેકાનેક ઉદ્યાપન મહોત્સવોને જોઈ ત્યાંની જનતા કહેતી કે આવા સુંદર અને આટલા પ્રમાણના ઉદ્યાપન મહોત્સવો ઘણા વર્ષો પછી અમે જોઇએ છીએ, આ પ્રમાણે અનેક સદ્‌ગૃહસ્થોના તરફથી ગુરૂદેવેશની શીતલતમ છાયામાં અનેક ઉદ્યાપન મહોત્સવો નિર્વિઘ્ન પસાર થયા.

## જીર્ણ પુસ્તકોદ્ધાર ફંડ:—

ચરિત્ર નેતાની છાયામાં સુરતની શોખીન જનતાવડે કોઈ નવીનજ ચેતનતા અનુભવાતી હતી. અનેક જાતના ધર્મના સુકાર્યો કરી, અત્રેની પ્રજા હજારો રૂપીઆનો વ્યય કરી ચુકી હતી, પુજ્ય ચરિત્ર વિભુના હૃદયમાં જે સુકાર્ય કરવાની કામના જાગૃત થતી, તે બધીય કામનાઓને સેવક ભાવે અત્રેની જનતા વેગવતી પ્રવૃત્તિદ્વારા તન ધનને મનથી પરિપૂર્ણ કરતી હતી. સુરતની જનતાના સત્યાગ્રહથી એક સમયે ચરિત્રવિભુ વ્યાખ્યાનપીઠ પર બીરાજ્યા અને મધુર ધ્વનિએ હિતાવહ દેશના આપતાં જણાવ્યું કે હે મહાનુભાવ! હે ધર્માનુરાગીઓ તમોએ આ સમયે અનેક જાતનાં પ્રભાવનાના સુકાર્યો કર્યા છે ને કરો છો, પરંતુ મને આજે કંઈ નવુંજ પુણ્ય ક્ષેત્ર જણાવવાની જિજ્ઞાસા છે, જે એ કે આપણી કોમના હજારો નહિ બલ્કે લાખો રૂપીઆ પ્રતિવર્ષ ધર્મોના કાર્યોમાં ખરચાય છે, જરૂર શાસન પ્રભાવનાઓ પણ અધિકતર થાય છે, પણ જોઇએ તેવા વિવેકની ખામી છે, ધર્મ કરતાં જે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધ્યેય બિંદુ રાખવાનું છે તે ભૂલી જવાય છે, સાધર્મિક વાત્સલ્યો એ તીર્થંકર ગોત્ર બાંધવાનું કારણ છે પણ તે સાધર્મિક વાત્સલ્ય કરનારની સાધર્મિક બંધુઓ પ્રતિ કેવી અંતરની ભક્તિ હોવી જોઇએ અને જમવા આવનાર વ્યક્તિઓનો કેવો વિવેક હોવો જોઇએ. વિગેરે વિગેરે લંબાણથી વિવેચન કર્યા બાદ જણાવ્યું કે ઉદ્યાપન મહોત્સવો અત્રે ઘણા પ્રમાણમાં થયા છે ને થાય છે પણ એ ઉદ્યાપનો કરવાનો હેતુ શું છે? એ ધ્યેય લક્ષ બહાર ચાલ્યું જતું જોવામાં આવે છે. ઉજમણાઓમાં બહારનો ભપકો વિશેષ કરવા કરતાં જીર્ણપુસ્તકોને ઉદ્ધાર કરી તથા અલભ્ય ગ્રંથોને સારા દ્રવ્યના વ્યયે સ્વીકારી તે ઉદ્યાપન મહોત્સવોમાં પધરાવવામાં આવે તો ખરેખર તે મહોત્સવોની સફલતા પ્રાપ્ત થાય છે. આજકાલ ઉદ્યાપન મહોત્સવોમાં પુસ્તકોના ડાબડાઓ ગોઠવવામાં આવે છે. પરંતુ તેમાં ગ્રંથોનું નામ નિશાન પણ જોવામાં આવતું નથી અને કદાચ પુસ્તકો મુકવામાં આવે તો તે પણ અલ્પ પ્રમાણમાં અને અલ્પ મુલ્યનાંજ, મારો કહેવાનો મતલબ એવો છે કે પ્રાચીન અલભ્ય એવા અનેક ગ્રન્થો જીર્ણ થવા આવ્યા છે, જે ગ્રંથોનો પહેલી તકે ઉદ્ધાર કરવા જેવું છે. વલી પુસ્તકો છપાવવા કરતાં લખેલાની આવરદા વિશેષ રહે છે. તેથી પ્રાચીન જિન ગ્રન્થો લખાવવા અત્રેની જનતા તરફથી કાંઇક પ્રબંધ થવો જોઇએ, બસ! સૂર્યપુરની સુજ્ઞ જનતાને આચાર્યાધિરાજની એકજ હૃદયગમ દેશનાએ કોઇ જુદીજ અસર કરી તુરતજ અત્રેના ઉદાર સદ્ગૃહસ્થો તરફથી ત્રીશ હજાર રૂપીઆનું જીર્ણપુસ્તકોને લખાવવા માટે ફંડ તૈયાર કર્યું. અમુક આગેવાન સજ્જનોને તે માટે નિયત કરવામાં આવ્યા, જે ફંડથી અનેક જીર્ણપુસ્તકોનો ઉદ્ધાર કરવામાં આવ્યો ને આવે છે, તે મહાપુરૂષની તરણ તારીણી દેશનાનો પ્રભાવ છે. તેઓશ્રીના મનમાં ચિંતવેલ સુકાર્યો સફલ થતાં વિલંબજ ન થતો, ખરેખર પુણ્યશાલી પુરૂષોનો પ્રભાવ જુદોજ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૬ મું.

### સૂરિ સુરદ્રુમઃ—

ચરિત્રવિભુનો પ્રભાવ વિકરાલ કળિયુગમાં પણ સુરદ્રુમ જેવો હતો, જેઓશ્રીના સંગથી નિર્ગુણી સુગુણી બનતા, જેઓશ્રીની શીતલ છાયાથી નિસ્તેજ સતેજ બનતા, જેઓ શ્રીના પ્રવચનથી ધર્મહીનો ધર્મમાં જોડાતા, દુષ્ટ:કર્માચરણોમાં તત્પરો તત્ક્ષણે તેનો ત્યાગ કરી સુકાર્યોમાં તત્પર બનતા ? એ સૂરિસુરદ્રુમના આશ્રયમાં અનેક સુજનો અનેક ધર્મ ક્રિયાઓને આરાધતા, હે વાંચક વર્ગ આપણે સહેજ વિચારીયે, કે સુરદ્રુમથી પણ સૂરીશ્વરની શક્તિ કોઈ અજબજ હતી. સુરદ્રુમ જડ અને સ્થાવર છે ત્યારે સૂરિપુંગવ સચેતન જંગમ છે. સુરદ્રુમની પાસે જવાથી તેના આશ્રિતને લૌકિક ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. ત્યારે પરમોપકારી સૂરિસુરદ્રુમ ગ્રામાનુંગ્રામ વિચરી લોકોત્તર ફલો પ્રાપ્ત કરાવે છે. સુરદ્રુમ જડ વસ્તુને પુષ્ટ કરે છે અને જયનોજ વિકાસ કરવામાં હેતુ ભૂત છે, ત્યારે આપણા ચરિત્રનેતા ચેતનની શક્તિને ખીલવે છે તેમજ આત્મામાં જ્ઞાન દર્શનને ચારિત્ર રૂપ રત્નત્રયીને પ્રગટાવે છે. ખરેખર આત્માનું કલ્યાણ કરવામાં ત્યાગ વૃત્તિઓને ઉન્નત બનાવવામાં અને સંસારના વિકારજન્ય ત્રિવિધ તાપોને સમાવવામાં સૂરિસુરદ્રુમની નિર્મલ અને શીતલ છાયા પરમ સાધન રૂપ હતી. આ સૂરિસુરદ્રુમની છાયા સૂર્યપુરની જનતાપર અનુપમ પડી હતી. કેટલાકોના વૈરઝેરો પરસ્પરના વિરોધો કુસંપો અને ઇર્ષ્યાઓ આચાર્યદેવેશના પ્રભાવથી પૂર્ણ શાન્તિને પામ્યાં હતાં.

### દિનોદ્ધારાર્થે ઉપદેશઃ—

સુરતના ચાતુર્માસમાં વૃદ્ધાવસ્થાના કારણે વ્યાખ્યાન આદિ વાંચ-

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

વાનો પરિશ્રમ અલ્પ લેતા, પરંતુ ત્યાંની સુજ્ઞ જનતા વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ તેઓશ્રીની ગંભીર અને પૌઢ દેશના શ્રવણ કરવા આતુરજ રહેતી. કેટલાક પર્વોના મોટા દિવસોમાં તેઓશ્રીને અત્યંત આગ્રહ કરી થોડો સમય પણ સુધાસ્યન્દિની દેશનાને કર્ણપટમાં ઝીલતી, એક પ્રસંગે ચરિત્રવિભુએ સાધર્મિક ભાઇઓના ઉદ્ધાર માટે અનુપમ ઉપદેશ આપતાં જણાવ્યું કે હે ભવ ભીરૂઓ ! જગતમાં માતા પિતાદિ સંસારીઓનો સંબંધ પુનઃ પુનઃ સુલભતાથી મળે છે. પરંતુ આપણા ધર્મને આરાધનાર સાધર્મિક બંધુઓનો સંબંધ બહુજ દુઃસાધ્ય છે. શાસ્ત્રકારો કહે છે કે જગતના સમસ્ત પુણ્યો એક બાજુએ રાખીએ અને બીજી બાજુએ અંતઃકરણ પુર્વક કરેલી સાધર્મિક બંધુઓની સેવાને, તે બન્નેનો બુદ્ધિ તુલાથી તોલ કરતાં તુલનામાં સમાનતાને ભજે છે. માટે દુર્લભ એવા સાધર્મિક બંધુઓની સેવામાં દીન એવા જૈનોના ઉદ્ધારમાં, પ્રત્યેક સુજ્ઞ જૈનોએ કટી બદ્ધ રહેવું જોઇએ, દુન્યવી વિનશ્વર મોહ સંસર્ગ જન્ય મોજશોખોમાં આપણી કોમના લાખ્ખો રૂપીઆ બરબાદ થાય છે તો તે ખોટા ખરચાઓને કમ કરી અને તેમાંથી બચેલ દ્રવ્યદ્વારા સાધર્મિક બંધુઓની સેવા માટે કોઈ જાતની સંસ્થા ખોલવામાં આવે, અને જેમાંથી સાધર્મિક બંધુઓને સ્વભરણ પોષણ કરવા માટે ગુપ્ત મદદ અપાય તો તેઓને વીતરાગોદિત ધર્મારાધનમાં નિર્વિઘ્નતા થાય, પ્રાચીનકાલમાં જૈન શાસનના ઉદ્યોત માટે શ્રીકૃષ્ણજીએ, પરંશ્રદ્ધાળુ શ્રેણીક રાજાએ, પરમાર્હત શ્રીકુમારપાલ ભૂપાલે, તથા નજીકમાંજ થયેલ શ્રીવસ્તુપાલ તેજપાલે જૈન ધર્મને પાલનારાઓની મદદ માટે લાખ્ખો નહિ કિન્તુ કરોડો રૂપીઆ (દ્રવ્ય) નો વ્યય કરી, અનેક નવા જૈનો બનાવ્યા હતા અને સાધર્મિક બંધુઓને તેઓનો પોકાર સાંભળી ધર્મારાધનમાં અનેક જાતની અનુકુલતાઓ કરી આપતા હતા. ચંચલ લક્ષ્મી મેળવ્યા પછી આપણીજ કોમના આપણાજ ધર્મને આરાધન કરનારાઓને મદદ ન આપી તેની સેવામાં ફાળો ન લીધો, તો લક્ષ્મીના વાસ્તવિક તમે સ્વામી નથી પરંતુ તેના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુલામ છે. આવો અસરકારક યુકિત યુક્ત ચરિત્રવિજયને ઉપદેશ શ્રવણ કરતાં સુરતની જનતાના હૃદયમાં તુરતજ તે કાર્ય સફલ કરવા વેગવતી પ્રેરણા થઈ.

**સફલતાઃ—**

ચરિત્રવિજયના મુખારવિન્દથી ઝરેલ ધર્મ દેશનાનું ઝરણું કયાં અસર નહોતું કરતું ? ચરિત્રવિજયની આ અસરકારક દેશનાથી તે સભામાં એકજ વ્યકિતના તરફથી રૂા. ૩૫૦૦૦) પાંત્રીશ હજાર જેટલું મોટું ફંડ તૈયાર થયું અને તેના યોગ્ય કાર્યવાહકો નીયત કરવામાં આવ્યા, અને નિયમિત સાધર્મિક બંધુઓને જોઈતી મદદ યોગ્યતાની તપાસ કરી આપવા માટે પ્રબંધ થયો. હાલ પણ સુરત જીલ્લાના જૈનો માટે તે મદદનું કામ અવિરત ચાલે છે, અનેકો તે મદદ દ્વારા જૈન ધર્મની અનુમોદના કરી ધર્મારાધનમાં વિશેષ તત્પર બને છે.

**સાધર્મિક વાત્સલ્યો-–**

ગુર્જરભૂમિમાં આ સમયે ઉદારતા માટે સુરતીઓનો પ્રથમ નંબર હતો, અને તેઓની પરિસ્થિતિ પણ આ સમયે જુદીજ હતી, જે વખતે પુણ્યરાજા પ્રસન્ન હોય છે, ત્યારે દરેક પ્રકારની અનુકૂલતાઓ સહેલાઈથી સાંપડે છે. સુરતની જૈનજનતામાં ધર્મકાર્યોમાં પૈસા ખરચવાનો પ્રેમ તો હતોજ. પરંતુ આચાર્યદેવના પુનિત ચરણકમળના પ્રભાવે તે વધારે સતેજ બન્યો હતો. એટલેજ અનેક જૈનમંદિરોમાં અષ્ટાન્હિકા મહોત્સવો, શાંતિસ્નાત્રો અને સાધર્મિકવાત્સલ્યના અનેક જમણો એકી સાથે થયાં હતાં. ખરેખર પુણ્યશાળીનાં પગલાં ઉદયને માટેજ હોય છે. એ વાતનો સુરતીઓના હૃદયમાં નિશ્ચય થઇ ગયો હતો.

**પોલીસ ઇન્સ્પેકટરને ઉપદેશ—**

સુરતમાં ચરિત્રવિજયના ભવ્ય દર્શનનો તથા ધર્મોપદેશનો લાભ જૈનેતરો અવરનવર લેતા હતા. એક સમયે સુરતજીલ્લાના પોલીસ ઇન્સ્પે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કટર પૂજ્ય આચાર્યદેવના દર્શનાર્થે આવ્યા હતા. શરૂઆતમાં તેઓ પ્રવચનનો સમય હોવાથી જૈનરત્ન વ્યા૦ વા૦ આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ જેઓ વ્યાખ્યાન આપી રહ્યા હતા, તેમની વ્યાખ્યાનવાણીનો પ્રાયે એકકલાક સુધી લાભ ઉઠાવી પછી પૂજ્ય ચરિત્રનાયકના દર્શનાર્થે ગયા હતા; ત્યાં પણ આચાર્યશ્રીએ દયા ધર્મનો વિશેષ ઉપદેશ આપી મનુષ્યજન્મની સાર્થકતા બતાવી હતી. પરિણામે તેમને જીવદયા ઉપર સારો પ્રેમ જાગ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરે મહારાજશ્રીને ઝુકીને નમન કરતાં જણાવ્યું કે મારા લાયક આજ્ઞા ફરમાવશો. તરતજ ચરિત્રવિભુએ યોગ્ય તક જોઇ જણાવ્યું કે કેટલાક માછીમારો તાપીનદીમાં કિનારાપર જાળો નાંખી અનેક માછલાઓનો સંહાર કરે છે, અને તે દૃશ્ય જોતાં અનેક ધર્મીજનોની લાગણી દુઃખાય છે; તો તમો ધારો તો સત્તાથી તે પાપને દૂર કરવા સમર્થ થઈ શકો છો. આ સાંભળતાં તેઓએ એ વાતનો તરતજ સ્વીકાર કરી કહ્યું કે મારી ઓફીસમાં જઈ એ બાબતનો હું ઓર્ડર બહાર પાડીશ. ગુરૂદર્શન કરી પોતાની ઓફીસમાં જઈ એ વિષયનો પોતાની સહીથી ઓર્ડર બહાર પાડી તાપીનદીના કિનારે લગભગ બે માઈલ સુધીના પ્રદેશમાં કોઈપણ મચ્છીમાર મત્સ્યાદિની હિંસા ન કરે એવો મજબૂત બંદોબસ્ત કર્યો.

## ધર્મનો પ્રભાવ:—

આ દયાપ્રચારનું સુકાર્ય ચરિત્રનેતાના ઉપદેશથી ઈન્સ્પેક્ટરસાહેબે અવિલંબે અમલમાં મૂકયું; જેથી આખા શહેરમાં તથા આજુબાજુના પ્રદેશોમાં ચરિત્રનાયકની ઉજ્જ્વલ કીર્તિ પ્રસરી. તેમજ ઈન્સ્પેકટર પોતે મુસલમાન હોવા છતાં દયાધર્મનો આચાર્યશ્રીના એકજ વખતના ઉપદેશથી કેટલો રાગી બન્યો એ સાંભળી સૌ કોઇ આશ્ચર્યચકિત બનતા હતા. હર્ષની વાત તો એ થઈ કે આ દયાનું કાર્ય થયા પછી થોડા જ સમયમાં "अत्युग्रपुण्यपापानां फलमत्राऽपिदृश्यते" એ નિય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માનુસાર તે ઇન્સ્પેક્ટરની બીજા સ્થાને બદલી થતાં સારો હોદ્દો મલવાથી પ્રથમ કરતાં પ્રાયે ડબલ પગાર થયો હતો. જેથી દયા–ધર્મના પ્રભાવની અને સદ્‌ગુરૂઓના ઉપદેશના અમલથી થતા લાભની પ્રશંસા તેઓ વારંવાર પોતાના સ્નેહીવર્ગમાં કરવા લાગ્યા. જેથી જૈનધર્મની અપૂર્વ અનુમોદના થવા પામી હતી અને તે ઉપદેશને વારંવાર સ્મરણમાં લાવી જીવદયામાં વધારે પ્રેરાયા હતા.

**ઉપધાન તપ આરાધના.**

અત્રેની જનતામાં ધર્મકાર્યોનો હર્ષતરંગ પ્રતિદિવસ વધતો જતો હતો. અને તે ધર્મકાર્યોને પુનઃ પુનઃ પ્રશંસી અનુમોદનાનું મહાન્ પુણ્ય ઉપાર્જન કરી રહ્યા હતા. વિલાસી સુરતીપ્રજાને તેમની મનોરંજનતાની સાથે ધર્મકાર્યમાં યોજવી એ કાંઈ સહેલું ન હતું, પરંતુ એ બધું પુણ્યનિધાનના પુનિત કદમનોજ પ્રભાવ હતો. પૂજ્ય ચરિત્રવિભુની શીતલછાયામાં પરમ મંગલકારી મહાન્ ઉપધાનતપની આરાધના બહુજ ઠાઠપૂર્વક શરૂ થઈ. આ તપમાં સ્ત્રી–પુરૂષો અને બાળકો વિગેરે મળી ત્રણસો જેટલી મોટી સંખ્યાએ પ્રવેશ કર્યો હતો. જેમાં ધનાઢ્ય કુટુંબના સ્ત્રી–પુરૂષો તથા નાના નાના બાળક–બાળિકાઓએ પણ સહર્ષ ભાગ લીધો હતો. પુરૂષવર્ગની સંખ્યા પણ પહેલાં કોઇ વખત ન થઈ હતી તેવી સંખ્યા આ વખતે જોડાઈ હતી. ઉપધાનતપની સઘળી ક્રિયાઓ આગમ રહસ્યવેદી શ્રીમાન્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ તથા કવિકુલકિરીટ જૈનરત્ન વ્યા૰ વા૰ આચાર્ય શ્રીમાન્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વપણા નીચે કરાવવામાં આવતી હતી.

**માલારોપણ—**

એ તપની નિર્વિઘ્ને સમાપ્તિ થતાં તે નિમિત્તે માલારોપણ મહોત્સવ બહુજ ઠાઠપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આગલે દિવસે અનેક સાંબેલા, બેન્ડ, રથ આદિથી શોભતો એક વરઘોડો એક માઈલ સુધી લંબાઈવાળો દબદબાભર્યો નીકળ્યો હતો. પ્રાતઃકાળે નિયત સમયે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશાળ મંડપમાં હજારોની મોટી મેદની સમક્ષ ઉગ્રતપની આરાધના કરનારા શ્રાવક-શ્રાવિકાઓને વિધિપૂર્વક માલાપરિધાન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારના જયનાદોની ગર્જના સાથે માલારોપણની ક્રિયા સમાપ્ત થતાં ચરિત્રવિભુની આજ્ઞાથી વ્યા૦ વા૦ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે તપથી થતા ફાયદા, ઉપધાન તપની ક્રિયાથી દેવવંદનમાં આવતા સૂત્રની આરાધના, આત્માની નિર્મળતા વિગેરે વિષયો ઉપર રસીક અને ભવ્ય પ્રવચન આપ્યું હતું. અંતે શ્રીફળની પ્રભાવના થયા બાદ સભાજનો સૂર્યપુરના આંગણે આવા મહાપુરૂષના પવિત્ર પગલા અને શુભ મહોત્સવો હમેશાં થાય તો કેવું સારૂં? એમ સ્વમનમાં વિવિધ મનોરથ કરતા વિખરાયા.

**ભાગવતી દીક્ષા.**

આ ઉપધાન તપની આરાધનામાં દૂર દૂર સ્થળોના અનેક સજ્જનો સદ્ભાવથી આવ્યા હતા. જેઓ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરિજીની પ્રતિદિન ચાલતી વૈરાગ્યામૃતવાહિની ધર્મદેશનાના શ્રવણથી ભીષણ સંસારનું સ્વરૂપ સમજી ત્યાગમાર્ગની ભાવનાવાલા બન્યા હતા, કેટલાક જ્યાંસુધી સંસારનો ત્યાગ ન થાય ત્યાંસુધી ભિન્ન ભિન્ન ઇષ્ટ વસ્તુનો ત્યાગ કર્યો હતો. તેમાં શ્રાદ્ધગુણ સંપન્ન ધર્મનિષ્ઠ શા. છોટાલાલ હરગોવનભાઈ છાણીવાલાના સુપુત્ર નગીનભાઇ ઓગણીસ વર્ષની ભરયુવાનીમાં સંસારત્યાગ કરવાની ઉગ્રભાવનાવાલા બન્યા હતા. તેઓશ્રીએ ઉપધાનતપની ક્રિયા ચરિત્રનેતાની શીતળ છાયા-નીચે નિર્વિઘ્ને સંપૂર્ણ કરી માળા પહેરી હતી. તેમની ઉગ્રભાવના અને વૈરાગ્ય જોઇ તેઓશ્રીને સૂર્યપુરમાંજ પ્રવ્રજ્યાપ્રદાન કરવાનો નિશ્ચય થયો. આવા અપૂર્વ પ્રસંગ ઉજવવાસાટે અત્રેની જનતા હંમેશને માટે સજ્જજ હતી. એટલે પ્રવ્રજ્યાપ્રદાનના શુભદિને એક ભવ્ય વરઘોડો કાઢી નગીનભાઇને સમહોત્સવ પ્રવ્રજિત કરવામાં આવ્યા હતા. જેમનું નામ મુનિ શ્રીનવીનવિજયજી રાખી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય-લબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતા. આ પ્રમાણે ચરિત્ર નેતાના વરદહસ્તે ધર્મક્રિયાના અનેક આકર્ષક પ્રસંગો બન્યા હતા.

## વિહાર.

ચાતુર્માસ પૂર્ણથયાબાદ આચાર્ય મહારાજશ્રીના વિહારના સમાચાર સઘળે ફેલાઈ ગયા હતા ત્યાંના ઘણા આગેવાન ગૃહસ્થોએ મહારાજશ્રીને વૃદ્ધ અવસ્થા હોવાથી સુરતમાંજ સ્થિરતા કરવા વિનતિ કરી હતી. છતીશક્તિએ એક સ્થાનમાં રહેવું એ સુસાધુઓ માટે ઉચીત નથી અને એકજ સ્થાને રહેવાથી અન્ય શહેરમાં તથા ગામોમાં અનેક પ્રકારનો થતો ઉપકાર અટકીજાય છે વિગેરે જણાવી ત્યાંથી પોતાના બન્ને પટ્ટપ્રદીપકો તથા અન્ય મુનિમંડળ સાથે વિહાર કરવાનોજ નિ- ર્ણય કર્યો હતો. મહાન્ માનવ સાગરના પુરની મધ્યે સુરિપુંગવનો સુરત શહેરથી વિહાર થયો. પ્રથમદિને નજીકમાં આવેલ કતાર ગામમાં નિ- વાસ કરવામાં આવ્યો હતો. ત્યાંસુધી વિરાટ જૈનજનતા મહારાજશ્રીને વળાવવા આવી હતી. ત્યાં સાધર્મિક વાત્સલ્ય તથા આંગીપૂજા રાખ- વામાં આવ્યાં હતાં. સૂરિપુંગવ જ્યારે સુરતમાં હતા ત્યારે એક બાજુ ભરૂચશહેરના આગેવાનો તથા બીજી બાજુ બુહારીથી શ્રદ્ધાપન્ન શા. ઝવેરચંદ પન્નાજી વિગેરે વિજ્ઞપ્તિ માટે આવ્યા હતા. ચરિત્ર- નેતાએ બન્નેની આગ્રહભરી વિનતિને સાંભળી દીર્ઘદષ્ટિથી વિચાર કરી લાભાલાભને વિચારી બુહારી તરફ જવાનો નિર્ણય કર્યો, આ સમયે આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજે સશિષ્ય ચરિત્ર- વિભુની આજ્ઞાથી અનેક મુમુક્ષોને દીક્ષા પ્રદાનના કારણે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. અને ચરિત્રનાયક ભેસ્તાન, વાંઝ, ડાભેલ, જલાલપોર નવસારી, કાલીયાવાડી, સીસોદરા, સાતમ, કરચેલીયા આદિ ગામોમાં ભવ્ય સત્કારોથી સત્કારીત થતાં અનેક પ્રકારની ધર્મદેશના દ્વારા શાસનોન્નતિ વિસ્તારતા બુહારી નજીક સપરિવાર આવી પહોચ્યાં,

૧૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બુહારીમાં ભવ્ય સ્વાગત.

બુહારી સંઘમાં જંગમ કલ્પતરૂ સૂરિશેખર સ્વપટ્ટધર તથા અન્ય વિશાલ મુનિમંડળ સાથે પધારે છે એ સમાચાર મળતાં સૌ કોઇ હર્ષાવેશમાં આવી ગયા હતા. બુહારી, સુરતજીલ્લામાં એક બાજુ ઉપર નાનું ગામ હોઇ મુનિવરોનો સમાગમ કોઈ વખતેજ અચાનક મલી જતો હોય એટલે આનંદના પુર ઉભરાય તેમા આશ્ચર્ય ન હતું. ધ્વજા તોરણ વાવટા આદિ સ્વાગતની તૈયારીઓ થઈ રહી હતી. ચરિત્રવિભુના તથા આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના નામના તથા અનેક સુંદર બોધપ્રદ વાકયોના બોર્ડો ઠેર ઠેર મુકવામાં આવ્યાં હતાં. નિશાનડંકા, બેન્ડ આદિથી શોભતા ભવ્ય વરઘોડા સાથે આચાર્ય મહારાજ શ્રી પોતાના પટ્ટધર આદિ મુનિમંડળની સાથે બુહારી ગામમાં પ્રવેશ કર્યો. ઉપાશ્રયે પધારતા મધુરધ્વનીથી મંગલાચરણ કરી માનવજન્મની દુર્લભતા ઉપર સરહસ્ય એક ભવ્ય પ્રવચન આપ્યું હતું, જે સાંભળી શ્રોતાજનો ઘણા સંતુષ્ટ થયા હતા. અંતે શ્રીફળની પ્રભાવના લઇ સૌ પોતપોતાના સ્થાને ગયા.

## પ્રવચનથી અપૂર્વ જાગૃત્તિ.

વ્યા૦ વા૦ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી મહારાજના જોર શોરથી પ્રતિદિન ચાલતા પ્રવચનોથી સુસુપ્તવસ્થામાં પડેલી અત્રેની પ્રજામાં કોઈ અનેરીજ ધર્મ જાગૃતિ પ્રગટી હતી. એ વૈરાગ્યનો મુસલધાર ધોધ પત્થર જેવા હૈયાઓ પણ પીગળાવવા લાગ્યો. દીર્ઘકાળથી જડ ઘાલી બેઠેલા વ્યસન પાષાણો ત્રુટવા લાગ્યા. અને સુવિહિત સાધુઓનો અલ્પપરિચય હોવાથી ઘણા લોકો ધર્મક્રિયામાં શિથિલ બન્યા હતા એટલુંજ નહિપણ ઘણા મિથ્યાત્વના રીત રીવાજો પણ ઘુસીગયા હતા. તે સર્વ અજ્ઞાન રૂપી અંધકાર, પ્રભાવક દેશનાના તેજોમય કીરણોથી નાબુદ થયો હતો. સુદેવ સુગુરૂ. અને સુધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધા જામી હતી, ચાતુર્માસ નજીક આવતા અત્રેના સંઘની આગ્રહભરી વિન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તિથી ૧૯૮૨ નું ચાતુર્માસ ત્યાંજ કર્યું, અત્રેના ચાતુર્માસમાં ત્યાંના સંઘની વિજ્ઞપ્તિથી શ્રી ભગવતીજી સૂત્રની વાંચના શરૂ થઇ હતી. જેની વ્યાખ્યા એવી સ્પષ્ટપણે કરવામાં આવતી હતી કે અત્રેની જનતા બહુ રસપૂર્વક સાંભળતી હતી.

## દર્શનાર્થે.

બુહારીના ચાતુર્માસમાં આજુબાજુના ગામોના તથા સૂરતશહેરના અનેક સદ્ગૃહસ્થો અવર નવર મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હતા. જેમનું સાધર્મિક વાત્સલ્ય અત્રેનો સંઘ બહુજ ભક્તિપૂર્વક બજાવતો હતો. એ પ્રસંગે અંજીમગંજના ( બંગાળ ) જાગીરદાર વિજયસિંહજી દુધેડીયા ચરિત્રવિભુના પવિત્ર દર્શનાર્થ પોતાના રાજકીય વૈભવ સાથે આવ્યા હતા. ખરેખર ચરિત્રનેતાના ઉજ્જવલ ગુણોજ આટલે દૂરથી મનુષ્યને દર્શનાર્થે ખેંચી લાવવામાં કારણભૂત હતા. તેઓશ્રીને પૂ. આચાર્ય મહારાજશ્રીએ અસરકારક ઉપદેશ આપ્યો હતો. તેમણે તે ઉપદેશ શ્રવણ કરી પોતાના જીવનને ઉજ્જવલ બનાવવા માટે અનેક નિયમો ગ્રહણ કર્યા હતા.

## ઉપધાન તપ.

અત્રેના ધર્મપ્રેમી ગુરૂદેવના પૂર્ણભક્ત શેઠ. ઝવેરચંદ પન્નાજી તથા મોતીચંદ સુરચંદે સમહોત્સવ ઉપધાન તપનો પ્રારંભ કરાવ્યો હતો. આ ગામમાં ઉપધાન તપનો પ્રસંગ પ્રથમજ હતો એટલે અત્રેના યુવાન-વર્ગે તથા વૃદ્ધોએ અને આજુબાજુના પણ અનેક સ્ત્રી–પુરૂષોએ સારી સંખ્યામાં લાભલીધો હતો. તપ નિર્વિઘ્ને સંપૂર્ણ થયા પછી માલારોપણના મહોત્સવની શરૂઆત થઈ હતી.

## માલારોપણ.

માલારોપણના મહોત્સવ નિમિત્તે એક ભવ્ય મંડપ રચી તેમાં પાવા-પુરી, શત્રુંજય તીર્થોની સુશોભિત રચના કરવામાં આવી હતી. નિયત

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરેલા શુભ મુહૂર્તમાં અનેકોના કંઠમાં જયનાદના ગુંજાવરની સાથે સુશોભિત માળાઓ આરોપણ કરવામાં આવી હતી. વળી અષ્ટાન્હિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર હોવાથી સુરતથી જૈન પ્રખ્યાત ગવૈયા મોહન-ભાઈ તથા ચંદુભાઇ અને ડભોઈથી રસીક સંગીત મંડલી પણ આવી હતી. જેથી માલારોપણ મહોત્સવ બહુજ ઠાઠપૂર્વક ઉજવાયો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૭ મું.

## અસ્વાસ્થ્ય.

દુનિયામાં કર્મની સત્તા બધી સત્તાના ઉપર અજબ સામ્રાજ્ય ભોગવે છે. ચક્રવર્તીઓને, યોગીશ્વરોને, રાજાઓને અને ઇંદ્રોને એ કર્મસત્તા ક્ષણુ ક્ષણુમાં વિચિત્ર દશાનો અનુભવ કરાવે છે. આજનો રાજા કાલે કંગાલ થાય છે અને આજનો કંગાલ કાલે રાજા થઇ જાય છે. એ બધી કર્મની લીલાનોજ પ્રભાવ છે. બેશરમ કર્મો, ધર્મની છાયામાં નિવાસ કરનાર અને અનેકોના ઉપકારમાં સ્વજીવન વ્યતીત કરનાર મહાત્માઓને પણુ પોતાના પંઝામાં સપડાવી દે છે. એ કર્મની કરાળ દૃષ્ટિ ચરિત્રવિભુના ઉપર પડી, જેથી જેઓનું શારીરિક સ્વાસ્થ્ય :દિનપ્રતિદિન બગડતાં એકાએક તે વિશેષ બગડ્યું.

## અપૂર્વ શાન્તિ.

ચરિત્રનેતાના અસ્વાસ્થ્યતાના સમાચાર મળતાં ત્યાંની ધર્મનિષ્ઠ જનતાએ રોગના પ્રતિકાર માટે ડોકટર, વૈદ્યો આદિ અનેક સાધનો એકત્રિત કર્યાં. આ સમયે ચરિત્રનેતાના મુખારવિન્દ ઉપર ભારે વેદનાનો અનુભવ થતો હતો. છતાં જરાપણુ આર્તધ્યાનનાં ચિન્હો કળાતાં ન્હોતાં. અપૂર્વ શાન્તિ, અધ્યાત્મ રમણતા, ક્રિયાકાંડની અભિરૂચી આવી અશક્ત અવસ્થામાં પણ પ્રથમ કરતાં અધિક સતેજ થઇ હતી. અંતરની દશા વિચારવાવાળા મહાપુરુષો જડ વ્યામોહજન્ય બહિરાત્મ દશાનો ત્યાગ કરી અંતર આત્મામાંજ રમણુતા કરે છે. શારિરીક અસ્વાસ્થ્ય કરતાં આત્માની પરિણુતિનું અસ્વાસ્થ્ય વિશેષ ભયંકર નિવડે છે. અને તેથીજ ચરિત્રનેતા ઉત્પન્ન થયેલી વેદનાને સમભાવે સહન કરી કર્મપુંજોની નિર્જરા કરવામાંજ સજ્જ હતા. ડોકટર અને વૈદ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરફથી પ્રતિકાર માટે આપેલી ઔષધિઓ લઈ ઉભા રહેલ સાધુવૃન્દને તથા શ્રાવકવૃન્દને સૂરિપુંગવે જણાવ્યું કે આ દવાઓ કદાચ ઉત્પન્ન થયેલા બાહ્યરોગને દૂર કરવા સમર્થ થાય પણ અનુભવાતા રોગોત્પત્તિના મૂળ નિદાનરૂપ અનાદિનાં આત્મસંગત જે કર્મો છે તેને દૂર કરવા માટે તો વીતરાગપ્રભુએ બતાવેલ સમ્યક્‌દર્શન જ્ઞાન અને ચારિત્રની ત્રણ અપૂર્વ જડીબુટ્ટી સિવાય બીજી કોઇપણ ઔષધિઓ સમર્થ થતી નથી. વળી બાહ્યરોગો પણ અનેક ઉપચારો કર્યા છતાં અશાતા વેદનીય કર્મનો પ્રબલ ઉદય જ્યાંસુધી હોય છે, ત્યાંસુધી તે નાબૂદ થવાને બદલે વૃદ્ધિગત થાય છે. જો ઔષધિઓ એકાંતેજ રોગનો પ્રતિકાર કરી શકતી હોત તો અનેક નરેશ્વરો, શ્રીમંતો અનેક ઔષધીઓની સગવડ હોવા છતાં દુઃખનો અનુભવ શામાટે કરે છે? આ બધી વસ્તુસ્થિતિનો વિચાર કરતાં બાહ્ય ઔષધિ લેવાની હું જિજ્ઞાસા ધરાવતો નથી." આવી વેદનામાં પણ ધર્મભાવનાથી ભરપૂર મંદસ્વરે નીકળતી હૃદયદ્રાવિણી વાણી શ્રવણ કરતાં વૈદ્યો અને ડૉક્ટરો ક્ષણભર તો ચકિત થયા, અને મહાપુરુષની ઉચ્ચકોટિની અધ્યાત્મદશાનું અનુમોદન કરવા લાગ્યા. આ સમયે ઉપસ્થિત થયેલ શ્રાવક–શ્રાવિકાના નેત્રમાં ભક્તિથી ભીંજાયેલી અશ્રુઓની ધારા વહેવા લાગી.

**ધર્મપરાયણતા:—**

આ માંદગીના અવસરે ચરિત્રનેતાએ સ્વપટ્ટધર આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજને તથા અન્ય મુનિમંડળને સ્પષ્ટપણે જણાવી દીધું કે તમે મને અપૂર્વશાન્તિનો અનુભવ કરાવવા ઇચ્છતા હો તો હવેથી વૈરાગ્યભાવનાવર્ધક સાહિત્ય અવિરત સંભળાવ્યાજ કરો. ગુરૂની એ હિતાવહ આજ્ઞાને તહત્તિ કરી સર્વેએ સ્વીકારી અને નિયત સમયે સમતામૃતના ઝરણા સમાન ઉપદેશદેશના, ચઉસરણ પયન્ના, આઉર પચ્ચખ્ખાણ તથા સમાધિવિચાર આદિ અનેક ગ્રન્થોને શિષ્યવર્ગ સંભળાવવા લાગ્યો. જે ચરિત્રનાયક બહુજ શાન્તિ અને ધ્યાન-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વક શ્રવણ કરતા હતા. મન-વચન-કાયાનો સઘળો વ્યવસાય આત્મ ચિંતવનામાંજ પસાર થતો હતો. ચરિત્રનેતાની પ્રવૃત્તિ પ્રથમથીજ એવા પ્રકારની હતી કે વિના પ્રયોજને કોઇની પણ સાથે બોલવું, લટપટ કરી ફોગટ સમય વ્યતીત કરવો એ પસંદજ ન્હોતું.

**સ્વાસ્થ્યપ્રાપ્તિ—**

શુભ કર્મોદયથી ચરિત્રવિભુનું વિના ઉપચારે શારિરીક સ્વાસ્થ્ય દિનપ્રતિદિન સુધરતું ગયું. પરંતુ આ સમયના પ્રસંગથી પોતાના હૃદયમાં દૃઢ નિર્ણય કરી ચૂકયા હતા, કે હવે આ જગતની સપાટી ઉપર ચિરકાલ મારી સ્થિતિ લાગતી નથી, આ વાત તેઓની સેવામાં પ્રતિક્ષણ હાજર રહેતા મુનિમંડળને પણ વારંવાર જણાવતા હતા. વળી "ચાર દિવસનો ચટકો મટકો તે જોઇને નવિ રાચો રે" આ વાકયને પણ તેઓશ્રી વારંવાર ઉચ્ચારી અનેકોને વૈરાગ્ય ભાવનામાં તરબોળ બનાવતા હતા. ધીમે ધીમે શરીરમાં શક્તિ આવવા લાગી, પરંતુ ઉત્પન્ન થએલ વેદનાના કારણે સામાન્ય અશક્તિ અનુભવાતી હતી. ચરિત્રવિભુના આ માંદગીના પ્રસંગે સાધુસમૂહે તથા બુહારીની જનતાએ શુશ્રુષા કરવામાં જરાએ કમીના રાખી ન હતી.

**ધર્મધગશ—**

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને તાજેતરમાં ભારે માંદગી વ્યતિત થઈ હતી. છતાં તેઓશ્રીની કેવી ધર્મધગશ? જેનો ખ્યાલ નીચે આલેખાતા દશ્યથી જણાઈ આવશે. કોઈ એક દેશાઈ, જૈનધર્મના તત્ત્વો માટે વિચિત્ર વિચારવમળમાં ગોથાં ખાતા ચરિત્રવિભુના દર્શનાર્થે આવી ચઢયા, અને અનેક જાતના તર્ક-વિતર્કોથી, ઇશ્વરકર્તૃત્વ, વિભુવ્યાપકતા અને દેવોના વિષયમાં વિવિધ પ્રશ્નોને કરવા લાગ્યા અને જાણે ચરિત્રનેત્તાને પોતાના ઓજસમાં દબાવી દેવાજ ન માંગતા હોય તેમ જોરશોરથી ગાયત્રી આદિના પાઠો ઉચ્ચારવા લાગ્યા. સ્વભાવિક છે કે અલ્પજ્ઞાનીઓમાં ઉછાંછળાપણું વિશેષ પ્રમાણમાં હોય છે. ઈંગ્લીશમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેવત છે કે "Empty Vessels sound most" અર્થાત્ અ-ધુરો ઘડો ઘણો છલકાય છે. તેમજ સંસ્કૃત વિદ્વાનોએ પણ કહ્યું છે કે **नहि स्वर्णे ध्वनि स्तादृग् यादृक् कांस्यात् प्रजायते.** અર્થાત્ જેવો કાંસામાંથી ધ્વનિ નીકળે છે તેવો સોનામાં હોતો નથી. આ કહેવતોને ચરિતાર્થ કરતા તે દેશાઈનું બધું બોલવું પ્રથમ સાંભળી લીધું, તે પછી ચારિત્ર ચૂડામણિ આચાર્યપુંગવે અજબ શાન્તિપૂર્વક વેદ, પુરાણો, ઉપનિષદો અને ભગવદ્‌ગીતા વિગેરેના પાઠો મુખપાઠથી બોલી તેમના કરેલા ઉપરોક્ત સઘળા પ્રશ્નોનો સચોટ જવાબ આપ્યો હતો. જે સાં-ભળી તે દેશાઈ બહુજ આશ્ચર્યચકિત થયા હતા. અને જૈનશાસ્ત્રોની સાથે અન્યદર્શનના અનુયાયીઓ પણ જે જ્ઞાન ધરાવતા નથી તેવું હમારા શાસ્ત્રનું વિશાળ જ્ઞાન આપ ધરાવો છો તે જાણી હું ઘણોજ સંતુષ્ટ થયો છું એમ જણાવ્યું હતું.

## નવસારીમાં સ્વાગત—

પૂ૦ આચાર્યપુંગવે જ્યારે બુહારીથી વિહાર કર્યો ત્યારે પરમોપ-કારી મહાત્માને અશ્રુભિના નયને સકલ સંઘ તેઓના કરેલા ઉપકારને યાદ કરતો કરચેલીયા મુકામ સુધી વળાવવા માટે આવ્યો હતો. અ-ત્રેથી બુહારીનો સંઘ આંખમાં શ્રાવણ–ભાદરવાને વરસાવતો પાછો ફર્યો અને ચરિત્રનાયક પોતાના શિષ્યમંડળ સાથે મુખમાંથી શ્રાવણ–ભાદરવા જેવો ઉપદેશ બોધ વરસાવતા આગળ ધપ્યા. સાતમથી સીસોદ્રા સંઘ-ની અત્યંત આગ્રહભરી વિનતિથી ત્યાં પધાર્યા હતા. જ્યાં મહારાજ-શ્રીના પધારવાથી પૂજા, પ્રભાવના, સાધર્મિવાત્સલ્ય વિગેરે અપૂર્વ સુ-કાર્યો થયાં હતાં. ત્યાંથી કાલીયાવાડી થઈ નવસારીના સંઘની આગ્રહ-ભરી વિજ્ઞપ્તિથી ભવ્ય સત્કાર સાથે ત્યાં પધાર્યા હતા. ઉપાશ્રયે પધા-રતાં ગુરૂદેવની આજ્ઞાથી આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહા-રાજે વ્યાખ્યાનપીઠ ઉપર બીરાજી બુલંદ અવાજે 'ધર્મથી થતા ફળો' એ વિષય ઉપર લંબાણથી અસરકારક પ્રવચન આપ્યું હતું. ત્યાં સંઘ-

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

ની વિનતિથી કેટલાક દિવસ રોકાયા. જે સમય દરમ્યાન પૂજા-પ્રભાવના અનેક સુકાર્યો થયાં હતાં.

## ધર્મએજ જીવનચાવી.

નવસારીના ભવ્ય ઉપાશ્રયમાં પ્રભુ પ્રવચનનો સ્વાધ્યાય કરતા, અને ત્યાંની ધર્મનિષ્ઠ પ્રજાને ધર્મરહસ્યને સમજાવતા બેઠા હતા. તે અરસામાં અપટુ ડેઈટ ડ્રેસમાં સજ્જ થએલ કોઈ એક પારસી આચાર્ય દેવેશની નજીકમાં ઉપાશ્રયની ઘડીઆળને ચાવી આપવા લાગ્યો. ત્યાં બીરાજમાન આચાર્ય મહારાજશ્રીને જોતાંજ ઝુકી પડયો. અને કામ સંપૂર્ણ થયાબાદ જવાલાગ્યો. સૂરિપુંગવે વિચાર્યું કે ગંગાનદીના તીરે આવી આ બીચારો પ્યાસોજાય એ ઠીક કહેવાય નહિ. અને તેથીજ તેઓશ્રીએ તે પારસીને પૂછ્યું કે તમોશું કામ કરો છો? તેણે જવાબ આપ્યો કે હું આ શહેરમાં શ્રીમંતોના ઘરોમાં ઘડીઆળોને ચાવી આપવાનું કામ કરૂં છું. મહોપકારી મહાત્માએ પૂછ્યું કે તમો ગામની ઘડિઆળોને નિયત સમયે ચાવીરૂપ ખોરાક આપી ચાલુ રાખો છો જેથી તે બંધ ન પડતાં બરાબર સમયને જણાવી શકે છે. જેમ ઘડીઆળોને ચાવી આપવાની કુશળતા મેળવી છે તેમ તમારી જીવનરૂપી ઘડીઆળને ચાવી આપવાની કુશળતા પ્રાપ્ત કરી છે કે નહિ? જો ઘડીઆળને એકવાર ચાવી ચોકસ સમયે આપવામાં ન આવે તો તે સર્વક્રિયાને બંધ કરી દે છે, તેમ આપણા માનવજીવનની ઘડીઆળને ચલાવવા માટે કઇચાવી છે? તે વિનાચાવીએ કયાંસુધી ચાલશે? કયારે ખતમ થશે? એનો વિચાર કરવા કોઈ દિવસ પરિશ્રમ લીધો છે? આચાર્યશ્રીની યુક્તિ યુક્ત તે વાત સાંભળી પારસી બહુજ ખુશ થયો. અને નમ્રભાવે જણાવ્યું કે આપજેવા મહાત્મા પુરૂષોજ એ ચાવી બતાવી શકે છે. તે પછી ગુરૂદેવે ખાસ કરીને માંસાહાર તથા મદિરાપાનથી થતા અનર્થો તથા પરલોકમાં નરક આદિ દુર્ગતિના ઘોર દુઃખોનું સચોટવર્ણન કર્યું, એટલે તે વ્યક્તિએ નમ્રભાવે જણાવ્યું કે આપશ્રીનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહેવું યથાર્થ છે પરંતુ હમારા કુટુંબોમાં, જ્ઞાતિમાં અને મિત્રમંડળમાં એજ વસ્તુનો પૂર્વકાલથી વપરાશ હોઈ એનો ત્યાગ કરવો અત્યંત કઠીન છે. આ સાંભળી. પૂ. આચાર્યશ્રીએ જણાવ્યું કે મહાનુભાવ તમોજે કહો છો તે તદ્દન અયુક્ત છે. તમારા પૂર્વજો અજ્ઞાનતાને વશ થઇ પાપો કરતા હોય એટલે તમારે પણ સદ્દગુરૂનો સમાગમ થયા પછી પણ એ પાપને છોડવુંજ નહિ એ કાંઇ ન્યાયની વાત ન કહેવાય.

## અપૂર્વ દલીલો અને અસર.

માનોકે કોઈ પુત્રના પિતા અસલીજમાનાના હોવાથી, અને સાધનના અભાવેથી કોઇપણ જાતની કેળવણી લીધી ન હોવાથી બીલકુલ અભણ છે. હવે તેનો પુત્ર બુદ્ધિશાલી હોઈ કેળવણીમાં આગળ વધી-શકે એમ હોવા છતાં જો તે એમ કહે કે મારાપિતા ઠોઠ હતા એટલે મારે પણ ઠોઠ રહેવું જોઇએ, તો આ વાતને સુજ્ઞ પુરૂષો કોઇપણ પ્રકારે શું યુકિત યુકતગણી શકે ? વળી કોઇ કુટુંબમાં પાપોદયથી સમજોકે બધાજ કાણા ઉત્પન્ન થયા હોય અને તે પછી તેજ કુટુંબમાં બેનેત્રોથી યુક્ત કોઇ પુત્ર જન્મે તો શું તેનાં કુટુંબી વર્ગને એક આંખવાલા જોઇ પોતાનું એક નેત્ર ફોડી નાંખે તો તે શું મૂર્ખ શિરોમણી ગણાતો નથી ? અર્થાત્ ગણાયજ છે તે મુજબ તમારા કુટુંબીવર્ગમાં બાપદાદાના વખતનો માંસાહારનો પ્રચાર હોય તોપણ તમારે તેમાં પાપ-જાણ્યા પછી તેનો સદંતર ત્યાગ કરવો એજ ઉચિત છે. ઉપરોકત દલીલોની તેના હૃદયમાં ઉંડી અસર થવાથી તેણે માંસાહાર તથા મદિરાપાનનો જીવનપર્યંત ત્યાગ કીધો.

## જલાલપોરની વિજ્ઞપ્તિ.

પૂ. આચાર્ય મહારાજ શ્રી નવસારીમાં સશિષ્ય બીરાજમાન છે એવા સમાચાર મળતા જલાલપોરના સંઘે આવી ત્યાં પધારવા આગ્રહ-ભરી વિજ્ઞપ્તિ કરી. ત્યાંની એકાન્તતા, અપૂર્વ શાન્તિ તથા પોતાની વૃદ્ધાવસ્થાને અનુકૂળ સંજોગોને ધ્યાનમાં લઇ ચરિત્રવિભુએ તેમની વિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નતિ સ્વીકારી. સપરીવાર નવસારીથી વિહાર કરી પૂ. આચાર્ય દેવ અપૂર્વ સ્વાગતની સાથે પધાર્યા. જ્યારથી આ મહાત્માના પુનિત અને ઉજ્જવલ પગલાં થયાં ત્યારથીજ જલાલપોરની જનતામાં અપૂર્વ ધર્મ-પ્રેમ રેડાયો, બાલકો યુવાનો અને વૃદ્ધો વ્યાખ્યાનમાં અને ગુરૂદેવની શુશ્રુષામાં સહર્ષ લાભ લેતા હતા.

## અંતિમનિવાસ.

અત્રે ચરિત્ર નાયકના પટ્ટપ્રભાવક જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજ પ્રતિદિન પ્રવચન આપી રહ્યા હતા. નવસારીશહેર નજીક હોવાથી ત્યાંની પણ જનતા સારી સંખ્યામાં પ્રવચનનો લાભ ઉઠાવતી હતી. આવનાર સાધર્મિકભાઇઓની ભક્તિ પણ ત્યાંનો સંઘ ઉત્તમપ્રકારે કરતો હતો. આ ક્ષેત્રમાં ચરિત્રનેતાનો અંતિમ નિવાસજ હતો. સ્વજ્ઞાનના અતિશયથી અગર અનેક પ્રકારના ચિન્હોથી ભવિષ્યમાં બનનાર વસ્તુના મહાત્માઓ જ્ઞાતા હોય છે. એટલે જ્યારથી જલાલપોરમાં પધાર્યા ત્યારથીજ તેઓશ્રીની પ્રવૃત્તિમાં કોઈ અજબ ઓજસ પ્રગટયું હતું. એકાન્તમાં વીતરાગદેવનું ધ્યાન, બાહ્ય સમસ્ત પ્રવૃત્તિઓનો ત્યાગ અને વૈરાગ્યમય સાહિત્યનું હમેશ શ્રવણ આદિ શુભ પ્રવૃત્તિઓએ તેઓશ્રીમાં દૃઢ સ્થાન સ્વીકાર્યું હતું. પૂ૦ આચાર્યદેવના આગમનથી અત્રેનો સંઘ બહૂજ હર્ષિત થયો હતો અને ખડેપગે સેવામાં પ્રતિદિન તૈયાર રહેતો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૮ મું.

### ગરિષ્ઠ જ્ઞાનપ્રવૃત્તિ:—

**આ** વી અશક્તિના સમયે અને પંચોતેર વર્ષની વૃદ્ધ ઉંમરે પણ ચરિત્રનાયકની નૂતન જ્ઞાન પ્રાપ્ત કરવાની અને પ્રાપ્ત જ્ઞાનને રક્ષણ કરવાની પ્રવૃત્તિ અને પ્રકૃતિ અસાધારણ હતી. જેઓએ જૈન-જૈનેતરશાસ્ત્રોનો અભ્યાસ કરવામાં અને શિષ્ય-પ્રશિષ્યોને કરાવવામાં અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો. ગ્રન્થોમાં શું આવે છે એવા ઇરાદાથી ઉપલક રીતે અનેક વિદ્વાનો તે ગ્રન્થોનું અવલોકન કરી લે છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે આપણા ચરિત્રનેતાને તો પ્રથમથીજ પદ્ધતિ પડી ગઇ હતી કે જૈન અગર જૈનેતર સિદ્ધાંતને આખો અવલોકી તેનું મનન કરી તેમાં આવતા ઉપયોગી વિષયોને કંઠસ્થ કરી લેતા હતા. અને તેથી તેઓશ્રીને અનેક વિષયો સંબંધી હજારો શ્લોકો કંઠસ્થ હતા. જે પુરૂષો તેમના દર્શનાર્થે આવતા હતા તેમને તેમના માન્ય કરેલા ગ્રન્થોના શ્લોકોથી તત્ત્વ સમજાવતા હતા. તેઓશ્રીએ વેદો, પુરાણો, ઉપનિષદો અને ગીતા આદિ શાસ્ત્રોને અભ્યાસરૂપે જોયા હતા. અને તેઓના સારાંશ રૂપ હસ્ત લેખીત ગ્રન્થ તૈયાર કરવામાં આવ્યો હતો; જેના ઉપરથી **મતમીમાંસા** નામનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ થઇ ચુક્યું છે. જેઓમાં વ્યાકરણ, કાવ્ય, સિદ્ધાંતાદિનું જ્ઞાન વૃદ્ધાવસ્થા સુધી તાજા જેવુંજ હતું. કોઈ પણ વ્યક્તિ દર્શનાર્થે આવી ચરિત્રનેતાને પૂછતી કે આટલી વૃદ્ધાવસ્થા ઘણું એ જ્ઞાન પ્રાપ્ત કર્યું છતાંય હજુ શું વાંચવાનું અને ગોખવાનું બાકી છે? તેઓને ગંભીરમુદ્રાએ તેઓશ્રી જવાબ આપતા કે પુસ્તક એજ મુનિનું વાસ્તવિક ભૂષણ છે અને યાવજ્જીવ સુધી જ્ઞાનાભ્યાસ કરવો એ મુનિઓનું પરમકર્ત્તવ્ય છે અને જ્ઞાન પણ એટલું વિશાળ અને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

:: વૃદ્ધાવસ્થામાં ::



જૈનાચાર્ય શ્રીમદ્ વિજયકમળસૂરીશ્વરજી
મહારાજ.

બહાદુરસિંહજી પ્રી. પ્રેસ-પાલીતાણા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપાર છે કે હજારો વર્ષપર્યંત અભ્યાસ કરતાં પણ જેની પૂર્ણતા થઇ શકતી નથી; તો પછી મારી પંચોતેર વર્ષની ઉમ્મરમાં તે જ્ઞાનની પ્રાપ્તિ કયાંથી થાય ? આ ઉત્તરથી તેઓશ્રીની નિરભિમાનતા સહેજે સિદ્ધ થઈ શકે છે.

**દર્શનાર્થે સુરત સંઘ—**

પૂજ્ય સૂરિપ્રવરની શારીરિક સ્વાસ્થ્યતા વૃદ્ધાવસ્થાના કારણે દિનપ્રતિદિન મંદ પડતી જાય છે એવા સમાચાર પ્રાપ્ત થતાં સુરતસંઘના કેટલાક આગેવાન ગૃહસ્થો જલાલપોરમાં સૂરીશ્વરના દર્શનાર્થે આવી પહોંચ્યા. ચરિત્રનેતાના દર્શન કરી બહૂજ સંતુષ્ઠ થયા અને વિજ્ઞપ્તિ કરવા લાગ્યા કે હે કૃપાસિન્ધુ ? આપે સુરતમાં ચોમાસું કરી હમારા ઉપર જે અનહદ ઉપકારો કર્યા છે તેને માટે હમો હમેશને માટે આપના ઋણી છીએ. પુનઃ આપ ત્યાં પધારો અને ધર્મરૂપ બગીચાને હવે ફળદ્રુપ બનાવો. વળી આપશ્રીની વૃદ્ધાવસ્થા છે અને શરીર પણ દિનપ્રતિદિન અશક્ત થતુ જાય છે. એટલે આપશ્રીને તો મોટા શહેરમાં રહેવું ઉચિત છે કે જેથી વૈદ્યો–ડોક્ટરો આદિની અનુકૂળતા સહેલાઇથી મળી શકે. અને હમોને આપની અપૂર્વ સેવાનો લાભ સાંપડે.

**પ્રત્યુત્તરઃ—**

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ ભક્તિયુક્ત સુરતના શ્રાવકોની વિજ્ઞપ્તિ સાંભળી પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે અત્રે પણ મને સઘળી અનુકુળતાઓ છે. અત્રે શ્રાવકોની અલ્પવસ્તિ હોવાથી, તેમજ મંદિર પણ ઉપાશ્રયની નજીક હોવાથી, પૂર્ણશાન્તિ પૂર્વક જ્ઞાનધ્યાન, સમાધિ ચારિત્રપાલન, ધ્યાનમગ્નતા વિગેરેમાં નિર્વિઘ્ને દિવસો પસાર થાય છે. વળી વૃદ્ધાવસ્થામાં એકાંત સ્થાન આત્મપ્રણિધાન માટે ઉત્તમ મનાય છે. શહેરમાં વૈદ્ય, ડોકટર વિગેરેની અનુકૂળતા અહીંના કરતા વિષેષ હોય એ તમારૂં કહેવું સત્ય છે. પરંતુ હવે તો હું ધર્મધ્યાનની ઔષધિ સિવાય બીજી દવાઓને ઇચ્છતો નથી. વળી તમો કહોછો કે આવા સમયે શહેરમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહેવું ઉચિત ગણાય એ તમારા કહેવાનો આશયપણ હું સમજીગયો છું ભલે ગામ હોય કે જંગલ હોય પણ જ્યાં આત્મોન્નતિ વિશેષ સધાતી હોયતેજ સ્થાન સર્વોત્તમ માનીશકાય છે. તમો શહેરી છો એટલે એવા પ્રસંગે **चंदनके काष्टसे जलाओंगे तो इधर बावलसे काम चलावेंगे** વળી દેહમુક્ત થનાર આત્માને એથી કાંઇ હાનિ અગર ફાયદો નથી. જોકે તમારીતો ભકિત છે એટલે તમારૂં કહેવું અયોગ્ય નથી. જીવન મુકત થનારને એમાંથી કાંઇ નીહાળવાનું હોતું નથી કહ્યું છે કે—

> " समय सुंदर कहे सुण भाइ वनीया,
> आप मुए फीर डुब गइ दुनिया "

દુનિયાથી જનાર વ્યકિતને લોકોપૂજે અગર નિંદે તેનો હર્ષ શોક શાની દુનિયાનો ત્યાગ કરનારને હોતોજ નથી વળી આજકાલ મારામાં વિહારકરવાની શકિતપણ નથી અને અત્રે સર્વે જાતની અનુકૂળતાઓ પણ છે એટલે સુરત આવવું મુશ્કેલ છે. આવાત સાંભળી તેઓને અત્યંત ખેદ થાય એ સ્વભાવિક હતું. અંતે આચાર્યમહારાજશ્રીની નિઃસ્પૃહતા આદિગુણોની મુકતકંઠે પ્રસંસા કરતા પોતાના સ્થાને પાછા ફર્યા.

**અપૂર્વ ભાવના:—**

ચરિત્ર નેતાની શારીરીક શકિત હવે ક્ષીણ થવા માંડી હતી. આ વખતે તેઓશ્રીની ભકિતમાં પૂજ્ય ગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન્ શિષ્ય રત્ન મુનિરાજ શ્રી મંગળવિજયજી તથા મુનિરાજ શ્રી મેરૂવિજયજી આદિ પ્રતિક્ષણ તત્પર રહેતા હતા. પૂજ્ય આચાર્યદેવેશની સેવાનો થોડો ઘણો લાભ આ સેવકને પણ મળ્યો હતો જેનું ભૂરિ ભૂરિ અનુમોદન આજ પણ થઈ રહ્યું છે. શમતાવર્ધક આત્મદશાને ઉન્નત કરનારી ધર્મની ગાથાઓ મુનિરાજ (ઉપાધ્યાય) લક્ષ્મણવિજયજી મહારાજ તથા મારી પાસે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રિકાળ સહર્ષ શાન્તિ પુર્વક શ્રવણ કરતા હતા. આત્મ દશાની પરિણતિ, આવશ્યક ક્રિયાઓની આરાધનામાં અપ્રમત્તતા, સરળતા, વીરતા, ધીરતા, અને સહિષ્ણુતા આદિ ગુણો જેવાને તેવાજ હતા. એમની પાસે આવનાર દરેક વ્યકિતને સંસારની અસારતા બતાવી જ્ઞાન દર્શન ચારિત્રની આરાધનામાં તત્પર બનવાજ ભલામણ કરતા હતા. સ્વર મંદ પડયો હતો શરીર કૃશતાને પામ્યું હતું અને ઇંદ્રિયબલ શિથિલ થયું હતું. પરંતુ આત્મ ભાવનામાં જરા પણ શિથિલતાએ સ્થાન લીધું ન હતું.

## અકસ્માત્ વ્યાધિઃ—

સંવત ૧૯૮૨ ના મહા વદી ૬ ના પ્રાતઃકાલે ચરિત્રનેતાના પુણ્ય દેહમાં વ્યાધિ વધવા લાગ્યો. નવકારસીના સમયે આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે દવા લેવાની વિનતિ કરી પરંતુ મહારાજશ્રીએ દવા લેવાની મના કરી. આ દુઃખદ સમાચાર ત્યાંની જનતાને મળતાં સર્વે એકત્રિત થયા મુનિ મંડળતો તેમની સેવામાં પ્રથમથીજ હાજર હતું. અનુક્રમે તે વ્યાધિના પ્રભાવે બોલવાનું સાંભળવાનું બંધ થતાં અને હલન ચલનની ક્રિયામંદ પડતાં પહેલા સર્વે જણાવી દીધું કે ધર્મશ્રવણ કરવાનું જારી રાખજો. મહાપુરૂષોને વિપત્તિમાં પણ અપૂર્વ સમતાનો અનુભવ થાય છે. સર્વ સાધુઓ ઉદાસીન મુખે ત્યાં બેઠા અને અવિરત ચઉ સરણપયન્ના, આઉર પચ્ચખ્ખાણ વિગેરે સંભળાવવામાં તત્પર બન્યા. મહારાજશ્રીની આવી ગંભીર સ્થિતિને જોઇને જલાલપોરના સંઘે નવસારીથી હોંશિયાર ડોકટરને બોલાવ્યો. તે અનુભવી ડોકટરે આચાર્યશ્રીના બાહ્ય ચિન્હો જોઈ ત્યાંની જનતાને ખાનગીમાં જણાવી દીધું કે ચેતવા જેવું છે. આ સાંભળતા કોના નેત્રોમાંથી અશ્રુધારા ન વહે? આ સમયે મહારાજશ્રીની પાસે ધર્મ સાંભળવા સિવાય બીજું કોઈ જાતનું વાતાવરણ ન્હોતું. ચરિત્રવિભુએ પણ આ વખતે અપૂર્વ ધ્યાનમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મગ્ન હોય તેવી ગંભીર મુદ્રાએ ધર્મપાઠોનું એકાગ્ર ચિત્તે સાંભળવું શરૂ કર્યું.

## મૃત્યુનો ડર કોને હોય?—

મહાત્માપુરૂષો મરણને નિકટવર્તી જાણી જરા પણ ડરતા નથી. પણ તે તકને વધાવવાની સાવચેતી પૂર્વક હામ ભીડે છે. તેઓ માને છે કે હમારૂં આખું જીવન ધર્મારાધાનમાંજ વ્યતીત થએલ છે. પાપા ચરણની એક પણ પ્રવૃત્તિ જેમણે આદરી નથી કે અનુમોદી નથી તેવાઓને તો મૃત્યુ એ રસાયણ છે કહ્યું છે કે **"कृतपुण्यस्य जीवस्य मृत्युरेव रसायनं"** જીર્ણ વસ્ત્રનો ત્યાગ કરી નવીન વસ્ત્રને ધારણ કરવામાં જેમ ખેદ હોતો નથી તેમ દેહ પરાવર્તનનો ખેદ અગર ભય મહાપુરૂષોને હોતોજ નથી. મૃત્યુથી તો તેજ ડરે છે કે જે અધર્મી અને પાપી છે.

## અપૂર્વખેદ:—

ચરિત્રવિભુતો આત્મ રમણતામાં તલ્લીન હતા તેઓશ્રીના મુખાર-વિંદ ઉપર જરાએ ખેદનું ચિન્હ કળાતું ન હતું. પણ વિશેષ તે જેમય જણાતું હતું. પરંતુ પાસે બેઠેલ સાધુ અને શ્રાવકવૃન્દમાં તો ખેદનો પાર રહ્યો નહિ સૌ કોઇ ચિંતાતુર વદનવાલા થઈ ગયા. સ્વા-ભાવિક છે કે જનાર સચેતન નિધાનને ખેદ હોતો નથી પણ જેનું નિધાન ગુમ થાય છે તે જનોને તો ખેદ સાગરમાંજ ડુબકી મારવી પડે છે. નિધાન ઉચ્ચ છે. અનર્ધ્ય છે, પવિત્ર છે. એટલે જ્યાં જાય ત્યાં પૂજાવાનું સ્તવાવાનું અને પવિત્રજ મનાવાનું.

## અંતિમ અમૃતવાણ:—

જે મહાપુરૂષની અંતર ભાવના વૃદ્ધિગત થઇ રહી હતી જે મહા-પુરૂષોના ઉન્નિદ્ર કર્ણો ઉચ્ચ પ્રકારના ધર્મામૃતનું પાન કરી રહ્યા હતા. તે મહાત્મા આજના વિકરાળ દિવસે પ્રાતઃકાલના આઠ વાગ્યાથી તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાર વાગ્યા સુધી મૌન પણેજ ધર્મ શ્રવણ કરતા હતા, કોઇપણ વ્યક્તિ ચિર કાળ સુધી ન બોલે એટલે તેમને બોલાવવા સૌ કોઇ પ્રેરાય એ સ્વભાવિક છે. એટલે સર્વે મુનિવરો અને શ્રાવકો તેઓશ્રીની ગંભીર અને અમૃતમય વાણી સાંભળવા અતિ આતુર બન્યા હતા. ધર્મ શ્રવણ કરાવતા મુનિરાજ શ્રીમદ્ લક્ષણવિજયજીએ ( હાલના ઉપાધ્યાયજીએ ) ગભરાતા હૃદયે પૂછ્યું કે " મહારાજ સાહેબ ? ધર્મ સુણાવે ? " ત્યારે ચરિત્ર નેતાએ આઠ કલાકના મૌન પછી જાણે સૌ કોઈને છેલ્લોજ સંદેશ પાઠવવાનો ઇરાદોજ ન હોય તેમ મંદ સ્વરે જવાબ આપ્યો કે "**इसमें क्या पूछना**" અર્થાત્ એમાં પુછવાનું શું હોય ? ખુશીથી સંભળાવો આ અપૂર્વ ભાવને વહન કરનાર અને ગહન બોધથી ભરપુર ચરિત્રનાયકના અંતિમ શબ્દોજ હતા. ખેદ રૂપી સમુદ્રમાં ડુબી રહેલા મુનિવરોને એક ક્ષણભરતો હર્ષ કરાવ્યો.

## વિકરાળ કાળ:—

જગતમાં જન્મ અને મરણની અરઘટ્ટમાલા કોઈ જુદી અને આશ્ચર્ય કારક રીતે ચાલ્યાજ કરે છે. એ અરઘટ્ટમાલાની અકળ લીલાનો સૌ કોઇને અનુભવ થઈ રહ્યો છે. મોટી મહેલાતો બાંધી મનમાં મલકાતા, લક્ષાધિપતિ બનવાની કામનાથી ધર્મને ભુલી અર્થની પાછળજ ગાંડા ઘેલા થઇને ફરનારા, વાડી, લાડી અને ગાડીઓની મોજમઝામાંજ મનુષ્યજન્મની સાર્થકતા માનનારા, છ ખંડના ભોકતા ચક્રવર્તીઓ, પ્લીડર, ડોકટર બેરીસ્ટર, મેજીસ્ટ્રેઈટ, આઈ. સી. એસ. આદિની મોટી મોટી ડીગ્રીઓનાં પોતાના ઘરને આંગણે બોર્ડો લટકાવી સૌને તુચ્છ ગણી પોતાના જીવનનેજ એથી કૃતકૃત્ય માની અભિમાનમાં અક્કડ થઇને ફરનારા, એક નહિ, સેંકડો નહિ, હજારો નહિ બલ્કે સંખ્યાબંધ આત્માઓ આ ધરતીતલ ઉપર કાળના કવલ રૂપે થઈ ચુકયા છે. થાય છે અને થશે. કેમકે કહ્યું છે કે "man is mortal," માણસ



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માત્ર મરણાધીન છે એટલે મરવું અને જનમવું એ તો કુદરતનો અકથ્ય નિયમ છે. પરંતુ જગતમાં તેજ સજીવન અને અમર છે કે જેમણે આ ફાની દુનિયાના મોહનો ત્યાગ કરી સારાય જીવનમાં ધર્મનીજ આરાધના કરી છે, લાખોને એ ધર્મ પમાડી અસીમ ઉપકાર કર્યો છે, પવિત્ર જીવન જેમણે વ્યતીત કર્યું છે એવા મહાત્માઓએ દુષ્ટ કાળની પરવા નથી કરી પરંતુ પરલોકમાં સાથે આવી શકે એવા પુણ્ય ભાતાની તૈયારી સાથે કાળ વ્યાઘ્રના સન્મુખ તૈયારજ હોય છે.

## જગત્ જયોત નિર્વાપન:—

દુઃખીને કે સુખીને, યોગીને કે ભોગીને. સદાચારીને કે અનાચારીને, જ્ઞાનીને કે અજ્ઞાનીને, શ્રીમંતને કે કંગાળને, યુવાનને કે વૃદ્ધને આયુષ્ય રૂપ દોરી ત્રુટતાં, વિના આનાકાનીએ પરલોકના પંથે સંચરવું પડે છે. એ નિયમ મુજબ પૂજ્ય ચરિત્રનેતા સમાધિ પૂર્વક મુનિવરોના મુખમાંથી નીકળતા નવકાર મંત્રને, તથા ચઉસરણાદિ અપૂર્વ ગ્રન્થોને શ્રવણ કરતા શાન્ત મુદ્રાએ ઉપસ્થિત હતા. આખા દિવસમાં તેઓશ્રીને મલોત્સર્ગ અગર પ્રશ્રવણ પણ થયું ન હતું. તેમજ આહાર પાણીની પણ ઈચ્છા કરી ન હતી. બાર કલાક સુધી માત્ર ધર્મ ધ્યાનમાંજ તત્પર હતા. આ સમાચાર વાયુવેગે સુરત, મુંબઇ તથા આજુ બાજુના ગામડાઓમાં ફેલાઇ જવાથી સેંકડો મનુષ્યો એકત્રિત થઇ ગયા હતા સૌ કોઇ શાશનદેવ પાસે ચરિત્રનાયકનું દીર્ઘ આયુષ્ય થાય એવી પ્રાર્થના કરી રહ્યા હતા આવા ધર્મમય વાતાવરણમાં સંવત ૧૯૮૩ ના મહાવદ ૬ ને બુધવારે રાત્રે લગભગ આઠવાગે ચરિત્રનેતાનો આત્મા પરલોકમાં સંચર્યો. અરે! જગતને સ્વજીવન દ્વારા અનેક ઉપકારો કરી આજે આપણા ચરિત્ર નાયકનું દેહ પિંજર નિર્જીવ થયું. અર્થાત શાસન દીપક બુઝાયો પણ આશ્ચર્ય એ હતું કે તેનો પ્રકાશ અને ઉજ્જવલ કીર્તિની પ્રભા હજુ કાયમની કાયમ રહી. સુગંધીવાળું પુષ્પ ખરી પડયું પણ તે પુષ્પની સુગંધીથી જે આનંદ આવતો હતો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જૈનાચાર્ય કમળસૂરીશ્વરજી મહારાજની ચિતા



શા. મોતીલાલ જીવણજીએ અગ્નિસંસ્કાર માટે અર્પણ કરેલી ભૂમિ ઉપર મૃતક દેહના અઢાર કલાક પછી હજારો મનુષ્યની મેદની વચ્ચે લેવાયલા ફોટાનું એક દૃશ્ય.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

તે આનંદ જનતાને માટે અવશેષ રૂપે રહી ગયો. ગગન મંડળમાં મેઘ ગાજ્યો, ખૂબ વરસ્યો તપ્ત ભૂમિને શાન્ત્વન આપ્યું અને ચાલ્યો ગયો પણ અનેક કૃષિવલોને, ખેતરોમાં આરોપિત બીજોની વૃદ્ધિ કરી જે પુષ્કળ ધાન્ય આપ્યું હતું તે કાયમ રહી ગયું.

**અપૂર્વ ખેદાગ્નિઃ—**

આ સમયનું દ્રશ્ય ભલભલાઓના વજ્ર જેવા હૈયાને પણ કંપાવે તેવું હતું. અને તેથીજ સૌ કોઈના નેત્રોમાં અશ્રુધારાનો વરસાદ વરસવા લાગ્યો હતો. સકળ સંઘ ખેદાગ્નિથી બળવા લાગ્યો. હમેંશનો ચરિત્રનેતાનો આ વિરહ સૌના હૃદયને ધ્રુજાવા લાગ્યો. સાધુ મંડળમાં તો ઉદાસીનતાનો પારજ ન રહ્યો સૌના મુખ ઉપર ગુરૂ વિરહની ઉદાસીનતા છવાઇ. તેઓશ્રીના પટ્ટધર અને હમારા પૂજ્ય ગુરૂદેવ શ્રીમાન્ વિજય લબ્ધિ સૂરીશ્વરજી મહારાજને સ્વોપકારી ગુરૂ વિરહનો એવો ભારે ખેદ થયો હતો કે જે લખતાં કલમ પણ અટકે છે. ક્ષણભરતો આખુય મુનિમંડળ વિચાર વમળમાં ગરકાવ થયું હતું. મહાપુરૂષના હમેશ નિકટવર્તીઓને ખેદ કેમ ન થાય? જો કે આ ખેદ એ ખેદ ન હતો, પરંતુ એ મહા પુરૂષના પ્રતિ રગે રગમાં વ્યાપેલો દ્રઢ ધર્મ પ્રેમ હતો, મનને દઢ કરી ચરિત્ર નેતાના પુણ્ય દેહને વિધિ પૂર્વક ઉત્સર્જન કરવામાં કેટલાક સાધુઓ તત્પર બન્યા. અને ચરિત્ર નેતાના પટ્ટધર પોતાના હૃદયમાં ગુરૂ વિરહનું દુઃખ ન માવાથી તેઓશ્રીના વિરહની ભાવવાહી સ્તવના કરવા લાગ્યા. જે નીચે આપવામાં આવી છે.

**( રાગ. અરણીક મુનિવર ચાલ્યા ગોચરી. )**

શાસન સુબોરે જગથી સિધાવીયો. વિજય કમળ સૂરિ રાયોરે
સંવત ઓગણીસ ત્યાસી સાલમાં, મહાવદી છઠ શુધ ઠાયોરે. શા૦ ૧

રૂપચંદ પિતારે જીતાંમાઈએ, શાસન કોહીનૂર સ્થાપ્યો રે;
જૈનસૂરિ થઇ ધર્મ દીપાવીયો. રગે રગે પુણ્ય પુર વ્યાપ્યોરે, શા૦ ૨

પરવાદીઘૂક ભાનુ જગતીલો, નિઃસ્પૃહતા ગુણ હીરોરે;
આતમ ગુણમાંરે અહો નિશ જાગતો, ચારિત્રે શૂરવીરો રે. શા૦ ૩

સ્વપર ગચ્છમાં જેહના ગુણ ગ્રહે, ગુણ જ્ઞાતા મુનિરાયારે,
સંવેગી સર્વ મુનિ મંડલે, તસ સમ રૂપ ન પાયા રે. શા૦ ૪

સત્ય પ્રરૂપે રે નિર્ભીક નિત્ય એ, માન તજી મુનિરાયોરે;
શાસન સ્તંભ એ ભૂપ પ્રબોધતો, નૃપવરથી પૂજાયોરે. શા૦ ૫

મીઠીવાણી રે કદીએ નવીસરે, ભાવ દયા પ્રધાનોરે;
બાલપણાથી રે જ્ઞાની ધ્યાનીએ, ગુણ બ્રહ્મચર્ય મહાનોરે શા૦ ૬

કામ કરે તે રે શાસન વૃદ્ધિનું, શાસન દાઝ અપારો રે;
મૂકયા હમને રે અધવચ લટકતા, કોણ હવે આધારો રે, શા૦ ૭

શાસન વૃદ્ધિની નવ નવ વર્તના, પુછંતા અહનીશ રે,
છેવટ સમયે પણ એ ભાવના, ધન્ય ધન્ય એ મુનીશ રે. શા૦ ૮

નિડર નિઃસ્પૃહ થઈ કોણ દેશના, દેશે ગુરૂવર જેવીરે;
ખોટ પડી આ શાસને તેહની, હોય? દશા અમ કેવી રે. શા૦ ૯

શ્રી વિજયાનંદ સૂરિવર પટ્ટધરા, જલાલપુરમાં છોડીરે,
કાયા છાયા નિજ શિષ્ય મંડલી, સ્વર્ગ ભણી ગયા દોડીરે. શા૦ ૧૦


શાસન માંહે રે લબ્ધિ મૂકજો, આપી દેવ સહાય રે,
જેમ ગુરૂ! ધારેલી ગુરૂ વાતની ઝટપટ સિદ્ધિ થાય રે. શાસન૦ ૧૧

**અગ્નિ સંસ્કાર:—**

મુનિ મંડળે અવસાન સમયની સ્વક્રિયાને ધીરજતા પૂર્વક કર્યા બાદ શ્રાવક વર્ગે એ દેહની સ્નાન વિલેપન પૂજા આદિ સઘળી ક્રિયાઓ ભક્તિ પૂર્વક કરી હતી, રાત્રે આઠ વાગે આ દુઃખદ પ્રસંગ બન્યો હતો. એટલે અગ્નિ સંસ્કાર બીજા દિવસેજ કરવાનો હતો. હૃદય દ્રાવક આ સમાચાર રાત્રેજ ટેલીગ્રાફ આદિ સાધનો દ્વારા ઘણે સ્થળે પહોંચી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સ્વ૦ જૈનાચાર્ય શ્રી વિજયકમળ સૂરીશ્વરજીના પગલાં.



સદ્ધર્મ રક્ષક સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રી વિજયકમળ
સૂરીશ્વરજીના અગ્નિસંસ્કાર માટે જલાલપુરના
શેઠ જીવણજી ગોવિંદજીના શ્રેયાર્થે તેમના
પુત્ર મોતીચંદભાઇએ આ જમીન આપી છે
અને દહેરી તૈયાર કરાવી પગલાં પણ
તેમણેજ પધરાવી શ્રી સંઘને
અર્પણ કરી છે.
સંવત ૧૯૮૪ ના માગશર વદિ છઠ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગયા હતા. પ્રાતઃકાલમાં આજુબાજુના ગામડાઓના મુંબઈ સુરત ખં-
ભાત, વડોદરા આદિ શહેરના સેંકડો સ્ત્રી પુરૂષોનો માનવ સાગર એ
પુણ્ય દેહના દર્શનાર્થે ઉભરાયો હતો. પુણ્યવંતોનું જીવન મુક્ત દેહપણ
અતિ દર્શનીય અને પૂજનીય હોય છે. સાતમના સવારના રેશમી વ-
સ્ત્રોથી તથા ઝરીયાણાથી સુશોભિત એક શિબિકા તૈયાર થઈ ચુકી
હતી. તેમાં ચરિત્ર વિભુના પુણ્ય દેહને પધરાવી વિવિધ પ્રકારના વા-
જીંત્રોના અને જય જય નંદા જય જય ભદ્દાના મધુર ધ્વનિ સાથે
પ્રથમથી નિર્ણીત થએલ અને પૂર્ણ પ્રેમથી શા૦ મોતીચંદ જીવણજી-
ના તરફથી અર્પણ થયેલ શુદ્ધ ભૂમિકામાં સેંકડો મનુષ્યો વડે તે
શિબિકા ત્યાં લઇ જવામાં આવી હતી. ભૂમિ ઉપર પધરાવી ગુરૂ દેવને
અગ્નિ સંસ્કાર કરવા ચંદનના કાષ્ટો આજુ બાજુ ગોઠવવાની તૈયારી
કરતા હતા તેટલામાં તે પુણ્ય દેહનો પ્રભાવ અજબ ફેલાયો.

## દેહાન્ત પછી પુણ્ય પ્રકર્ષ:—

અગ્નિ સંસ્કારની નિયત ભૂમિમાં પધરાવેલ તે પુણ્ય દેહને અને
સેંકડો મનુષ્યોને જોઇ નજીકમાં આવેલ મિશનરીવાલા કેટલાક અમે-
રીકનો ત્યાં આવી પહોંચ્યા હતા. ચરિત્રનેતાની ભવ્ય મૂર્તિ અનેક
ભકત ગણોથી સેવાતી જોઇ બહુજ હર્ષિત થયા હતા. અને ગુજરાત-
માં ગુરૂભકિતનો આવો અપૂર્વ ધર્મ પ્રેમ નીરખી આશ્ચર્ય ચકિત
બન્યા હતા. તે પછી છાપરા ઉપર ચઢી પોતાના કેમેરાદ્વારા ચરિત્ર-
વિભુના મૃતક દેહનો તથા ત્યાં હાજર રહેલ શ્રાવક વર્ગનો એક ફોટો
લીધો હતો, અને તે વિષયમાં એક નિબંધ લખી અમેરીકા મોકલ્યો
હતો ખરેખર ઘંટ વાગ્યા પછી અમુક ટાઈમ જેમ રણકારો ચાલુ રહે
છે તેમ પુણ્યશાલીનો આત્મા નિકળી જાય તોપણ પુણ્યનો પ્રભાવ કાયમ
રહે છે. પ્રથમ અગ્નિ સંસ્કાર માટે ચઢાવો બોલતાં તે ચઢાવો સારી
રકમ બોલી વડોદરા પાસે આવેલ નસવાડી ગામના રહીશ મોઢ વણીક
હીંમતલાલે લીધો હતો. તે પોતે જૈન ધર્મનું પાલન કરતા હતા. તે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મણે આચાર્ય મહારાજશ્રીના કાળ ધર્મ પછી દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓશ્રી ઉપાધ્યાયજી શ્રીમદ્ રામ વિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ શ્રી જશવિજયજીના શિષ્ય તરીકે પ્રસિદ્ધ છે. જેમનું નામ મુનિ શ્રી હેમવિજયજી છે, તેમણે પ્રથમ અગ્નિ સંસ્કાર કર્યા પછી અનેક શ્રાવકોએ તે દેહને ચંદનના કાષ્ટથી, વાસક્ષેપ, ધૂપ આદિના પ્રક્ષેપ વડે અગ્નિ સંસ્કાર કર્યો હતો. ચિતા નિર્વાપન કર્યાબાદ રાખમાંથી મહારાજશ્રીની દાઢા અચાનક હાથમાં આવી હતી. જેનું પૂજન હજી પણ ત્યાંના રહીશ શા० મોતીચંદ જીવણજી સહર્ષ કરી રહયા છે. બીજે દિવસે તે દેહને રાખની ઢેરીમાં દેખી આચાર્ય મહારાજ શ્રી લબ્ધિસૂરિજીએ ત્યાંને ત્યાંજ એક કવિતા બનાવી હતી. જે આ રહી.

## गुरु स्तुति.

सूरिकमल गुरुपरवर, तेरे दर्शनको चाहता हुं;
तेरे देदार विन स्वामी, निहायत ही मुंझाता हुं १
सुरत जब याद आती है, तडफती जान मेरीहै;
चमकती हा सुरत तेरी, वनी गइ राख ढेरी है. २
गरजते शेर के जैसी, अवाजे आपकी सुनकर;
गया गभरा सवी कुमति, किया रोशन जगत दिनकर ३
मीठी वाणीसे लोगों के, धर्ममें दिल लातेथे;
प्रभु महावीरकी वाणी, रुपी अमृत पीलातेथे. ४
खीला आत्मकमल मेरा, यह महिमा है गुरु तेरा;
पुनः दर्शनसे लब्धिका, विकाशी करदीयो चहेरा. ५

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રી વિજય કમળસૂરીશ્વર વિરહ ગીત.

( ઓધવજી સંદેશો કહેજો મારા શ્યામને. એ રાગ. )

ધર્મધુરંધર શાસન રક્ષક સાહિબા,
શ્રીમદ્ વિજયાનંદસૂરી પટ્ટધારજો.
વિજય કમલસૂરિ સાહેબ સ્વર્ગે સંચર્યા,
એ સાંભળતાં શોક થયો હદપારજો. ધર્મ૦ ૧.
શાંત સુધાનિધિ એ મુનિવર બહુ સાંભરે,
જે નિજ સુવિહિત મુનિ ગણના આધારજો;
આ કલિકાલમાં જેણે જીનમત સાચવ્યો,
દેશ વિદેશમાં કીધો બહુ ઉપકારજો. ધર્મ૦ ૨.
રોમરોમ જે સંયમના રાગી હતા,
દોષ રહિત જીન દીક્ષા પાલનહાર જો;
અન્યજનોને એ માર્ગમાં લાવવા,
બંધુ ભાવે દેતા બોધ શ્રીકારજો. ધર્મ૦ ૩.
જગત અનાદિ દુઃખદાવાનળમાં જળે,
જીવ બિચારા થઈને મોહાધીનજો,
પુદ્ગલ સંગે સુખ સાચું પામે નહીં,
સાચા સુખીયા જે આતમગુણ લીનજો. ધર્મ૦ ૪.
એમ અનેક સ્થળે ઉપદેશ દઈ ઘણો,
શ્રાવક વર્ગ બનાવ્યો ધર્મે સ્થીરજો;
એ ઉપકારી ભાનુ આજે આથમ્યો,
નામ સ્મરતાં નયને આવે નીર જો. ૫. ધર્મ૦
સ્વારથીઆ ઉપકારી જગમાં બહુ જડે,
નિઃસ્વારથ એ મુનીવર ગુણ ભંડારજો;
સદ્ગુણ રાગી જન મનથી નવ વિસરે,
રસિક જન સંભારે વારંવારજો. ૬. ધર્મ૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust


સુકૃત્યો:—

જે સમયે આચાર્યપુંગવની તબીઅત વિશેષ બગડતી ગઈ તે વખતે અને પાછળથી આવેલ અનેક શ્રાવક શ્રાવિકાઓએ ચરિત્રનેતાનો વિરહ થતાં કેટલાકોએ તપશ્ચર્યાની, કેટલાકોએ શુભ કાર્યમાં અમુક દ્રવ્ય વાપરવાની અષ્ટાન્હિક મહોત્સવ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. મહાપુરૂષનું આ જગતથી જવું એ પણ અનેકોને ધર્મ વૃદ્ધિનું કારણ થાય છે. આ સમયે જલાલપોરની ધર્મનિષ્ઠ પ્રજાએ જે ગુરૂ ભકિત બજાવી હતી. તે હજી સ્મરણપથથી વીસરાઇ નથી. ચતુર્વિધ સંઘ સમક્ષ દેવ વંદનની ક્રિયા કરી આચાર્ય મહારાજશ્રીના ગુણગ્રામ કરવામાં આવ્યા હતા. મહારાજશ્રીના અગ્નિ સંસ્કારના સ્થાને સ્તુપ તથા પગલાં અને ગામમાં દેહેરાસર પાસે છત્રી અને મૂર્તિ કરાવવામાં આવ્યાં હતાં. આ જગતથી આપણા ચરિત્રનેતા પરલોકના પંથમાં સીધાવ્યાં પરંતુ તેઓની ઉજ્જવલ કીર્તિ હજી જાગતી અને જીવતીજ છે. તે મહાપુરૂષના અનેકાનેક ઉપકારોનું સ્મરણ થતાં આ પ્રબંધમાં તેઓ શ્રીના ઉજ્જવલ ગુણોને આલેખી હું વિરમું છું. પ્રિય વાંચકગણ ! આ જગત્ વિભૂતિના આદર્શ જીવન ચરિત્રને આદ્યંત અવલોકી ગુણો ગ્રહણ કરવા પ્રેરાશે તો હું મારા પરિશ્રમને વિશેષ ફળ દાયક માનીશ.

ૐ શાન્તિ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust



સદ્ધર્મ રક્ષક સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રી વિજયકમળ સૂરીશ્વરજી મ. ની
આ મૂર્તિ અને દેરી કાલીયાવાડીવાળા સ્વ. શા. અમરચંદ
લખમાજી અને તેમનાં ધર્મપત્નિ. મણિબાઈએ
કરાવી છે. વિ. સં. ૧૯૮૪ માગસર
વદિ ૬ જલાલપુર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ.

સજ્જનો ? અદ્યાપિ જે મહાપુરૂષના ગુણગ્રામ ગાવા, અને અમૂલ્ય પ્રસંગોને નોંધવા હું પ્રેરાયો છું. તે મહાત્માનું નામ અખિલ જૈન સમાજમાં સુવિદિત છે. જેઓએ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજ્યાનંદસૂરીશ્વરજી મહારાજની પાટ ઉપર બીરાજી અનન્ય શાસન સેવા બજાવી કટો કટિના પ્રસંગે પણ અડોલ રહી તેઓની નામનાને ઉજ્જવલ બનાવી છે. જો કે કસ્તુરી મહાન્ સુગંધીને વિસ્તારે છે. પરંતુ તેને પણ પ્રસારવા માટે મંદ પવનની જરૂર પડે છે. તેમ મહાપુરૂષોના ગુણો આપો આપ ચારે દિશામાં ફેલાઈ જાય છે. છતાં પણ તેઓશ્રીના નિર્મળ અને નિર્વદ્ય જીવનને આલેખવાની આવશ્યકતા જરૂર રહે છે.

જો કે પ્રથમ એઓશ્રીનું જીવન મોટે ભાગે સઘળું આલેખાઈ ગયું છે, તેથી પરિશિષ્ટમાં કાંઈ વિશેષ જણાવવાનું રહેતું નથી છતાંય સંપૂર્ણ આકંઠ મીષ્ટ ભોજન કર્યા પછી પાછળથી અપાતું તાંબુલ આલ્હાદનું કારણ થાય છે. તેમ આ પરિશિષ્ટ તેઓના ઉજ્જવલ ગુણોને પ્રગટ કરનાર હોઇ અસ્થાને નજ ગણાય.

**અજબ પ્રભાવ:—**

સ્વ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના અપૂર્વ જ્ઞાન દીપકથી, ઉત્કૃષ્ટ ત્યાગથી, નિર્મળ સમ્યકત્વથી, નિડરતા અને નિઃસ્પૃહતા આદિ ગુણોથી જગતપર અજબ પ્રકાશ પાડયો હતો. જેમને જગત્ જ્યોત્ તરીકેના વિશેષણથી નવાજીએ તો તે અતિશયોકિત ભરેલું નજ કહી શકાય વળી આ ચરિત્ર ભવિષ્યમાં ઇતિહાસજ્ઞોને અજબ પ્રકાશ પાડવાની સાથે અત્યંત ઉપકારક નીવડશે, કારણ કે મહાપુરૂષો આ જગતના ચાલતા ચક્રમાં જન્મે છે. સમય આવતાં દુનિયાને ત્યાગનો સંદેશ પાઠવી પરલોકનો પંથ સ્વીકારે છે. પરંતુ તેઓના અદ્વિતીય જીવનથી જગતને થયેલા ઉપકારો અવશેષ રૂપે રહે છે, અને તે અવ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શેષોને વ્યવસ્થિત રીતે આલેખવામાં આવે તો તે અનેકોને વર્તમાન કાલમાં અને ભવિષ્ય કાલમાં અનુકરણીય બને છે.

## સુગુણ ચતુષ્ટયી:—

આ મહાપુરૂષ અનેક ગુણોના ધામ હતા. પરંતુ બ્રહ્મચર્ય, સત્ય ભાષિતા, નિઃસ્પૃહતા, અને સમ્યક્ત્વ શુદ્ધિ, આ ચાર ગુણોએ તેઓ શ્રીના જીવનને વિશેષ પ્રકારે પ્રકાશમાં લાવવા ભાગ ભજવ્યો હતો. જેમ ગામમાં હજારો દીપકો પ્રકાશ આપતા હોય પરંતુ ઈલેકટ્રીક લાઇટ આગળ તેમનો પ્રકાશ ઝાંખો લાગે છે. તેમ આ ચાર ગુણો આગળ સઘળા ગુણોની સ્થિતિ માલુમ પડતી હતી. અનેક નક્ષત્રો, ગ્રહ, અને તારા હોવા છતાં રાત્રિ જેમ ચંદ્રથીજ શોભાવાળી કહેવાય છે, તેમ જીવન નિર્મળ હોય પરંતુ સત્ય ભાષિતા બ્રહ્મચર્ય નિઃસ્પૃહતા અને સમ્યકત્વ શુદ્ધિ એ ગુણો ન હોય તો જીવન ઉજ્જવલ બની શકતું નથી. ચરિત્રનેતા જ્યાં જ્યાં વીચર્યા, જ્યારે જ્યારે બોલ્યા, અને જ્યારે જ્યારે, ધર્મ ચર્ચા કરી ત્યારે ત્યારે આ ચાર ગુણો જલહલી ઉઠતા હતા. એટલુંજ નહિ કિન્તુ એ ગુણો તરફ અનેકનું આકર્ષણ થતું હતું.

## પુણ્ય પ્રકૃતિ:—

એ મહાપુરૂષની એવી પુણ્ય પ્રકૃતિ હતી કે તેઓશ્રીના મુખથી નીકળેલ કડવા શબ્દો સાંભળનારને વજ્રની જેમ દુર્ભેદ્ય અધર્મ પ્રવૃત્તિઓને ભેદવામાં પ્રબલ હેતુ રૂપ બનતા હતા. અને તેથીજ તેઓશ્રીની સ્પષ્ટ ભાષિતાના દુનિયામાં વખાણ થઈ રહ્યાં છે. એ વાત ચોક્કસ છે કે નિર્દંભતાથી અને શુભાશયથી બોલાએલી કડક પણ વાણી ભવ્યાત્માઓને માટે હિતાવહજ થાય છે. વૈદના હસ્તથી અપાએલ કટુક પણ લીમડો શું દર્દીના રોગને નાબુદ નથી કરતો? અર્થાત્ કરેજ છે તેમએ મહાત્મા પુરૂષની અજબ્ય પુણ્ય પ્રકૃતિના કારણે રાજા મહારાજા અને ભલભલા શ્રીમંતોને પણ શુભાશયથી સંભળાવેલી કટુક વાણી અમૃતમય નીવડતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**એકરૂપતા:—**

અનુકૂળતાના અગર પ્રતિકૂળતાના પ્રસંગોમાં શ્રીમંતોના સત્કારથી કે કંગાળના અપમાનથી સ્વશિષ્ય ઉપર કે પર શિષ્ય ઉપર ચરિત્રનેતાની સમતોલ વૃત્તિ રહેતી હતી. **महतामेकरूपता** એ વાક્યને જેઓશ્રીએ પોતાના આચરણમાં સારી પેઠે મૂક્યું હતું.

ચરિત્રનેતાના પ્રસંગમાં અન્ય સંઘાડાના નાયકો તથા અન્ય મુનિવરો અવર નવર આવતા હતા. અને ચરિત્રનેતાની નિઃસ્પૃહતા, ચારિત્ર ઉજ્જવલતા, તેમજ અડોલપણે શાસન સેવા બજાવવાની ધગશ આદિ ગુણોની મુક્ત કંઠે પ્રશંસા કરતા હતા. સ્વ સમુદાયના સાધુઓના ઉપર જેટલો પ્રેમ સત્કાર ચરિત્રનેતાનો હતો તેટલોજ પ્રેમ ગુણવાન અન્ય કોઇપણ સાધુના ઉપર તેઓશ્રી રાખતા હતા. તેઓશ્રીમાં પારકાના અણુમાત્ર ગુણોને પર્વત સમાન કરી જણાવવાની ઉદારતા હતી. ગુણીઓના ગુણ જોઈ જે હૃદય ઢળતું નથી તે હૃદય જરૂર કાંતો અભિમાની અગર મત્સરી છે એમ નિશ્ચિત થાય છે.

**નિશ્રામાં શાન્તિ:—**

અપ્રતિમ દયા અને નિર્ભયતાની પ્રતિમૂર્તિ ચરિત્રનેતા જ્યાં જ્યાં નિવાસ કરતા ત્યાં ત્યાં સર્વ સ્થળે કોઈ અપૂર્વ શાન્તિનું સામ્રાજ્ય સ્થપાતું, અન્યાય અનીતિ જેઓના જીવનમાંથી રોપ કરી ચાલ્યાંજ ગયાં હતાં. ક્રોધના કટુક પ્રસંગોમાં અપૂર્વ શાન્તિ જાળવી ધર્મોન્નતિ સાધવાની તેઓશ્રીમાં પુરેપુરી દક્ષતા હતી. જો કે તેઓ શાંતિના નિકેતનજ હતા. પરંતુ અધર્મને હટાવી દુનિયાને ધર્મમાં દઢ બનાવવા માટે જરૂર તેઓશ્રીમાં જુસ્સો અને ગુસ્સો બન્ને હતાં, પણ હૃદયની સરળતા, શુભાશયતા અને ધર્મ પમાડવાની નિર્મળ ભાવનામાં જરા પણ ફરક પડતો ન્હોતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## સાધુ સંરક્ષણ:—

તેઓશ્રીમાં સાધુ સમુદાયને સાચવવાનો પણ કોઈ અજબ પ્રયત્ન હતો. પ્રસંગે પ્રસંગે સ્વ સમુદાયને ત્યાગના પરિણામ વધારવા તેઓશ્રી ઉપદેશ આપતા હતા. ક્રિયામાં અને ચારિત્રમાં શિથિલ થએલ કોઈ-પણ સાધુ તેઓશ્રીનો હૃદય દ્રાવક ઉપદેશ સાંભળી પોતાની શિથિલતાને તિલાંજલી આપી પોતાની સાધનામાં ઉન્નત બનતો. રાજા મહારાજા પાસે નિવાસ કરવો જેમ કઠીન મનાય છે, તેમ આ મહાત્માશ્રીના ને-તૃત્વમાં નિવાસ કરનાર સાધુને માટે પણ રહેવું કઠીન હતું. તેઓશ્રી જેટલા શાન્તિના ધામ રૂપ હતા તેટલાજ ચારિત્ર શિથિલતાને શ્રદ્ધાની ડામા ડોળતાને અને અસત્યની પુષ્ટિને અસંત તિરસ્કારની દૃષ્ટિએ જોનાર હતા. તેઓશ્રી પોતાના સમુદાયના ઉન્માર્ગમાં ગમન કરતા વિશુધ્ધ સાધુને પણ સત્ય વસ્તુ સમજાવવા છતાંય કર્મ કઠીનતાથી ન સમજે તેવાઓથી અલગ રહેવામાં પોતાનું અને શાસનનું હિતજ સમજ્યા હતા.

## ચારિત્ર પ્રેમ અને સાદાઇ.

પૂજ્ય ચરિત્રનેતા છેવટ સુધી એક પતલા આસન પર બેસી ચારિત્ર પાલનમાં અને જ્ઞાન ધ્યાનમાં મશગુલ રહેતા. દર્શનાર્થે આવનાર મુનિ-વર્ગ તથા શ્રાવકવર્ગ તેઓશ્રીને વિજ્ઞપ્તિ કરતા કે આપશ્રી વૃદ્ધ છો, શરીરમાં અશક્તિનું સામ્રાજ્ય વ્યાપ્યું છે. વળી આપશ્રી આચાર્યપદ પર આરૂઢ થયા છો. એટલે જાડીકામલી બીછાવો એમાં હરકત નથી. તેઓશ્રી આના ઉત્તરમાં કહેતા હતા કે **क्या वडी गद्दीपर बेठनेसेही आचार्यपद शोभता है ? पतले आसन पर बेठनेसे क्या नहि शोभता ? और इससे आत्मगुणोमें कुच्छ हानि हो जाती है क्या ?** નિરહંકારી મહાત્માના આ ઉત્તરને સાંભળી સૌ કોઇ તેઓશ્રીની નિઃસ્પૃહતાની પ્રશંસા કરી એવા ગુણો હમારામાં ક્યારે આવે એવી તીવ્ર અભિલાષા રાખતા હતા.

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

## પ્રતિષ્ઠામહોત્સવ.

પૂજ્ય આચાર્યદેવેશના કાળધર્મ પછી અનેક ગામોમાં અષ્ટાહ્નિકા મહોત્સવો, શાંતિસ્નાત્રો સાધર્મિક વાત્સલ્યો આદિ શુભ ક્રિયાઓ કરવામાં આવી હતી. જલાલપુર તો મહારાજની સ્વર્ગગમનભૂમિ હોઈ અત્રેના સંઘે તેઓશ્રીની કાયમ સ્મૃતિ રહે એ હેતુથી ગુરૂદેવની મૂર્તિ તથા અગ્નિસંસ્કારના સ્થાનમાં પાદુકા સમહોત્સવ પધરાવવાનો નિશ્ચય કીધો. અને તે નિમિતે સારી રકમ એકઠી કરવામાં આવી.

સં. ૧૯૮૪ ના માગશર વદ છઠનો પ્રતિષ્ઠામહોત્સવનો દિન નિર્ણીત થતાં સ્વ૦ ગુરૂદેવના પટ્ટપ્રભાવકો સકલઆગમરહસ્યવેદી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ, તથા કવિકુલકીરિટ વ્યા૦ વા૦ આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, તથા પન્યાસજીમહારાજ શ્રીમદ્ પ્રેમવિજયજી મહારાજ ( હાલમાં આચાર્યશ્રીમદ્ વિજયપ્રેમસૂરિજી ) પ્રસિદ્ધવક્તા મુનિરાજ શ્રીમદ્ રામવિજયજી ( હાલમાં ઉપાધ્યાયજી મહારાજ ) તથા મુનિરાજ શ્રીમદ્ લક્ષ્મણવિજયજી મહારાજ ( હાલમાં ઉપાધ્યાયજી ) આદિ અત્રેના સંઘની આગ્રહભરી વિનતીથી અને ગુરૂભક્તિથી સસત્કાર પધાર્યા હતા. મુહૂર્તનો ચોક્કસ નિર્ણય થયાબાદ આમંત્રણ પત્રિકાઓ બહાર પાડવામાં આવી હતી. જેથી આ સમાચાર દૂર દેશ સુધી ફેલાયા હતા.

આ પ્રતાપીપુરૂષે પંજાબ, મારવાડ, માલવા, ગુજરાત, કાઠીઆવાડ આદિ અનેક દેશોમાં વીચરી પોતાની સુમધુર દેશનાનો આસ્વાદ ચખાડી અનેકોના ઉપર અસાધરણ ઉપકાર કર્યો હતો. જેથી આ પ્રસંગે બહાર ગામથી મોટી સંખ્યામાં માનવ સમૂહ આવી પહોંચ્યો હતો.

## મહોત્સવ અને મંડપ રચના.

આ પ્રતિષ્ઠામહોત્સવ નિમિતે એક ભવ્યમંડપ અનેક જાતની ધ્વજા, તોરણ, હાંડીઝુમ્મર, બોધદાયક સંસ્કૃત અને ગુજરાતી વાકયોના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુંદર બોર્ડોથી શણગારવામાં આવ્યો હતો. અને તેમાં શત્રુંજય આદિ તીર્થોની સુંદર રચના કરવામાં આવી હતી. તેજ મંડપના સમવસરણમાં વીતરાગ પરમાત્માની મૂર્તિઓ પધરાવવામાં આવી હતી. ત્યાંજ આઠે દિવસ ડભોઇથી સુરતથી અને છાણીથી આવેલ ગવૈયાઓ અનેક જાતની રાગ રાગણીથી પૂજાઓ ભણાવતા હતા. છેલ્લે દિવસે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. સં. ૧૯૮૪ ના માગશર વદ ૬ ના દિને શુભમુહૂર્તમાં સેંકડો માનવ સમુહની હાજરીમાં સ્વર્ગસ્થ ગુરૂદેવનાજ પટ્ટપ્રભાવકોના વરદ હસ્તે ગુરૂમંદિરમાં મૂર્તિની તથા અગ્નિસંસ્કારના સ્થાને બનાવેલ સ્તૂપમાં પાદુકાની સવિધિ પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી. શાંતિસ્નાત્ર તથા પ્રતિષ્ઠાનું વિધિવિધાન સુરતના શા. બાલુભાઇના હાથે શુદ્ધિપૂર્વક કરવામાં આવ્યું હતું. અને તેથીજ ભવ્યમહોત્સવ નિર્વિઘ્ને સંપૂર્ણ થયો હતો. આઠે દિવસ બહાર ગામથી આવનાર સાધર્મિક ભાઇઓ માટે જમવાની તથા સુવા બેસવાની જલાલપોરના સંઘે તૈયારી રાખી સાધર્મિકભક્તિ બહુજ સારીપેઠે કરી હતી.

## પાટણમાં પ્રતિષ્ઠા.

પાટણ એ ચરિત્રનાયકની આચાર્યપદાર્પણની પુનિત ભૂમિ છે. પાટણ અનેક પ્રાચીન જૈનમંદિરોથી પરિમંડીત છે. ત્યાંની જનતાસાધુ પરત્વેના રાગથી અનન્ય રંગાયેલી છે. આવા સ્થાનમાં એ મહાત્માપુરૂષના ચિર સ્મરણાર્થે કોઇ ભવ્ય પ્રતિબિંબની પધરામણી કરવી જોઇએ. એવી શુભ ભાવનાની ઉર્મીઓ સ્વ૦ આચાર્યપુંગવના અનન્યરાગી સંઘવી શ્રીયુત્ નગીનદાસ કરમચંદના હૃદયમંદિરમાં પુનઃ પુનઃ સ્ફુરતી હતી. તે ભાવનાને પ્રબલ બનાવનાર સાધનો પણ સંલબ્ધ થતાં ગયાં. જેથી સંઘવીજીએ આ વાત અમદાવાદ મુકામે ચરિત્રનાયકના પટ્ટપ્રભાવકોને કરી તેઓશ્રીની સંમતિ મેળવી હતી, જેથી એમની ભાવના અત્યંત વેગવતી બની હતી. થોડાજ સમયમાં પાટણમાં તેમના તરફથી એક ભવ્ય જ્ઞાનમંદિર તૈયાર કરાવવામાં આવ્યું. અને તેમાંજ એક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂમંદિર બનાવી જયપૂરથી તૈયાર થઈને આવેલ ભવ્યમૂર્તિને પધરાવવાનો નિર્ણય થયો. સંઘવીજીની આગ્રહભરી વિનતીથી ચરિત્ર વિભુના પટ્ટપ્રભાવકો આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ અમદાવાદથી ,અને આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી પાલીતાણાથી સપરિવાર અપ્રતિબદ્ધ વિહાર કરી સસત્કાર પધાર્યા હતા.

આ પ્રતિષ્ઠાના સમાચાર કુંકમપત્રિકા નીકળ્યા પહેલાજ ચારે તરફ પ્રસરી ગયા હતા. એટલે અમદાવાદ, સુરત, મુંબઇ, મહેસાણા, ખંભાત, રાધનપુર આદિ અનેક સ્થળોએથી પ્રતિષ્ઠા મહોત્સવમાં અપૂર્વલાભ લેવા માનવસમૂહ આવી પહોંચ્યો હતો. મહોત્સવ નિમિતે મંડપને બહુજ આકર્ષક રીતે શણગારવામાં આવ્યો હતો. તેજ મંડપમાં આઠે દિવસ પૂજા-ભાવના રાખવામાં આવી હતી. સુરતના પ્રસિદ્ધ ગવૈયા મોહનભાઈ પૂજા ભણાવનાર હોઈ લોકોની ભાવનામાં અપૂર્વ વૃદ્ધિ થઇ હતી. આ પ્રસંગે શા. મણીભાઈ કરમચંદના તરફથી તેજ મંડપમાં મૂલ્યવાન, અને સરસ જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉપકરણો પધરાવી ઉદ્યાપન માંડવામાં આવ્યું હતું. આખા મંડપની શોભા એવી તો આકર્ષક બનાવી હતી કે આખા શહેરના જૈન જૈનેતરો તમામ જોવાને માટે આવતા હતા. સંવત ૧૯૯૧ ના ફાગણ સુદ બીજના શુભદિવસે પ્રાતઃકાલમાં શુભમૂહૂર્તે વિધિપૂર્વક ગુરૂદેવની ભવ્યમૂર્તિની ગુરૂમંદિરમાં અનેકોના જયનાદની ધ્વનિ સાથે તેઓશ્રીના પટ્ટપ્રભાવકોના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. એ અલંકૃત કરેલી ગુરૂદેવની મૂર્તિ એવી તો ભવ્ય અને વિશાલ છે અને મૂળ આકૃતિની સાથે આબેહૂબ મલતી છે કે જે જોતા પ્રેક્ષક ક્ષણભર એમજ ચિંતવે કે હમણાંજ બોલી ઉઠશે. નગીનભાઇએ આ પ્રસંગે સાધર્મિક વાત્સલ્યો તથા બહાર ગામથી મોટી સંખ્યામાં આવેલ શ્રાવકવૃન્દની અપૂર્વસેવા બજાવી હતી. તથા પાટણના અન્ય શ્રાવકોએ પણ ખડેપગે આઠે દિવસ અપૂર્વભક્તિ બજાવી હતી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**સદ્ગતના પટ્ટધરો:—**

સદ્ગત આચાર્યશ્રીના પટ્ટધરો, આચાર્ય મહારાજ શ્રીમાન્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજય લબ્ધિ-સૂરીશ્વરજી મહારાજ આજે જગત ઉપર અસાધારણ ઉપકાર કરી રહેલ છે. બન્ને પટ્ટધરોનો શિષ્ય પરિવાર વિદ્વાન્ અને બહોળા પ્રમાણમાં છે જે સંખ્યા એકસો પન્નર જેટલી હાલ વિદ્યમાન છે. અને તેઓ પણ અનેક ગામોમાં તથા શહેરોમાં વીચરી ધર્મોપદેશ દ્વારા શાસનની શોભામાં અપૂર્વ વૃદ્ધિ કરી રહેલ છે તે બધી ચરિત્રનેતાની મીઠી કૃપાનુંજ ફળ છે.

**પૂ. લક્ષ્મીવિજયજી મહારાજનો સ્વર્ગવાસ:**

પૂ૦ ચરિત્રનેતાના ગુરૂદેવ પૂ. શ્રી લક્ષ્મીવિજયજી મહારાજનો કાળ-ધર્મ સંવત ૧૯૪૦ માં પાલી મુકામે (મારવાડ) થયો હતો જે સમા-ચાર સાંભળી તેઓશ્રીને બહુજ આઘાત પહોંચ્યો હતો. અને વિચારવા લાગ્યા કે મારા તરણ તારણ ઉપકારી ગુરૂદેવ સ્વર્ગે સીધાવ્યા જેથી પૂજ્ય ગુરૂ દેવના દર્શનથી હમેંશનો વિરહ થયો. અહા ? હા ? કાળની કેવી વિષમ ગતિ છે ? તેની વિકરાળ ફાળથી કોણ બચ્યું છે ? હમારી પણ એક દિવસ એજ સ્થિતિ થવાની છે. તેમ સમજી તે દિવસથી તેઓશ્રીએ ત્યાગ વૈરાગ્યમાં ઘણો વધારો કર્યો હતો, આવા વિરક્ત અને જ્ઞાન ધ્યાનમાં સતત ઉદ્યમી મહાત્માને પૂજ્ય પન્યાસ પ્રવર તપસ્વી શ્રી સિદ્ધિવિજયજી મહારાજ સારી રીતે જાણતા હતા અને તેજ કારણે મહેસાણામાં હજારોની માનવ મેદિની વચ્ચે તેઓશ્રીએ પુજ્ય ચરિત્રનેતા વિજય કમળ સૂરીશ્વરજી મહારાજનો વાસક્ષેપ મસ્તક ઉપર ચઢાવીને આચાર્ય પદવી લીધી હતી. જેઓશ્રી હાલ પૂર્ણ ત-પસ્વી વયોવૃદ્ધ આચાર્ય શ્રીમાન્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના નામથી સુવિખ્યાત છે. અને શાસનના કાર્યમાં પુરા મક્કમ છે.

**સત્યપ્રેમ:—**

આપણા ચરિત્ર નાયક પોતાના સંઘાડાના મુનિ સમ્મેલનમાં અગ્ર


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust




B. P. Press, Palitana.

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

ગણ્ય બન્યા હતા. અને કેટલાક કાયદાઓ પણ ઘડયા હતા. પરંતુ જ્યારે પાછળથી તે કાયદાઓમાં અને તે છપાવેલી બુકમાં અમુક અંશે સિદ્ધાન્ત વિરોધ જોયો ત્યારે તુરતજ તે મુનિ સંમેલનની ચોપડીને પોતાની સહીથી જાહેર હેન્ડબીલ કાઢી રદ કરી દીધી હતી. ધન્ય છે ધન્ય છે સત્ય ગવેષક અને નિઃસ્પૃહી મહાત્માઓને.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મુનિવરો તથા સાધ્વીજી તરફથી આવેલ શોક પ્રદર્શક તાર પત્રોની નોંધ.

| | |
|---|---|
| આચાર્યમહારાજ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી | ધીણુંજ. |
| ,, ,, ,, દાનસૂરીશ્વરજી | ખંભાત. |
| મુનિરાજ શ્રી મણિવિજયજી | વડોદરા. |
| ,, શ્રી પદ્મમુનિજી | સુરત. |
| ,, શ્રીમદ્ હંસવિજયજી | ખેડા. |
| ,, હીંમતવિજયજી તથા ઉત્તમવિજયજી | પેટલાદ. |
| પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ | વઢવાણ. |
| મુનિરાજ શ્રી રાજવિજય તથા મિત્રવિજયજી | અહમદનગર. |
| આચાર્ય શ્રી અજીતસાગરસૂરિજી | મહુધા. |
| મુનિરાજ શ્રી મોતિવિજયજી | ધીણોજ. |
| પન્યાસજી શ્રી વિદ્યાવિજયજી | જીરા. (પંજાબ). |
| મુનિરાજ શ્રી પદ્મવિજયજી | પાનસર. |
| ,, રામવિજયજી ( હાલ ઉપાધ્યાયજી ) | અમદાવાદ. |
| ,, ગંભીરવિજયજી ( હાલ ઉપાધ્યાયજી ) | મદ્રાસ. |
| ,, લબ્ધિવિજયજી | શીહોર. |
| આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરિજી | પાલુ (જયપુર). |
| મુનિરાજ શ્રી વિનયવિજયજી | વર્ધા. |
| ,, નિપુણવિજયજી | વળા. |
| ,, લાવણ્યવિજયજી | કાલપીસ. |
| ,, અમરવિજયજી | ભરૂચ. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| ,, | શ્રી માનવિજયજી | ડભોડા. |
| ,, | શ્રી મંગળવિજયજી | ભાવનગર. |
| સાધ્વી | શ્રી મંગળશ્રીજી આદિ | સુરત. |
| ,, | ,, જતનશ્રીજી ,, | પાલેજ. |
| ,, | ,, કપૂરશ્રી ,, | વલસાડ. |
| ,, | ,, ક્ષમાશ્રી ,, | કપડવંજ. |

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

## મુનિવરો ગૃહસ્થો, મંડળો તથા સભા તરફથી આવેલ શોક પ્રદર્શિત ટેલીગ્રામોની નોંધ.

| | |
|---|---|
| આચાર્ય શ્રી વિજયકેશરસૂરિજી | શીહોર. |
| મુનિરાજ શ્રી મોહનવિજયજી આદિ. | પાટણ. |
| અચરતલાલ | ભાવનગર. |
| જૈન સંઘ | ઇડર. |
| ફોટોગ્રાફર મગનલાલ હરજીવનદાસ | અમદાવાદ. |
| વાડીલાલ દોલતરાય માણસાના | મુંબઇ. |
| શ્રી સંઘ | ગુજરાનવાલા [ પંજાબ ]. |
| શા ગીરધરભાઈ કુંવરજી ગુલાબચંદ | ભાવનગર. |
| જૈન આત્માનંદ સભા | ભાવનગર. |
| શ્રી સંઘ | પાટણ. |
| શ્રી સંઘ | માણસા. |
| શા. ડોસાભાઈ અભેચંદ | ભાવનગર. |
| રીખવદેવ કેસરીમલની પેઢી | રતલામ. |
| જૈન પ્રસારક સભા | ભાવનગર. |
| જૈન સંઘ | દીલ્હી. |
| ,, | જયપુર. |
| શા. નેમચંદ પીતાંબરદાસ | મીયાગામ. |
| રામ રખામલ | અમરતસર. |
| જૈન સંઘ | મદ્રાસ. |
| મહાવીર જૈનસભા | ખંભાત. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| ઝવેરી કલ્યાણચંદ શોભાગચંદ | મુંબઇ. |
| ,, લલ્લુભાઇ ગુલાબચંદ | ,, |
| શ્રી હંસવિજયજી જૈન લાયબ્રેરી | વડોદરા. |
| વકીલ નંદલાલ | ,, |
| જ્ઞાનમંદિર કમીટી | ,, |
| શેઠ કસ્તુરચંદ અમરચંદ | ખંભાત. |
| શેઠ નાનજીભાઈ પોપટલાલ | ખંભાત. |
| આદિજીન મંડળ | વડોદરા. |
| પ્રવર્તકજી અને જૈનસંઘ | વઢવાણકેમ્પ. |
| વીર શાસન | અમદાવાદ. |
| જૈનસંઘ | લાહોર. |
| શા. બાપુલાલ જેચંદ | લોનાવાલા. |
| જૈનસંઘ | મહેસાણા. |
| વીસાશ્રીમાળી સંઘ | બોરસદ. |
| મણીલાલ રાજા | [કચ્છ] માંડવી. |
| સંઘવી નગીનદાસ કરમચંદ | [કચ્છ] માંડવી. |
| ગુલાબચંદ | આગ્રાસીટી. |
| જયકુમારસીંગ | અજીમગંજ. |
| સુમેરમલજી | બીકાનેર. |
| મોટીટોળી. આદિ | પાલીતાણા. |

**ગૃહસ્થો, મંડળો તથા સભાઓ તરફથી આવેલ પત્રોની નોંધ.**

| | |
|---|---|
| સંઘ સમસ્ત | અહમદનગર. |
| જીવદયા મંડળી | મુંબઇ. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| જૈન સ્વયંસેવક મંડળ ( પ્રતાપસિંહ ) | અમદાવાદ. |
| જૈન તપાગચ્છ સંઘ | કલકત્તા. |
| શીવચંદ સુમેરમલ | બીકાનેર. |
| યુવક મંડળ [ અમીચંદ ગોવિંદજી ] | સુરત. |
| વીરધર્મ ઉપાસક જૈન યુવક મંડળ | વડોદરા. |
| શ્રી વડવા જૈન મિત્ર મંડળ [ હરિલાલ દેવચંદ ] | ભાવનગર. |
| યશોવૃદ્ધિ બાલાશ્રમ | મહુવા. |
| સસ્તી વાંચનમાલા | ભાવનગર, |
| આત્માનંદ સભા | ,, |
| આનંદવર્ધક સભા | મુંબઈ. |
| આત્માનંદ સભા. | લાહોર. |
| શ્રી સંઘ | જીરા. |
| ઝવેરી સવઈચંદ સુરચંદ | સુરત. |
| ઝવેરી અમરચંદ મુળચંદ તથા ઝવેરી જયચંદ દયાચંદ | મુંબઈ. |
| શ્રી સંઘ | મુલ્તાન. |
| નથ્થુરામ બાબુરામ | જીરા. |
| ઢઢ્ઢા કનૈયાલાલ ઇન્દરચંદ | જયપુર. |
| જવાહીરલાલ જૈની | બુલંદ [ સીકંદરાબાદ ] |
| ખરાતીમલ લક્ષ્મણદાસ | ઝંડીઆલા. |
| લક્ષ્મીચંદ ઘીયા | પ્રતાપગઢ. |
| નંદલાલ વીહારીલાલ | કસુર. |
| હુલાસરામ ગુમાનીલાલ | પટ્ટી. |
| સંતરામ મંગતરામ | અંબાલા. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| ચોકસી છોટાલાલ હરગોવનદાસ | છાણી. |
| શ્રી સંઘ | વઢવાણકેમ્પ. |
| શા. હીરાલાલ લલ્લુભાઈ | સુરત. |
| ઝવેરી પાનાચંદ રૂપચંદ | સુરત. |
| ઝવેરી નાનુભાઈ નગીનદાસ કપુરચંદ | મુંબઈ. |
| ભોજક ગીરધરલાલ તથા મોહનલાલ | રાંધનપુર. |
| દેવચંદ કસલચંદ | મુંબઈ. |
| શા. ચુનીલાલ રાયચંદ | ભરૂચ. |
| શા. કેશરીચંદ નગીનદાસ પારીન્દ્ર | છાણી. |
| શા. પોપટલાલ ધારશી | [કચ્છ] બીદરા. |
| શા. કુંવરજી આણંદજી | ભાવનગર. |
| શા. ગુલાબચંદ જીવાભાઈ | વળા. |
| શા. હજારીમલ રૂપચંદ | મદ્રાસ. |
| શા. સુરજવલ કેશરીસીંગ | ઉમેટા. |
| વિજય સભા સંઘ | ડભોઇ. |
| મોહનલાલ ફોટોગ્રાફર | ભરૂચ. |
| ભોજક હરિલાલ ત્રીભોવન | પાટણ. |
| ગાંધી સોમચંદ હેમચંદ | બોરસદ |
| પાર્શ્વજીન મંડળ | વડોદરા. |
| ઝવેરી જીવણચંદ ધરમચંદ | મુંબઇ. |
| જુઠાભાઇ સાકરચંદ વોરા | ભાવનગર. |
| વાડીલાલ મગનલાલ વૈદ્ય | વડોદરા. |
| સંઘ સમસ્ત | વતરા. |
| શા. મોતીલાલ મૂળજી | મુંબઈ. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| શા. ન્હાલચંદ ખીમચંદ તથા મગનલાલ કક્કલભાઈ | પાલનપુર. |
| શા. ફુલચંદ ભોગીલાલ | ખંભાત. |
| શા. ઝવેરચંદ પન્નાજી | બુહારી. |
| પ્રેમચંદ એચ. પટેલ | મુંબઇ. |
| લાલચંદ ભગવાનદાસ પંડિત [ સેન્ટ્રલ લાયબ્રેરી ] | વડોદરા. |
| શા. અમૃતલાલ રાયચંદ | બુહારી. |
| શા. મોહનલાલ છોટાલાલ | ઊમરાવતી. |
| જૈન સંઘ. | બુહારી. |
| ઝવેરી બાલુભાઇ મોતીચંદ | મુંબઇ. |
| શા નેમચંદ પીતાંબરદાસ | મીયાગામ. |
| ખુશાલચંદ રવચંદ સંઘ સમસ્ત | ચાણસ્મા. |
| શા. પાનાચંદ ખેતાજી | નડોદ. |
| શા. મગનલાલ મેલાપચંદ | સીનોર. |
| શા. ડાહ્યાભાઇ મોતીલાલ | ખેડા. |
| શા. દલસુખભાઇ કરમચંદ | ડભોઇ. |
| શ્રી જૈનસંઘ | મહુધા. |
| ,, ,, | જંબુસર. |
| શા. માસ્તર અમરચંદ | પાલીતાણા. |
| શા. ભાઇચંદ જેચંદભાઇ | મુંબઈ. |
| શા. હેમચંદ છગનલાલ ઇડરવાલા | ,, |
| શા. ફકીરચંદ ખીમચંદ | સુરત. |
| શા. મણીલાલ મનસુખલાલ | દરાપુરા. |
| શા. જમનાદાસ હીરાચંદ | છાણી. |
| ઝવેરી કેશરીચંદ તલકચંદ | મુંબઈ. |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| શા. રૂપચંદ ઝવેરચંદ | ભરૂચ. |
| શા. શંકરલાલ વીરચંદ | કપડવંજ. |
| શા. છોટાલાલ નરોતમ | વડોદરા. |
| ઝવેરી મોતીચંદ ગુલાબચંદ | મુંબઇ. |
| શા. ઝવેરચંદ ઠાકરશી | ,, |
| શા. જીવણચંદ તલકચંદ | ,, |
| શા. અમથાલાલ નાથાલાલ ગાંધી | વડોદરા. |
| શા. હીરાલાલ મોતીલાલ | ખંભાત. |
| શા. દોલતરામ વેણીચંદ | મુંબઈ. |
| ઝવેરી ફકીરચંદ ઘેલાભાઇ | મુંબઇ. |
| ,, જીવણચંદ નવલચંદ | ,, |
| ,, મંગળભાઈ હીરાચંદ આદિ | ,, |

## શોક પ્રદર્શિત નોંધ લેનાર પત્રોનાં નામ.

મુંબઇ સમાચાર, સાંજ વર્તમાન, પ્રજામિત્ર અને પારસી હિંદુસ્તાન, જામેજમસેદ, સમાચાર, વીરશાસન, જૈન, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા, ઇન્ડીઅન નેશનલહેરલ્ડ, ઇન્ડીઅન ડેઇલીમેલ. આદિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## स्तुत्यष्टकं

विजयगुणगरिष्ठं, ज्ञानयुक्तं वरिष्ठम्,
विशदकमलनेत्रं, सर्वदुर्वादिजैत्रम् ।
विमलकनकगात्रं, पात्रधर्मप्रकाशं,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ १ ॥

अमितशमरसाप्तं, प्राप्तसंसारतीरम्,
भवदवशमनीरं, सर्वसूरीशधीरम् ।
अरिसमुदयवीरं, मोहधात्रीसुसीरम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ २ ॥

प्रदलित–भव–भावं, धारयन्तं सुनावम्,
चरणकरणरूपां, कूपगोद्धाररज्जुम् ।
शमितविषयतापं, वारितार्घौघशापम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ३ ॥

गतमदगुणकारं, धूतमायाविकारम्,
करणहरिणसिंहं, सारसौख्येऽप्यनीहम् ।
हतमदनविकारं, शुद्धधर्मैकसारं,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ४ ॥

अमृतवचनसारं, प्राप्तसिद्धान्तपारम्,
हतभवदविकारं, भव्यहृत्तापहारम् ।

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

त्रिभुवनजनमान्यं, तत्त्ववार्तावदान्यम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ५ ॥

विदितगुणविकाशं, ब्रह्मवासप्रकाशम्,
मथितमदनवासं, पूरिताशेषकाशम् ।
व्यसितविषयपाशं, त्यक्तमोहैकवासम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ६ ॥

नृपतिजनसुमान्यं, धर्मदातृप्रशस्यम्,
विदितसकलतत्त्वं, न्यस्तज्ञानैकसत्त्वम् ।
निहित निखिलशांतिं, दिव्यमद्वैतकान्तिम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ७ ॥

विजितविकृतिभावं, वारितानन्तदावम्,
क्रमजितजलजातं, जीवकायस्यतातम् ।
महित जिनवरेन्द्रं, मौनभावस्यकेन्द्रम्,
विजयकमलसूरिं, संस्तवीमि श्रुतज्ञम् ॥ ८ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# श्री विजयकमलसूरीश्वर–

## स्तुत्यष्टकम्

### द्रुतविलंबितं वृत्तम्

सकलशास्त्रसुधाकरशर्मदं, विषयवासुकिविष्णुशतांगकं
विविधवादविवादविचक्षणं, दलितदंभदमाभ्रदिनेश्वरं ॥ १ ॥
परमपारगतागमपारगं, नतनरेश्वरनाकिक्रमाम्बुजम्,
धवलधर्मधुरामलधामकं चरितचारु चरित्रचकासतम् ॥ २ ॥
विततविश्वविवादविभावरी–रित तनिघ्न तमिस्रतमीश्वरम्,
ललितलक्षसुलक्षणलक्षितं, नुदितनंदनितान्तनिरंजनम् ॥ ३ ॥
मथितमन्मथमौलिकमौक्तिकं, सुजनसंस्तुतपादसरोरुहं,
रुचिररक्षणरंगतरंगितं, विमलविज्ञवरेण्यविवन्दितं ॥ ४ ॥
हतहृषीकहहारवहर्षितं, दलितदुष्कृतदुर्लभदर्शनं,
म्लथितमोहमलिम्लुचमंजुलं, विशदवाङ्मयवर्त्मविमर्शकं ॥ ५ ॥
सकलसूरिसुसाधुशिरोमणिं, सुपदशुक्लसुशीलसुभूषितं,
विदितवंद्यविरक्तिविभासुरं, सततसंस्तुतशुद्धशमांबुधिं ॥ ६ ॥
कलितकाञ्चनकम्रकलेवरं, गतविकारसुनिर्मलनेत्रकं,
प्रथितपावणचन्द्रसमास्यकं, वचनवर्गविरागविकासदं ॥ ७ ॥
गलितगर्वगजेश्वरगुंजकं, विमतवादिविशुद्धविबोधदं,
कमलसूरिगुरुं सुमहौजसं, समगुणाम्बुनिधिं समभिस्तुवे ॥ ८ ॥

---

विजयानंदसूरीश–पट्टाभ्युदितसद्रवेः
रम्यमेतद् गुरोर्भक्त्या, भुवनेनाष्टकं कृतं ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust